૯૯૦

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

: ૨ : અં. : ૪ : * ૨૦૦૧ : આશ્વિન

## દીપોત્સવી ગીત.

પ્રગટી દિવાળી ઝાક ઉજમાલ..................ધ્રુવ.

અસંખ્ય દીપક ઘર ઘર પ્રગટે, વર્તતી મંગળમાલ;
વીરવિભુ નિર્વાણ પદ પામ્યા, મધ્ય રાત્રિનો કાલ. ૧

દેવ દેવેન્દ્રો નરનરેન્દ્રો, જૈન ધર્મ પ્રતિપાલ;
રત્ન મેરૈયાં હાથ ધરીને, કરે મહ ડાકડમાલ. ૨

ભાવદીપક ભારતમાં બૂઝયો, વિદીર્ણ હૃદયનો તાલ;
અન્તિમ અમૃત ધાર વરસાવી, ભવ્ય ક્ષેત્ર સુકાલ. ૩

વીતરાગી સિદ્ધાન્ત સુફુલનાં, લુંબ ઝુંબ ડાલડાલ;
આત્મબલનાં પ્રકાશ પથરાયાં, તૂટી જાલીમ જંજાલ. ૪

અમૃતધામ ને અમરનામ પ્રભો, નિષ્કામ ધરો વ્હાલ;
ઉપાસકગણ ઉપાસન પૂજા, તન્મય બની તત્કાલ. ૫

તન મન ધન સમર્પિતતાથી, ઉગ્ર ભક્તોની ફાલ;
અગ્રિમ ગણધર ગૌતમસ્વામને, વર્યો કેવલનો સ્થાલ. ૬

નિષ્કારણ બંધુ શ્રી વીરમાં, હોય ન સ્નેહ ધમાલ;
પર્વ દિવાળી દેવ પ્રારંભે, હર્ષ સાગરનો જૂવાળ. ૭

વીર નિર્વાણનો દિવ્ય દિવસ એ, પ્રગટી દિવાલી રસાલ;
કલ્યાણમય કલ્યાણક વીરનું, ઉડે રતુડો ગુલાલ. ૮

શ્રી અજ્ઞેય

—: સંપાદક :—

卐 સોમચંદ ડી. શાહ 卐

પાલીતાણા

# વિષય દર્શન

વર્ષ : ૨ : ખંડ ૪ : આશ્વિન : ૨૦૦૧ : ૨૪૭૧ :

દીપોત્સવ ગીત : શ્રી અજ્ઞેય મુખપૃષ્ઠ
સંપાદકીય : ૪૪૨
પૂજાનું મહાપર્વ : ક૦ ૪૫૧
મહાસાગરનાં મોતી : આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ ૪૫૪
ભક્ત નન્દિષેણ [ કથા ] : મુનિ શ્રી કનકવિજયજી મહારાજ ૪૫૮
પ્રાચીન તીર્થધામ શ્રી લક્ષ્મણીજી : શ્રી જયન્તિશાહ ૪૬૬
દૂર પૂર્વમાં શ્રી જૈન સંસ્કૃતિ : શ્રી પન્નાલાલ ૪૭૧
અમીનાં વહેણ : સં. મુનિ શ્રી મહિમાવિજયજી મહારાજ ૪૭૪
ચાહ દેવીનું સામ્રાજ્ય [ ગીત ] : શ્રી પ્રકર્ષ ૪૭૬
જૈન મંત્રીશ્વર શ્રી કલ્પક [ કથા ] : મુનિ શ્રી કનકવિજયજી મહારાજ ૪૭૭
વર્તમાન યુગના પ્રચ્છન્ન નાસ્તિકો :
આ. શ્રી વિજયરામચન્દ્રસૂરિજી મહારાજ ૪૮૮
પ્રશ્ન પદ્ધતિસાર [ પ્રશ્નોત્તર ] : મુનિ શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ ૪૯૧
સાધુનો ધર્મ અથવા ધર્મમંગળ : મુનિ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ૪૯૭
શ્રી કંડરીક [ કથા ] : પ્ર૦ મુનિ શ્રી ચન્દ્રવિજયજી મહારાજ ૫૦૯
દ્રવ્યાનુયોગની વિચારણાના નામે : મુનિ શ્રી મુક્તિવિજયજી મહારાજ ૫૧૦
તે સમયે તારું કોણ ? : મુનિ શ્રી માનતુંગવિજયજી મહારાજ ૫૧૬
આજનો ઉછળતો યુવક વર્ગ : શ્રી કીર્તિ ૫૧૮
જૈન શાસનના પાયા હચમચાવનારા પ્રવાહો : શ્રી પ્રભુદાસ પારેખ ૫૨૩

પળનાં મૂલ્ય : શ્રી મફતલાલ સંઘવી ૫૩૧
જીવનનો સંસ્કાર [ સંવાદ ] : શ્રી સોમચંદ શાહ ૫૩૫
શ્રી દીવાલી પર્વ : આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ ૫૪૦
અસર્વજ્ઞવાદ : મુનિશ્રી રવિવિજયજી મહારાજ ૫૪૩
કત્લે આમનો અંત : શ્રી સોમચંદ શાહ ૫૪૮
આજનો પુદ્‌ગલવાદ : શ્રી સુંદરલાલ એમ. એ. ૫૫૧
સદાચારનો માર્ગ : મુનિશ્રી જીતેન્દ્રવિજયજી મહારાજ ૫૫૩
એક ડૉકટરની અનુભવ કથા : [ સૂચિત ] ૫૫૪
શંકા અને સમાધાન : આ. શ્રી વિજયજમ્બૂસૂરિજી મહારાજ ૫૬૧
વર્તમાન યુગની પ્રતિજ્ઞાઓ : આ.શ્રી વિજયભુવનતિલકસૂરિજી મહારાજ ૫૬૬
હળવી કલમે : સં૦ ૫૬૮
ઝંખના : [ ગીત ] શ્રી પ્રવાસી ૫૭૯
The key to true happiness Panyasji shree Pravinvijayaji ૫૮૦
જ્ઞાનગોચરી : ૫૮૪



## અમારાં પ્રકાશનો :

પ્રથમ શ્રેણી; પુસ્તિકા દસ મૂલ્ય રૂા. ૧-૧૨-૦
નૂતન સજ્ઝાય સંગ્રહ ,, રૂા. ૦-૮-૦
શ્રી સિદ્ધહેમ લઘુવૃત્તિ નૂતન અવચૂરિ પરિષ્કાર સહિત
પાદ પાદની પુસ્તિકા ૦-૧૦-૦ સાત અધ્યાયના
૧૭-૮-૦ ત્રણ પાદ બહાર પડી ગયાં છે.
નૂતન ગહુંલી સંગ્રહ ૦-૩-૦
શ્રેણી બીજીનાં દસ પુસ્તકો તૈયાર થાય છે ૨-૦-૦
શ્રી નેમિનાથ જિન પંચકલ્યાણક પૂજા [ પ્રેસમાં ]

**બાળ જીવન ગ્રંથાવળી.**

૨૦ પુસ્તિકાની શ્રેણીના રૂ. ૨-૦-૦ [ છપાય છે ]

**શા. ઉમેચંદ રાયચંદ વાયા દામનગર.**
ગારીઆધાર [ કાઠિયાવાડ ]



# સંપાદકીય

દ્વિતીય વર્ષની વિદાય વેળાયે અને ૨૦૦૧ ની આખર ઘડીયે અમારું આ નિવેદન વાચકોના હાથમાં આવી રહ્યું છે. કલ્યાણની પ્રવૃત્તિઓના સંચાલક તરીકે, છેલ્લા બે વર્ષથી અમે સમાજના દરેક વર્ગોની સાથે મર્યાદિત સંપર્કમાં આવ્યા છીએ. અમને આ પ્રવૃત્તિને અંગે ઘણા ઘણા અનુભવો મલ્યા છે, તે બધાને યોગ્ય રીતે પરિણમાવી–પચાવી આજે અમે બે વર્ષ પૂરા કરીએ છીએ.

જે સમયે કલ્યાણનું કાર્ય શરૂ કર્યું, તે વેળા ખૂબ જ કપરી હતી. યુદ્ધનો દાનવ યૂરોપની ધરતી પર તે સમયે વિના રોકટોક નાચી રહ્યો હતો. જ્યારે કાગળ, છાપકામ, શાહી વગેરેનો ખર્ચો ચોમેરથી ખૂબ જ અમર્યાદિત રીતે વધતો રહ્યો હતો, ત્યારે આ પ્રકાશન અમે હાથ ધર્યું હતું. અને અમારી આર્થિક ભીંસને પહોંચી વળવા અમે નાછટકે આસમંડળની સહાય માંગી હતી. જે યોગ્ય રીતે મળતા અમારા કાર્યમાં અમે અત્યાર સુધી વધી શકયા છીએ. છતાં અમારે કહેવું જોઈએ કે, જે કાળમાં અમે આ બે વર્ષના ગાળામાં કલ્યાણને જૈન સમાજ આગળ રજૂ કર્યું તે કાળના સંયોગોમાં આર્થિક દૃષ્ટિએ અમે–કલ્યાણ વ્યવસ્થાપક મંડળે ઘણું વેઠયું છે.

એક માસિક પાંચ વર્ષ ચાલી નિયમિત પ્રકાશિત થતાં જે ખર્ચ ન લાગે તેટલું ખર્ચ, બે વર્ષમાં ત્રિમાસિક પ્રકાશન

કલ્યાણને અંગે થયું છે. આ દૃષ્ટિયે આપ્તમંડળના આજીવન પંચવર્ષીય, દ્વિવર્ષીય સભ્યોની રકમોમાંથી અમારે ખર્ચ કરવો પડ્યો છે. એક ખંડે આ દરમ્યાન લગભગ ૪૦૦–૪૫૦ નો ખર્ચ કાર્યાલયને આવ્યો છે. આ રીતે કલ્યાણના પ્રકાશનની પૂંઠે અમારે અત્યાર સુધી ૩૩૦૦ નો ખર્ચ આવ્યો છે, જે ગ્રાહકોની સંખ્યાની દૃષ્ટિએ નહિ ધારેલો અને હદ ઉપરાંતનો કહી શકાય.

હવે આગામી પ્રકાશનને અંગે, અમારે બે હકીકતોમાં સ્પષ્ટતાની રાહ જોવાની રહે છે. એક સરકારી પ્રેસ ધારામાં છૂટછાટ થઈ જતાં કલ્યાણને રજીસ્ટર કરી શકવાની, અને બીજી કાગળ અને પ્રીન્ટ ખર્ચના ભાવોમાં નરમાશ થવાની–આ બન્નેની અનુકૂળતાયે અમને કલ્યાણના પ્રકાશન કાર્યમાં ઘણી ઘણી સહાય મળી જવાનો સંભવ છે. એટલે આગામી પ્રકાશનને અંગે કાંઈ કહેવા કરતા હાલનાં સંયોગોમાં સુધારો થવાની અપેક્ષા પર આનો નિર્ણય રહે છે.

લેખકોને અંગે અમારે કહેવાનું રહે છે તે એ કે, ઘણા લેખો લંબાણુ આવે છે. જેથી કાપકૂપ કરવા જતાં કે સારા આશયથી સુધારો કરવા જતાં ઘણા વિદ્વાન લેખકોની અવકૃપાના અમારે ભોગ બનવું પડે છે. તદુપરાંત; કોઈ વિદ્વાન મુનિવરોના લેખમાં આવશ્યક ભાષાશુદ્ધિ કરવા જતાં તેઓના ઉપાલંભને પાત્ર અમારે બનવું પડે છે. વળી લેખો ઘણા વિલંબે મળે છે, આ કારણે જેના ચાલુ લેખો હોય તેને પણ રીતસર ન્યાય આપી શકાતો નથી. આ ખંડમાં જમાલિવાળો ચાલુ લેખ વિલંબના કારણે મુલતવી [ જે વિલંબ રેલ્વે વ્યવહાર, અટકી

પડવાને અંગે અનિવાર્ય હતો ] રાખવો પડ્યો છે. કથાઓમાં પણ, ટૂંકી કથા, કે જે એક ખંડમાં પૂર્ણ થઈ જાય તેવી હોય તો પૂર્ણ રજૂ થઇ શકે નહિતર અધૂરી મૂકવી પડે છે. મંત્રીશ્વર કલ્પકની કથા જે ૬ પ્રકરણોમાં લંબાણથી લખાયેલી છે તેને એક ખંડમાં સંપૂર્ણ મૂકી શકાઈ નથી. વળી જે લેખકોના લેખોમાં લાંબા ટીપ્પણો હોય છે તે લેખોના તે ટીપ્પણો અમારે સ્થલસંકોચના કારણે તે લેખોમાંથી રદબાતલ કરવા પડયા છે. આ બધા ફેરફારો અનિવાર્ય સંયોગાધીન બની અમારે કરવા પડે છે તે માટે અમારા શુભાશયને લક્ષ્ય-ગત રાખી લાગતા-વળગતાઓ અમારા કાર્ય પ્રત્યે અવશ્ય સહાનુભૂતિ દાખવશે.

પ્રાન્તે અમારાથી શકય સઘળું કરી છૂટવા છતાં, અમારી ક્ષતિઓ, અપૂર્ણતા ઇત્યાદિ પ્રત્યે અમને ક્ષન્તવ્ય ગણી સહુ શુભેચ્છકો, લેખકો અને વાંચકો અમને અમારી પ્રવૃત્તિઓમાં દરેક રીતે સહકાર આપશે એ શુભેચ્છા સાથે અમે વિરમીએ છીએ.


**The Theory of Karma**

*by*

***Mahendrakumar G, Merchant***

**: Annas Eight only :**

Can be hed from:—

***Shah Umedchaud Raichand***

**: Gariadhar :**

Via **Damnagar.**

( Kathiawar—India. )

# આપ્તમંડળની યોજના

કલ્યાણની હિતકર પ્રવૃત્તિઓને પહોંચી વળવાની આર્થિક સ્થિતિ અમારી પાસે નહિ હોવાથી તેને સારુ જૈન સમાજના શ્રદ્ધાળુ, સંસ્કારરસિકોની સમક્ષ અમે ટેલ પાડી હતી, જેથી શુભેચ્છકોની સલાહથી આ યોજના નિશ્ચિત થઈ છે.

## યોજના:

૧. રૂા. **૨૦૧** એકી વેળાએ આપનાર સદ્‌ગૃહસ્થો **સંરક્ષક** મંડળના **આજીવન** સભ્ય.
૨. રૂા. **૧૦૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો **સહાયક** મંડળના **આજીવન** સભ્ય.
૩. રૂા. **૫૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો **શુભેચ્છક** મંડળના **આજીવન** સભ્ય.
૪. રૂા. **૨૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો **શુભેચ્છક** મંડળના **પંચવર્ષીય** સભ્ય.
૫. રૂા. **૧૧** એકી વેળાયે આપનાર સદ્‌ગૃહસ્થો **શુભેચ્છક** મંડળના **દ્વિવર્ષીય** સભ્ય.

## આપ્તમંડળ

**આપ્તમંડળની** ઉપરોક્ત યોજનાને આવકારવાપૂર્વક, કલ્યાણની શુભપ્રવૃત્તિઓને પોતાનો સહકાર આપવાની ઉદારતા કરી, જેઓએ પોતાનાં શુભ નામો અમારા આપ્તમંડળમાં નોંધાવ્યા છે તે સદ્‌ગૃહસ્થો–

## ૨૦૧ આપનાર સંરક્ષક મંડળના આજીવન સભ્યો :

૧ શેઠ શાંતિલાલ મણિલાલ શ્રોફ ખંભાત
૨ શેઠ રમણુભાઇ દલસુખભાઇ મુંબઇ
૩ શેઠ કાન્તિલાલ ઉજમશી શ્રોફ ખંભાત
૪ શેઠ બાબુભાઇ છગનભાઇ શ્રોફ મુંબઇ
૫ શેઠ કલ્યાણભાઇ છગનલાલ નાણાવટી મુંબઇ

## ૧૦૧ આપનાર સહાયક મંડળના આજીવન સભ્યો.

૧ શેઠ જયંતિલાલ બહેચરદાસ દોશી મુંબઈ
૨ શેઠ પોપટલાલ પરશોતમદાસ મુંબઇ
૩ શેઠ રમણુલાલ વજેચંદ ખંભાત
૪ શેઠ ભોગીલાલ ગીરધરલાલ મુંબઇ
૫ સી. પી. દોશી એન્ડ કું. મુંબઈ
૬ શેઠ ઝવેરચંદ પ્રાગજી ઝવેરી જામનગર
૭ શેઠ રતનલાલ જીવાભાઇ ચોકસી અમદાવાદ
૮ શેઠ છોટાલાલ હેમચંદ રાજકોટ
૯ શેઠ મનુભાઇ લાલભાઇ ચંદુલાલ ઝવેરી અમદાવાદ
૧૦ શેઠ કનુભાઇ લાલભાઈ ચંદુલાલ ,, ,,
૧૧ શેઠ જગજીવનદાસ શેષકરણ જુનાગઢ
૧૨ દોશી સૌભાગ્યચંદ કુંદનમલ મુંબઇ
૧૩ શેઠ રમણુલાલ ડાહ્યાભાઇ ઝવેરી અમદાવાદ

## ૫૧ આપનાર શુભેચ્છક મંડળના આજીવન સભ્યો.

૧ શ્રી શાંતિભવન જૈન સંઘ જામનગર
૨ શેઠ માણેકલાલ પુંજાભાઇ મુંબઇ
૩ શેઠ કેશવલાલ વજેચંદ કાપડીઆ ખંભાત
૪ મૂળચંદ ડાહ્યાભાઇ દલાલ ખંભાત
૫ વોરા ઉમેદચંદ કાલીદાસ હ. હેમકોરબેન જામનગર
૬ શેઠ હીરાલાલ ઉમેદચંદ ખંભાત
૭ શેઠ અમરચંદ મંગુભાઇ ખંભાત
૮ શેઠ કેશવલાલ છોટાલાલ ખંભાત

૯ સીપાર જૈન સંઘ સીપોર
૧૦ શેઠ વાડીલાલ છોટાલાલ વીસનગર
૧૧ શેઠ મોહનલાલ સખારામ પુના સીટી
૧૨ શેઠ કાન્તિલાલ હુંસરાજ રાજકોટ
૧૩ શેઠ મફતલાલ મોહનલાલ અંધેરી
૧૪ સંગીતરત્ન હીરાલાલ દેવીદાસ અમદાવાદ
૧૫ ગુલાબચંદ ગફલભાઈ હળવદ
૧૬ શેઠ મણિલાલ ડોસાભાઇ ખાંડવાળા
હા. નિર્મળા બ્હેન પાટણ

## ૨૧ આપનાર શુભેચ્છક મંડળના પંચવર્ષીય સભ્યો.

૧ શાહ નેમચંદ માણેકચંદ મુંબઈ
૨ ગીરધરલાલ અમીચંદ કુંડલા
૩ શાહ બાલચંદ ઇશ્વરલાલ મુંબઇ
૪ શાહ વરજીવનદાસ અભેચંદ મુંબઇ
૫ ઝવેરી શાંતિલાલ ખેતસી જામનગર
૬ શાહ તલકચંદ નાનચંદ દાદર
૭ દોશી લાલચંદ મુલચંદ જામનગર
૮ શાહ છોટાલાલ માણેકચંદ ,,
૯ ઝવેરી કપુરચંદ અજરામલ ,,
૧૦ જૈન લાઇબ્રેરી સીરસાલા
૧૧ શા. શાંતિલાલ ઉમેદચંદ ખંભાત
૧૨ શા. સોમચંદ પાનાચંદ ખંભાત
૧૩ સંઘવી કીરચંદ સુંદરજી મોરબી
૧૪ મકીમ વેલજી કચરાભાઈ જામનગર
૧૫ શ્રી સરદારપુર જૈન સંઘ સરદારપુર
૧૬ પારેખ નારણજી હીરજીભાઈ જામનગર
૧૭ શાહ ચંપકલાલ છોટાલાલ સુતરીયા સુરત
૧૮ શાહ નટવરલાલ ભોગીલાલ વડનગર
૧૯ શાહ ભાઇચંદ ફુલચંદ મોરબી
૨૦ મહેતા માધવજી હીરજીભાઈ ધોરાજી
૨૧ શાહ નરભેરામ હુંસરાજ જામનગર
૨૨ શાહ વાડીલાલ ફકીરચંદ ખંભાત
૨૩ શેઠ પ્રેમચંદ કચરાણી ભાણુવડ
૨૪ ગાંધી મોનજી ધનજી આરામડા

| | |
|---|---|
| ૨૫ શા. ત્રિભોવનદાસ હીરજી શીવા | ૩૫ શાહ રમણલાલ ચુનીલાલ મુંબઇ |
| ૨૬ શાહ બાબુલાલ નેમચંદ મુંબઇ | ૩૬ શાહ રાયચંદ દેવરાજ જામનગર |
| ૨૭ શ્રી આગલોડ જૈન સંઘ | ૩૭ શાહ બાબુલાલ પરશોતમ તંબોલી રાજકોટ |
| ૨૮ નંદરબાર જૈન પેઢી | ૩૮ શાહ મગનલાલ પાનાચંદ રાજકોટ |
| ૨૯ ઝવેરી અમૃતલાલ કપૂરચંદ મુંબઇ | ૩૯ શાહ વીરચંદ લખમીચંદ અમદાવાદ |
| ૩૦ રાધનપુર જૈન સંઘ | ૪૦ શાહ રીખવાજી મનાલાલ મુંબઇ |
| ૩૧ શાહ કાંતિલાલ મહાદેવ કચ્છ–માંડવી | ૪૧ પટવા ચીમનલાલ છોટાલાલ અમદાવાદ |
| ૩૨ શેઠ ચુનીલાલ કમળશી જોરાવરનગર | ૪૨ શાન્તાબેન રમણલાલ ઝવેરી અમદાવાદ |
| ૩૩ શેઠ સાકરચંદ પાનાચંદ જામવણથલી | ૪૩ બાબુભાઈ ભગવાનજી દાદર |
| ૩૪ શાહ વીરપાળ હીરાલાલ જામનગર | |

## ૧૧ આપનાર શુભેચ્છક મંડળના દ્વિવર્ષીય સભ્યો.

| | |
|---|---|
| ૧ વોરા લાલચંદ વેલચંદ વઢવાણ શહેર | ૮ શાહ ફુલચંદ રણછોડદાસ ખંભાત |
| ૨ શાહ મણિલાલ ચુનીલાલ ,, ,, | ૯ શાહ અમરચંદ કસલચંદ ,, |
| ૩ દોશી સવચંદ જેઠાભાઇ ,, ,, | ૧૦ શાહ ભોગીલાલ દલસુખભાઈ ,, |
| ૪ દોશી ફુલચંદ લાલચંદ ,, ,, | ૧૧ પા. મગનલાલ લલ્લુભાઇ ,, |
| ૫ શાહ શાંતિલાલ ત્રીકમલાલ ,, ,, | ૧૨ શાહ વાડીલાલ ચુનીલાલ દંતારા |
| ૬ શ્રી જિતરાજજી હિંદુમલજી કોલ્હાપુર | ૧૩ શાહ નેમચંદ પાનાચંદ ,, |
| ૭ શાહ બાલચંદભાઇ ભીખાભાઇ ખંભાત | ૧૪ શાહ ઠાકરશીભાઇ ધરમચંદ ,, |

૧૫ શાહ ભીખાભાઇ ચુનીલાલ ભગત ,,
૧૬ શાહ હીરાલાલ કીલાભાઇ ,,
૧૭ શાહ વાલચંદ રતનચંદ ,,
૧૮ શેઠ ભોગીલાલ બબલદાસ મુંબઇ
૧૯ ઝવેરી માણેકલાલ ચુનીલાલ સુરત
૨૦ ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ મોરબી
૨૧ શાહ વરવાલાલ અમૃતલાલ ખાવડ
૨૨ શ્રી લાડોલ જૈન સંઘ [ વિજાપુર ]
૨૩ શાહ સુંદરલાલ ચુનીલાલ વડોદરા
૨૪ શાહ ભીખાભાઇ ઝવેરચંદ ખંભાત
૨૫ શાહ પરશોતમદાસ છગનલાલ ,,
૨૬ શાહ જીવાભાઇ મોતીલાલ ,,
૨૭ શાહ નગીનદાસ આશાલાલ ,,
૨૮ શાહ ભોગીલાલ ચુનીલાલ ,,
૨૯ શાહ ગુલાબચંદ કપુરચંદ ,,
૩૦ શાહ મનુભાઇ કચરાભાઇ ,,
૩૧ શાહ રતનલાલ છગનલાલ ખંભાત
૩૨ પા. અમૃતલાલ મનસુખભાઈ ,,
૩૩ શાહ કેશવલાલ મૂળચંદ ,,
૩૪ શાહ નાનાલાલ જેઠાભાઈ ,,
૩૫ શાહ ભીખાભાઇ મોહનલાલ ,,
૩૬ શાહ નાથાલાલ મોહનલાલ મહેસાણા
૩૭ મેઘજી ટોકરશીભાઇ હ. પ્રેમજીભાઇ મુંબઇ
૩૮ શ્રી જૈન શ્વેતામ્બર પાઠશાળા ઇડર
૩૯ ચીમનલાલ જી. શાહ મુંબઇ
૪૦ શાહ લાલજી કેશવજી ચીનાઇ મુંબઇ
૪૧ શાહ ચંદુલાલ ભોગીલાલ અમદાવાદ
૪૨ ઝવેરી મંગળદાસ નથ્થુભાઇ વિજાપુર
૪૩ ઝવેરી ભોગીલાલ નથ્થુભાઇ મુંબઇ
૪૪ શેઠ ભોગીલાલ હાલાભાઈ પાટણ
૪૫ શાહ તેજરાજ કસ્તૂરચંદ જામખંડી
૪૬ શાહ બાબુલાલ પ્રેમચંદ મુંબઈ

તા૦ ક૦—નવા નોંધાયેલા સભ્યો માટે પૃ. ૫૮૮ પર જુઓ.

## કલ્યાણની વ્યવસ્થાના નિયમો

૧ કલ્યાણનો મુખ્ય ઉદ્દેશ: ' દેશ અને સમાજના વાતાવરણને અનુલક્ષીને જૈન સંસ્કૃતિનો સંદેશ: સરળ, ભાવવાહી અને સંસ્કારી ભાષાના લેખો દ્વારા જૈન-જૈનેતર સમાજના સંસ્કારવાંચ્છુ વર્ગની સમક્ષ રજૂ કરવો. '

૨ જૈન તત્ત્વજ્ઞાન, શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય, તીર્થ-પ્રવાસ, કથા કે ધર્મોપદેશ ઇત્યાદિ કોઇપણ વિષયને સ્પર્શીને, ટૂંકમાં મુદ્દાસરનું લખાણ કે, જે હળવી શિષ્ટ અને સરળ ભાષામાં લખાયેલું હોય તેવું લખાણ પ્રગટ કરવું.

૩ આવેલા લેખોમાં આવશ્યક જણાય તે ફેરફાર કરવાનો અધિકાર સંપાદકને રહેશે.

૪ લેખોની પસંદગીનું કાર્ય સંપાદકની ઇચ્છા ઉપર રહેશે. પસંદગીનું ધોરણ બેશક નિષ્પક્ષ રીતે સચવાશે. કોઇને પણ અન્યાય નહિ થાય તેની પૂરતી કાળજી રહેશે. પણ પ્રાચીન સંશોધન, જૈન તત્ત્વજ્ઞાન કે અદ્યતન શૈલીએ રજૂ થતી ઐતિહાસિક કથા, અથવા તીર્થયાત્રા અને ધાર્મિક કે સામાજિક પ્રશ્નોની જૈન સંસ્કૃતિની દૃષ્ટિયે સમાલોચના; ઇત્યાદિ વિષયોના લેખોને પહેલું સ્થાન મળશે. પ્રગટ થયેલા લેખોની જવાબદારી તે તે લેખકોની રહેશે.

૫ કોઇપણ કારણસર અપ્રગટ થયેલ લેખ પાછો મંગાવનારને મંગાવનારના ખર્ચે તે લેખ પાછો મોકલવામાં આવશે; પણ પ્રસિદ્ધ ન કરવાનાં કારણો જણાવવાને સંપાદક જવાબદાર નહિ રહે. અપ્રસિદ્ધ લેખ અંક પ્રગટ થયા પછી એક મહિના પછી નહિં મળી શકે.

૬ અવલોકનાર્થે મોકલાવાતા પુસ્તકો, સામાયિકો કે પ્રકાશનોનું નિષ્પક્ષ અવલોકન પ્રગટ થતું રહેશે.

પત્રવ્યવહાર:—**કલ્યાણ પ્રકાશન મંદિર.**

બાબુબિલ્ડીંગ-**પાલીતાણા.**

B. S. R. ( કાઠીયાવાડ )

# આજેજ મંગાવી લ્યો !!

## બે પ્રતિક્રમણ મૂળ ૧૦૦ ના

૩૫-૦-૦

[ ૧૧૫ પેજ : સુંદર ટાઇટલ : મોટા ટાઈપ : શુદ્ધ છપાઇ ]

## બે પ્રતિક્રમણ સાર્થ ૧૦૦ ના

૧૩૫-૦-૦

[ પાકું બાઇન્ડીંગ ૨૪૦ પેજ : એજ્યુકેશન બોર્ડનો કોર્સ ]

## પંચ પ્રતિક્રમણ મૂળ ૧૦૦ ના

૧૨૫-૦-૦

[ પાકું બાઇન્ડીંગ : ૨૫૦ પેજ : શુદ્ધ છપાઇ ]

તે સિવાય

**પાઠશાળા, લાઇબ્રેરી, પ્રભાવના ઉપયોગી સુંદર પ્રકાશનો વ્યાજબી ભાવે મળી શકશે.**

**સોમચંદ ડી. શાહ** : જીવનનિવાસ સામે,

**પાલીતાણા** [ સૌરાષ્ટ્ર ] ઠીઆવાડ ]

# પૂજાનું મહાપર્વ

ક૦

卐

દીપોની લાંબી હાર ઠામઠામ પ્રગટાવવી અને આનન્દ, કુતૂહલ કે મોજશોખમાં દિવસો પસાર કરવા.' આ રીતે દીવાળી પર્વની ઉજવણી વર્ષો થયા હિન્દુસમાજમાં રૂઢીરૂપે પ્રચલિત બની છે. વિક્રમ વર્ષના છેલ્લા દિવસોમાં જનસમાજના વર્ષભરનો ગૂંગળાઈ રહેલો ઉત્સાહ જાણે પૂર્ણ બનતો હોય તે રીતે વાતાવરણને સ્ફૂર્તિ અને ઉત્સાહથી ભરી દે છે. સહુ કોઈ પ્રસન્નતાની હવાથી કાંઈક તાજગી અનુભવે છે અને એ દિવસોમાં ગમે તે રીતે દુઃખોને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે.

પણ આમ કેવળ ક્ષણિક આનન્દ કે જલસાઓથી દીવાળીના દિવસોની ઉજવણી સફલ બની શકતી નથી. હિન્દુ સંસ્કૃતિ તેમજ જૈન સંસ્કૃતિમાં માનનારા સમાજની દીવાળી આ રીતે ઉજવાય એ એના મહામૂલ્ય સંસ્કારો કે એના ઉચ્ચ



પુ. ૨ : ખંડ-૪
૨૦૦૧ : આશ્વિન

આદર્શને અનુકૂળ નથી,' એમ અમારે કહેવું જોઇએ.

હિન્દુ સમાજની આ દીપમાળા પ્રગટાવવાની પ્રથાના મૂળમાં લગભગ ૨૪૭૧ વર્ષથી ચાલ્યો આવતા જૈન સંસ્કૃતિ સાથેનો ગાઢ પરિચય અને સંબન્ધ રહેલો છે.

જૈન ઇતિહાસની તવારીખ બોલે છે કે, આજથી ૨૪૭૧ વર્ષ પહેલાની આસો વદી અમાસની રાત્રીના છેલ્લા પ્રહરની એ ઘટના છે કે, તે સમયે જૈન સંસ્કૃતિના મહાન સંદેશવાહક દેવાધિદેવ ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્મા, જગતની–સમસ્ત સંસારની આસપાસથી વિદાઇ થઈ શાશ્વત સુખના અનન્ત–અવ્યાબાધ સ્થાનમાં સિધાવ્યા. ભારત વર્ષના સમસ્ત ધર્મરસિકોએ એ વેળાએ પ્રકમ્પ અનુભવ્યો. નિરાધારની જેમ ભારતભૂમિએ એ પ્રસંગે શોકપૂર્ણ વાતાવરણમાં રડી લીધું. જ્ઞાનના અનન્ત પ્રકાશની જ્યોત બૂઝાઇ અને અજ્ઞાનનો અંધકાર ચોમેર ગાઢ બન્યો.

આ અંધકારને ઉલેચવાના પ્રતીકરૂપ, ભક્ત હૃદયના ધર્માત્માઓએ ઘેર ઘેર દીવાઓ પ્રગટાવી, એ જગદ્ વંદનીય મહાન વિભૂતિને પોતાની શ્રદ્ધાભરી અંજલી અર્પી. આજની દીવાળી પર્વની ઉત્પત્તિનો ટૂંક ઇતિહાસ જૈન તવારિખના પાનાઓમાંથી નોંધાયેલો આજે આ રીતે આપણને મળી રહે છે.

દીપપૂજા, ધનપૂજા કે શારદાપૂજા એ દીવાળીના દિવસોમાં જૈન–જૈનેતર હિન્દુ સમાજની દીવાળીને ઉજવવાની રિવાજ મુજબની ચાલુ પ્રથા છે. પણ આ બધી પૂજાઓની પ્રવૃત્તિઓની પાછલ એનો સાચો પ્રાણ જો આપણે નહિ જાળવી શકીએ તો આ દિવસોમાં થતાં આ સમારંભો, કેવળ ક્ષણિક આનન્દ

ઉલ્લાસ કે ઉત્સાહને આપી કશા જ સ્થાયી લાભને આપ્યા વિના ભૂતકાલની અનન્તતામાં ભળી જઈ સ્મૃતિશેષ બની જશે.

સાત્ત્વિક પૂજાના આ પર્વદિવસોની ઉજવણી આપણે સાત્ત્વિકતાના વાતાવરણમાં રહીને કરવી જોઇએ. રાજસ કે તામસ વૃત્તિઓથી આપણું જીવન હંમેશ અસ્પૃશ્ય રહે એ રીતે આત્માને કેળવવાના પ્રયત્નો આ દિવસોમાં આપણે કરવા જોઇએ. વર્ષનું સરવૈયું કાઢી નૂતન વર્ષમાં પ્રવેશ કરવાનો દૃઢ સંકલ્પ આજથી આપણે કરી લેવાનો રહે છે.

આથી જ સાત્ત્વિક વૃત્તિના આત્માઓની દીપપૂજા એટલે હૃદયની શુદ્ધિપૂર્વક સદાચાર કે સદ્ભાવનાની વાટથી નીતિ અને ઉદારતાના ઘૃતથી ગુણોની હારમાળા અન્તરના કોડીઆમાં પ્રગટાવવી—આ સાચી દેવપૂજા છે. દીવાળીના દિવસોમાં થતી દીવાની પૂજાપૂંઠે હિંદુ સંસ્કૃતિનો કે તેની ઉચ્ચતર જૈન સંસ્કૃતિનો આ ધબકતો પ્રાણ છે. બાકી ભભૂકતી દવજવાળામાં સેંકડો નિરપરાધી જીવોનો થતો સંહાર જોઇ, કે ફટાકડા યા દારૂખાનું ફોડી આનન્દ માણવો એ સાત્ત્વિકતા નથી.

સાત્ત્વિક આત્માઓની ધનતેરશની, ધનપૂજા ગુણસમૃદ્ધ મહાન આત્માઓની ગુણપૂજામાં રહેલી છે. ગુણહીન ધનવાનોની કે નીતિ, સદાચાર, વિનય, વિવેક વગેરે ગુણોને ગુંગળાવી નાંખનારા પાપ કમાણીના ધનની કે દોલતની ધનપૂજામાં સાત્ત્વિક આત્માઓને સ્પૃહા હોય જ નહિ. સદ્ગુણોના નાશથી પ્રાપ્ત થતી ધનની ઋદ્ધિ કે સમદ્ધિ કદી શાશ્વત સુખ આપી શકે નહિ.

શારદા પૂજનમાં માનનારા સત્ત્વશીલ માનવો, ચોપડા પૂજન કરીને જ કેવળ સંતોષ ન માને! સમ્યગ્જ્ઞાનનાં, શિક્ષ-

ણુનાં અને સંસ્કારનાં વહેણો વહેવડાવવા એઓ સદા તૈયાર રહે. શારદાના–સરસ્વતી મૈયાના નામે ચોપડાની પૂજા કરનારો વ્યાપારી વર્ગ; અનીતિ, છળ, વિશ્વાસઘાત કે હિંસા અને જૂઠ વગેરે પાપોથી દૂર રહેવાનો અડગ સંકલ્પ કરીને જ ઊભો થાય, તો જ તેનું શારદા પૂજન સાચું.

સાત્વિક પૂજાના મહાન પર્વ સમા આ દીવાળીના દિવસોની ઉજવણી તો જ આત્માને અજવાળી, જીવનને સંસ્કારસમૃદ્ધ બનાવી જીવન જીવતાં શીખવાડી જશે.

પૂજાના મહા પર્વ–દીવાળીની આ રીતે પૂજા એ આ પર્વ દિવસની સાચી આરાધના છે.

## મહાસાગરનાં મોતી

**આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.**

( i ) કલ્પનાઓ અને સંકલ્પો એ જાગૃતાવસ્થામાં માનવોનાં મિથ્યા સ્વપ્નાં જ છે. એ કલ્પના અને સંકલ્પજન્ય સ્વપ્નનાંની હારમાલા સીમાહીન હોય છે. છતાં ય કરુણાસ્વયંભૂ મહાત્માઓએ એનો છેડો શ્રદ્ધા અને સંતોષમાં સમેટી લીધો છે. જેઓ ધર્મશાસ્ત્રો પર શ્રદ્ધા અને મળેલામાં સંતોષ નથી રાખતા તેવાઓ કદી ય સનાતનસુખનો સ્વાદ આસ્વાદતા જ નથી. જેમ દિવસો ગાળે છે, તેમ તેમ અવિશ્વાસુ અને અસંતોષીઓ ઊંડી દુઃખની ખાઇમાં ઉતરતા જાય છે. નાના–મોટાં આચરણો વિશ્વાસથી આચરો ! નાના કે મોટા થતા લાભોમાં હું પૂર્ણ થયો આવી માન્યતાઓ નક્કર કરો ! બસ પછી હું શું કરું ? હું સુખી ક્યારે થવાનો ? આવા મૂર્ખાઇભરેલા સવાલો જડમૂલથી જલી–બલી જશે જ ?

( ii ) હું આ કાર્યનો નિયંતા છું ! આ વ્યક્તિઓ પર મારી વર્ચસ્વ–સત્તા છે ! હું જે ધારૂં તે કરી શકું છું ? મારૂં અપમાન કરનાર, મને દોરનાર, મને દિનહીન માનનાર શું આ જગતમાં જીવતો રહે ખરો ? "જ્યાં આ ભાઈનું મુશલ ત્યાં જ કુશલ." "જ્યાં હું ત્યાં મ્હારૂં જ વર્ચસ્વ" અને જ્યાં હુંનો અભાવ ત્યાં ભલ–ભલાઓ ગુંચવાઇ જ મરે ! હું એટલે અખિલ સમાજનો નાયક ! હું એટલે સર્વ ધનવાનોનો દાદો, શૂર–વીરોનો વીર, ધાર્યું સઘળું ય પાર પાડનારો–આવી ખોટી માન્યતાઓ ધરી મૂર્ખ માનવો અટોલા અને ગંભીર સંયોગોના ભોગ બને છે. મૂર્ખાઓનું ખોટું અભિમાન દાળમાં ગોળની જેમ પીગળી જાય છે. છતાં ય વાસનાનાટકોનાં ખેલો પડછંદાથી કદી કદી ઉભરાઈ આવે છે, સુજ્ઞો એ અભિમાનનું વિષ કદી ય પાન કરતા નથી.

( iii ) સૌન્દર્ય અને રૂપ ખેલાડી–કર્મ મદારીનાં અજાયબી ભરેલાં જાદુઓ છે ! આ જાદુના પેંદા બનેલા સંસારની કે અન્ય કોઇ પણ કાર્યની પૂર્ણતા–સફલતા નથી જ મેળવી શકતા ? બ્હારનો ડોળ અને દેખાવ ભલે ત્યાં ભરચક હોય પણ અભ્યંતરમાં માત્ર મલિનતા જ હોય છે. પ્રત્યેક કાર્ય કરતાં તેઓનું ચિત્ત એકાગ્ર નથી બનતું ! વાત વાતમાં માત્ર કંટાળો જ દેખાય છે. ધાર્મિક ક્રિયાઓ નિરસ ભાવની અને લુખી સુકી લાગે છે. ઉચ્ચશ્લોકોનું પઠન તો કફોડા સમયને વેડફી નાખવાનું સમજાય છે, હે ભોલાભલા માનવો ! આવા જાદુથી દૂર રહો ! ભૂલેથી આવા જાદુનો કરન્ટ લાગે તોય દૂર ભાગવા પ્રયાસ આદરો !

( iv ) મન રાજાની સત્તા નીચે તમો ન રહો ! અંતરાત્માને મનની સાથે જ્યારનો નિકટનો સંબંધ થયો છે, ત્યારનો આત્માને કુસંસ્કારોની કુટિલતાથી મલિન બનવું પડયું છે અને સ્વસ્વભાવને ભૂલી આત્મા ભારે અપકૃત્યો પણ કરી બેસે છે. અપકૃત્યોનાં કટુક નારકીય ફલોને પણ વિસારી જશો ? તમ્હારા કર્તવ્યોની દિશા તો ચૂકી જ જશો ? મન એ કાચ છે. વાસનાઓ એ દિવડાઓ છે. મીઠા અગર ઘાસ્લેટીયા દીવડાઓ હશે તેવી છાયા તે કાચમાં સોંસરી નીકળી આવિર્ભાવ થશે. સુભાવના-

રૂપી ઘીથી બળતા વાસનારૂપી દીવડાઓ ચેતાવશો તો મન કાયમાં સુંદર અને ઊજ્જવલ પ્રકાશ પથરાશે, અને મન અંતરાત્મામાં તન્મય બનશે.

( v ) **નાના** બાલકો એમ કલ્પે છે કે રડવાથી મનમાન્યા પદાર્થો મળી રહે છે. બને છે પણ એમ કે, પ્યાર કરીને માગ્યા પછી માતાઓ કંઈપણ ન આપે તો મા પાસે રડીને પણ લેવાની નાના બાલકોને ટેવ પડેલી મોટા ભાગે દેખાય છે. રડવા છતાં ય ન મલે તો તેનો ઉપાય રીસ કરીને, કકળાટ કરીને ય પણ લ્યે છે. એ પણ ખ્યાલમાં રાખવા જેવું છે કે કંટાળીને મા કોઈ ચીજ આપે છે પણ અંતમાં તે એક ટપલો મારીને જ આપે છે. આ દૃશ્ય મોટા ભાગે અનુભવગમ્ય છે. બાલને ઝટ ઈષ્ટ-ચીજ આપતાં મા ખંચકાય છે તેમાં પહેલું નિદાન તો એ છે કે, માગવાની ટેવ ભૂલે, કકળાટ પછી માતાઓ જે આપે છે તેમાં એ રહસ્ય છે કે, કદાચ માગવાથી મલે છે, પણ સંસારમાં ભારે અપમાનિત થવું પડે છે. આતો મા છે એટલે મોહાધીનતાથી કકળાટ પછી આપે છે. પણ યાદ રાખજો કે કુકર્મના વિપાકો એવા કારમા અને કડોડા ભોગવવા પડશે કે એના ઉદય કાલમાં કકળાટથી, રોવાથી કે માથું પણ ફોડવાથી તમોને મનગમતું નહિ મલે ? માટે એવાં કર્તવ્યો કરો કે તમોને વિના માગે સઘળું ય આવી મલે અને પરિણામો પણ સુખ-ફલોનાં જ અનુભવાય.

( vi ) **સઘળાય ધર્મોનું** કે શાસ્ત્રોનું રહસ્ય એ જ છે કે, પોતે પોતાને સાચીરીતે ઓળખતો થાય. મ્હારામાં મ્હારાપણું કેટલું છે એનું માપ નીકળી જાય તો બસ ! આવા જ્ઞાનની અહિં સીમા પૂરી થાય છે. મ્હારૂં ન હોય એને મ્હારું માનવું એ ચંચળ મોહ-ચેષ્ટાનું નાટક છે. 'હું એટલે વીતરાગનો વારસો.' અહંત્વ એટલે સ્વસુ-ગુણો. જ્ઞાન, દર્શન અને ચારિત્ર, આ ત્રણેય ગુણોની પ્રાપ્તિ છે. અથવા આ ત્રણેયની પ્રાપ્તિનો તન્મનાટ, એ જ આત્માનો સુખવિલાસ ભોગ છે બાકી જડ-વિકાસો અને જડનો-ભોગ એ આત્મગુણોને આવરનાર મહા-દુશ્મનોનો દલ્લો છે એમ સમજો !

( vii ) કાલે અનાજ નથી મલવાનું આવી ઘોષણા થતાં સૌ કોઈ સવેલા આકરા ભૂખ્યા થાય છે, અને મળે તેટલું મૂર્ચ્છા–ભાવથી અનાજ સંચય કરવામાં યોજાય છે, પણ આવતી કાલે ખાવું નથી આવો નિરધાર કરવામાં આવે તો ભૂખ સેંકડો ગાઉ દૂર ભાગે છે. ઘેબર જેવી ચીજ પણ અનિષ્ટ ભાસે છે. સમજપૂર્વક મનથી થયેલો ત્યાગ ઘણી જ જવાબ-દારીઓને અવલંબે છે, અને ત્યાગની વિકટતાઓ સરલ કરી આપે છે. સાચા ત્યાગીઓને જરૂરિયાતની ઉપયોગમાં આવતી, ચીજો પણ અકારી દેખાય છે તો પછી જડયોગો તો ફસાવે કે લલચાવે જ કેમ ? મોહ–મૂઢ માનવો નકામી અનેક ચીજોની અનિવાર્ય આવશ્યકતાઓ કલ્પે છે અને એ ખોટી ચીજોની જરૂરિયાતોની એવી હાજત પેદા કરે છે કે, સર્વસ્વ ગુમાવી બેસવાનો ગોઝારો સમય આવી લાગે છે. ત્યાગ એ જ સંતોષનું નિદાન છે: ત્યાગ એ જ સુખનું પગથિયું છે.

( viii ) સંસ્કારપોષક કોઇપણ પિતા હોય તો સુવિદ્યાનો અભ્યાસ છે. સુવિદ્યાનો અભ્યાસ વધતાં આત્માને કદીય નહિ અનુભવાયેલો સંતોષ અને આનંદ અનુભવાય છે. અધ્યાત્મરસની સાચી છોળ કહો તો તેય પણ અધ્યાત્મજ્ઞાન જ છે. સુવિદ્યા પ્રાપ્ત કરવાનું એવું વ્યસન થવું જોઇએ કે જેમ શ્વાસવિહુણા પ્રાણ થાય છે તેમ વિદ્યાની પ્રાપ્તિ વિનાનો દિવસ કે પળ નિષ્ફળ મનાય છે. સુવિદ્યાનો અભ્યાસ થતાં નવિન જ્ઞાન ન મલે ત્યારે નિદ્રા પણ ન જ આવે ! અને પ્રાતઃકાળમાં ઉઠતાં પણ એ જ વિચાર આવે કે આજે આ સુકાર્ય કરીશ, ગયા દિવસનું આ બાકી છે, તે જરૂર આજે પૂર્ણ કરીશ જ. આવી વિચારણાઓ સ્ફૂર્યા જ કરે તો સમજવું કે સુવિદ્યાનું સુફલ આપણને સાંપડયું છે.

( ix ) સ્વર્ગીય–સુખ પણ ઇક્ષુયષ્ટિને ચૂસીને ફગાવી દીધેલા કુચા જેવું તેઓને ભાસે છે કે, જેઓને અધ્યાત્મરસાયણથી આત્મિકસુખનો એક અંશ પણ અનુભવાયો છે. યોગનિધાન અને ત્યાગમૂર્તિ મહાત્માઓ તો ત્યાં સુધી કથે છે કે, આધ્યાત્માનંદીયોને જડ–સંસારિક, કાલ્પનિક, અને અચિર સંયોગજન્ય સુખો તો અશુચિ–પદાર્થના જેવા અપવિત્ર

અને અસ્પર્શ્ય જ લેખાય છે. અધ્યાત્મનંદી મહાપુરૂષોની સન્મુખ દેવાંગનાઓ અને ઉર્વશિયોની લીલાઓ માત્ર ગ્રથિલ–ચેષ્ટા સમાન નિષ્ફલ જાય છે. ધ્યાનની પ્રબલ અગ્નિ પાસે એ સઘળુંય હોમાઈને ખાખ થઈ જાય છે.

( x ) વિષય વિકારોની વિહ્‌વલતાઓ પ્રાણીઓને સુકાર્યની દિશા ભૂલાવે છે અને એવા ચકરાવામાં ચડાવે છે કે વ્યવહારિક કાર્યોથી પણ વંચિત રખાવે છે. તો પછી ઊંડા તત્વોના વિવેકને તો આવવા જ ક્યાંથી દે ? ઝેરીલા પ્રયોગો, પ્રાણીઓને એક જ વાર મારે છે પણ આ વિકારોની ઝેરીલી હવા અનેક ભવો સુધી સુખનો સંયોગ જ નથી મલવા દેતી. ઘણાં વલખાં અને આશાઓ બાંધતા પણ ક્લિઅર લાઈન નથી જ થતી.

# ભક્ત નન્દિષેણ.

## મુનિરાજશ્રી મનકવિજયજી મહારાજ.

સોહામણું નન્દિ નામનું ગામ હતું. જે મગધદેશમાં એક ભૂષણરૂપ હતું. એમાં એક ભૂદેવ હતો. જે વિદ્વાન્ હોવા સાથે આચારમાં નિષ્ઠાવન્ત હતો. તેનું નામ હતું **સોમિલ. સો**મિલા એની સહચારિણી હતી. પતિવ્રત એનો સિદ્ધાન્ત હતો. શીલ એનો પ્રાણ હતો. સોમિલાએ એક પુત્રને પ્રસવ્યો. એનું નામ સ્થાપ્યું નન્દિષેણ.

બિચારા કમનશીબ નન્દિષેણના અશુભોદયની અવધિ ન હતી. એના માતા–પિતા એ બિચારાને ઓશીયાળો મૂકીને જ પરલોકે સધાવી ગયા. અશુભોદયે ચોમેરથી દુઃખની ઝડીઓ જ વરસે. એક તો એ બિચારો નિરાધાર હતો. તેમાંય નખ–શિખ કદ્રૂપો હતો. બીજાને નજરે નિહાળવોય ન ગમે.

સગાં સ્નેહી તો ક્યાં સુધીના ? એ તો જગજાહેર જ છે. શરણુ-વિહોણા એ નન્દિષેણને કોઇએય આશરો આપ્યો નહિ. તુચ્છકારી હાંકી

કાઢ્યો. આપદાના સમયે કોણ કોનું હોય ? દુન્યવી ઘટના જ એવી છે કિંવા કુદરતની રીતરસમજ એવી છે કે, સ્નેહી–સંબંધીઓ સ્નેહ ત્યાં લગી જ દર્શાવે, જ્યાંલગી માનવ આપદાની ઘેરી વાદળીથી ઘેરાયો ન હોય. !

હરેક સ્થળે અવગણાતો અને અપમાનજનક દશામાંથી પસાર થતો નન્દિષેણ રોતો ને કકળતો મામાને ત્યાં ગયો. પોતાની લાયકાત મુજબ એને કામમાં નિયોજવામાં આવ્યો. ગાય–બળદ વગેરેને ઘાસ ચરાવવું. કચરો કાઢવો અને પાણી વગેરે લાવવું. ઇત્યાદિ કામોમાંથી એ બિચારાને ઘડીભર ફુરસદ નહિ મળતી. આમ છતાં પોતાના વિનયમાં એણે લેશ પણ ખામી આણી ન હતી.

એથી જ મામાનું હૃદય ભરાઇ આવ્યું. એના હૈયામાં લાગણીઓ પેદા થઇ આવી. એણે કીધું, ‘ ભાઈ ! તું સ્હેજે ગભરાઈશ નહિ. મારે સાત દીકરીઓ છે. એમાંથી એકને તારી સાથે પરણાવીશ. ’ દુઃખના કપરા સમયે આટલી બાંહેધરી કે દીલસોજી મળે તો કોને આનન્દ ન થાય ? કોના ઉત્સાહમાં અજબ વધારો ન થાય ? નન્દિષેણ પણ આ વચન સુણવા માત્રથી જ ઉત્સાહભેર કામ કરવા લાગી ગયો.

છતાં નન્દિષેણનું કમનસીબ એને આગળ ધપવા દેવામાં કે એની આશાને ફલીભૂત કરવામાં જબ્બર રૂકાવટ કરનારૂં હતું. કન્યાઓના કાને આ બાતમી પહોંચી, ત્યાં જ એમનું દીલ ખળભળી ઉઠયું. કોઇપણ ભોગે આવાની સાથે લગ્નગ્રન્થિથી જોડાવાથી અમારું જીવન બરબાદ ન જ થવું જોઇએ, આવો એવોએ નિરધાર કર્યો.

“ પિતાજી ! આપ જો મને નન્દિષેણને સોંપશો, તો મારે મર્યે જ છૂટકો. ” પહેલી સુતાએ પોતાનો નિર્ણય દર્શાવ્યો. બિચારા નન્દિષેણને માટે તો આ શબ્દો વજ્રઘાત સમાં હતા. એ તો મૂઢ જ બની ગયો. ઘણો જ ગમગીન બની ગયો. “ નાહક શા માટે ચિન્તાના જલતા આતશથી જલે છે ? બીજી પુત્રી આપીશ. શાન્ત થા. ” મામાએ ભાણીયાને આશ્વાસન આપ્યું. પણ એના આશ્વાસનથી કાંઈ વળે એમ

ન હતું. બીજીએ પણ પહેલીની જેમ જ જવાબ વાળ્યો. અને બાકી રહેલી દીકરીઓએ પણ એમ જ મુનાસીબ ધાર્યું અને અડગપણે પોતાનું દીલ પ્રકાશી દીધું.

નન્દિષેણનું માનસ તો નિરાશામાં જ પલોટાઇ ગયું. એનો શોક-સાગર માઝા વટાવી ગયો. સાંપડેલ નાશીપાશીએ એને અધમુવો કરી મૂકયો. નિરાશાના ભયંકર વંટોળથી ચગડોળે ચઢેલ એની આશાના નાવને કાંઇક થોભાવવા વળી મામાએ એને દીલાસો દીધો.

"વત્સ ! જરીક ઠંડો પડ. કોઈનીય કન્યા હું જરૂર તારા માટે આણીશ." આમ છતાં જ્યાં કોઈપણ કન્યા એને નિહાળે ત્યાં જ એને સ્વીકારવાની વાત તો છેટી રહી, બલ્કે મોઢું મરડી એને તરછોડવાની જ વાત કરતી. મનથી પણ એને વરવા નહિ ચાહતી. મામો થાકયો. સાથે જ નન્દિષેણ પણ થાકયો. નન્દિષેણના દીલમાં ખૂબ જ ગમગીની અને બેચેની વધી ગઈ. એ હતાશ થઈ ગયો. છેવટે એણે નિરધાર્યું. 'હું અહિં રોકાઈ શું કરીશ ? આવા તંગ વાતાવરણમાં રહેવા કરતાં તો મરણ એ જ બહેતર છે.'

દૃઢનિર્ણયી તે ત્યાંથી તૂર્ત જ નિસરી ગયો. લાંબી મંઝિલ કાપતો અને દુન્યવી રંગરાગો નિરખતો તે રત્નપુર નગરમાં પહોંચી ગયો. નગરીનો મનોરમ શોભાના નિરીક્ષણમાં એની ચપલ પણ ચક્ષુએ ચંચળતા ફગાવી દીધી હતી. એક સ્થળમાં એણે કોઈ યુગલને પ્રાપ્ત થયેલ ભોગસામગ્રીના રસને આસ્વાદતું નીરખ્યું. કામના આવેશમાં એ બિચારો મુંઝાઈ ગયો. પોતાની કમનશીબી પ્રત્યે એને ખૂબ જ અણગમો નીપજ્યો. એ ત્યાં ટકાવ કરવા હામ ભીડી શકયો નહિ. ત્યાંથી ચાલી નીકળ્યો.

કોઈ બિહામણું જંગલ હતું. ત્યાં એ સીધાવી ગયો. ચોતરફ એણે પોતાની દૃષ્ટિ લંબાવી. એક ડુંગર એની નજરે ચઢ્યો. "કમનસીબ જિંદગીનો કશો જ ખપ નથી." આવા નિરધાર સાથે એણે પડતું મૂકવાનું નિર્ણીત કર્યું. પણ કાંઇક એને કિસ્મત સાથે નીસ્બત થવાની હશે.

એથી જ એક મુનિવર,–જેઓ કાયોત્સર્ગમાં ધ્યાનદશામાં આરૂઢ હતા–તેઓના દૃષ્ટિપથમાં તે ચઢી ગયો. મુનિરાજનાં કોમલ માનસમાં તેના પ્રત્યે દયાભરી લાગણીઓ ભરાઇ આવી. એ ઉભરાયેલ દિલની અમીભરી લાગણીના ફળરૂપે જ મુનિરાજે એને વાર્યો અને અનઘધર્મલાભની આશિષથી એને ઇષ્ટિ સૂચવી સાન્તવન બક્ષ્યું.

ચોમેર ઘોર દુઃખથી ઘેરાયેલ કપરી પરિસ્થિતિમાં દીલનો દીલાસો દેનાર કોણ હોય? સિવાય, એક અમી દ્રવતા દયાના સાગર યોગી. આવી કટોકટીની ગંભીર પળે આફતમાંથી ઉગારવા દીલસોજીભરી લાગણી દર્શાવનાર મહાત્મા આગળ છુપાવવા જેવું શું હોય? એણે મુનિવરના ચરણારવિંદમાં સાદર ઝુકાવ્યું, વીતેલી આપવીતીઓ નિવેદી અને ઘોર દુઃખમાંથી ઉગારવા કાકલુદીભરી વિનવણી કરી.

મહાત્મા દયાસિન્ધુ હોવા સાથે જ્ઞાની હતા. પોતાની જ્ઞાનશક્તિથી એમણે નિર્ણય કર્યો અને કોમળ વેણોથી સંબોધ્યું. " ભાઈ! કદૂપા-પણાથી તું કંટાળો ન આણ. અને મૃત્યુની કાંટાળી શય્યામાં પોઢવા દૃઢ-નિશ્ચયી ન બન! આ બધુંય પૂર્વકૃત દુષ્કકર્મનું જ પરિણામ છે.'

**कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ।**
**अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥**

" ભાગ્યવંત! પુરાણ દુષ્કર્મના નાશ વિના જીવની આશાને સફળતા ક્યાંથી સાંપડે? કારણ **विना धर्मं कुतः सुखम्?** ધર્મ પણ તે જ કર્મનો છેદનહાર છે અને આપદાથી રાખણહાર છે. જે શુદ્ધ અહિંસા, સંયમ અને તપમય છે, તથા વીતરાગ સર્વજ્ઞ ભગવંતે જેને પ્રરૂપેલ છે. એથીજ જો દુઃખથી ઉગરવાની અને સુખને મેળવવાની સાચીજ ભાવના હોય તો શુદ્ધ ધર્મનું પાલન કર!'

એ બિચારો દુઃખથી ઉભગી તો ગયો જ હતો. પણ દુઃખની બલાના કાસળને કાઢવાનો સાચો ઉપાય જાણતો ન હતો. એ સાચો રાહ દર્શાવનાર મહોપકારી સાંપડી ગયા. એને વૈરાગ સાચી રીતે પ્રગટી ગયો.

અને ઉત્સાંહભેર માનસિક વાતાવરણની વચ્ચે એણે ગુરુમહારાજની શરણાગતિ સ્વીકારી. ભાગવતી પ્રવજ્યા સ્વીકારી.

ભાવપૂર્વક ગુરૂમહારાજની તેનાહતમાં એ ખડેપગે હાજર રહ્યા. વિનય અને સેવા ગુણથી ગુરુમહારાજાના દીલને જીતી લીધું. ધર્મશાસ્ત્રનો અભ્યાસ આરંભી દીધો, તથા ગીતાર્થ બની ગયા. મુનિવરનો સમાગમ સાચે જ એક ચઢીયાતા ભાગ્યનું સૂચક નિશાન છે. નન્દિષેણ એક નિરાધાર અને ઓશીયાળા મટી હવે જગદ્વન્દ્ય બની ગયા.

એક દિવસ એઓએ અભિગ્રહ લીધો. "કોઈપણ સાધુ ગ્લાન હોય. ભલે પછી તે લઘુ કે વૃદ્ધ હોય તેની મારે માવજત–સરભરા કર્યા બાદ આહાર લેવો." અભ્યાસ કરી જ્ઞાનનો યોગ સાંપડે ત્યાંસુધી તો વિનય–વૈયાવચ્ચ સંભવે છે, કિન્તુ ગીતાર્થ થયા બાદ પણ લોકોનો ઝુકાવ અને અનુપમ મરતબો મળે તે છતાં એક લઘુ બાલની જેમ વૈયાવચ્ચ કરવાની ભાવના જન્મે અને અભિગ્રહ કે ભીષ્મ–પ્રતિજ્ઞા લેવાની તાલાવેલી થાય, તથા તેનો અમલ પણ કરાય, એ સ્હેલું નથી.

પોતાની ભીષ્મ–પ્રતિજ્ઞાના નિર્વાહમાં તેઓ અણનમ હતા. જે સિંહ-વૃત્તિ દાખવી પ્રતિજ્ઞા સ્વીકારી હતી, તેવી જ અડીખમ હિમ્મત ધરાવી એના પાલનાર્થે ય તેઓ તૈયાર હતા. સ્હેજ પણ સંકોચાયા વિના તેઓ સાધુ મહાત્માની સેવાશુશ્રુષામાં હાજર રહેતા.

એઓની આવી ઉત્કટ ભાવવાહિ ઉપાસનાને જ્ઞાનદ્વારા અવલોકી, ઈન્દ્ર મહારાજા પણ ખૂબ જ આનન્દિત બની ગયા. સભાને ઉદ્દેશી તેઓ વદ્યા–" સેવાના વિષયમાં જે અડગતા નન્દિષેણની છે, તેવી કોઈની ય નિશ્ચળતા નથી. એમની ભીષ્મ–પ્રતિજ્ઞામાંથી ચલાયમાન કરવા દેવો પણ સશકત નથી."

સારી પણ વસ્તુ હરેકને ગમી જાય, એવું ન બને. પાણીમાં તો પોરા હોઈ શકે. પણ કેટલાક એવા પણ હિમ્મતબાજ હોય છે કે–જેઓ દૂધમાંથી ય પોરા કાઢવા મથે. ઈર્ષ્યાખોરો કોઈની ય સાચી પણ તારીફ સાંખી શકે નહિ. બલ્કે જળતા રહે.

કોઇક દેવને ઇન્દ્રની આ સાચી પણ પ્રશંસા અણગમતી બની ગઈ. એને એ બધું ય હંબક–તૂત જેવું લાગ્યું. એ તૂર્ત જ ઉઠયો અને રત્નપુર નગરની નજદિક આવ્યો. તેણે બે રૂપ બનાવ્યાં.

એક રૂપે તો માંદગીની શય્યામાં પોઢેલ સાધુ થયો, જેને અતિસાર રોગ કરવામાં આવ્યો હતો. બીજો સાધુનું રૂપ લઇ, વેષ લઈ ઉપાશ્રયે આવ્યો. જ્યાં શ્રી નન્દિષેણ નિર્દોષ આહાર વ્હોરી લાવી, પચ્ચક્ખાણ પાળી, આહાર કરવાની તૈયારીમાં હતા.

" નન્દિષેણ ! તમારે ગ્લાન–સાધુની વૈયાવચ્ચ માટે પ્રતિજ્ઞા છે યા નહિ ! જોઇતી તપાસ કર્યા વિના કેમ આહારને ઇન્સાફ આપવા બેસી ગયા છો !- તપાસ કરો. " વેષધારી સાધુએ તુંડમિજાજથી મહાત્મા નન્દિષેણને ફરમાવી દીધું.

" ગ્લાન મહાત્મા કયાં છે ? " નમ્રતાપૂર્વક મહાત્માએ જિજ્ઞાસા દાખવી.

" નગરની બહાર છે. " સ્હામેથી ઉત્તર સાંપડ્યો.

"જો સાચી સેવા કરવી હોય, તો શુદ્ધ–ઠીક ઠીક પ્રમાણમાં–પાણી લઈ લ્યો. એ ખૂબ જ તૃષાતુર બની ગયા છે. " બીજા સાધુએ વધારામાં ઉમેર્યું.

મહાત્મા નન્દિષેણ જેને થોભવાની જરૂર હતી જ નહિ, તેઓની નૈસર્ગિક–પ્રવૃતિ અનુસાર તેઓ લગાર પણ થોભાય કે પારણું કરવાની રાહ જુએ, એ બનવું જ અસંભવિત હતું. કેવી અજોડ ધીરતા અને કેવું અજબ પ્રતિજ્ઞા પાલન ? તેઓ ઉઠયા અને નિર્દોષ–જલ આણવા ભાજન લઇ ચાલી નીકળ્યા. એક શ્રદ્ધાળુ–શ્રાદ્ધને ત્યાં પધાર્યા.

દેવને તો ચકાસણી જ કરવી છે. માત્ર એમનું પારખું જ કરવું છે. અથવા તો યેનકેન એમને પ્રતિજ્ઞામાંથી ડગમગ જ કરવા છે.

એટલે જ એણે તો જ્યાં સાધુ મહાત્મા પધારે, ત્યાં ત્યાં જલ–અશુદ્ધ કરવાનું પસંદ કર્યું. મહાત્માને પડિલાભવા સહુ પડાપડી કરે, છતાં મુનિવર ન જ વ્હોરે. એક બાજુ નિર્દોષ જળનો યોગ સાંપડે નહિ.

છતાં બીજી બાજુ મહાત્માની એટલી જ ખામોશ, મુદ્દલે ઉચ્ચાટ નહિ,

બીલકુલ વસવસો નહિ, એ જ ગંભીરતા, એ જ સહિષ્ણુતા. લેશમાત્ર ગ્લાનિ પામ્યા વિના ઘણા ઘેર વિહર્યા. એક વાર મુનિવરને તક સાંપડી ગઈ. દેવતાઇ પણ શક્તિ તપોનિષ્ઠ જ્યોતિર્ધરના અખૂટ અને અમાપ સામર્થ્ય આગળ કારગત નીવડી શકતી નથી. મહાત્માએ માહાત્મ્યથી સુરને શક્તિ પરાસ્ત કરી અને શુદ્ધ જળ મેળવી લીધું અને એ સાધુ સાથે પ્રયાણ આરંભી દીધું. બહારના ઉદ્યાનમાં ગ્લાન સાધુની નજદિકમાં તેઓ પહોંચી ગયા.

" અહો ! મારા સદ્દભાગ્ય. આ મહાત્માની અનુપમ સેવાથી નિ:શંક હું કૃતકૃત્ય બનીશ. ખચિત ! મારો નિસ્તાર થઇ જશે. " મહાત્માએ મન સાથે એકરાર કર્યો અને એમના શરીરને સાફ કરવા પ્રયત્ન આરંભી દીધો. જેમ જેમ એ મહાત્મા એમના દુર્ગન્ધથી ખદબદતા શરીરને સાફસુફ કરે છે, તેમ તેમ એ સવિશેષ ખરાબ ગન્ધમય અતિસાર મૂકે છે. " આવા ભાગ્યવંત પણ મહાત્મા કેમ આવા કાતિલ રોગના ભોગ બની ગયા હશે ? " મહાત્મા વિચાર વમળમાં ચઢી ગયા. " લાવ ! હું એમને પૌષધાલયમાં લઈ જઉં " દીર્ઘદૃષ્ટિ નિયોજતાં જ નન્દિષેણને એમ જ ઠીક લાગ્યું અને સ્કંધ પર બેસાડી પંથ કાપવા માંડ્યો.

તે દેવ, સ્થાને સ્થાને ખરાબ ગંધમય પદાર્થો મુનિરાજના પુણ્ય શરીર પર સ્ત્રવે જતો, કાતિલ વાણીમાં તુચ્છકારે જતો અને કોઇ પણ ભોગે મુનિવર્યને પરહેજ કરવા મથે જતો.

આમ છતાં નન્દિષેણ તો સ્વભાવમાં જ તલ્લાલીન હતા. ભક્તિરસમાં જ તરબોળ હતા. પોતાનું શરીર વિષ્ઠામય થવા છતાં, એ બાબતમાં એઓ બેપરવા હતા. એમને તો માત્ર એક જ ચિન્તા હતી. અને તે એક જ કે ' ક્યારે હું અપૂર્વ સેવાદ્વારા આ મુનિવરના રોગને નાબૂદ કરૂં હું બનતી ત્વરાએ મકાને પહોંચી જાઉં ? "

રોગિની શાન્ત્યર્થે મુનિવરે આ પ્રકારે વિચાર્યું અને સત્વર મંઝિલ કાપવા પ્રારંભ્યું.

"આમ દોડવું જ હતું તો મને ઉપાડ્યો શા માટે? આથી તો મારા પ્રાણો જ ચાલ્યા જશે? જો તારો આવો જ અભિગ્રહ હોય, તો તને મુબારકબાદી! સેંકડો અભિનન્દન!" સ્હેજ ઉપહાસ અને કર્કશતા-ગર્ભિત વાણીમાં રોગિષ્ઠ તરફથી જવાબ મળ્યો.

નન્દિષેણે તો ક્ષમા યાચી લીધી. અને ધીમી ગતિએ આગે કદમી કરી. કેટલી અજબ ક્ષમા! કેટલો અજોડ ભક્તિગુણ! આટલું તિરસ્કાર અને તરછોડાઈભિર્યું હલકટ વલણ હોવા છતાં લેશમાત્ર રોષ નહિ કે આંચકો નહિ:

આવી રીતે ધીમેધીમે ચાલવામાં માર્ગમાં જ મારું મરણ થઈ જશે તો આરાધના વેગળી જશે અને મારે તો દુર્ગતિમાં જ ચાલ્યા જવું પડશે." પેલાએ પાછો ટોણો માર્યો.

ચ્હાય તેમ બોલે પણ મુનિવરને તો એની કશી જ અસર નથી. એતો ભક્તિરસમાંજ લીન છે. શાળામાં એમને લઈ ગયા. અને વિચાર-સાગરમાં ડૂબી ગયા કે 'હું કેવી રીતે રોગ નાબૂદ કરું? જો હું આટલું ય ન કરી શકું, તો હું ધિક્કારને પાત્ર છું.'

દેવતા તો એમની અડોલતા જ નિહાળ્યા કરતો. પ્રતિજ્ઞાપાલનમાં અડગતા જ્યાં ભાળી ત્યાં જ દૈવી માયા સંહરી લીધી. ખુશ્બોદાર પુષ્પોની વૃષ્ટિ કરી અને તારીફ કરતાં જણાવ્યું.

'મુનિરાજ! જેવા ઇન્દ્રે પ્રશંસ્યા, તેવા જ આપ છો. આપ ક્ષમા કરજો. આપને જે તકલીફ દીધી છે તે માફ કરજો!' અન્તે મુનિરાજને ચરણે શિર ઝુકાવ્યું અને દેવે વિદાયગીરી લઈ લીધી.

એ મહાત્માએ બાર હજાર વર્ષ પર્યન્ત ઘોર તપશ્ચર્યા આદરી.

એક સમય એઓએ અનશન સ્વીકાર્યું. આવા મુનિરાજનાં દર્શન–વન્દનનો લાભ લેવા કોણ ન તલસે? ચક્રવર્તી અન્તપુર સહિત એમના વન્દનાર્થે આવ્યા. અગ્રમહિષીના સુકુમારકેશનો મુનિવરના અંગને સ્પર્શ થઇ ગયો.

ત્યાંજ છુપાઇ ગયેલો શત્રુ, અવસર લાધ્યો એટલે સતેજ થઇ ગયો.

એણે એકદમ જોરદાર હલ્લો શરૂ કરી દીધો. સાવધાન પણ મુનિરાજને ગાફલ બનાવી દીધા અને પટકી દીધા.

મુનિરાજે નિર્ણય કર્યો હું સ્ત્રીઓને પ્રિય બનું. અરે! તપના ફળ તરીકે પણ એમણે એમજ ચાહના કરી ' આ તપના પ્રભાવે હું નારી-પ્રિય બનું.' ઉન્નતિના ઊચ્ચ શિખર પર આરોહેલ મહાત્માઓ પણ કામદેવના કાતિલ બાણોના પ્રહારોથી કેવા પટકાઇ જાય છે, એનું આ પ્રતીક છે. એઓ મહાશુક્ર દેવલોકમાં દેવ થયા. બાદ વસુદેવ તરીકે થયા. બહોંતેર હજાર કન્યાઓ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. અન્તે આરાધના કરી, સદ્‌ગતિને સાધી ગયા.

## શ્રી લક્ષ્મણી: પ્રાચીન તીર્થધામ.

### શ્રી. જયંતિ શાહ તારંગા.

હિંદભરમાં ખૂણે ખૂણે જૈનોના અનેક તીર્થસ્થાનો છે. આ તીર્થ-સ્થાનોની અભ્યાસપૂર્ણ માહિતી આપણને સાંપડી નથી. ધરતીએ અનેક જૈન મંદિરો અને પ્રતિમાઓને બહાર લાવી આપ્યા છે અને જૈન સંસ્કૃતિનું મૂલ્યાંકન વધાર્યું છે. ધરતીમાંથી પ્રગટ થયેલી સમૃદ્ધ વસ્તુઓ ભારતની પ્રાચીન સભ્યતા અને સંસ્કારનો ખ્યાલ આપે છે. ધરતીમાંથી આમ અનેક અપ્રસિદ્ધ નગરો, ખેડાણ પામી નવા સંસ્કારને પામ્યા છે. ગુજરાતના પ્રસિદ્ધ તીર્થસ્થાનો સેરીસા, ભોયણી, પાનસર આમ જ આપણને નવી દૃષ્ટિ આપતા ગયા છે.

લગભગ પંદર વર્ષ પહેલાં અલીપુર રાજ્યમાં શ્રી લક્ષ્મણી નાનું ગામ હતું. આજે લક્ષ્મણીના રંગ-ઢંગ બદલાયા છે. અહીં ત્રિશિખરી જિન-પ્રાસાદ છે. આ પ્રાસાદે લક્ષ્મણી તીર્થને ખૂબ જ પ્રસિદ્ધિ આપી છે. લક્ષ્મણી તીર્થ ભારતવર્ષનું પુરાણું તીર્થધામ છે. લક્ષ્મણજી વનવાસ સમયે અહીં આવ્યા હતા અને આ તીર્થધામ પુનીત બન્યું. આ હકી-કતને ઐતિહાસિક સમર્થન મળતું નથી, પરંતુ આ સમૃદ્ધ નગરને ધર્માન્ધ

મુસ્લીમ પ્રજાએ ભસ્મીભૂત કરી નાખ્યું હતું. કારણ કે મુસલમાની શાસનકાળ દરમ્યાન અનેક પ્રાચીન શિલ્પસમૃદ્ધિનો વિનાશ થયો હતો.

બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વેના દાહોદ સ્ટેશનથી લક્ષ્મણી ૪૯ માઇલ દૂર ઇશાન ખૂણામાં આવેલું છે. અલીરાજપુરથી પાંચ માઇલ ઇશાન ખુણામાં આવેલું છે. દાહોદથી અલીરાજપુર સુધી પાકી સડક છે. રોજ–બરોજ મોટરના બ્યુગલો ચાલી રહ્યાં હોય છે. રાજ્ય તરફથી લક્ષ્મણી સુધી હવે તો પાકો રસ્તો પણ બની ગયો છે.

પંદર વર્ષ પહેલાં લક્ષ્મણી એક નાનકડું ગામડું હતું. ભીલોના ૨૦–૨૫ મકાનો હતા. અને આ ભીલો ખેતી કરીને જીવન ગુજારતા હતા. અને મહેનત મજૂરી કરતા હતા. તે સમયે આ ગામની પ્રસિદ્ધિ હતી જ નહી. અરે ભાગ્યે જ લોકો આ ગામને વિશ્રામસ્થાન ગણતા.

બાલુ ભીલ નામક એક ભીલ કાર્તિક વદ અમાવાસ્યા શનિવાર તા. ૨૯–૧૦–૩૨ ના દિવસે ખેતરમાં ખેડ કરી રહ્યો હતો. હળ હાંકતો હતો. અચાનક હળ અટક્યું. બાલુ ગભરાઇ ગયો. ગભરાતા ગભરાતા એણે જમીનનો ખાડો ખોદાવ્યો તો તેમાંથી ૧૧ જિન–પ્રતિમાઓ બહાર આવી. બાલુને આ પ્રતિમાનો કશો ખ્યાલ ન હોવાથી તેણે બધા ભીલોને ભેગા કર્યા. અને અલીરાજપુર રાજ્યને સંદેશા પાઠવ્યા. રાજા–પ્રજા–મંત્રી અને જૈન આગેવાનો લક્ષ્મણી તીર્થમાં આવ્યા. આ પ્રાચીન જિન–મૂર્તિઓનાં દર્શન પૂજન કરી સર્વેને આનંદ થયો. કેટલાક દિવસ પછી આ જગ્યાથી થોડે દૂર પણ બે પ્રતિમાઓ પ્રાપ્ત થઇ હતી. આ મૂર્તિઓ પ્રાપ્ત થયા પહેલા એક મૂર્તિ તો પહેલાં મળી આવી હતી. જેને ભીલો તો તેલ–સીંદૂર ચડાવી પૂજા કરતા. આ ચૌદ પ્રતિમાઓ જૈન શ્વેતાંબર સંઘે રાજ્યની કૃપાથી હસ્તગત કરી. પ્રતિમાઓના નામ તથા ઊંચાઈ નીચે પ્રમાણે છે.

| | ઊંચાઇ | | |
|---|---|---|---|
| ૧ શ્રી. પદ્મપ્રભસ્વામીજી | ૩૭" | ૮ શ્રી ઋષભદેવજી | ૧૩" |
| ૨ શ્રી. આદિનાથજી | ૨૭" | ૯ શ્રી. સંભવનાથજી | ૧૦॥" |
| ૩ શ્રી. મહાવીરસ્વામીજી | ૨૨" | ૧૦ શ્રી. ચન્દ્રપ્રભસ્વામીજી | ૧૩॥" |

| | | | |
|---|---|---|---|
| ૪ શ્રી. મલ્લિનાથજી | ૨૬" | ૧૧ શ્રી. અનંતનાથજી | ૧૩॥" |
| ૫ શ્રી. નેમીનાથજી | ૨૬" | ૧૨ શ્રી. ચૌમુખજી | ૧૫" |
| ૬ શ્રી. ઋષભદેવજી | ૧૩" | ૧૩ શ્રી. અભિનન્દનજી (ખં) | |
| ૭ શ્રી. અજિતનાથજી | ૨૭" | ૧૪ શ્રી. મહાવીરસ્વામીજી (ખં) | |

છેલ્લા બે મૂર્તિઓ ખંડિત છે. બાકીની મૂર્તિઓ અખંડિત છે. વળી વિશેષ પ્રશંસનીય છે. પહેલી, ચોથી અને પાંચમી પ્રતિમા પર વિક્રમ સંવત ૧૦૯૩ નો શિલાલેખ છે. બાકીની બધી મૂર્તિઓ વિક્રમ સં. ૧૩૧૦ મહા સુદી ૫ સોમવારની પ્રતિષ્ઠિત થયેલી છે. આ પ્રતિમાઓમાં એક પ્રતિમા ભગવાન શ્રી મહાવીરસ્વામીની છે. આ પ્રતિમા મહારાજા સંપ્રતિએ નિર્માણ કરાવી હોય એમ તેમના લક્ષણ પરથી જણાય છે. બીજી ત્રણ પ્રતિમાઓ ભગવાન શ્રી આદિનાથની છે. આ પ્રતિમાઓ પર નિમ્નલિખિત લેખ છે.

संवत् १३१० वर्षे माघ सुदी ५ सोम दिने प्राग्वाट ज्ञातिय मंत्री गोसल तस्य चि. मंत्री गंगदेव तस्य पत्नि गांगदेवी, तस्याः पुत्र मंत्रीपदम्, तस्य भार्या गोमतिदेवी तस्य पुत्र मं. समाजीना प्रतिष्ठितं ।

આ પ્રતિમાઓ ઉપરાંત અહીં તોરણ, પરીકર, પબાસન, કાયોત્સર્ગસ્થ અને પદ્માસનસ્થ પ્રતિમાઓ વિ. મળી આવ્યા છે. તેના પર ૧૦૯૩ થી ૧૫૩૮ સુધીના વિક્રમ સંવતના લેખો મળી આવે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ પરીકર, તોરણો વિ. પ્રાચીન અવશેષો છે.

પ્રતિમા પ્રગટ થયા પછી અલીરાજપુરનો જૈન સંઘ, લક્ષ્મણી તીર્થથી આશ્ચર્ય પામ્યો. અને રખડી રખડીને જ્યાં જ્યાં માટીના મોટા થર જામી ગયા હતા તે સ્થળોનું ખોદકામ શરૂ કર્યું. સાત–આઠ માટીના ભેખડો ખોદાવ્યા તો તેમાંથી સાત જિનમંદિરોના પાંચ થર સહીતના પાયા નીકળ્યા. આ પ્રસિદ્ધ વસ્તુનું સુશોભન બેનમૂન છે. ઇતિહાસના સંશોધકોનો એવો મત છે કે, અહીં પુષ્કળ સંખ્યામાં જિનમંદિરો અસ્તિત્વ ધરાવતા હતા. આજે ગણત્રી કરવા બેસીએ તો લગભગ ૩૨ જિનમંદિરોના ખંડેર–અવશેષો માલમ પડે છે. સ્થળે સ્થળે માટીના થર જામી પડ્યા છે. એમાંથી નવું સંશોધન હાથ કરી શકાય તેમ છે.

લક્ષ્મણીથી બે માઇલ દૂર એક સામાન્ય ઊંચી ટેકરી પર આવેલ જિનમંદિરોના ખંડેરો પણ આજે વિદ્યમાન છે. એમાંથી પદ્માસનસ્થ અને કાયોત્સર્ગસ્થ નાની મોટી અનેક જિનમૂર્તિઓ દૂર કરવામાં આવી છે. લક્ષ્મણીની બે માઇલ દૂર સ્થંભ, પબાસન, તોરણ અને ખંડીત જિન-મૂર્તિઓ વેરવિખેર થઇને પડી છે. આ બધાનો સંગ્રહ કરવામાં આવે તો સુંદર પ્રદર્શન બની શકે. જો આપણી પાસે પુરાતત્વ સંશોધન ખાતું હોત તો આપણે તેનું પ્રદર્શન કર્યું હોત.

આ બધી પ્રતિમાઓ તથા પ્રાચીન અવશેષો–ખંડેરો જોયા પછી તો એટલું નક્કી કરી શકીએ કે અહીં ભારતનું પ્રાચીન જૈન તીર્થ અને સમૃદ્ધ નગર હતું. ભારતમાંથી અસંખ્ય પ્રવાસીઓ યાત્રા નિમિત્તે અહીં આવતા હશે.

'સુકૃતસાગર' ના રચયિતા શ્રી રત્નમંડન ગણી નામક એક જૈન શ્રમણ, આ ગ્રંથના આઠમા તરંગમાં લખે છે કે, વિક્રમ સંવત ૧૩૪૦ મહા સુદી ૫ ના દિવસે તપાગચ્છાધિપતિ જૈનાચાર્ય શ્રી ધર્મઘોષસૂરીશ્વરજીના ઉપદેશથી પરમાર્હત્ પેથડ મંત્રીના પુત્ર મંત્રી શ્રી ઝાંઝણકુમારે પવિત્ર તીર્થ શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો. આ સંઘમાં ૨૧ આચાર્ય પરિવાર સહિત હતા. ૧૨ જિનમંદિરો, દોઢ લાખ યાત્રિકો, ૧૨ સંઘપતિ, ૧ નૃત્યકારનું જુથ, ૧૨ હજાર ગાડા, ૫૦ હજાર પોઠી, ૧૨૦૦ ખચ્ચર, ૧૨૦૦ ઉંટ, ૨ હજાર ઘોડેસ્વાર, ૧ હજાર સુભટ, હજારો અને સેંકડો તંબુઓ, સુખાસન, મશાલચી, નોકર ચાકર પણ હતા. આ આદર્શ સંઘ માંડવથી સિદ્ધાચલ અને ગિરનારની યાત્રા કરીને વણથલી, પ્રભાસપાટણ. કર્ણાવતી, ખંભાત, ગોધરા અને બીજા નાના મોટા ગામોના મંદિરોની યાત્રા કરીને આનંદ સાથે લક્ષ્મણપુર આવ્યો. અહીં સંઘનો પ્રવેશોત્સવ થયો. અને લક્ષ્મણ-પુરની યાત્રા કરીને સંઘ માંડવગઢ ગયો.

ततो गोध्रादिमध्येन, स लक्ष्मणपुरं गतः ।<br>
प्रवेशस्य महः शस्यस्तत्रासीदतिरंगतः ॥ ॥ २१८ ॥

—सुकृतसागर

શ્રી સુકૃતસાગરની નવી સંશોધન કરેલી આવૃતિ પંન્યાસજીશ્રી મંગલવિજયજી તથા સંશોધક અનુપમરામ શાસ્ત્રીએ પ્રસિદ્ધ કરી છે. આવૃત્તિમાં 'લક્ષણપુર' લખવામાં આવ્યું છે. જૂની પ્રતો તપાસતા 'લક્ષ્મણપુર' ગામ બરોબર છે.

પૂ૦ શ્રી રત્નમંડન ગણિના લખવા મુજબ લક્ષ્મણી તીર્થ ખૂબ જ પ્રેક્ષણીય સ્થાન હશે. ત્યાં હજારો બલ્કે લાખો મનુષ્યો વસતા હશે. જૈનોની ત્યાં સમૃદ્ધિ હશે. પ્રાચીન યુગમાં ગુજરાત કાઠિયાવાડનો રસ્તો પણ લક્ષ્મણીથી સગવડતાવાળો હશે, કારણ કે ઝાંઝણનો સંઘ માંડવગઢથી સિદ્ધાચલ આજ રસ્તેથી ગયો હતો.

ધરતીયે ઉપસાવેલી જૈન પ્રતિમાઓ માટે મંદિર બનાવવા માટે અલીરાજપુરનરેશે શ્વેતાંબર જૈન સંઘને પૂર્વ પશ્ચિમ ૫૧૧ અને ઉત્તર દક્ષિણ ૬૧૧ ફીટ લાંબી પહોળી જમીન અર્પણ કરેલી છે.

આ જમીનમાં ધર્મશાલા, ઉપાશ્રય, બે કુવા અને વિશાળ બગીચો આવેલો છે. અને અહીં ત્રિશિખરિ પ્રાસાદનો જીર્ણોદ્ધાર થયો છે. ભૂગર્ભમાંથી નીકળેલી આ પ્રતિમાઓ પ્રથમ લક્ષ્મણીના એક પતરાની ઓરડીમાં પદ્મપ્રભસ્વામી અને આસપાસ આદિનાથ ભગવાનની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી હતી. બીજી પ્રતિમાઓ આદિનાથના મંદિરમાં રાખવામાં આવી હતી. અલીરાજપુરનું એ સુરમ્ય મંદિર છે.

યાત્રિકો માટે અહીં વિશાળ ધર્મશાળા છે. દાહોદથી અલીરાજપુર મોટર સર્વીસ ચાલુ છે. અલીરાજપુરથી લક્ષ્મણી સુધી ગાડા ચાલે છે. લક્ષ્મણીમાં મોદીખાનું, વાસણ, ગાદલા વિ. નો યોગ્ય પ્રબંધ છે.

સૌથી વધુ શ્રેષ્ઠ તો છે લક્ષ્મણીનું પ્રાકૃતિક સૌન્દર્ય. અહીંના પ્રાચીન સ્મૃતિચિહ્નો જૈનોની પ્રાચીન સંસ્કૃતિની ભવ્ય ગાથા ગાય છે. અહીંનું પાણી ખૂબ જ સરસ છે. હવા સ્વાસ્થ્યવર્ધક છે. એક વાર આ સ્થાનની અવશ્ય ભેટ લેવી જોઇએ અને પુરાણા તીર્થની યાત્રા કરી જીવનને સફળ બનાવવું જોઈએ.

# દૂર પૂર્વના દ્વીપોમાં જૈન સંસ્કૃતિ

## શ્રી પન્નાલાલ જ. મસાલીઆ રાધનપુર

**જા**વા, સુમાત્રા, બાલી, બોર્નીઓ અને ફીલીપાઇનના નાના મોટા દ્વીપો દૂર પ્રશાંત મહાસાગરમાં આવેલા છે. ભારતવર્ષના કિનારાથી તે સેંકડો માઇલ દૂર છે. **જા**વા આપણા ગુજરાત જેવડો, **સુ**માત્રા મુંબઈ ઇલાકા જેવડો અને **ફી**લીપાઇન એક લાખ ચોરસ માઇલ કરતાં ય વધારે મોટો ટાપુ છે. **ફી**લીપાઇન એ નાના મોટા હજારો ટાપુઓનો સમૂહ છે. એમાં લુઝોન, મિંડાના અને સુળુ એ મુખ્ય છે. આ બેટ અમેરિકાએ સ્પેન પાસેથી હસ્તગત કર્યો તે પહેલાં એનાં ઉપર મુસ્લીમ શાસકો અધિકાર ચલાવતા.

આપણો આર્યદેશ હજારો વર્ષ સુધી વ્યાપાર, હુન્નર ઉદ્યોગ અને કળામાં પ્રધાન હતો. એનો વ્યાપાર ફીનીશીઅન, એસીરીઅન અને આરબો કે ઇજીપ્શીઅનો દ્વારા એમની સાથે પોતાના જુંગ વહાણો મારફત ઘણી જ સરસ રીતે ચાલતાં. ભારતમાતા પોતાના પ્રાણપ્યારા વણિક પુત્રોને દરીઆઇ સફરે મોકલતી અને સમુદ્રમાંથી અઢળક લક્ષ્મી, હીરા, મોતી, સુવર્ણ અને પરવાળા પોતાને આંગણે ખેંચી લાવતી.

જૈન કથાઓમાં દરીઆઇ સફરના સંખ્યાબંધ વર્ણનો મળી આવે છે. **શ્રી**પાળકુમારના રાસમાં સમુદ્રપ્રવાસના વર્ણનો આવે છે. વણિક વ્યાપારીઓ ઘણા કુશળ હતા. તેઓ સમુદ્રની મુસાફરી કરતા અને જ્યાં જતા ત્યાં પોતાની સંસ્કૃતિ સાથે લેતા જતા, ફેલાવતા અને વિસ્તારતા.

**જા**વામાં બોરો બંદરનાં મંદિર જેવાં આર્યપ્રજાના સેંકડો મંદિરો આજે પણ વિદ્યમાન છે. તેમાં કેટલાક જૈનોનાં પણ હોવા વિષે સંભવ રહે છે. બાલીદ્વીપમાં તો આજેય સંખ્યાબંધ લોકો હિંદુધર્મ પાળે છે. બોર્નીઓના તો એક આખા વિભાગનું નામ જ " શ્રાવક " છે. સિંહલ-દ્વીપના એક ઊંચા પર્વત ઉપર બે સુંદર પગલાં છે. એને ત્યાંના લોકો " આદમ " નાં પગલાં તરીકે જાણે છે. મુસ્લીમો તો મૂર્તિપૂજામાં માનતા

નથી, કદાચ ભગવાન શ્રી આદિનાથની જ એ પાદૂકા હોવા વિષે વધારે સંભવ રહે છે. અમેરિકાના એક પહાડ ઉપર પણ પદ્માવતીદેવીની નાગ સાથેની સુંદર કોતરાએલી મૂર્તિ મળી આવી છે.

સિંગાપુરનું અસલ નામ સિંહપુર હતું અને તે એક હિંદુ રાજાનું વસાવેલું મનાય છે.

પેસીફીકની આખીએ પ્રજા એકંદરે શ્યામવર્ણની છે, પણ ફીજી અને હવાઇ આદિ ટાપુઓ કે જે પેસીફીકમાં જ આવેલા છે અને જે દ્વીપ-સમૂહ પોલીનીશીઆના નામે ઓળખાય છે ત્યાંની પ્રજા તો સંપૂર્ણ ગૌરવર્ણની અને સુંદર છે. વિદ્વાનોને પણ આ પ્રશ્ન મૂંઝવે છે કે પ્રશાંતની એ શ્યામસુંદર પ્રજામાં આ ઉજળી પ્રજા આવી કયાંથી?

આ પોલીનીશીઅન લોકો શુદ્ધ આર્ય જાતિના હોય તેમ મનાય છે. એમની કેટલીક માન્યતાઓ આર્ય ધર્મની સાથે ઘણીય રીતે મળતી આવે છે. અહીં મોટા મોટા કદની પ્રચંડકાય મૂર્તિઓ પણ મળી આવે છે. પુરાતત્ત્વવિદો ધારે છે કે એ ચોક્કસ ભારતદેશની જ નીપજ હશે.

શ્રી શ્રીપાળ ચરિત્રમાં પણ રત્નદ્વીપ આદિ દ્વીપોમાં જૈન મંદિરો હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. વીસમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીના સમયમાં પણ સિંહલદ્વીપ વગેરેમાં જૈન રાજાઓ હોવાનો સ્પષ્ટ પુરાવો મળે છે.

જૈન રામાયણ પણ લંકા, પાતાળલંકા, સિંહલ, બર્બરકુલ, રાક્ષસ, વાનર અને હંસદ્વીપોના નામથી ભરેલી છે. એક વખત અહીં જૈનધર્મનું સંપૂર્ણ આધિપત્ય હતું, એની બોલબાલા હતી, જૈનધર્મનાં ગગનચુંબી દેવમંદિરોથી એની ભૂમિ રળીઆમણી હતી.

જૈનશાસ્ત્રોમાં રાક્ષસદ્વીપની વાયવ્યમાં ત્રણ સો યોજન પ્રમાણ વાનર-દ્વીપનું વર્ણન આવે છે. એમાં મોટા શરીરવાળા વાનર થાય છે એવો ઉલ્લેખ છે. આજે પણ પ્રશાંત મહાસાગરના એ બેટો બોર્નીઓ વગેરેમાં ઉરાંગ અને ઉટાંગ નામના મોટા કદાવર અને પ્રચંડકાય વાનર જોવા મળે છે.

સિંહલદ્વીપમાં આજે ય નવ લાખ હિંદુઓ વસે છે. અને પોતાના વડવાઓનો પ્રાચીન અને ગૌરવવંતો ધર્મ નિભાવી રહ્યા છે. મહારાજા **સં**પ્રતિએ પણ જ્યારે અનાર્ય પ્રદેશોમાં જૈનધર્મનો ફેલાવો કીધો ત્યારે પ્રશાંત સાગરના આ દ્વીપોને શું ભૂલવામાં આવ્યા હશે ? નહીં જ. ત્યારે તો મહારાજા **સં**પ્રતિના પિતામહ સમ્રાટ **અ**શોકવર્ધનના વખતમાં પ્રશાંત મહાસાગરના એ દ્વીપો જાવા, સુમાત્રા અને બાલી વગેરે તો વધારે જાણીતા હતા. અને પરસ્પરના સંબંધોથી તો વધારે નજીદીક આવ્યા હતા. એટલે મહાન્ સંપ્રતિએ પણ ત્યાં જરૂર જૈનધર્મનો સારી રીતે ફેલાવો કર્યો હતો.

સંડા ટાપુઓમાંથી જૂનાં મંદિરોનાં સંખ્યાબંધ ભગ્નાવશેષો મળી રહે છે. અહીંથી સેંકડો મૂર્તિઓ પણ પ્રાપ્ત થાય છે. એક વખત અહીં જરૂર આર્યધર્મનો—કદાચ જૈનધર્મનો જ વિજયધ્વજ આકાશમાં ઊંચે પવનમાં લ્હેરાતો હશે.

પેસીફીકના ફીલીપાઇન દ્વીપસમૂહમાં સૈકાઓ સુધી આર્ય પ્રજાએ રાજ્ય કર્યું છે. અહીંથી તામીલ ભાષાના શિલાલેખો પણ મળી આવે છે, અહીંની પ્રજા ઉપર ખ્રિસ્તી લોકોએ જુલમ ગુજારવામાં પાછું ફરીને જોયું નથી. સ્પેનીસોએ સંખ્યાબંધ આર્ય અવશેષોનો નાશ કર્યો છે અને શસ્ત્રની અણીએ પોતાના ધર્મનો પ્રચાર કર્યો છે. અહીં વૈશ્ય નામે હિંદુ રાજા થઇ ગયો છે. એ ઘણો જ શૂરવીર હતો. એનું નામ ધારણ કરનાર લાખો લોકો આજે પણ અહીં વસે છે. અહિંના ગ્રામ્ય પ્રદેશોમાં તો આજે ય હિંદુ દેવદેવતાનું છડેચોક પૂજન થાય છે.

પેસીફીકના આ પ્રદેશની જો બરાબર તપાસ કરવામાં આવે તો અહીં જૈન ધર્મ વિષે આપણને ઘણું નવું જાણવાનું મળી આવે, કેટલોક નવો ઇતિહાસ પણ હાથ આવે, અથવા તો બીજું ઘણું નવું જાણવાનું મળી શકે. આ રીતે, કહેવું જોઇએ કે, આપણો ભૂતકાલીન, ઇતિહાસ ઘણો જ ભવ્ય છે. એ જગતની કોઇપણ પ્રજાના ઇતિહાસ કરતાં વધારે સુંદર સમૃદ્ધ અને એકાદ પણ કાળાં ટપકાં વિનાનો છે.

# અમીનાં વહેણ.

સં. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજ–મુંબઇ.

પાંચ ઇંદ્રિયોના વિષયરૂપ અશ્વોને વશ કરવા માટે જ્ઞાનરૂપ લગામ સુંદર અને શ્રેષ્ઠ ઇલાજ છે.

દુઃખોથી કંટાળેલા આત્માઓએ આપઘાત કરવાને બદલે તે તે દુઃખોથી મુકત થવા માટે કર્મનો ઘાત કરવો જરૂરી છે.

સાપ અને પાપ વચ્ચે મોટો ભેદ છે. સાપ કદાચ મારે તો એક વખત, પરન્તુ પાપ તો ભવોભવ મારે છે, આથી વધુ ભય કોનાથી છે તેનો ખ્યાલ વાંચકે કરવા જેવો છે.

જો તમો તમારા મનને સંતોષિત કરશો તો, ધનાઢ્ય અવસ્થામાં અને દરિદ્ર અવસ્થામાં ભેદ કશો માલૂમ પડશે નહિ.

પોતાના આત્માને ધર્મમાં જાગૃત રાખવા માટે ભરત ચક્રવર્તીએ ખાસ માણસો રોકયા હતા. એ તેમના હૃદયમાં રહેલી ધર્મ તમન્નાનું એક માપક યંત્ર ગણાય. આપણે પણ એ માટે કંઇક કરવાની જરૂર છે.

કોઇપણ ક્રિયા કેટલી થઇ તેના કરતા તે કેવી થઇ તે માટે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

સત્ય તત્વની ગવેષણા કરનારાઓએ સંખ્યાના મોહમાં મૂંઝાવાની જરૂર નથી.

આત્મ ઉન્નતિમાં પ્રગતિ કરવી એનુંજ નામ આગળ વધવાનું કહેવાય. પૌદ્‌ગલિક ઉન્નતિમાં આગળ વધનારાઓ વાસ્તવિક સુખથી હજારો કોસ પીછેહઠ કરી રહ્યા છે.

શારીરિક વ્યાધિઓને દૂર કરનાર વૈદ્યની આજ્ઞાને ખુશીથી વધાવી લેનારાઓએ જન્મ મરણના રોગથી પીડાતા આત્માને તે રોગથી એકાન્તે મુક્ત કરનારી ધર્મગુરૂઓની આજ્ઞાઓને શિરસાવંદ્ય કરવામાં જરાપણ આનાકાની કરવાની જરૂર નથી.

જે જે વસ્તુઓ માટે તમોને ન્યાય આપવાની હોંશ હોય તો ઉતાવળ કદી કરશો નહિ. તે તે વસ્તુનો ઊંડો અભ્યાસ (Deep study) કર્યા પછી જજમેન્ટ આપી શકો છો.

ડોકટરના કાર્યમાં વકીલની અને વકીલના કાર્યમાં ડોકટરની સલાહ જેમ તદ્દન નિરૂપયોગી ગણાય તેમ ધર્મના કાનૂનમાં દુનિયાદારીઓની સલાહ પણ તેવી જ ગણાય.

દુઃખોનો વાસ્તવિક કંટાળો ધર્મના શરણે મનુષ્યને લઈ ગયા વિના રહેતો નથી.

વીતરાગ પ્રભુની પાસે દુન્યવી સુખોની માંગણી કરવી એ તો ઝવેરીની દુકાને જઇ મીઠું મરચું માંગવાની મૂર્ખાઈ સિવાય બીજું કાંઇ નથી.

પોતાના ઉપકારીઓ પ્રત્યે બેવફાદાર થનાર મનુષ્ય કૂતરા કરતા પણ નીચી હદનો ગણાય.

દુઃખી આત્માઓએ કરેલા દેવના નમસ્કારની, રોગી આત્માઓના તપની, નિર્ધનના વિનયની અને ક્ષીણ દેહવાલાના સદાચારની વાસ્તવિક કંઈ કીંમત નથી કારણ કે તેમાં ધર્મની અપેક્ષા નથી.

# ચાહ દેવીનું સામ્રાજ્ય.

( રાગ-ગઝલ )

અરે એ ચાહ વખાણું શું, મુખે તારી અમલદારી,
અમલમાં ને અમલમાં તેં, બનાવ્યા સૌને ભીખારી. ૧

નહિ કલ્પી શકું કિંચિત્, અમલ શક્તિ ગજબ તારી,
પમાડી મોહ લોભાવી, કીધા વશ સર્વ નર નારી. ૨

રટે તુજ નામ દિન રાતે, નિરોગી રોગી કે ભોગી,
અરે ચાહ સૌ તને ચાહે, ગરીબ શ્રીમંત કે જોગી. ૩

સવારે ચાહ બપોરે ચાહ, મળ્યા બે દોસ્ત ભી ત્યાં ચાહ,
પડી જ્યાં રાત ત્યાં એ ચાહ, ઘરે ને બહાર ચાહ એ ચાહ. ૪

સવારે જ્યાંસુધી પ્યાલા, રકાબી સાથ ના ખખડે,
બીછાનામાંહી ભકતોને, જરાએ આંખ ના ઉઘડે. ૫

ન આવે કે કદી લાગે, બપોરે વાર જો તારી,
ન સૂઝે કામ કરવાનું, બગાસાની ચઢે સ્વારી. ૬

સુતેલા પારણે બાળક, લવે મુખથી મને ચાહ પા,
ભણે વિદ્યાર્થી પુસ્તકમાં, પ્રથમ પાઠેજ 'બા ચા પા.' ૭

બકે તુજ ભક્તિ કે સ્વપ્ના, અરે ચા ચા ગઇ કયાં ચા ?
અજબ જાદુ ચલાવીને, બનાવ્યા ભક્ત તેં સાચા. ૮

—— સં. શ્રી પ્રકર્ષ ——

# જૈન મંત્રીશ્વર શ્રી કલ્પક.

## મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ.

### ૧

**મ**ગધદેશના પાટનગર પાટલીપુત્રના રાજમહેલો પર **નંદ**ની રાજસત્તાના વિજયી ધ્વજો ફરકી રહ્યા હતા. તે કાલ તે સમયની આ હકીકત છે.

મગધનું સામ્રાજ્ય ચોમેર વિસ્તાર પામેલું સમૃદ્ધ રાજતંત્ર હતું. પરમાર્હત્ મહારાજા ઉદાયીના મૃત્યુ પછી, મગધની રાજગાદી પર **નંદ** આવ્યો હતો. દૈવી સહાયથી **નંદ** પાટલીપુત્ર મગધનો રાષ્ટ્રનાયક અને ભાગ્યવિધાતા બન્યો હતો. પૂર્વકૃત પુણ્યોદયની એ પણ એ અજબ અને અકલ્પ્ય ગતિ છે. જાત, ભાત, કુળ કે સંસ્કારિતાના વારસા વિનાનો ગઈકાલનો નાપિતપિતા અને વેશ્યામાતાનો પુત્ર **નંદ**, આજે મગધનો સર્વ સત્તાધીશ બની પાટલીપુત્રના રાજસિંહાસનનો અધિષ્ઠાતા બન્યો હતો.

પરિવર્તનશીલ સંસારમાં આ બધી વિચિત્રતાઓ સંકળાઈને રહી છે. વિચિત્રતા, વિષમતા અને ખાડા–ટેકરાની રીઢી રમત સમસ્ત સંસારમાં એક સરખી રીતે ચાલી રહી છે.

નિર્વારસ ઉદાયીના મૃત્યુ પછીના બીજા દિવસના મધ્યાહ્ને જ્યારે નગરવાસી લોકોએ સંભળ્યું કે–'આપણા શહેરની કોક વેશ્યાનો દીકરો રાજસિંહાસન પર આરૂઢ થયો છે' ત્યારે ભલભલા ડાહ્યા ગણાતાઓની બુદ્ધિ બૂઠ્ઠી થઈ ગઈ. સહુકોઇ આ વાતને માનવાને માટે ઘડિભર ના પાડી દેતા.

પણ **નંદ** હતો ભાગ્યશાળી. એનું પુણ્ય, થોડા જ કલાકોમાં ફળવાનું છે એવી એને વ્હેલી સ્હવારે જ ખબર પડી ગઇ હતી. જે રાત્રીયે મહારાજા ઉદાયીનું મૃત્યુ થયું તે રાત્રીના છેલ્લા પ્રહરના સમયે નંદે એક ચમત્કારિક સ્વપ્ન જોયું હતું. એણે એ સ્વપ્નમાં સમગ્ર **પાટલીપુત્ર**ને

પોતાના આંતરડાથી વીંટાયેલું દેખ્યું હતું. સ્વપ્નના ફલાદેશો અકળ હોય છે, એમ એ જાણતો હતો. કોક ઘડીપળે પોતાનું ભાગ્ય ઉઘડી જશે એમ એને ઘણીવાર લાગ્યા કરતું. એ તરત જાગ્યો. સફાળો ઉઠી, વ્હેલી સવારે નગર બહારની વાડીમાં જઇ એ ફૂલો ચૂંટી લાવ્યો. અને સીધો નગરના રાજપુરોહિત ઉપાધ્યાયની પાસે એ ગયો.

પ્હો ફાટવાની હજૂ તૈયારી હતી. ઉપાધ્યાયના મકાનની બહાર ખડખડાટ થયો, 'કોણ છે એ ?' અધીરતાથી ઉપાધ્યાયે પૂછયું ને ઉપાધ્યાયે બારણું ઉઘાડયું કે તરત જ **નંદ**, તેઓના ચરણોમાં ઝૂકી પડ્યો. ફૂલગૂંથી માળાઓની ભેટ ઉપાધ્યાયનાં આસન પર તેણે મૂકી. વ્હેલી સ્હવારે જોયેલું સ્વપ્ન એણે વિસ્તારપૂર્વક ઉપાધ્યાયને કહી સંભળાવ્યું. ફલાદેશ શાસ્ત્રના સમર્થ પારંગત ઉપાધ્યાયે કોક નિગૂઢ પારદ્રષ્ટાની જેમ **નંદ**ને નખશીખ સુધી ઓળખી લીધો. કોઇ મહાન સત્તાધીશના ભાગ્યમાં સર્જાયેલા લક્ષણો એના અંગ પર એઓએ જોઇ લીધાં. ક્ષણવારમાં આ બધું બની ગયું.

ઉપાધ્યાયે મૌન તોડયું. ઉપાધ્યાયની વાણીદ્વારા સ્વપ્નનો ફલાદેશ સાંભળવાને **નંદ** એ વેળા અનિમિષ નેત્રે સાવધાનપણે પોતાના કાનો ફફડાવી રહ્યો હતો.

ઉપાધ્યાયે કહ્યું: 'મારું એક વચન સ્વીકારવું પડશે **નંદ**!' આનો જવાબ આપવાને **નંદ** કાંઇ બોલે તે પહેલાં જ ફરી ઉપાધ્યાયે પોતાનું અધૂરું વાક્ય પૂરું કર્યું. કહ્યું '**નંદ**! આજથી મારી પુત્રી તને સોંપું છું. હું માનું છું કે પાટલીપુત્રનો રાજ્યાધિષ્ઠાતા **નંદ** મારો જમાઇ બને એમાં મારું ગૌરવ છે.'

**નંદ** તરત જ પામી ગયો કે મારું સ્વપ્ન મને મહાન બનવાની આગાહી આપે છે. અને પંચ દિવ્યોના પ્રભાવે અપુત્ર ઉદાયીના મૃત્યુ પછીની બીજી સ્હવારે નંદ મગધના પાયતખ્ત પર સર્વતંત્રસ્વતંત્ર સત્તાધીશ બન્યો. નંદોનું રાજ્ય મગધદેશની સત્તાનું વાહક ત્યારથી આ રીતે શરૂ થયું

શ્રમણભગવાન શ્રી **મહાવીરદેવ**ના નિર્વાણબાદ, ૬૦ વર્ષના ગાળે **મગધના** માલીક તરીકે નંદરાજ્ય–નંદવંશ મગધના પાયતખ્ત પાટલીપુત્ર પર પ્રસિદ્ધિને પામ્યો.

પણ મહારાજા **નંદને** હજુ કેટલાએ સામન્તો, ખંડીઆ રાજાઓ, અને જૂના સત્તાધારી વર્ગો, પોતાનો 'સર્વસત્તાધીશ' તરીકે સ્વીકારવાને સાફ સાફ શબ્દોમાં નકારતા. એ લોકોનો એ પડકાર હતો; 'ગણિકાના પુત્ર અને હજામના વર્ણશંકર સંતાનને મગધના પવિત્ર સિંહાસનને અભડાવતો અમે કદિ નહિ જોઇ શકીએ'—આવા ઉદ્દામવૃત્તિના લોકોના બળવાને દબાવી દેવાનું ભગીરથ કાર્ય, મહારાજા **નંદને** માથે શરૂઆતના જ કાળમાં આમ અચાનક આવી પડયું.

**નંદ**ના ભાગ્યે–**નંદ**ની અચિન્ત્ય પુણ્યાઇએ, **નંદ**ને માટે બધીજ અનુકૂળતાઓ ઘડી રાખેલી હતી. **'रक्षन्ति पुण्यानि पुराकृतानि'**–એ શાસ્ત્રવચન સંસારના પારદ્રષ્ટા અનુભવીઓનું નવનીત છે. એ કદિ અફળ હોતું નથી. અગાધ સાગરમાં તોફાની વાયુની ઘૂમરીઓ લેતા ભયંકર કાળે કે ફૂંફાડા મારતાં જંગલી જનાવરોથી ભીષણ ગાઢા જંગલોમાં કેવળ પૂર્વપુણ્ય જ રક્ષણ આપે છે.

**નંદ**નું આત્મીય જન કોઈ ન હતું. પણ પૂર્વકાળનું કોઇ જબ્બર પુણ્ય તેની સહાયે હતું. જેના ઉદયને ભોગવવાનો આ એને માટે સુઅવસર હતો. રાજસિંહાસન પર આરૂઢ થયેલા **નંદ**રાજાને માલીક તરીકે, ઇન્કારનારાઓને **નંદે** પોતાનો ચમત્કાર બતાવી દીધો. દેવતાઇ સહાયથી રાજસભાના દ્વારસ્થાનના ચોપદારોની મૂર્તિઓએ મહારાજા **નંદ**ના આદેશને પામી, **નંદ**નો વિરોધ કરનારાઓને સખ્ત હાથે શિક્ષા કરી. તે વેળા **નંદ**ની ધાક પાટલીપુત્રની ચોમેર સહુ કોઈનાં હૃદયમાં બેસી ગઇ. માનવોની પુણ્ય કમાણી, દેવલોકના દેવોને પણ સહાયે બોલાવી લાવે છે.

ત્યારથી **નંદ**ની સ્હામે એક પણ શબ્દ ઉચ્ચારવાને કે મગધના સર્વસત્તાધીશનું અપમાન કરવાને કોઇ સામર્થ્ય ધરાવતું ન હતું. ભલભલા પ્રતિસ્પર્દ્ધી રાજાઓ પણ **નંદ**ની સત્તા આગળ નમી પડવામાં જ પોતાનું હિત સ્હમજી અવસર જાળવી લેતા.

✓ પુણ્યની આ એક કળા કોઈ શિલ્પકારની જેમ ગૂઢ અને અણઉકેલ ઘડતર ઘડી રહી છે. વિદ્વત્તા, હુશિયારી કે જાતનાં ગર્વ કરતાં પુણ્યવાનોની પુણ્યાઈ કોઇ જુદી જ ભાત પાડી જાય છે.

ઓ માનવો ! સુકૃતની પ્રવૃત્તિને ભૂલ્યા તો આ પુણ્યાઈ, તમારા ભાગ્યમાં નથી. એ રખે ભૂલતા !

૨

પુરોહિત કપિલ, પાટલીપુત્ર શહેરની બ્હાર પોતાના પરિવારની સાથે રહેતો હતો. શહેરના પ્રવૃત્તિરત વાતાવરણથી ઉદાસીન કપિલને આ એકાન્ત સ્થાનમાં ગમી ગયું હતું. શાંત, પ્રકૃતિરમ્ય અને ગ્રામ્ય ગણાતાં પુરોહિતના આવાસમાં અવાર-નવાર શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના જૈન શ્રમણો પણ વસતિ માંગીને સ્થિરતા કરતા. ભદ્રિક પ્રકૃતિનો પુરોહિત પણ આવા મહાન પુરુષોની સેવા-ભક્તિ કરી પોતાનો આતિથ્ય ધર્મ સારી રીતે બજાવતો.

એક વેળા આચાર્ય મહારાજ શ્રી ધર્મઘોષસૂરિ, પોતાના શિષ્ય-પરિવારની સાથે પુરોહિતના મકાનમાં રાત્રિવાસો રહ્યા. પુરોહિતે તેઓની સેવા-સુશ્રૂષા કરી જાતને કૃતકૃત્ય કરી. તે દિવસે આચાર્ય મહારાજની પાસે શ્રદ્ધાપૂર્વક એણે ધર્મના રહસ્યો જાણ્યાં. ધર્મનાં સત્ય તત્ત્વોની એને ત્યારથી ઓળખ થઈ. બ્રાહ્મણત્વ અને શ્રમણત્વ એક જ સુવર્ણ-મુદ્રાની બે બાજુ છે એમ એને તે વેળાયે સ્હમજાયું.

✓ એણે જાણ્યું કે, 'ક્રોધ, માન, માયા કે લોભનાં બંધનો,-રાગ કે દ્વેષ, મદ મત્સર, અહંભાવ અને મમતાના તિમીર પટળો; જ્યાં સુધી આત્માના સ્વરૂપને આવરી રહ્યાં છે-ગૂંગળાવી રહ્યાં છે ત્યાં સુધી આત્મ-તેજ-બ્રહ્મત્વ એ પ્રગટી શકતું નથી.' પુરોહિતને આ પ્રકારનો સમ્યગ્ બોધ, આચાર્ય મહારાજના સદુપદેશથી ત્યારે જ પ્રાપ્ત થયો.

સ્નાન-શૌચાદિનાં દઢ આગ્રહી પુરોહિતનું માનસ, અત્યારે દરેક પ્રકારના પૂર્વગ્રહથી મુક્ત બન્યું હતું. હવે એ માનતો થયો કે, 'અહિંસા

સંયમ, અને તપની નિર્મળ ત્રિવેણીનું સ્નાન એ જ સાચું શૌચ છે. જ્યારે એ વિના શૌચનો આ બાહ્ય આડંબર કે કદાગ્રહ કેવળ આત્મ-વંચના જ બની જાય છે.' આ બધી ધર્મ્ય વિચારણા પુરોહિતનાં અન્તરમાં ત્યારથી સ્ફૂરતી થઈ.

એ સાચો બ્રાહ્મણ બન્યો. અને તે દિવસથી એ કપિલ, શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના ધર્મમાર્ગનો પરમ સુશ્રાવક બન્યો. પોતાનું જીવન ધન્ય બન્યું એમ તેણે તે ધન્ય ઘડી પળે વાસ્તવિક રીતે અનુભવ્યું.

આચાર્ય મહારાજા ત્યાંથી વિહાર કરી ગયા.

કપિલના ઘેર તેની સાત-સાત પેઢી અજવાળનારો એકનો એક પુત્ર જન્મ્યા પછી કેટલાયે દિવસોથી રોગપીડિત રહેતો. પુત્રનું દુઃખ કપિલથી જોયું જતું ન હતું. શારીરિક વ્યાધિની રહેજ પણ અસર વિનાનો એ બાળક દિન-પરદિન વધુ ને વધુ પીડાતો જતો. ઔષધોપચારની ગણના ન હતી, છતાં બાળકનું શરીર દુઃખથી નિરંતર રીબાતું જ રહેતું. પુરોહિત આનું નિદાન ન શોધી શકયો. કપિલને પોતાનાં વ્હાલાસોયા પુત્રનાં દુઃખની આ પીડા વધુ સંતાપતી, છતાં શ્રદ્ધાળુ અને ધર્માત્મા કપિલના હૃદયમાં વિવેકનો દીપક જાગૃત હતો. પોતાના અને બાળકનાં અશુભોદયને રહમજી એ આ સ્થિતિને સમભાવપૂર્વક સહી લેતો. તેનાં ધાર્મિક જીવનની આ પવિત્ર અસર એ નાના બાળકનાં માનસ પર કોઇ જબ્બર પ્રભાવ પાડી જતી. જેથી આટ-આટલી તીવ્ર વેદના છતાં, અકથ્ય પીડા છતાં વયથી ન્હાનું પણ સંસ્કારોથી પ્રૌઢ તે બાળક, ઓય-વોય જેવી બૂમા-બૂમ ન્હોતું કરતું પણ ધીરું બની પીડાને સહી લેતું.

જતે દિવસે કપિલને ખબર પડી કે એના પુત્રને કોઇ વ્યંતરાદિ તુચ્છ દેવી-દેવતાનો કે ભૂત-પ્રેતાદિનો વળગાડ છે. ભૂત-પ્રેત કે વ્યંતરાદિ ક્ષુદ્ર દેવી-દેવો અવસરે કોઇ પણ નિમિત્તને પામીને માનવજાતને હેરાનગતિમાં મૂકી દે છે. સામાના તીવ્ર અશુભોદયના કારણે આવા દેવો, ભલ-ભલાને પણ પજવી જાય છે એ હકીકત નિઃશંક સાચી છે.

પાપો કરતી વેળાયે કરનાર આત્માઓ હસી–હસીને મોજ કરતા કરે છે. એમને એ ખબર નથી હોતી કે ભોગવવાના અવસરે એ કર્મો–પાપો, ઘણી વિચિત્ર રીતે ઉદયમાં આવીને ભોગવાઇ જાય છે કે તે વેળા સ્હમજુ શાણા ગણાતાઓની મતિ પણ મૂંઝાઈ જાય છે. તે સમય એવો હોય છે કે, ચેતવાને કે પશ્ચાત્તાપને માટે ઘણું મોડું થઇ ગયું હોય છે.

ફરી એકાદ અવસરે જૈન શ્રમણ નિર્ગ્રન્થો, કપિલના મકાનમાં વસતિ યાચીને સ્થિરતા કરી રહ્યા હતા. કપિલને જૈન શ્રમણોના ત્યાગ, તપ અને નિર્મળ શીલ ગુણ આદિ મહામૂલ્ય ગુણો પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાભાવ હતો. જૈન સાધુઓનાં સંયમી જીવનની પવિત્રતા, પ્રાભાવિકતા કે તેજસ્વિતા જગતનાં અન્ય કોઇ સ્થાનમાં શોધી જડે તેમ નથી, એમ એને જૈન સાધુઓના દીર્ઘકાલના પરિચય બાદ દઢપણે સ્હમજાયું હતું.

પોતાના બાળકનો વળગાડ, આવા પારસમણિ સાધુઓના સ્પર્શથી ટળી જશે, એવી એને સંપૂર્ણ આસ્થા હતી. સમસ્ત સંસારના પદાર્થોમાં કે દૈવી બલોમાં જે સામર્થ્ય, તાકાત કે પરચો પાડવાની શક્તિ નથી તે આવા વંદનીય નિર્દોષ સાધુપુરુષોનાં ચરણોની રજમાત્રમાં પણ રહેલી છે. આમ એ શ્રદ્ધાળુ બ્રાહ્મણની સાદી સમજણ હતી. આ સિવાય અન્ય કોઈ ચમત્કારમાં એ માનતો ન હતો.

એકાદ અવસરે પ્રસંગ પામી વેદનાથી પીડાતા તે બાળકને ઉપાડી, તેણે સાધુઓના આસનની નજીકમાં મૂકયો. પાસે સાધુઓના આહારપાણી વાપરવાના પાત્રા હતા. પાત્રામાં સ્વચ્છ જળ પડયું હતું. બાળકનો હાથ લાગતાં પાત્રું વાંકું વળ્યું અને પાત્રામાં રહેલું જળ તેના શરીર પર ઢોળાઇ ગયું. જૈન શ્રમણોના પાત્રામાં રહેલા પ્રાસુક જળના સ્પર્શથી કપિલના તે બાળકનાં શરીરમાં રહેલી વ્યંતરી તરત જ ત્યાંથી તે વેળાયે ભાગી છૂટી. તે દિવસથી તે બાળકનું શરીર વ્યંતરીની પીડાથી મુક્ત બન્યું. પુરોહિતના ઘરમાં આ બનાવ કોઇ અણચિન્ત્યો બની ગયો.

જૈન શ્રમણોની નિર્મળ ત્યાગવૃત્તિ અને ઉજ્જવળ ધર્મશીલતાનો પ્રભાવ આ રીતે કપિલ બ્રાહ્મણનાં ભક્તિવાસિત ભદ્રિક હૃદયમાં કઈ ગુણો વધી

ગયો. કપિલના કુટુંબમાં આ હકીકત ત્યારથી ચિરસ્મરણીય બની ગઈ. એનાં બાળકનાં ઉઘડતા ભાવી માટે ત્યારથી કપિલને ખૂબ જ આશા–અભિલાષા પ્રગટી.

કલ્પ્ય અને પવિત્ર જળથી પીડામુક્ત થયેલા કપિલનો આ બાળક ત્યારથી કલ્પ્યક–કલ્પકના નામથી પ્રસિદ્ધ થયો. બાળક કલ્પકની ભાગ્યરેખા હવે પલટાવા લાગી. ધીરે ધીરે એ સ્હમજણો થયો, અને યોગ્ય વયે વિદ્યા, વિજ્ઞાન તેમજ વિદ્વત્તામાં એણે કુશલતા પ્રાપ્ત કરી. તે પોતાના પિતા કપિલના માનનીય સ્થાને આવ્યો. સારાયે પાટલીપુત્ર શહેરમાં કલ્પકની પ્રતિષ્ઠા સારી જેવી વ્યાપક બનતી ગઈ. કલ્પકની નમ્રતા, ધર્મશ્રદ્ધા અને સંતોષવૃત્તિ એને એકાન્ત જીવન તરફ દોરી જતી જ્યારે લોકપ્રતિષ્ઠા, વિદ્વત્તા, અને કુશલતા કલ્પકને બલાત્ **નં**દના રાજ્યમાં ઊંચા અધિકારો પ્રત્યે ખેંચી જતી.

કેટલાયે વર્ષો સુધી કલ્પકના જીવનમાં આ પ્રકારનાં બન્ને વિજાતીય ઘર્ષણો ચાલુ જ રહ્યા.

## ૩

સુશ્રાવક કલ્પકના આંગણે, કુલીન ઘરની કળા, લાવણ્ય અને રૂપથી રતિ જેવી કન્યાઓના તેના વડિલો તરફથી પાણિગ્રહણ માટે કહેણો આવતા. પણ અલ્પપરિગ્રહી અને સદાચારી કલ્પકનું મન, સંસારની જંજાળમાં પડવાને તૈયાર ન હતું. બ્રહ્મચારી વિદ્યાર્થીઓથી વીંટાયેલો યુવાન કલ્પક, તેજસ્વી સૂર્યની જેમ પાટલીપુત્ર શહેરમાં હંમેશા લટાર મારતો. એની પવિત્રતાથી લોકો એને દેવની જેમ પૂજતા. નગરના લોક-માનસમાં એનું સ્થાન ખૂબ ગૌરવવાળું બન્યું હતું. **નં**દના રાજકુલમાં એનો મોભો, મર્યાદા ધીરે ધીરે વધતા ચાલ્યા. પણ ધર્માત્મા કલ્પક, આ બધાથી તદ્દન દૂર–સુદૂર રહેતો. એને આ બધા માન–સન્માનની ભૂતાવળો અવાર–નવાર કંટાળો આપતી. પહેલેથી જ જૈન સાધુઓની પવિત્ર સાધુતાના વાતાવરણમાં ઉછરેલા કલ્પકને આ બધું ઉપાધિમય ભાસતું.

પણ કલ્પકના જીવનમાં એવો એક અણચિન્ત્યો બનાવ કોઈ અજાણી રીતે ભવિતવ્યતાના બળે બની ગયો, કે જેના યોગે સંસારથી અલિપ્ત, નિરાળાં અને એકાન્ત જીવનની મોજ માણવાના કલ્પકના મનોરથો તે દિવસથી સાવ ભાંગીને ભૂક્કાં થઇ ગયા. સંગેમરમરના એકાદ પાષાણના સ્વચ્છ ટુકડા પર કલાને જીવન્ત કરી જવાની જેમ કોઈ શિલ્પીની કેટ-કેટલી અભિલાષાઓ જીવનની કોઈક અસાવધ ઘડિપળે ટાંકણાની અણીથી તૂટી પડતા ટુકડાની સાથે શતધા થઇ જાય તેમ કલ્પક માટે પણ બન્યું.

અને ત્યારથી કલ્પક સંસારી બન્યો. એક બ્રાહ્મણ કન્યાનું પાણિગ્રહણ કરવાની આપત્તિમાં એ મૂકાયો. એકાન્ત જીવનની એની કલ્પનાઓ સ્વપ્નવત્ બની ગઇ. કલ્પકને જ્યારે એ યાદ આવતું ત્યારે પોતાનાં જીવનવહેણની આ બદલાતી જતી-પલટાતી જતી દિશા માટે ઘડિભર એનું ગંભીર હૃદય પણ સંક્ષોભના આઘાત-પ્રત્યાઘાતો અનુભવતું.

એના સંસારપ્રવેશનાં જીવનની પૂર્વઘટના આમ બની ગઈ.

એની પાડોશમાં એક બ્રાહ્મણનું ઘર હતું. એ બ્રાહ્મણને એકની એક રૂપવતી દીકરી જ્યાં યૌવનના ઉંબરે પગ મૂકવાની સ્થિતિમાં આવી તે અવસરે તે જળોદરના રોગથી પીડિત બની. મોટા પેટવાળી તે બ્રાહ્મણ-કન્યા ચાલી શકવાને માટે કે ધરતી પર પગ મૂકવાને માટે તદ્દન લાચાર હતી. કન્યાનો પિતા દીકરીના આ દુઃખથી દુઃખિત બન્યો. દિન-પરદિન કન્યાનું વય વધતું ચાલ્યું. શહેરમાં બ્રાહ્મણની આ રોગપીડિત કન્યાનો હાથ ગ્રહણ કરવાને કોઇ ઇચ્છતું ન હતું. તેના બાપની ચિન્તા આ રીતે વધતી ચાલી.

કલ્પકની ભદ્રિકતાનો લાભ લેવાની મુત્સદ્દિતા, કન્યાના પિતાના હૃદયમાં એક વેળાયે ઘોરાવા લાગી. મુત્સદ્દિ માનવો ભલ-ભલા ચતુર માણસોની હુશિયારીને કોકવેળા છળી જાય છે. મુત્સદ્દીતાનાં ક્ષણે ક્ષણે પલટાતાં માયાવી રંગો સહૃદય માનવોની સરળ ચક્ષુદ્વારા નથી આવી શકતા.

એક દિવસે કલ્પક જ્યારે તે રસ્તેથી પસાર થતો હતો. ત્યારે તે બ્રાહ્મણે, પોતાની કન્યાને બાજૂના એક ઊંડા ખોદી રાખેલા ખાડામાં

ધકેલી દીધી અને એકદમ મોટા સ્વરે, ગભરાતા હૈયે મૂંઝવણમાં મૂકાયેલા શબ્દોમાં એણે બૂમાબૂમ કરી કહ્યું: 'અરે! મારી દીકરી ખાડામાં પડી ગઈ છે. કોઈ આવી એને કાઢો, જે કાઢશે તેને હું મારી કન્યા આપીશ.'

દયાળુ કલ્પકના હૃદયમાં અનુકંપાના ભાવો સભર ભર્યા હતા. એનું કરુણાર્દ્ર અન્તર આ પ્રસંગની ગંભીરતાથી તરત જ લાગણીવશ બની ગયું. બ્રાહ્મણ કન્યાના પિતાનાં શબ્દો કે તેની આજુબાજુનાં ભેદી વાતાવરણને પામવાની કે તેની ઊંડે ઉતરવાની એને અત્યારે જરૂર ન જણાઈ. એણે તરતજ ખાડાની અંદર પડતું મૂક્યું. તે રોગપીડિત કન્યાને બ્હાર લાવ્યો.

કન્યાના પિતાએ કલ્પકને કહ્યું, 'આ કન્યાને સ્વીકારો! મારી પ્રતિજ્ઞાનો ભંગ હું ન કરી શકું. ભૂદેવો હંમેશા પ્રતિજ્ઞાના પાલનમાં દૃઢ અને આગ્રહી હોય છે.' કલ્પક આ ન સ્હમજી શકયો. એ મૌન હતો. સહૃદયતાથી એણે જવાબ આપ્યો 'કેવળ દયાભાવ, અને કરુણાપ્રેરિત લાગણીથી મેં આ કાર્ય કર્યું છે. આના બદલામાં મારે કાંઇ જોઇતું નથી' પણ પેલા બ્રાહ્મણને આ બધું સાંભળવાની જરૂર ન હતી. કલ્પકની ભદ્રિકતાએ અત્યારે તેને—પોતાને કિંકર્તવ્યમૂઢ સ્થિતિમાં મૂકયો. કલ્પક ના પાડી શકે તેમ ન હતું. બ્રાહ્મણ પોતાની પ્રતિજ્ઞા તૂટે તો પ્રાણત્યાગ કરવાને આગ્રહી બન્યો.

જતે દિવસે તે બ્રાહ્મણકન્યા રૂપવતીની સાથે કલ્પકના લગ્ન થઇ ગયા. કલ્પકે આયુર્વેદશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. રોગપીડિત પત્નીને પોતાના ઔષધોપચારથી તેણે ધીરે ધીરે સ્વસ્થ કરી, રૂપવતીનો મૂળ વ્યાધિ કલ્પકના ઉપચારોથી સર્વથા ટળી ગયો.

રૂપવતી સાથે કલ્પકનો ગૃહસંસાર આમ વર્ષોના વર્ષો સુધી ધાર્મિકતાના પવિત્ર વાતાવરણમાં પસાર થતો ગયો. વિદ્વત્તા, કુશલતા અને અપૂર્વ ધર્મશ્રદ્ધાથી લોકહૃદયના સિંહાસન પર કલ્પકનું સ્થાન વિશેષ સ્થિર થતું ગયું. પણ એને આ લોકપ્રતિષ્ઠા, માન કે ખ્યાતિ શલ્યની જેમ ખૂંચતી. એ એનાથી વધુ નમ્ર બની અસ્પૃશ્ય રહેવા ઇચ્છતો.

વૃક્ષ જેમ જેમ ફલ, ફૂલ, શાખા-પ્રશાખાઓની સંપત્તિથી સમૃદ્ધ બને છે તેમ તેની આજૂબાજૂ અર્થીજનોના ટોળા તેને ગૂંગળાવી નાંખે છે. નમ્ર, ઉદાત્ત અને સ્થિતિપ્રજ્ઞશા વૃક્ષની એ જ મહત્તા છે કે તેને સહુ કોઈ શોધતા આવે છે અને આવનારનાં માનાપમાનને વૃક્ષ એક સરખી રીતે ગળી જઈ સમચિત્તે તે પોતાની છાયામાં સમાવી દે છે. છતાં એ હોય છે એકલ, અડોળ અને એકાન્તજીવી.

કલ્પકની બુદ્ધિમત્તાના ગુણગાનો રાજા નન્દની રાજસભામાં થવા લાગ્યા. મહારાજાને કલ્પકની કુશલતા તેમજ સદાચારિતા માટે ખૂબ જ આદરભાવ જાગૃત થયો. 'કલ્પક જેવો બુદ્ધિશાળી બ્રાહ્મણ પોતાની રાજવ્યવસ્થાનું સુકાન હાથમાં લઈ અમાત્યપદ સ્વીકારે તો કેવું સારું ?' આવી આવો વિચારણાઓ મહારાજા નન્દને ઘણી ઘણી વેળા ઉઠતી, પણ કલ્પકની નિઃસ્પૃહ, નિડર તેમજ અક્કડ પ્રકૃતિ માટે એણે ઘણું સાંભળ્યું હતું.

એક અવસરે કલ્પકને રાજદરબારમાં બોલાવી લાવવાનો રાજા નંદે આદેશ કર્યો. રાજાના આદેશને માથે ચઢાવી તે રાજસભામાં આવ્યો. મગધના માલીકે કલ્પકને ખૂબ નરમાશથી જણાવ્યું: ' ભદ્ર ! મગધના વિશાલ રાજતંત્રનો વહીવટ તમારા જેવા બુદ્ધિમાન ધર્માત્માની અપેક્ષા રાખે છે. મારો આગ્રહ છે કે, કલ્પક જેવા ધીર, ગંભીર, અને પ્રાજ્ઞ પુણ્યવાનના હાથે જ મગધના રાજસિંહાસન પર નન્દ વંશનો વિજયધ્વજ ફરકતો રહે.'

મહારાજાના શબ્દોમાં નમ્રતા હતી. વાણીમાં મીઠાશ ભરી હતી. સત્તાના સ્થાન પર હોવા છતાં બાળકના જેટલી જ કોમળતા નન્દે અત્યારે ભાષા દ્વારા વ્યક્ત કરી. કલ્પકના અન્તરમાં નન્દના શબ્દોએ વિજળીવેગે એક પળમાં અસર પાડી પણ બીજી પળે એને પોતાનું પવિત્ર નિર્દોષ અને એકાન્ત-પ્રિય સાધુ જીવન સ્હામે તરવરતું થયું.

એના હૈયામાં મૂંઝવણનો સાગર હિલોળે ચઢતો એને જણાયો. 'એની ધાર્મિકતા, પાપભીરુ પ્રકૃતિ અને બાલ્યકાળથી જૈન શ્રમણ નિર્ગ્રન્થોની ઉપાસનાથી જન્મેલી નિષ્પાપ જીવન જીવવાની અભિલાષાઓ '–આ

બધા પોતાના સંકલ્પો એક પછી એક એને દર્શન દેવા લાગ્યાં. ચિત્રપટની રૂપેરી ચાદર પર જેમ દૃશ્યો બદલાતા રહે તેમ બદલાતી જતી પોતાનાં જીવનની ગતિ માટે એને લાગી આવ્યું.

એ વધુવાર મૌન ન રહી શકયો. નન્દ જેવો મગધનો સમ્રાટ આતુર હૃદયે કલ્પકના પડતા બોલને સાંભળવા ઉત્સુક હતો. વાતાવરણમાં નીરવ શાન્તિ હતી. આજૂબાજૂ સર્વ કોઈ કલ્પકના ગંભીર ભાવોને મુખ પર તરવરતા જોઇ શકવાને પ્રયત્નો કરતા રહ્યા. પણ કલ્પકનું અન્તર કો અગાધ સાગરના ઊંડા જળમાં છૂપાયેલાં અનર્ઘ્ય ભંડારની જેમ તે વેળા કોઈથી ન કળાયું.

ધીરે રહી એણે મૌન તોડયું. 'રાજન! જીવનનિર્વાહથી અધિક કાંઈપણ મેળવવાની મને ઇચ્છા નથી. મિતપરિગ્રહ અને અલ્પારંભ એ બન્ને મારાં પ્રાણપ્રિય જીવન વ્રતો છે. એને ત્યજી હું આપની આજ્ઞાને સ્વીકારવાને નિરૂપાય છું.' મોં પર પર્વતની દૃઢતા, ને આકાશગામી પુરૂષાર્થ, આંખમાં અનન્ત સાગરનું ગાંભીર્ય, વીતરાગદેવના ધર્મની આરાધના દ્વારા આત્મામાં પ્રગટેલ અખંડ પ્રસન્નતા–કલ્પકનાં જીવનની આ સંપત્તિનાં દર્શન એના જવાબમાં ત્યાં બેઠેલો ચકોર અધિકારી વર્ગ વાંચી શકયો.

મગધના સર્વ સત્તાધીશનો આગ્રહ કલ્પકના ધર્મવાસિત આત્માના અવાજે આમ નકારી દીધો. નંદની રાજસભા કંપી ઉઠી. કલ્પકની દૃઢ, સત્ત્વશીલતા અને અખંડ ધર્મવૃત્તિ આ રીતે જીતી ગઈ. મહારાજા નંદ કલ્પકની પવિત્ર ધાર્મિકતાની આગળ આમ નિરુપાય બન્યો.

ત્યારથી નન્દ, કલ્પકદ્વારા થયેલા પોતાના આ અપમાનના વૈરની વસુલાત કરવાનો દાવ શોધવા લાગ્યો.

✓ સાચે અપમાનનાં કે અવગણનાનાં ઝેરને પી જનારા માનવ–મહાદેવો હજારમાં એક જ હોય છે. લાખમાં કે ક્રોડમાં એકાદ–બે જ મળી જાય છે. બાકી જ્યાં જુઓ ત્યાં માન અને અપમાનના જ હિસાબો નોંધાતા હોય છે અને તેનું જ વ્યાજ ચક્રવર્તિ ગણતરીએ વાળવાની માયાવી રમતોના દાવો ફેંકાતા હોય છે.

જે આ બધાથી બચી શકે તે જ કષાયોના જયપૂર્વક સમભાવને કેળવી જીવનને જીવી જાય છે, કલ્યાણનો નિષ્કંટક અને પવિત્ર માર્ગ આ સિવાય અન્ય કોઇ નથી.

[ વિશેષ ભાગ આગામી અંકમાં ]

# વર્તમાન યુગના પ્રચ્છન્ન નાસ્તિકો

## આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

**ધર્મ**નાશક દેશાચાર, ગ્રામાચાર અને કુલાચાર આદિ લંઘન કરવા યોગ્ય છે એમ કહેવું એ જેમ વ્યાજબી છે, તેમ જે આચારો ધર્મ-નાશક નથી પણ અંશેય ધર્મસહાયક છે એનું લંઘન ન કરવાનું કહેવું એ વ્યાજબી છે. એવા દેશાચાર આદિના ઉલ્લંઘન માટે સ્વચ્છંદી બનવું, એ પણ ખરે જ શિષ્ટ સમાજથી વિરુદ્ધ વર્તવા જેવું છે અને એવું વિરુદ્ધ વર્તન, એ લોકપ્રિયતા કે જે ધર્મપ્રાપ્તિમાં સહાયક થનારી છે અને પ્રાપ્ત ધર્મની આરાધના માટે પણ આશીર્વાદ રૂપ છે, તેના અર્થીએ અવશ્ય તજવા જેવું છે. આજના વિકૃત વાતાવરણમાં સ્વચ્છંદી લોકો સારા પણ દેશાચાર, ગ્રામાચાર અને કુલાચારોના ઉલ્લંઘનમાં જ સુધારાનાં સ્વપ્નો નિહાળી રહ્યા છે. દૃષ્ટાન્ત તરીકે, આર્યદેશનો સામાન્ય આચાર 'પરમાત્મામાં શ્રદ્ધા રાખવી' એ છે. એનો વિરોધ આજે અંધ-શ્રદ્ધાના નામે કરવો, એ સુધારકોએ પોતા માટે પરમ કલ્યાણકારી માન્યું છે.

આજના એ નામધારી સુધારકો જાણે એવું જ માની બેઠા લાગે છે કે, પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા એ જ સઘળા વિનાશનું મૂળ છે. એવા-ઓની માન્યતા એ છે કે, ' પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાને ધરનારા આત્માઓ ધર્મમાં માનનારા હોય છે અને ધર્મ એ જ કજીયાનું મૂળ છે. ' અર્થ અને કામના કજીઆમાં મરી રહેલાઓ ધર્મને કજીઆનું મૂળ માનતાં કંપતા નથી. એ તેઓની કારમી અજ્ઞાનતા, અર્થ-કામરસિકતા અને ધર્મદ્વેષિતાનું સૂચક છે. દુનિયાના સ્વાર્થોમાં કલ્યાણ માનનારા અજ્ઞાન

સ્વાર્થીઓ સ્વાર્થવશ બની કજીઆ કરે છે અને એમાં પોતાના સ્વાર્થ માટે અવસરે ધર્મને પણ આગળ ધરે છે. એવા કજીઆખોરોના નામે આજના સુધારકો જ્યારે ધર્મને કજીઆનું મૂળ કહે છે, ત્યારે ખરે જ તેઓની બુદ્ધિભ્રષ્ટતા આદિ માટે કારમો તિરસ્કાર જ ઉપજે તેમ છે. 'જર, જમીન અને જોરૂ, એ ત્રણ કજીઆનાં છોરૂં,'–આ સર્વમાન્ય જેવી લોકોક્તિ છે. આવી લોકોક્તિ છતાં જર એટલે લક્ષ્મી, જમીન એટલે ભૂમિ અને જોરૂ એટલે સ્ત્રી, આ ત્રણ માટે આકાશ–પાતાળ એક કરવા જેવી મહેનત કરનારા અને એની સાધના માટે એક પણ અનીતિ આદિ પાપને જતું નહિ કરવા ઇચ્છતા આત્માઓ જ્યારે સુધારકના સ્વાંગમાં બહાર આવી, ધર્મને જ કજીઆનું મૂળ જણાવવા બહાર પડે છે, ત્યારે તેઓ તેમના સાચા પણ રાક્ષસી સ્વરૂપમાં જ બહાર આવતા જણાય છે.

લક્ષ્મી, ભૂમિ અને સ્ત્રી માટે મરનારાઓની ગણના શકય નથી. એ ત્રણની ઉપાસનામાં પડેલી દુનિયા જે રીતે રીબાઇ રહી છે, એ સૌ કોઇને માટે ઓછા કે વધતા અંશે પ્રત્યક્ષ છે. આ ત્રણની ઉપાસનાથી થતી રીબામણમાંથી બચાવનાર એક ધર્મ જ છે. એવો અનુપમ ધર્મ પણ જેઓને અનિષ્ટ રૂપ લાગે છે, તેઓના જેવા જગતના અકારણ શત્રુ કોઇ જ નથી. એ વાત સાચી છે કે, ધર્મના નામે ચાલતા અ–ધર્મોની સામે ઝુંબેશ ચલાવવી જોઇએ, પણ એવી ઝુંબેશના નામે ધર્મને જ અદૃશ્ય કરવા મથવું અને એ માટે પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા જેવા અનુપમ દેશાચારનું ઉલ્લંઘન કરીને જગતના ભદ્રિક આત્માઓને એ શ્રદ્ધાથી ઉભગાવવા મથવું, એ તો ભયંકરમાં ભયંકર છે : આમ છતાં પણ આજે એ કામ ધમધોકાર ચાલી રહ્યું છે. આજે ખુલ્લા નાસ્તિકો કરતાં પ્રચ્છન્ન નાસ્તિકો ખૂબ જ હાનિ પહોંચાડી રહ્યા છે. પ્રચ્છન્ન નાસ્તિકોને પણ તક મળી જાય છે તો તેઓને ઇશ્વરની જેમ પૂજાવાની અભિલાષા પ્રગટે છે અને એ અભિલાષાના યોગે તેવા આત્માઓ ઇશ્વરની કોઇ પણ આજ્ઞાને યથાર્થ રૂપે નહિ માનનારા હોવા છતાં, પોતાની આજ્ઞા સર્વ કોઇની પાસે મનાવવા માટે ઉત્સુક બની જાય છે.

એ ઉત્સુકતા એવાઓને અનેકવિધ છલોના ઉપાસક બનાવી દે છે અને પોતાના પુણ્યોદયે મળેલી સામગ્રીનો તેઓ એવો ઉપયોગ કરવા મંડી પડે છે કે જેને લઈને કોઇનું કલ્યાણ સધાતું નથી પણ અનેકોનું અકલ્યાણ જ સધાય છે. એવાઓ ઈશ્વરના નામે પણ એવું જ ધ્વનિત કરે છે કે, પોતે જે માને અને કહે એ જ સાચું. એવી ભ્રમજાળ પેદા કરીને તેઓ, પરમાત્માની શ્રદ્ધાના યોગે પરમાત્માના સ્વરૂપને પીછાનવા મથતી દુનિયાને પણ પોતા પ્રતિ આકર્ષી, કારમો અનર્થ મચાવવાને ચૂકતા નથી. આ રીતે તેઓ ગમે તેટલા લોકપ્રિય બને, તો પણ કોઇ પણ ધર્મશીલ વિભાગની પ્રિયતાને તેઓ પામી શકતા જ નથી.

સ્વાર્થીઓની કે એવી જ જાતના બીજાઓની અને અજ્ઞાનીઓની સામે સ્વાર્થની આંધીનું ધુમસ પ્રસરાવી, તેઓની પ્રિયતાના પાત્ર બનવું, એ કાંઇ ગુણ નથી પણ કારમો દોષ છે. એ દોષ આત્માને સદ્ધર્મથી વધુ ને વધુ દૂર જ લઇ જાય છે. એવાઓ ધર્મની પણ સ્વચ્છન્દી અને વારે વારે ફરી જતી વ્યાખ્યાઓ બાંધે છે, એટલે એવાઓને અને એવાઓના ઇરાદાપૂર્વકના અનુયાયીઓને કોઈ પણ સુંદર દેશાચાર, ગ્રામાચાર કે કુલાચાર પસંદ ન પડે એ સહજ છે. એવાઓ સુંદર આચારોનું ઉલ્લંઘન કરી અન્યોને પણ ઉલ્લંઘન કરાવવા મથે, એ પણ એટલું જ સ્વાભાવિક છે. કારણ કે, તેઓમાં પોતાની લાલસાઓની તૃપ્તિ માટે સદાચારના નામે જ અનેક અનાચારો કરવાની વૃત્તિ હોય છે. એવાઓ આર્યદેશમાં જન્મેલા આર્ય જાતિવર્ત્તો અને આર્ય કુલીનોના સુંદર આચારો પ્રત્યે પ્રસંગે પ્રસંગે કટાક્ષો કરવામાં ખૂબ જ આનંદ માને છે. સુંદર શીલની સુરક્ષા માટે પુરુષોએ સ્ત્રીઓ સાથે અને સ્ત્રીઓએ પુરુષો સાથે ભળવું, એ ઉત્તમ જાતિ અને ઉત્તમ કુલોમાં અનાચાર મનાય છે, આ માન્યતા સામે કારમો વિરોધ કરનારા સુંદર શીલના પક્ષપાતી નથી પણ વિરોધી જ છે. આવી રીતે આજના સ્વચ્છંદશીલ આત્માઓ સુંદર દેશાચારો, સુંદર ગ્રામાચારો અને સુંદર કુલાચારોના ઉલ્લંઘનમાં જ સુધારો માનનારા પાકયા છે. 'નવું સોનું અને જૂનું

ક્થિર '–આવી કૂટ માન્યતામાં પડેલા, એ બીચારાઓ સુંદર પણ જૂની વાતોનો ઉપહાસ અને અસુંદર એવી પણ નવી વાતોનો ઉપદેશ આદિ કરવામાં જ આનન્દ માને છે. આવા આત્માઓ સાચા શિષ્ટજનોની દૃષ્ટિએ કદી જ પ્રિય બની શકતા નથી.

## પ્રશ્નપદ્ધતિસાર.

વિ. ના ૧૨ ના શતકના પ્રાચીન પ્રશ્નોત્તર ગ્રન્થનો સાર.

**મૂળકર્તા : પં. શ્રી હરિશ્ચન્દ્રગણિવર**

સારલેખક : **મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ.**

[ ગતાંકથી આગળ ]

૨૫ **પ્ર૦**—શ્રી ઋષભદેવ ભગવાન તથા બાહુબલી ચોરાશી લાખ પૂર્વના સરખા આયુષ્યવાળા છે અને શ્રી ઋષભદેવ ભગવાન પછી છ લાખ પૂર્વ બાદ બાહુબલી જન્મ્યા તો પછી બન્ને મોક્ષમાં સાથે ગયા તે કેવી રીતે ?

**સ૦**—શ્રી ઋષભદેવ ભગવાનનું આયુષ્ય સૂર્ય સંવત્સરથી જાણવું, અને શ્રી **બાહુબલીનું** આયુષ્ય નક્ષત્ર સંવત્સરથી જાણવું તેમાં [ નક્ષત્ર સંવત્સરમાં ] એક માસમાં ત્રણ દિવસ ઓછા થાય છે એટલે સૂર્ય સંવત્સરથી દર માસે ત્રણ દિવસ નક્ષત્ર માસમાં ઓછા હોય છે, આથી 'સાથે સિદ્ધ થયા તે બરોબર છે.' આ "**उसह्रो उसह सुया**" ગાથાની પ્રમાણતાથી સ્હમજી શકાય છે.

૨૬ **પ્ર૦**—મહાનિશીથ સૂત્રમાં શ્રી કમલપ્રભસૂરિના અધિકારમાં શ્રી જિનવચનની અન્યથા પ્રરૂપણા કરનારને અનંતો કાલ સંસારમાં ભટકવાનું કહ્યું. અને જમાલિને તો ફક્ત પંદર ભવમાં મોક્ષે જશે એ રીતે જણાવ્યું છે તો તે કઇ રીતે ?

**સ૦**—જમાલિની ચારિત્રની ક્રિયા એવા પ્રકારની છે કે, 'એ પ્રકારની ક્રિયાથી પંદર જીવો સિદ્ધિમાં જાય.' આમ વૃદ્ધોના મુખથી સંભળાય

છે. અને તેથી 'જમાલિની તેજ ભવમાં મુક્તિ ઘટે' પરન્તુ જ્ઞાનિએ નિશ્ચય નયથી ભાવી તેના પંદરભવ જોયા તે કારણે ફરીથી મિથ્યાત્વ પામવાથી ઉપર જણાવેલા ભવ બાકી છે. નહિ તો જિનવચનને અન્યથા બોલનારને તો કમલપ્રભસૂરિની જેમ અનંતો કાળ સંસારમાં ભમવાનું જ છે.

૨૭ **પ્ર૦**—સ્ત્રીઓને એક માસમાં ગર્ભગ્રહણ કરવાની શક્તિ કેટલા અહોરાત્રની હોય છે?

**સ૦**—ઋતુ સમય પહેલાં સાત દિવસ અને ઋતુ સમય પછી સાત દિવસ મલીને ૧૪ દિવસ સુધી કમલ ખુલ્લું હોય છે. તે પછી બીડાઈ જાય છે. અને ઋતુ અવસરે ત્રણ દિવસ સુધી કમલમાંથી રૂધિર ઝરે છે તેથી મલીનતા થાય છે. એ કારણથી એક માસમાં ૧૪ દિવસ-રાત્રિ ગર્ભને ગ્રહણ કરવાની યોગ્યતા છે પણ કોઇ ગર્ભને ધારણ કરે અને કોઈ ન કરે.

૨૮ **પ્ર૦**—ગોશાલાને શ્રી મહાવીર ભગવાને દીક્ષા આપી હતી કે નહિ?

**સ૦**—ભગવતી સૂત્રમાં જણાવ્યું છે કે "મેં દીક્ષા આપી છે, ભણાવ્યો છે, પ્રવ્રજિત કર્યો છે," આ પ્રમાણેના વચનથી જણાય છે કે [ભગવાને] દીક્ષા આપી. પણ વસુદેવ હિન્ડિમાં તો શ્રી વીરભગવાનના ચરિત્રના અધિકારમાં જણાવ્યું છે કે ભગવાનની સાથે ગોશાલો રહ્યો પણ દીક્ષા આપ્યાનો અધિકાર નથી. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

૨૯ **પ્ર૦**—સમવસરણમાં ભગવાન શ્રી વીરસ્વામીને જોવાથી દેવાનંદાના બે સ્તનોનાં મુખવિવર, પહોળાં કેમ થયાં?

**સ૦**—ભગવાનના દર્શનથી હર્ષ થવાથી દેવાનંદા માતાના પયોધરના મુખ પહોળાં થયાં અને દૂધની ધારા ઝરી. આ રીતે સંપ્રદાયથી જણાય છે.

૩૦ **પ્ર૦**—'એક સ્ત્રીના ગર્ભમાંથી કાઢીને બીજી સ્ત્રીના ગર્ભમાં મૂકાયા, આવી અવસ્થા તમારા દેવની થઇ છે એ રીતે બોલીને મિથ્યાદૃષ્ટિઓ

મારી મશ્કરી કરે છે.' તેનો જવાબ શું આપવો? (આ રીતે માંડુકનગર–માંડવગઢના રહીશ ડોશી ગોત્રના દેવસી નામના શ્રાવકે પુછાવેલું)

સ૦—આ સ્થિતિ કર્મના વશથી થએલી કદર્થના જાણવી, તેથી કોઈએ મશ્કરી કરવા જેવું નથી. મિથ્યાત્વીઓના પુરાણમાં પણ આ હકીકત આવે છે કે, માન્ધાતા નામનો રાજા પુરુષની કુક્ષિમાં ઉત્પન્ન થયો. [તે શું હસવા લાયક ગણાય નહિ?]

૩૧ પ્ર૦—કુંજર ઘણો ભાર ઉપાડી શકે છે તેની જેમ સિંહ અને શૂકર કેમ ન ઉપાડી શકે?

ઉ૦—આ સ્થલે બળ અને પરાક્રમમાં ભેદ છે. હાથી બળવાન છે; જ્યારે સિંહ અને શૂકર પરાક્રમવાળાં છે.

૩૨ પ્ર૦—શ્રી **ગૌતમ**સ્વામી અષ્ટાપદ ઉપર ગયા તે શું આકાશમાર્ગે ગયા અગર તો બે પગવડે ગયા?

ઉ૦—પગથી જવાની સંભાવના થાય છે. નહિ તો તાપસોની દૃષ્ટિમાં આવી ન શકત. શાસ્ત્રોમાં પણ જણાવ્યું છે કે 'આત્મલબ્ધિથી ત્યાં યાત્રા કરે છે તે તે ભવમાં મોક્ષે જાય છે.'

૩૩ પ્ર૦—નિશિથસૂત્રમાં પાત્રના અધિકારે "वसाए वा," આનો શો અર્થ?

ઉ૦—ઘીના જેવું કોઇ દ્રવ્ય વિશેષ સમજવું પરન્તુ વશા શબ્દવડે માંસરૂપી ચરબી ગ્રહણ કરવી નહિ; કારણ કે તે ગ્રહણ કરવા લાયક નથી.

પ્ર૦—નિર્યુક્તિ ભદ્રબાહુસ્વામીએ કરી અને ચૂર્ણી [શ્રી જિનદાસગણિ] મહત્તરે કરી અને ભાષ્ય જિનભદ્રગણિએ રચ્યું તો પછી શ્રી ભગવતીસૂત્રમાં "**सुत्तत्थो खलु पढमो**" એ પ્રમાણે ગાથા આવે છે તે કેવી રીતે ઘટાવવી?

ઉ૦—જેમ ઘીની દૂધમાં સ્થિતિ રહેલી છે તેની જેમ સૂત્રમાં નિર્યુક્તિ, ચૂર્ણી, ભાષ્ય રહેલાં જ છે; પરન્તુ ઉપકાર કરવા સારુ આ મહા

પુરુષોએ ભિન્ન કર્યાં. જેમ વિચક્ષણ પુરુષ દૂધમાંથી ઘી જુદું દેખાડે છે તેની જેમ સમજવું.

૩૫ પ્ર૦—જાનવરને જોયા પછી કોઈ શીકારી પૂછે તો મુનિએ તેના જવાબમાં 'જોયું નથી એમ કહેવું' એ રીતે આચારાંગસૂત્રમાં જણાવ્યું છે તો મુનિઓને આ રીતનું જૂઠું બોલવું કઈ રીતે સંભવે?

ઉ૦—આ ઠેકાણે જૂઠું બોલ્યા છે તેવું ન સ્હમજવું. આવા અવસરે જિનેશ્વર દેવનું વચન જ પ્રમાણ સ્હમજવું. નહિ તો નદી ઉતરતાં પણ હિંસાની શંકા સંભવી શકે છે.

૩૬ પ્ર૦—રાત્રીમાં ચારે પ્રકારના આહારના પચ્ચખ્ખાણ કરનાર શ્રાવકને સ્ત્રીસંભોગમાં ચુંબન વગેરેથી પચ્ચખ્ખાણનો ભંગ થાય કે કેમ?

ઉ૦—ભંગ નથી થતો. કારણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરેલો છે અને ચુંબનાદિ આહારમાં નથી પરન્તુ એનો ત્યાગ કરે તો સારું.

૩૭ પ્ર૦—મૈથુનમાં જીવનો સંહાર શાથી?

ઉ૦—જેમ રૂની ભરેલી નળીમાં તપેલા લોખંડની સળી નાંખવાથી સઘળું રૂ બળી જાય તેની જેમ પુરુષના સંબંધથી સ્ત્રીની યોનિમાં રહેલાં જીવો નાશ પામે છે.

૩૮ પ્ર૦—મુનિઓને દાંડો રાખવાનું શું પ્રયોજન છે?

ઉ૦—નદી ઉતરવાના અવસરે નદીમાં રહેલાં પાણીના માપને જોવા માટે, અથવા એવા સ્થાનોમાં ચાલવામાં—પગ મૂકવામાં આધાર માટે તેનું વિધાન કરેલું છે.

૩૯ પ્ર૦—સ્ત્રી અને પુરુષોને મૈથુનની ઇચ્છા શાથી થાય છે?

ઉ૦—વેદના ઉદયથી સમજવું. જ્યારે પુરુષવેદનો ઉદય હોય ત્યારે સ્ત્રીની ઇચ્છા થાય અને સ્ત્રીવેદનો ઉદય હોય ત્યારે પુરૂષની ઇચ્છા થાય અને નપુંસક વેદોદયથી સ્ત્રી—પુરુષ બન્નેનો અભિલાષ થાય.

૪૦ પ્ર૦—વીરભગવાન અન્તિમ અવસરે મરુદેવી અધ્યયનને કહેતાં મોક્ષમાં ગયા તે અધ્યયન ક્યાં છે?

ઉ૦—અધૂરું હોવાથી ગણધરોએ વિચ્છેદ કર્યો.

૪૧ પ્ર૦ સુધર્માન્દ્રે–નમિરાજર્ષિને વિવિધ પ્રકારના વચનોવડે છેતરવાની પ્રવૃત્તિ કરી. તો તે વખતે ઇન્દ્રનું સમ્યકત્ત્વ દૂષિત થયું ગણાય કે નહિ ?

ઉ૦—સમ્યકત્ત્વ દૂષિત થયું નથી. કારણ કે નમિરાજર્ષિના પરિણામની પરીક્ષા માટે, અથવા સંયમમાં સ્થિર કરવા માટે તે વચનો કહ્યાં છે; પરન્તુ તેમને પાડવાની ભાવનાથી કહ્યાં નથી. પોતાના શિષ્યની ગાંભીર્યતા કે વ્રતમાં સ્થિરતા જોવા માટે આંબાના ફળનું ભક્ષણ કરવાની આજ્ઞા આપનારા ધર્માચાર્યની જેમ અહિં સમજવું.

૪૨ પ્ર૦—જ્ઞાતાધર્મકથામાં એ અધિકાર આવે છે કે, સાર્થવાહે પોતાની પુત્રોના માંસનું ભક્ષણ કર્યું તો આર્ય મનુષ્યમાં આ હકીકત કેમ સંભવે ?

ઉ૦—આ હકીકત ઉપમામાત્ર જણાય છે.

૪૩ પ્ર૦—જિનેશ્વરદેવના મંદિરમાં કોઇપણ ક્રિયા ન હોય ત્યારે શ્રાવક ચૈત્યવંદન કરતાં ઇરિયાવહિ કરે કે નહિ ?

ઉ૦—ચૈત્યવંદન જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટ, ત્રણ પ્રકારે કહ્યાં છે. તેમાં પણ એકએકના જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ ત્રણ ત્રણ ભેદો ગણતા નવ પ્રકાર થાય. આના ભાંગા કરતાં બે હજારને ચુમોતેર થાય. આ ૨૦૭૪ અધિકાર સહિત નવભેદમાં અવશ્ય ઇરિયાવહી કરવાની. અન્ય સ્થાને તો ઇરિયાવહી કેટલાક ભેદોમાં કહી છે. તે વિધિવાળાને માટે સમજવી તેમાં પણ **"हत्थसयाओ मज्झं"** એ ગાથાની પ્રમાણતાથી ૧૦૦ હાથની અંદર ઉપયોગ રાખનાર વિધિવાળાને ગમનાગમન આલોવવાનું નથી. વિધિ વિનાના એટલે દેવવંદનાદિ ક્રિયા નહિ કરનારાઓને તો આલોચવાનું રહેતું નથી. આ વૃદ્ધ સંપ્રદાય છે.

૪૪ પ્ર૦—ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં ઇરિયાવહી કરવી કહી તો જિનેશ્વરના મંદિરમાં જવામાં શું કલંક લાગ્યું તેથી ઇરિયાવહી કરવી પડે ?

ઉ૦—[ 'જિનમંદિરમાં જવાથી કલંક લાગ્યું' ] આવા પ્રકારનું વાકય ન બોલવું જોઈએ. ક્રિયાની વિધિમાં આત્મમળ દૂર કરવા માટે જિનેશ્વરોએ શરૂઆતમાં ( સાથે જ ) આલોચના જણાવી છે. પણ જિનેશ્વરના મંદિરમાં જવામાં પાપ લાગ્યું અને તેની ઇરિયાવહી કરવાની છે તેવું સમજવું નહિ. મંદિરમાં જવાથી તો પગલે પગલે મહાન્ નિર્જરા જાણવી.

૪૫ પ્ર૦—યતિઓ ( મુનિઓ ) દ્રવ્યપૂજા કરે કે નહિ ?

ઉ૦—ન કરે, જો કરે તો **મહાનિશિથસૂત્રમાં** જણાવેલા દોષોનો ભાગીદાર થાય.

૪૬ પ્ર૦ —કેટલાક બોલે છે કે ઇન્દ્રભૂતિ આદિનું ક્ષત્રિયકુળ છે તો તે શી રીતે ?

ઉ૦—આ તદ્દન ખોટું છે. ભગવાને કહ્યું છે કે "હે ઇન્દ્રભૂતિ ! તેં વેદપાઠ કર્યો પણ તું તેનો અર્થ જાણતો નથી." એ વચનથી તેઓ બ્રાહ્મણ હતા એ ધ્વનિત થાય છે, ક્ષત્રિયોને વેદપાઠ હોતો નથી. વેદ ભણવાનો અધિકાર તો બ્રાહ્મણોને જ છે.

૪૭ પ્ર૦—સમવસરણમાં **વીર** ભગવાનને **સૂર્યાભદેવે** કહ્યું કે "મારી ભક્તિથી ગૌતમ આદિ ઋષિઓને નાટક વિધિ દેખાડું" તો 'મુનિઓને નાટકાદિ કૌતુક જોવાનો નિષેધ કરેલો છે.' આમ સ્હમજવા છતાં સમ્યક્દૃષ્ટિ **સૂર્યાભદેવે** આમ કેમ પૂછયું ?

ઉ૦—મુનિઓને કૌતુકમાં ઉત્સુકતા હોય નહિ, પરંતુ દેવની આ વિપુલ શક્તિ જે ધર્મક્રિયાથી પ્રાપ્ત થઇ, તે રીતે ધર્મનું માહત્મ્ય બતાવવા માટે સૂર્યાભદેવે આમ કહ્યું છે. વળી કેટલાક અસ્થિર ચિત્તવાળા મુનિઓ તે ઋદ્ધિને જોઇને ધર્મક્રિયાઓમાં અપ્રમત્ત બને અથવા જિનેશ્વરોના મહિમાને જોઇ ઘણા લોકો ધર્મ પામે આ બુદ્ધિથી દેવે, મુનિઓના નિમિત્તે નાટક વિધિ કરી, તો શ્રી જિનેશ્વર દેવના મહિમાને જોવામાં શો દોષ છે ?

૪૮ **પ્ર૦—હરિણૈગમેષી** દેવે **વીર** ભગવાનને માતાના ઉદરમાંથી કેવી રીતે ગ્રહણ કર્યા !

ઉ૦—માતાના ગર્ભને યોનિદ્વારા કાઢીને બે હાથમાં ધારણ કરીને ગ્રહણ કર્યા.

૪૯ **પ્ર૦**—મુનિઓને આક્રોશ વચન બોલવાનું નિષિદ્ધ છે, તો શ્રી કેશીકુમાર મુનિયે **પ્રદેશી** રાજાને જડ-મૂર્ખ આવા પ્રકારના આક્રોશ વચનો કેમ કહ્યા ?

ઉ૦—હૃદયની નિર્મળતાથી, હિતશિક્ષા આપતી વેળાયે કઠોર વાણી પણ દોષરૂપ નથી ગણાતી.

૫૦ **પ્ર૦**—ધર્મકૃત્યમાં માયા ન કરવી તો **પ્રદેશી** રાજાના ચિત્રસારથીએ પ્રદેશીરાજાની સાથે અશ્વને ખેલાવવાના બ્હાને શ્રી કેશી મહારાજા પાસે લઇ જવાને માયા કેમ કરી ?

ઉ૦—અપ્રશસ્ત માયાનો નિષેધ છે પણ પ્રશસ્ત માયા તો અવસરે યતિઓને પણ કરવા લાયક છે. **શ્રાદ્ધ** પ્રતિક્રમણ **સૂત્ર**માં પણ "**जं बद्धमिंदिएहिं चउहिं कसाएहिं अप्पसत्थेहिं**" આ વચનથી અપ્રશસ્ત માયા નિન્દવા યોગ્ય કહી છે, પરંતુ આ તો રાજાને ધર્મની પ્રાપ્તિને માટે માયા કરેલી છે તેથી પ્રશસ્ત છે અને આથી માયા નથી પણ અમાયા જ છે.

# સાધુનો ધર્મ અથવા ધર્મમંગળ

## મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

**ચ**રમ તીર્થપતિ શ્રી વર્ધમાનસ્વામીના શિષ્ય અને તીર્થના સ્વામી **શ્રી સુધર્મ** ગણધર થયા. તેમના શિષ્ય **શ્રી જંબૂ** અને તેમના શિષ્ય **શ્રી પ્રભવ** થયા. તે **પ્રભવ**સ્વામીને એકદા મધ્ય રાત્રિએ ચિન્તા થઈ કે, 'મારો ગણધર ('ગણ' એટલે મુનિ સમુદાય તેને ધારણ કરનાર) કોણ થશે ?' પોતાના ગણમાં અને સંઘમાં સર્વત્ર ઉપયોગ મૂકયો

પણ ગણને અવિચ્છિન્ન રાખનાર કોઇ ન દેખાયો. ગૃહસ્થોમાં ઉપયોગ મૂકયો ત્યારે રાજગૃહનગરમાં યજ્ઞ યજતો '**શય્યંભવ**' બ્રાહ્મણ દેખાયો. ત્યાં આવીને બે સાધુને ભિક્ષા માટે યજ્ઞ-પાટકમાં મોકલ્યા. સાધુ ભિક્ષા માટે ગયા અને ધર્મલાભ આપ્યો તથા કહ્યું કે, '**अहो कष्टं, अहो कष्टं, तत्त्वं न ज्ञायते परम् ।**' દ્વાર પાસે ઉભેલા શય્યંભવે તે સાંભળ્યું અને વિચાર્યું કે ઉપશાંત તપસ્વીઓ અસત્ય ન બોલે, તુરત જ અધ્યાપક પાસે ગયો, અને 'તત્ત્વ શું છે?' એમ પૂછયું.

'વેદ તત્ત્વ છે.' એમ અધ્યાપકે કહ્યું.

તેના ઉત્તરમાં તલ્વાર ખેંચીને તત્વ નહિ કહેવામાં આવે તો આ તલવારવડે મસ્તકને છેદી નાંખીશ એમ કહ્યું. અધ્યાપકે વિચાર્યું કે મસ્તક છેદ વખતે સત્ય કહેવું જોઇએ એવી શ્રુતિ છે, તેથી કહ્યું કે, 'આ યજ્ઞસ્તંભ નીચે સર્વરત્નમયી અર્હંતની પ્રતિમા છે અને તે ધ્રુવ છે. તથા અર્હંતનો મત એ જ તત્ત્વ છે, શય્યંભવ તુરત જ અધ્યાપકનાં ચરણમાં પડ્યો અને યજ્ઞપાટકનો સર્વ ઉપસ્કાર તેને સોંપ્યો. તથા પોતે સાધુઓને શોધતો આચાર્યની સમીપે ગયો. આચાર્યને અને સાધુઓને વાંદીને કહ્યું કે, 'મને ધર્મ કહો' આચાર્યે ઉપયોગ મૂકયો 'આ તે જ શય્યંભવ છે' એમ ઓળખ્યો અને તેની આગળ સાધુધર્મ કહ્યો. તે સાંભળી શય્યંભવ બોધ પામ્યા. તુરત જ દીક્ષિત થયા. દીક્ષા અંગીકાર કરીને ગ્રહણ તથા આસેવન શિક્ષાનો અભ્યાસ કર્યો અને અનુક્રમે ચૌદપૂર્વી બન્યા.

શય્યંભવે દીક્ષા લીધી ત્યારે તેની સ્ત્રી ગર્ભવતી હતી. પુત્ર વિનાની તરુણ ભાર્યાને મૂકીને દીક્ષા લીધી એમ લોક બોલવા લાગ્યું, ત્યારે લોકના પૂછવાથી તેની સ્ત્રીએ કહ્યું કે, (ઉદરમાં) 'મનાક-થોડો (ગર્ભ) ઓળખાય છે' સમયે પુત્રને જન્મ આપ્યો તથા બારમા દિવસે '**મનક**' એવું નામ આપ્યું. બાળક આઠ વર્ષનો થયો ત્યારે માતાને પૂછવાથી માલૂમ પડયું કે પિતાએ દીક્ષા લીધી છે. એમ જાણી, નાસીને પિતા પાસે ગયો. તે વખતે પિતા (શય્યંભવ) આચાર્ય હતા. બહિર્ભૂમિએ

જતાં તેમણે બાળકને જોયો. બાળકે વંદન કર્યું. આચાર્ય અને બાળકને પરસ્પર સ્નેહ ઉત્પન્ન થયો. કયાંથી આવ્યો છે ? એમ આચાર્યે પૂછ્યું. બાળકે જવાબ આપ્યો. ' રાજગૃહથી '

કોનો પુત્ર છે ?

શય્યંભવ બ્રાહ્મણનો.

શા માટે આવ્યો છે ?

દીક્ષા લેવા.

મારી પાસે દીક્ષા લેવી છે ?

હા. એમ કહેવાથી દીક્ષા આપી. પછી ઉપયોગ મૂકયો તો માત્ર છ મહિના જીવશે, એમ જણાયું કારણ ચૌદપૂર્વી પૂર્વમાંથી શાસ્ત્રને ઉદ્ધરે અને અંતિમ દશપૂર્વી અવશ્ય ઉદ્ધરે, એવો નિયમ છે. એ નિયમ મુજબ મનક મુનિના હિતને કારણે ' વિકાલે ' એટલે મધ્યાહ્ન બાદ શેષ દિવસ બાકી હતો ત્યારે શાસ્ત્રને ઉદ્ધર્યું, તેથી તે શાસ્ત્રનું નામ ' દશ વૈકાલિક ' પડ્યું. તેના દશ અધ્યયન છે તથા બે ચૂલિકા છે. આત્મપ્રવાદ પૂર્વમાંથી ચોથું ષડ્જીવનિકા અધ્યયન, કર્મપ્રવાદ પૂર્વમાંથી પાંચમું પિંડૈષણા અધ્યયન, સત્યપ્રવાદ પૂર્વમાંથી સાતમું વાકયશુદ્ધિ અધ્યયન અને પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વમાંથી શેષ અધ્યયનો ઉદ્ધર્યાં.

તેના પહેલા અધ્યયનમાં ધર્મ પ્રશંસા છે. અને તે ધર્મ શ્રી જિનશાસનમાં જ છે, બીજે નથી કારણ કે નિરવદ્ય વૃત્તિ શ્રી જિનશાસનને છોડીને બીજે નથી, એમ કહ્યું છે.

બીજા અધ્યયનમાં ધૃતિ હોય તો જ જૈનધર્મ થાય, એમ કહ્યું છે.

ત્રીજા અધ્યયનમાં ધૃતિ આચારમાં જ જોઇએ, એમ કહ્યું છે.

ચોથા અધ્યયનમાં ' આચાર ' છ જીવનિકાય સંબંધી જોઇએ, એમ કહ્યું છે. પાંચમા અધ્યયનમાં આચાર માટે દેહ, દેહ માટે આહાર અને આહાર માટે ભિક્ષાવિશુદ્ધિ જોઇએ, એમ કહ્યું છે.

છઠ્ઠા અધ્યયનમાં ભિક્ષા સમયે મહતી આચાર કથા ન કરવી જોઈએ એમ કહ્યું છે.

સાતમા અધ્યયનમાં વચન વિભક્તિ એટલે સાધુઓની વાકયશુદ્ધિ કેવી જોઇએ, તેનું વર્ણન છે.

આઠમા અધ્યયનમાં આચાર પ્રણિધિનું જ વચન નિરવદ્ય હોય છે, એમ કહ્યું છે.

નવમા અધ્યયનમાં વિનયવાન જ આચાર પ્રણિહિત હોય છે, એમ કહ્યું છે. દશમા અધ્યયનમાં ભિક્ષુના ગુણોનું વર્ણન છે.

કર્મની પરતંત્રતા અને બલવત્તરતાથી ભિક્ષુને સંયમમાં સીદાવાનું થાય છે, તેને સ્થિર કરવા માટે અને સ્થિર થયેલાને અપ્રતિબદ્ધપણે વિહરવા માટે બે ચૂલિકા છે. પહેલી ચૂલિકાનું નામ 'રતિવાકય' ચૂલા અને બીજી ચૂલિકાનું નામ 'વિવિક્તચર્યા' ચૂલા છે.

જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામેલા અને મનક મુનિના પિતા શય્યંભવ ગણધરે શ્રી દશવૈકાલિક સૂત્રને એ રીતે પૂર્વગત સૂત્રમાંથી ઉદ્ધર્યું છે. **જિનપ્રતિમા એટલે રાગ, દ્વેષ, કષાય, ઇન્દ્રિય, પરિષહ અને ઉપસર્ગોને જીતનારાઓની સદ્ભાવસ્થાપના.** પ્રતિબોધ એટલે મિથ્યાત્વ અને અજ્ઞાનની નિદ્રાનો અપગમ. અને ગણધર એટલે અનુત્તરજ્ઞાન દર્શનાદિ ધર્મગણને ધારણ કરનારા, એવા શય્યંભવ ગણધરે જે શ્રી દશવૈકાલિક ગ્રન્થનો પૂર્વમાંથી ઉદ્ધાર એટલે વિરચના કરી, તેની આદિ ગાથા અને તેનો અર્થ આ પ્રમાણે છે—

**धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।**
**देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥ १ ॥**

**અર્થ:**—ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. તે ધર્મ અહિંસા, સંયમ અને તપ સ્વરૂપ છે. જેનું મન સદા ધર્મને વિષે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે. ૧

ધર્મના ચાર પ્રકાર છે નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ. તેમાં પ્રથમના ત્રણ પ્રકારને છોડીને ચોથા ભાવ ધર્મના ત્રણ પ્રકાર છે. ( ૧ ) લૌકિક ( ૨ ) કુપ્રાવચનિક અને ( ૩ ) લોકોત્તર.

ગ્રામ્યધર્મ, પુરધર્મ, દેશધર્મ, રાજ્યધર્મ, કુલધર્મ, નીતિધર્મ આદિ લૌકિક ' ભાવ ' ધર્મ છે.

ચરક પરિવ્રાજકાદિનો આરંભ પરિગ્રહ યુક્ત ધર્મ તે કુપ્રાવચનિક ' ભાવ ' ધર્મ છે.

સ્વાધ્યાયાદિ શ્રુતધર્મ અને ક્ષાન્ત્યાદિ ચારિત્ર ધર્મ એ લોકોત્તર ' ભાવ ' ધર્મ છે.

મંગળના બે પ્રકાર છે. દ્રવ્ય અને ભાવ. દ્રવ્ય મંગળ પૂર્ણ કલશાદિ અને ભાવ મંગલ સિદ્ધિ–સાધક ધર્મ.

અહિંસા, સંયમ અને તપ એ ધર્મરૂપ છે. તેમાં અહિંસાના બે ભેદો છેઃ એક દ્રવ્ય અને બીજો ભાવ.

દ્રવ્ય અહિંસા એટલે જીવનો અતિપાત ન કરવો.

ભાવ અહિંસા એટલે અપ્રમત્તપણે શુભયોગપૂર્વક પ્રવર્તન કરવું.

સંયમ સત્તર ભેદે છે. પાંચ ઈન્દ્રિય, પાંચ અવ્રત, ચાર કષાય અને ત્રણ યોગનો નિગ્રહ તે સંયમ.

તપ બાર પ્રકારે છે—અનશનાદિ ( ૬ ) બાહ્ય અને પ્રાયશ્ચિતાદિ ( ૬ ) અભ્યંતર.

તપ એ સંયમને ઉપકારક છે.

સંયમ એ અહિંસાને ઉપકારક છે. અને

અહિંસા એ ધર્મને ઉપકારક છે.

અહિંસા, સંયમ અને તપ એ રીતે પરસ્પર કાર્યકારણસ્વરૂપ હોવાથી કથંચિત્ ભિન્નાભિન્ન છે ( ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. )

અહિંસા, સંયમ અને તપસ્વરૂપ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, એવું શ્રી જિનવચન એ સત્ય, સિદ્ધ અને પ્રતિષ્ઠિત છે. તેથી વિચાર (સંશય) કર્યા વિના જ અંગીકાર કરવા લાયક છે, તો પણ તેવા પ્રકારના શ્રોતાને પામીને હેતુ અને ઉદાહરણ પણ આપવા જોઇએ. શ્રોતા મન્દ, મધ્યમ અને પટુબુદ્ધિવાળા હોય છે. પટુબુદ્ધિવાળાને એક હેતુ જ બસ છે. મધ્યમ અને મંદબુદ્ધિવાળાને ઉદાહરણાદિની પણ જરૂર છે.

ઉદાહરણ બે પ્રકારના હોય છે. ચરિત અને કલ્પિત. હેતુ અનેક પ્રકારના હોય છે. યાપક, સ્થાપક, વ્યંસક, લૂસકાદિ–શ્રોતા વિશેષને પામીને જ્ઞાનના કારણભૂત સર્વ પ્રકારના સત્ય હેતુ અને સાધક ઉદાહરણો ઉપકારક છે.

(૧) અહીં અહિંસાદિ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. એ **પ્રતિજ્ઞા** છે.

(૨) સુધર્માને દેવો પણ પૂજે છે એ **હેતુ** છે.

(૩) દેવાદિ પૂજ્ય તીર્થંકર ગણધરો **ઉદાહરણ** છે.

(૪) અહિંસાદિ ધર્મમાં દેવ પૂજ્યત્વ છે એ **ઉપનય** છે.

(૫) અને તેથી અહિંસાદિ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે એ **નિગમન** છે. તે ઉપરથી ફલિત થતી બીજી પ્રતિજ્ઞા એ છે કે,

(૧) અહિંસાદિ ધર્મ શ્રી જિનશાસનમાં જ છે.

(૨) **હેતુ**—શ્રી જિનશાસનને વિષે રહેલા સાધુઓ જ અહિંસાદિને વિષે સાચા ભાવથી પ્રયત્ન કરે છે.

(૩) **ઉદાહરણ**—સુસાધુઓ ભ્રમરોની જેમ કોઇને પણ કીલામણા ઉત્પન્ન કર્યા વિના નિરવદ્યવૃત્તિથી જીવન જીવે છે.

(૪) **ઉપનય**—શ્રી જિનશાસનમાં સુસાધુઓ અહિંસાદિને વિષે સાચા ભાવથી પ્રયત્ન કરે છે. તે કારણે.

(૫) **નિગમન**—શ્રી જિનશાસનમાં જ અહિંસાદિ ધર્મ રહેલો છે.

**પ્રતિજ્ઞાશુદ્ધિ**—કુતીર્થિકોને વિષે અહિંસાદિ શબ્દ અને તેની

પ્રશંસા છે પણ તે ઉપચારથી છે. પરમાર્થથી નથી. અહિંસાદિ પરિપાલનનું જ્ઞાન અને પ્રયત્ન તેમને નથી, કારણ કે, તેઓમાં સાવદ્ય પ્રવૃત્તિ દેખાય છે.

**હેતુશુદ્ધિ**—શ્રી જિનશાસનને વિષે રહેલા સાધુઓમાં ભક્ત, પાન, ઉપકરણ, વસતિ, શયન, આસનાદિને વિષે પ્રાસુક, અકૃત, અકારિત, અનનુમત અને અનુદ્દિષ્ટાદિ ગ્રહણ કરવા માટે જેવો પ્રયત્ન છે તેવો કુતીર્થિકોમાં નથી. કુતીર્થિકો કૃત-કારિતાદિને પણ ભોગવે છે અને તેથી ત્રસ સ્થાવરાદિ જીવોની હિંસાથી લેપાય છે.

**દૃષ્ટાંતશુદ્ધિ**—ભ્રમરો પુષ્પનો રસ પીએ છે, પણ પુષ્પને કીલામણા ઉપજાવતા નથી તેમ સાધુઓ ગૃહસ્થોરૂપી વૃક્ષોનો આહારાદિ રસ લે છે, પણ ગૃહસ્થોને પીડા ઉપજાવતા નથી.

**जहा दुम्मस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।**
**न य पुप्फं कीलामेइ, सो य पीणेइ अप्पयं ॥ २ ॥**

**અર્થ:**—જેમ ભ્રમર વૃક્ષના પુષ્પોનો રસ પીએ છે. પણ પુષ્પને કીલામણા ઉપજાવતો નથી તથા પોતાના આત્માને તૃપ્ત કરે છે. ૨

**एमेए समणा मुत्ता, जे लोए संति साहूणो ।**
**विहंगमा व पुप्फेसु, दाणभत्तेसणा रया ॥ ३ ॥**

**અર્થ**—એ રીતે જે નિર્લોભી શ્રમણ સાધુઓ લોકમાં છે તેઓ પુષ્પોને વિષે ભ્રમરોની જેમ દાન, ભક્ત અને એષણામાં રક્ત છે.

અહીં ભ્રમરનું દૃષ્ટાંત આહરણ દેશ એટલે એકદેશીય ઉદાહરણ છે. ભ્રમરની અસંજ્ઞિતા અને અવિરતિતાદિનું ગ્રહણ નથી કિન્તુ ભ્રમરની અપીડાકારિતા અને અનિયત ચારિતાદિનું ગ્રહણ છે. વરસાદ જેમ તૃણ માટે વરસતો નથી કે તૃણ જેમ હરણ માટે વધતાં નથી તથા વૃક્ષો જેમ ભ્રમરોને માટે ફુલતાં નથી, તેમ ગૃહસ્થો સાધુઓ માટે પાક (રસોઇ) કરતા નથી—કાન્તાર, દુર્ભિક્ષ, આતઙ્ક[1] કે રાત્રિ આદિને

૧ સદ્યો ઘાતિ રોગ.

વિષે સાધુઓ આહાર કરતા નથી, તો પણ ગૃહસ્થો પાક કરે છે. જે દેશમાં સાધુઓ વિચરતા નથી, તે દેશમાં પણ ગૃહસ્થો પાક કરે છે. વરસાદ વરસવો ને ઘાસનું ઉગવું જેમ સ્વાભાવિક છે. તેમ પાક કરવો તે ગૃહસ્થોની પ્રકૃતિ જ છે ગામ, નગર અને નિગમોમાં વસતા ગૃહસ્થો પોતાને માટે અને પરિજનને માટે પાક કરે છે, તેમાંથી સાધુઓ રાગ-દ્વેષ રહિતપણે, મનોયોગાદિ અને સંયમયોગાદિને સાધવા પરકૃત પરનિષ્ઠાદિ આહારને લે છે કિન્તુ વર્ણ બલાદિને માટે લેતા નથી. અહિંસા પાળવા માટે તથા છ સ્થાનને સાચવવા માટે ઉદ્‌ગમ, ઉત્પાદના અને એષણાના દોષોને ટાળીને નવ કોટિ વિશુદ્ધ આહારને મુનિઓ ગ્રહણ કરે છે. મુનિને આહાર લેવા માટે છ સ્થાનો સાચવવાના છે, તે સ્થાનોનાં નામ.

૧. ક્ષુધા વેદના શમાવવા માટે.

૨. વૈયાવચ્ચ કરવા માટે.

૩. ઈર્યાસમિતિ પાળવા માટે.

૪. સંયમ સાધના કરવા માટે.

૫. પ્રાણ ધારણ કરવા માટે તથા.

૬. સ્વાધ્યાયાદિ ધર્મચિન્તા કરવા માટે મુનિએ આહાર લેવાનો છે.

**ઉપનય શુદ્ધિ**—લોભ રહિત અને સિદ્ધિ માટે પ્રયત્ન કરનારા સુસાધુઓ અદત્ત ( નહિ આપેલ ), અપ્રાસુક ( જીવ સહિત ) અને અનેષણીય ( દોષની ગવેષણા કર્યા વિનાનો ) આહાર લેતા નથી કિન્તુ દત્ત પ્રાસુક અને એષણીય આહારનેજ ગ્રહણ કરે છે. ભ્રમરો લોભ સહિત છે તથા અદત્ત, અપ્રાસુક અને અનેષણીયને ગ્રહણ કરે છે. માત્ર ભ્રમરો પીડા ઉપજાવતા નથી અને અનિયત વૃત્તિએ ફરે છે. એટલું જ સામ્ય છે.

**वयं च वित्तीं लब्भामो, न य कोइ उवहम्मइ ।**
**अहागडेसु रीयन्ते पुप्फेसु भमरा जहा ॥ ४ ॥**

**અર્થ**:—અમે વૃત્તિને મેળવીશું પણ કોઇને પીડા ઉપજાવીશું નહિ. પુષ્પોને વિષે ભ્રમરોની જેમ–એ રીતે સાધુઓ આત્માર્થનિવર્તિત ( ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલા ) આહારને વિષે ફરે છે. ॥ ૪ ॥

**નિગમનશુદ્ધિ**=મધુકર સમાન અપીડાકારી હોવાથી સાધુઓ કહેવાય છે. સાધુઓનું ઈર્યા, ભાષા, એષણાદિ સર્વ આચરણ ત્રસ સ્થાવર જીવોને પરમાર્થથી હિતકારી છે. એ કારણે દયા, સત્યાદિ ગુણપાલનમાં સુસ્થિત થયેલા સાધુઓથી સધાતો ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે. અન્ય તીર્થિકો પણ ધર્મ માટે જ ઉત્થિત થયેલા હોવા છતાં પૃથ્વી આદિ કાયોની ચેતનાદિને જાણતા નથી અને પાળતા નથી તથા તેવા પ્રકારનું આગમ તેમના શ્રવણપથમાં પણ આવતું નથી. મધુકરો પણ તેવા પ્રકારનું ( ઉદ્ગમાદિ દોષોથી શુદ્ધ ) ગ્રહણ કરતા નથી કે જેવું શુદ્ધ–ત્રિગુપ્તિગુપ્ત સાધુઓ કરે છે. સાધુઓ નિત્યકાળ મન વચન કાયા તથા કષાય અને ઇન્દ્રિયોને દમે છે, બ્રહ્મચર્યને ધારણ કરે છે, તથા તપમાં ઉદ્યત રહે છે, તેથી તેમને જ સાધુઓ કહેવાય છે.

**महुकारसमा बुद्धा, जे भवंति अणिस्सिया ।**
**नाणापींडरया दंता, तेण वुच्चंति साहुणो ॥ ५ ॥**

**અર્થ**:—ભ્રમરસમાન અપીડાકારી, ઇન્દ્રિયોને દમન કરનારા, દોષોને જાણનારા, નિઃસ્પૃહ તથા વિવિધ પીંડ ગ્રહણ કરવામાં રક્ત હોય છે, તે કારણે સાધુઓ કહેવાય છે. ॥ ૫ ॥

**પ્રથમ પ્રતિજ્ઞા** એ હતી કે ' ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે ' તેની પણ શુદ્ધિ વગેરે બતાવવામાં આવે છે. આપ્તવચન નિર્દેશને પ્રતિજ્ઞા કહેવાય છે. આવી વચન નિર્દેશને આગમ પણ કહેવાય છે પરંતુ તે આગમ જ્યારે અપ્રતિપન્ન[1] અને વિપ્રતિપન્નની[2] આગળ કહેવાય છે, ત્યારે પ્રતિજ્ઞા બની જાય છે. સાધ્ય વચન નિર્દેશને પણ પ્રતિજ્ઞા કહેવાય છે.

**પ્રતિજ્ઞા, વિશુદ્ધિ, વિપક્ષ અને પ્રતિષેધ.**

---

૧. અજાણ ૨. વિપરીત જાણનાર.

**પ્રતિજ્ઞા**—અહિંસાદિ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે.

**પ્રતિજ્ઞાની વિશુદ્ધિ**—શ્રી જિનમતમાં ધર્મ અને અન્ય મતમાં અધર્મ પ્રત્યક્ષ દેખાય છે. પરિવ્રાજકાદિ, વસ્ત્રાદિ અપૂત ઘણાં જલાદિનો ઉપભોગ કરે છે, માટે ત્યાં અહિંસાદિ ધર્મ નથી. શ્રી જિનમતમાં રહેલા જીવોનો વધ કર્યા વિના વૃત્તિને વિષે પ્રયત્ન કરે છે, માટે ત્યાં અહિંસાદિ ધર્મ છે.

**પ્રતિજ્ઞાનો વિપક્ષ**—શ્વસુરાદિને નમસ્કાર પણ મંગળ છે. કારણ કે શ્રી જિનવચન પ્રદ્વિષ્ટ અને અધર્મરુચિ એવા શ્વસુરાદિને પણ લોક મંગળ બુદ્ધિએ નમસ્કાર કરે છે.

**વિપક્ષનો પ્રતિષેધ**—શ્વસુરાદિનો નમસ્કાર મંગળરૂપ નથી. હિત કરે તે મંગળ અથવા ભવથી ગાળે તે મંગળ. અધર્મરૂચિ કે ધર્મ-પ્રદ્વિષ્ટ શ્વસુરાદિના નમસ્કારથી હિત થતું નથી અને ભવક્ષય પણ થતો નથી.

## હેતુ, વિશુદ્ધિ, વિપક્ષ અને પ્રતિષેધ

**હેતુ**—સુરેન્દ્રાદિ પૂજિત છે, માટે (ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે)

**હેતુની વિશુદ્ધિ**—ધર્મસ્થાનમાં રહેલાને દેવો પણ પૂજે છે. નિષ્કષાયપણે પૃથ્વીકાયાદિને પીડયા વિના તપશ્ચરણાદિવડે જેઓ જીવન જીવે છે, તેઓ પરમ ધર્મસ્થાનમાં રહેલા કહેવાય છે.

**હેતુનો વિપક્ષ**—યજ્ઞયાજીઓ પણ સુરાદિને પૂજ્ય છે.

**વિપક્ષનો પ્રતિષેધ**—યજ્ઞયાજીઓ અજિતેન્દ્રિય, અને સોપધિક છે તેથી પરમ ધર્મસ્થાનમાં રહેલા નથી. અજિતેન્દ્રિય, સોપધિક અને વધકાદિ પણ જો પૂજ્ય મનાય તો અગ્નિને શીત માનવો પડે અથવા આકાશકુસુમની માળાઓ પણ વન્ધ્યા પુત્રોની છાતીઓને શોભાવનારી બને એમ માનવું પડે. કાલદોષથી અવિવેકી લોક યજ્ઞયાગાદિ કરનારા હિંસકોને પણ મંગળ બુદ્ધિથી પૂજે તો પણ નિર્મળ મતિવાળાઓને અપૂજ્ય છે. દેવેન્દ્રાદિ સુવિશુદ્ધ નિર્મળ બુદ્ધિને ધારણ કરનારા હોય

છે, તે અહિંસાદિ લક્ષણ ધર્મસ્થાનને વિષે રહેલાઓને જ પૂજે છે, કિંતુ હિંસક યજ્ઞયાજીઓને નહિ.

## દષ્ટાંત, વિશુદ્ધિ, વિપક્ષ, પ્રતિષેધ,

**દષ્ટાંત**—તીર્થંકર ગણધરોની જેમ.

**દષ્ટાંતની વિશુદ્ધિ**—અરિહંતો અને તેમને માર્ગે ચાલનારા સાધુઓ જ પાકને વિષે રક્ત એવા ગૃહસ્થોને વિષે આહારાદિને શોધે છે. તેથી તેઓ જ અહિંસક અને અવધક છે. વિશિષ્ટ વિવેકવાળા, નિષ્કલંક મતિવાળા તથા અભ્રાન્ત ચિત્તવાળા સુરેન્દ્રાદિ, પૂજ્યને જ પૂજે છે કિન્તુ કદી પણ અપૂજ્યને પૂજતા નથી.

**દષ્ટાંતનો વિપક્ષ—બુદ્ધ** કપિલાદિને પણ લોક નમે છે.

**પ્રતિષેધ**—બુદ્ધાદિ જે પૂજાના સ્થાન ગણાય છે, તે ઉપચારથી પણ વસ્તુસ્થિતિ વડે નહિ. કિંચિદ્ અતીન્દ્રિય પદાર્થોનું કથન કરનારા હોવાથી લોકમાં પૂજ્ય મનાય છે. પણ પરમાર્થથી પૂજ્ય તો સર્વજ્ઞત્વાદિ અસાધારણ ગુણયુક્ત **અરિહંત**-ગણધરો જ છે. સર્વજ્ઞત્વ અને સન્માર્ગ-પ્રરૂપકત્વ **બુદ્ધ-કપિલાદિમાં** નહિ પણ અરિહંત ગણધરાદિમાં રહેલું છે. અરિહંતો અને તેમને માર્ગે ચાલનારા સુસાધુઓ અહિંસાદિ ગુણોથી યુક્ત અને રાગદ્વેષ રહિત સમચિત્તવાળા હોય છે, તેથી પરમાર્થથી તેઓ જ પૂજવા લાયક છે.

## ઉપનય અને નિગમન.

**ઉપનય**—પરમ ધર્મસ્થાનમાં રહેલા અરિહંતો અને સુસાધુઓ સુરનરોને પૂજ્ય છે.

**નિગમન**—સુરનરોને પૂજ્ય હોવાથી શ્રી જિનમતમાં રહેલો ધર્મ એજ ઉત્કૃષ્ટ મંગળ છે.

**ઉપસંહાર**—સાતાવેદનીય, શુભ આયુ, શુભ નામ, શુભ ગોત્ર, સમ્યક્ત્વ, પુરૂષવેદ, હાસ્ય, રતિ આદિ પુન્ય પ્રકૃતિઓ એ અહિંસા

ધર્મનુંજ ફળ છે; તેથી તે પરમ મંગળ છે અને તે ધર્મ શ્રી જિન-મતમાં જ છે.

મોહતિમિરોપપ્લુતબુદ્ધિ અને લોચન[1]વાળો લોક યદ્યપિ શ્વસુરાદિને, યજ્ઞયાજીઓને અને બુદ્ધ કપિલાદિને મંગળ બુદ્ધિએ નમે છે, તો પણ તે મંગળત્વના નિશ્ચય માટે સમર્થ નથી.

તૈમિરિકનું[2] દ્વિચન્દ્રાદિજ્ઞાન[3] અતદ્રૂપમાં તદ્રૂપપણાના અધ્યવસાયવાળું હોવાથી જેમ અપ્રમાણિત છે, તેમ વિવેકલોચનથી લુપ્તમતિવાળા અને અતદ્રૂપપણામાં તદ્રૂપપણાના અધ્યવસાયવાળા લોકનું ધર્મપ્રદ્વિષ્ટ, અધર્મરૂચિ અને અસર્વજ્ઞત્વાદિને ધારણ કરનારાઓનું પ્રણમન પણ પ્રમાણિત નથી. વર્તમાન કાળમાં પણ નિર્મળ બુદ્ધિવાળા રાજાદિક વિશિષ્ટ લોક જ્ઞાની, સદાચારી, અને ધર્મરૂચિ જીવોને સન્માન આપે છે કિન્તુ અધર્મરૂચિ, અસદાચારી, કે અસત્ પ્રરૂપક જીવોનો આદર કરતા નથી. તેથી સિદ્ધ થાય છે કે—

૧. અહિંસાદિ ધર્મ એ જ મંગળ છે.

૨. અહિંસાદિ ધર્મને સાધનારા સુસાધુઓજ છે.

૩. અરિહંતો અને તેમને માર્ગે ચાલનારા સુસાધુઓને વિવેકી લોક મંગળ બુદ્ધિએ નમે છે.

૪. સુસાધુઓ અકૃત-કારિતાદિ ભોજી હોય છે, તેથી સુરપૂજ્ય છે.

૫. સુરપૂજ્ય હોવાથી સુસાધુઓનો અહિંસાદિ ધર્મ એ જ પરમ મંગળ છે.

---

૧ મોહાંધકારથી વ્યાપ્ત બુદ્ધિ અને ચક્ષુ ૨ તિમિર રોગવાળો (રતાંધળો) ૩ આકાશમાં બે ચંદ્ર છે, એ મિથ્યા જ્ઞાન.

# દુર્ગતિગામી શ્રી કંડરીક.

## પ્રવર્તક શ્રી ચન્દ્રવિજયજી મહારાજ–ધાનેરા

**મહાવિદેહ** ક્ષેત્રમાં **પુંડરીકિણી** નામે નગરી છે. તે નગરીના રાજ્યાસન ઉપર **પુંડરીક** અને **કંડરીક** નામે બે ભાઇઓ આવેલા હતા. તેઓમાં કંડરીક ધર્માનુરાગી હતો પણ તેનું હૃદય અસ્થિર હતું. તેમજ તે પોતાના મન ઉપર કોઈ દિવસ કાબૂ રાખી શકતો નહીં. અન્યદા કોઇ વખત ત્યાં મુનિરાજ પધાર્યા અને કંડરીક વંદનાર્થે ત્યાં ગયો. પૂજ્યશ્રીની દેશના સાંભળી વૈરાગ્ય દશા ઉત્પન્ન થઇ અને ઘરે પોતાના ભાઈ પુંડરીકને રાજ્ય સોંપી ચારિત્ર ગ્રહણ કર્યું.

દેશ–વિદેશ વિચરતાં વિરસ, નિરસ આહારને લઇ શરીરમાં મહારોગ ઉત્પન્ન થયો. વળી રોગની પીડાના કારણે મનમાં અનેક તરંગી વિચારો ઊછળવા લાગ્યા. પરિણામે **ચારિત્ર દુ:ખદાયક નીવડયું.** છેવટે એક જ નિર્ણય ઉપર આવ્યો કે, 'પાછું રાજ્ય મલે તો, રોગ સમાવેશ કરી ભોગવિલાસને ભોગવું.' અહો **કર્મની કેવી વિટંબના છે !**

આ પ્રમાણે વિચારી વર્ષો સુધીનો સંયમી, પાછો પોતાની ભૂમિના ઉદ્યાનમાં આવે છે. અને તે જ અશોક વાડીમાંના વૃક્ષ ઉપર અનંતા સુખના વેષને લટકાવી વનપાળક દ્વારા પોતાના ભાઇ પુંડરીકને બોલાવે છે અને પુંડરીક ત્યાં આવી જુવે છે તો ભાઇ સંયમી છતાં. ચારિત્રમાં પતિતપરિણામી જાણી ખેદ પામી અનેક પ્રકારે સમજાવે છે. છેવટે પુંડરીક વેષ લઈ ચારિત્રવાન થયો અને કંડરીક રાજ્યવિલાસના ભોગોને ભોગવતો રહ્યો. અને કોઇએ આજ્ઞા નહીં માની ત્યારે કષાય પ્રવૃત્તિમાં આવી કર્મ બંધન કરતો. અન્યદા અજીર્ણના રોગથી રાત્રે કોઈ ન આવ્યું.

તે વિચારવા લાગ્યો કે, પ્રભાતમાં બધાની ખબર લઊં. આવા રૌદ્રધ્યાનથી રાત્રે મરી દુર્ધ્યાનથી સાતમી નરકે તેત્રીસ સાગરોપમના આયુષ્યનાં દુ:ખમાં જઇ પડ્યો.

હે ચેતન ! આ કંડરીકના દૃષ્ટાંતથી તારા આત્માને પ્રતિબોધ કે

જેથી દુર્ગતિમાં ન જ જવું પડે. ચારિત્ર જેવી વસ્તુ પ્રાપ્ત થયા પછી સંસારની ભાવના જે ઇચ્છે છે તેઓ કુંડરીકની જેમ નીચી ગતિના અધિકારી થઈ પડે છે જ્યારે મોક્ષની ભાવનાથી જેઓ વ્રત પાળે છે તેઓ પુંડરીકની જેમ અનંતા સુખમાં રમે છે.

# દ્રવ્યાનુયોગની વિચારણાના નામે સ્વમતના પ્રચારની ઈંદ્રજાળ.

## દ્રવ્યગુણ પર્યાયનો રાસ:—વિસ્તૃત વિવેચન.

### મુનિરાજશ્રી મુક્તિવિજયજી મહારાજ.

[ ૪ ]

અનંતઉપકારી ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોએ કહેલા ઉત્તમોત્તમ એવા અનુષ્ઠાન ધર્મનો ઉચ્છેદ કરી, સ્વમત પ્રચારની બૂરી નેમવાળા સોનગઢવાસી શુષ્ક અધ્યાત્મીઓ પોતાના મતસમર્થનમાં નીચેના મુદ્દાઓ અજ્ઞાન અને ભદ્રિક સમાજની આગળ રજૂ કરી એમની ભાવ મિલ્કતને ખરેખર લૂંટી લે છે. જે મુદ્દાઓને ખંડનપૂર્વક આપણે અહિં વિચારીએ.

**મુદ્દો:** ૧—ચૈતન્ય સ્વરૂપ આત્મામાં રહેલાં જ્ઞાનાદિ ગુણો જડ એવા કર્મોથી હણાતા નથી પણ આત્માની સ્વભાવદશાથી જ હણાય છે.

**મુદ્દો:** ૨—સંસારી જીવને કર્મનો સંબંધ અનાદિ કાળથી વળગેલો હોવા છતાં પણ કર્મ અને જીવ દ્રવ્યો પરસ્પર આંત્યતિક ભિન્ન છે. અને એક બીજા ઉપર ઉપકાર્ય ઉપકારક બની શક્તાં નથી. એથી જ ઉપવાસ, આંબિલ કે એકાસણુંસ્વરૂપ બાહ્ય તપ કરવાથી ' મારાં કર્મોની નિર્જરા થઈ ' એમ બોલવું એ પણ નરી અજ્ઞાનતા જ છે. કેમકે જીવ અને કર્મને કંઇ લેવાદેવા જ નથી.

**મુદ્દો:** ૩—જિનમૂર્તિનાં દર્શન, વંદન કે પૂજન આત્માની વિભાવદશાને ટાળવામાં લેશ માત્ર પણ સહાયક નથી પણ માત્ર પુણ્યબંધમાં જ

કારણ છે. પુણ્યબંધ પણ પાપબંધની માફક સર્વથા સર્વ અંશે હેય છે માટે વિષ તુલ્ય છે. આથી એ પણ સમજી લેવું કે પુણ્ય-બંધમાં કારણભૂત દાનાદિ જે જે ક્રિયાઓ છે તે સઘળી વર્જ્ય કોટિની છે.

**મુદ્દો**: ૪—પ્રતિક્રમણ કે પ્રતિલેખન આદિ શુભ ક્રિયાઓ એ આત્માને કંઈ પણ ઉપકારક નથી. કેમકે તે પુદ્ગલની ક્રિયા છે. જડની ક્રિયા એ ચેતનમાં ઉપકારક હોય. ખરી કે? એ જ રીતે રાત્રિભોજન, અભક્ષ્યભક્ષણ આદિ અશુભ ક્રિયાઓ પણ આત્માને કંઈ પણ નુકશાનકર્તા નથી કારણ કે શરીરરૂપ પુદ્ગલ અભક્ષ્ય સ્વરૂપ પૌદ્ગલિક પદાર્થને ખાય. એમાં આત્માને શું લાગેવળગે?

**મુદ્દો**: ૫—ખરેખરો ધર્મ આત્માના સ્વરૂપચિંતનમાં છે. હું સત્-ચિદાનંદમય છું. અખંડ આનંદ જ્યોતિઃસ્વરૂપ છું. મારૂં સ્વરૂપ અનંતજ્ઞાનાદિમય છે. કર્મને ને મારે કાંઈ લેવાદેવા નથી. એ બિચારૂં જડ છે. મારા સ્વરૂપને તિરોહિત કરવાની એનામાં શું શક્તિ બળી છે! અત્યાર સુધી મેં જે માન્યું કે કર્મે મારા ગુણોને દબાવ્યા છે. એ જ મારી મોટામાં મોટી મૂર્ખાઈ છે. જે કોઇ કર્મને મહત્ત્વ આપી તેને તોડવાના ઉપાયો બતાવે છે તે બિચારા ભવચક્રમાં અનંતાનંત ભવો ભમે છે. જેને મોક્ષ જોઇતો હોય તે અમારી ઉપરોક્ત વાતો માનો નહિ તો જેમ અનંત ભવો થયા તેમ આ ભવનો પણ રખડપટ્ટીમાં વધારો થશે.

ટૂંકમાં આ મતે હું પરમાત્મા છું અને મારો સ્વરૂપ ચિંતવન્ કે પરપદાર્થોમાં જ્ઞાતૃદૃષ્ટૃભાવ રાખ્યા સિવાય મુક્તિની સાધના માટે કશું કરવાનું નથી. આવી જાતની અનંત જ્ઞાનીઓના શાસનની વિરુદ્ધ અને સ્વચ્છંદી માન્યતા ફેલાવાના પ્રતાપે સેંકડો આત્માઓ ભગવાન્ શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલા વ્રત, પચ્ચખાણ આદિ અનુષ્ઠાનોથી પતિત થયા છે. તેમજ રાત્રિભોજન, અભક્ષ્યભક્ષણ આદિ પાપાચારોમાં અધિક ને અધિક લેપાતા ગયા છે. વર્તમાનના જડવાદના જમાનામાં એક બાજુ સ્વચ્છંદતા, યથેચ્છ

આહારવિહાર અને સીનેમા નાટકનાં અશ્લિષ અને બીભત્સ ચિત્રોથી પ્રજામાં વ્યભિચારિતા વધી રહી છે જ્યારે બીજી બાજુ વામમાર્ગીઓની પેઠે પુદ્ગલની ક્રિયાના નામે પાપાચારોને પોષનારા આવા કુમતો વધી રહ્યા છે. આવા કપરા સંજોગોમાં આર્યાવર્તની પવિત્ર સંસ્કૃતિ સ્વરૂપ ગુલાબની પાંખડી પર ખેરના અંગારા વરસે એમાં નવાઈ પામવા જેવું શું છે? ખરેખર આવા શુષ્ક અધ્યાત્મીઓ જ્ઞાનીઓએ ફરમાવેલ ઉત્તમ એવા નિશ્ચય ધર્મને પણ પામી શકતા નથી, તેમજ તે રાંકડાઓ શુદ્ધ એવા વ્યવહાર ધર્મથી પણ ભ્રષ્ટ થાય છે. પરમોપકારી ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે ઠીક જ ગાયું છે કેઃ—

**નિશ્ચય નવિ પામી શકેજી,**
**પાલે નવિ વ્યવહાર;**
**પૂણ્યરહિત જે એહવાજી,**
**તેહને કવણ આધાર ? સોભાગી જિન૦**

**અસ્તુ.** આ મતવાળાઓએ બીજી પણ કેટલીક સ્વચ્છંદી અને કુટ માન્યતાઓ કાઢી છે પણ તેને હમણાં નહિ વિચારતાં ઉપરોકત પાંચ પ્રકારના તેમના મુદ્દાઓ ઉપર જ આપણે વિચાર કરશું.

**મુદ્દો ૧:**—જૈનશાસનના મતે આત્મા અને કર્મનો સંયોગ મિશ્રિત એવા દૂધ અને પાણી જેવો છે. એથી જે આકાશપ્રદેશમાં કર્મના અણુઓ હોય છે તે જ આકાશપ્રદેશમાં આત્માના પ્રદેશો પણ છે. અને જે આકાશપ્રદેશમાં આત્માના પ્રદેશો છે તે જ આકાશ-પ્રદેશમાં કર્મના અણુઓ પણ રહેલા છે. ખ્યાલમાં રાખવું કે સકર્મી એવા આત્માને જ કર્મ લાગે છે પણ સર્વથા નિષ્કર્મી એવા આત્માને કર્મના અણુઓ ચોંટતા નથી. જેમ દારૂ આદિ જડ પદાર્થો માણસને ગાંડોતુર બનાવે છે તેમ જડ એવા કર્મો ચૈતન્ય શક્તિને હણે તેમાં આશ્ચર્ય શું છે?

બીજું—હાલતા ચાલતા માણસને જડ એવું કલોરોફોર્મ

સુંઘાડવાથી જેમ નિશ્ચેષ્ટ બને છે અને પછી ડોકટરો એના શરીરના ભાગને ચીરે છે છતાં પણ એને તે વખતે વેદના થતી નથી, તો જેમ કલોરોફોર્મ ચૈતન્યના ઘણા અંશને તિરોહિત કરી શકે છે તો પછી જડ એવા જ્ઞાનાવરણીય જ્ઞાન ગુણને ઢાંકે એમાં કાંઇ પણ નવાઈ જેવું નથી.

ત્રીજી વાત એ છે કે—સારી નરસી આંખવાળો જેમ ચશ્મા પહેરે છે તો અનુક્રમે પદાર્થના સ્પષ્ટ પ્રતિભાસમાં એકને જડ એવા ચશ્મા પ્રતિબંધક બને છે અને અસ્પષ્ટ પ્રતિભાસ કરાવે છે જ્યારે બીજાને સ્પષ્ટ પ્રતિભાસમાં ઉત્તેજક બની અધિકતર સ્પષ્ટ પ્રતિભાસ કરાવે છે, તો જેમ પ્રસ્તુતમાં જડ એવા ચશ્મા પદાર્થના સ્પષ્ટ પ્રતિભાસમાં અનુગ્રહ અને ઉપઘાતક બને છે તેમ જડ એવાં કર્મો ચેતન ઉપર અનુગ્રહ અને ઉપઘાતક બને એમાં અત્યુક્તિ કે અઘટિત જેવું શું છે? અર્થાત્ કાંઈ જ નહિ.

સાજા તાજા માણસને અંગત અદાવતથી અથવા તો બીજા કોઇ કારણે ઝેરનું ઇંજીક્શન આપવામાં આવે છે ત્યારે તેના શરીરમાંથી ચૈતન્યસ્વરૂપ આત્મા ક્ષણવારમાં પલાયન થઇ જાય છે. પણ જડ એવું ઇંજીક્શન ચૈતન્યની અન્યત્ર ગતિમાં શું પ્રયોજક કે કારણ નથી? અલબત્ત છે જ.

જડ એવા કર્મો આત્મા ઉપર કંઈ અસર ન જ કરતાં હોય તો જે મહર્ષિઓ ૯ વર્ષે કેવલજ્ઞાન પામ્યા છે અને ક્રોડ પૂર્વ વર્ષનું આયુષ્ય છે તે લોકોત્તર પુરુષ અનંત જ્ઞાનાદિ સ્વરૂપને પ્રાપ્ત કર્યા પછી પણ શરીરરૂપી પાંજરામાં કેમ રહે છે? આયુષ્ય કર્મને છોડીને કઇ એવી સત્તા છે કે જે એમને અહિં મૃત્યુલોકમાં રોકી રાખે છે? માટે જેમ ભવોપગ્રાહી કર્મો અનંતજ્ઞાની મહર્ષિઓને સિદ્ધપદમાં જતાં રોકે છે તેમ ઘાતી કર્મો પણ આત્માના સ્વરૂપને રોકે એમાં શું હરકત છે? કહો કે કાંઇ જ નહિ.

**મુદ્દો ૨:**—લોઢાના તપાવેલા ગોળામાં અગ્નિનો જેવો સંબંધ છે તેવો

સંબંધ વીતરાગના શાસનમાં જીવ અને કર્મનો માનેલો છે. આ રીતે જીવ અને કર્મનો કથંચિત્ તાદાત્મ્ય સંબંધ હોવા છતાં સર્વથા તેને ભિન્ન તરીકે કહેવું એ સ્યાદ્વાદની અનભિજ્ઞતા સૂચવે છે. જેમ અગ્નિથી કથંચિત્ તાદાત્મ્ય ભાવને પામેલું લોઢું ટીપાય છે તેમ કર્મથી યુક્ત એવો જીવ સંસારમાં અનેક રીતે જન્મ, જરા, મરણ આદિ દુઃખોને પામે છે. જેમ તપાવેલા લોઢાને ટીપનારો અગ્નિના પુદ્ગલોને ટીપવા સાથે લોઢાને પણ ટીપે છે તેમ જ્ઞાનીઓએ ફરમાવેલા અનુષ્ઠાનો આચરનારો શરીર અને આત્મા ઉભયથી આચરે છે, નહિ કે માત્ર જડ એવા શરીરથીજ દૂધમિશ્રિત પાણીમાં સાકર નાખનારો જેમ દૂધમાં સાકર નાખે છે તેમ પાણીમાં પણ નાખે છે. એ જ રીતે પ્રત્યેક શુભાશુભ ક્રિયા કરનારો શરીર અને આત્મા ઉભયથી કરે છે માટે તેના સારા–નરસા ફલની પ્રાપ્તિ જીવને અવશ્ય થાય છે.

**મુદ્દો:** ૩—જિનમૂર્તિનાં દર્શન, વંદન કે પૂજન મુખ્યતયા પુણ્યબંધમાં કારણ છે, એ વાત નિઃસંદેહ છે, પણ એ પુણ્ય બંધ આત્માની વિભાવ દશાને ટાળવામાં સહાયક નથી. એમ કહેવું એ ખરેખર જિનમતના ગ્રંથોને ઓળવવા બરોબર છે. જ્ઞાનીઓએ ઠામ ઠામ પાપકર્મોના નાશ કરવાનું ફરમાવ્યું છે પણ કુશલાનુબંધી પુણ્ય કર્મનો નાશ કરવાનું ફરમાન કોઇ ઠેકાણે કરવામાં આવ્યું નથી. શબ્દ અને અર્થ ઉભયથી શાશ્વત એવા નમસ્કાર મહામંત્રના સાતમા પદમાં પણ ' સવ્વપાવપ્પણાસણો ' એમ ફરમાવ્યું છે પણ ' સવ્વ-કમ્મપ્પણાસણો ' એમ કહ્યું નથી તે જ રીતે ' તસ્સ ઉત્તરી ' આદિ સ્તોત્રોમાં પણ ' પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ' વિગેરે કહી પાપ કર્મના જ નાશ ઉપર ભાર મૂકયો છે પણ પુણ્યાનુબંધી પુણ્યનો નાશ કરવાનું કહ્યું નથી.

જૈન શાસનના મતે પુણ્યાનુબંધી પુણ્ય એ એરંડીઆ જેવું છે. પેટમાં ખૂબ ખૂબ મળ બાઝી ગયો હોય તે વખતે કોઇ માણસ એરં-

ડીઆની શીશી લઈ પીવા મંડી પડે ત્યારે રસ્તે ચાલનારો એમ કહે કે પેટમાં આટલો કચરો તો ભર્યો છે અને નવો કયાં નાખે છે. તો જેમ તે માણસ મૂર્ખ ઠરે છે. તેમ પુણ્યાનુબંધી પુણ્યને સર્વથા સર્વ અંશે હેય કહેવું તે મૂર્ખાઈ છે કારણ કે પેટના તમામ કચરાને કાઢવાનું સામર્થ્ય એરંડીઆમાં છે અને એ એરંડીઆને કાઢવા માટે નવા એરંડીઆની કે બીજા કોઈ દ્રવ્યની જરૂર નથી પણ સ્વયમેવ નીકળી જાય છે. તેમ સઘળાં પાપકર્મોરૂપી મળનો નાશ કરવા માટે પુણ્યાનુબંધી પૂણ્ય એ એરંડીઆ જેવું છે. માટે એને સર્વથા હેય તરીકે ઓળખાવવું એ નરી અજ્ઞાનતા જ છે.

યદ્યપિ જૈન શાસનના મતે પૂણ્ય અને પાપ ઉભયના ક્ષયથી મુક્તિ છે તથાપિ જ્યાંસુધી પાપનો સંપૂર્ણ ક્ષય ન થાય ત્યાંસુધી પુણ્યાનુબંધી પુણ્યની ઘણી ઘણી આવશ્યકતા છે. ખ્યાલમાં રાખવું કે કાર્યની સિદ્ધિકાળમાં જે વસ્તુ હેય ગણાય છે તે વસ્તુ કાર્યના સાધક કાળમાં નિયમા હેય જ હોય એવો એકાંત કાયદો નથી. એટલું જ નહિ પણ કેટલીક કાર્યસિદ્ધિ કાલમાં હેય ગણાતી વસ્તુ કાર્યના સાધક કાલમાં ઉપાદેય પણ હોય છે. પુણ્યાનુબંધી પુણ્યના સંબંધમાં પણ તેવું જ છે. જેમકે એક માણસને કાંટો વાગ્યો હોય. અને એને એના યોગે કારમી પીડા થતી હોય ત્યારે તેને કાઢવા માટે સોયની આવશ્યકતા જરૂર છે. જો કે કાંટો નીકળી ગયા પછી જેમ કાંટો હેય છે તેમ સોય પણ હેય જ છે પણ ખ્યાલમાં રાખવું કે જ્યાંસુધી કાંટો વાગવાની સંભાવના છે ત્યાંસુધી પણ સોયની ઘણી જ આવશ્યકતા છે. એ જ રીતે પાપરૂપી કાંટાઓ જ્યાંસુધી આત્મામાં ભોંકાએલા છે અથવા તો જ્ઞાનીના કથન મુજબ ભોંકાવાનો સંભવ છે ત્યાંસુધી પુણ્યાનુબંધી પુણ્યરૂપ સોયની અવશ્ય જરૂર છે જ. જે કોઇ આત્માઓ આવા પુણ્ય કર્મની પણ બીનજરૂરીઆત માને છે અને મનાવે છે તે બિચારા મૃત્યુ લોકમાં આવી દુર્ગતિનો સંઘ કાઢવાની તૈયારી કરી રહ્યા છે અર્થાત્ સ્વયં દુર્ગતિમાં

જવાના છે. અને જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કૂવામાં એ ન્યાયે પોતાના અનુયાયીઓને પણ દુર્ગતિમાં ધકેલવાની તૈયારી કરી રહ્યા છે.

પુણ્યાનુબંધી પુણ્યની એકાંત હેયતા બતાવનારાને અમે પૂછીએ છીએ કે–ફળની અપેક્ષાએ ઘાસ વર્જ્ય છે પણ જ્યાંસુધી ફળ ન આવે અને એકલું જ ઘાસ ઉગ્યું હોય, તો ફળના ઇચ્છુકે ઘાસ કાપી નાખવું? અને આ રીતે ઘાસ કાપી નાખનારો શું ફળને પ્રાપ્ત કરવાનો છે? કહો કે હરગીજ નહિ. બીજ વાવ્યા પછી ફળ ઉપાદેય છે અને ઘાસ હેય છે એવું કહેનારે પણ એટલું સમજવું જોઇએ કે ફળની પ્રાપ્તિ થઈ ગયા પછીના કાલમાં ઘાસ હોય છે પણ જ્યાંસુધી ફળનો ઉદ્‌ગમ થયો નથી અને ઘાસ માત્ર ઉગ્યું છે ત્યાંસુધી ઘાસ એ હેય નથી અને એને હેય માની કોઈ બેવકુફ ઘાસને વાઢી નાખે તો શું એ ફળને પામવાનો છે? કહો કે કોઇ કાલે પણ પ્રાપ્ત કરી શકતો નથી. તેમ પ્રસ્તુતમાં મોક્ષ એ ફળ છે અને પુણ્યાનુબંધી પુણ્ય એ ઘાસ છે. જ્યાંસુધી મુક્તિરૂપી ફળની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી પુણ્યાનુબંધી પુણ્યરૂપ ઘાસની પણ ઘણી ઘણી જરૂરીઆત છે. ( ચાલુ )

# તે વખતે તારું કોણ?

## મુનિરાજશ્રી માનતુંગવિજયજી મહારાજ

**ભાગ્યવાન** માનવ! અત્યારે શરીરબળ, ધનબળ, અધિકારબળ, પરિવારબળ આદિ અનેક બળ મળવાથી મદમસ્ત થઇને ફરે છે. કોઈની શિખામણ સાંભળવા તૈયાર નથી. પરમાત્માનું નામ ગમતું નથી. સંતપુરુષોની સંગતિ કરતો નથી. જીવનને ઊંધા માર્ગે ચડાવી રહ્યો હોવા છતાં પોતાને હુશિયાર માને છે. પરલોકને ભૂલીને આલોકમાં જ મ્હાલવા માટે સર્વ ઉદ્યમ આચરી રહ્યો છે. આત્માના વિચારને લેશમાત્ર હૈયામાં લાવતો નથી. ધર્મની વાતોને નકામી માનીને, ધર્મની આરાધના કરનારાને ઘેલડા ગણીને તે તરફ સ્હેજ માત્ર અંતરંગ પ્રેમ દાખવતો નથી.

માનવભવની સફળતા માટે સંતપુરુષો જે માર્ગ બતાવે છે તેનાથી ઉલટા રાહે ચાલવા છતાં પોતાને જ ડહાપણુ ભરેલો માને છે.

પણ હું તને પૂછું છું, કે:—

નાશવંત શરીરમાં અનેક દર્દોનું આક્રમણ થશે, સ્નેહિઓના સર્વ ઉપચારો સફળ નહિ બને, ભલભલા ડીગ્રીધર ડોકટરો અને હકીમો ઉપાયો કરવા છતાં નિષ્ફળ નીવડશે, નિકટના સગા ઉદાસીન ચહેરે તારા સ્હામે જોઈ ને આંસુ પાડશે. **તે વખતે તારું કોણ ?**

અંતર મુંઝાતું હશે, શ્વાસોશ્વાસની ગતિ અટકતી હશે, કોઇ અ-કથનીય દશા અનુભવાતી હશે, ચારે દિશામાંથી નિરાશાના જ સૂર સંભળાતા હશે, ધારણા ધૂળમાં મળતી જતી હશે, મનના મનોરથ મનમાં જ મરી જતા હશે. **તે વખતે તારું-કોણ ?**

અનેક કુકૃત્યો કરી પાપની પરવા રાખ્યા વિના અનેક ખોટા કામો કરીને મેળવેલા, ધન, મકાન, બગીચા, મોટર, માળા, જીન, પ્રેસ, આદિ મનગમતી વસ્તુઓ કાયમના માટે મૂકી દેવાને અવસર અચાનક આવી લાગશે. **તે વખતે તારું કોણ ?**

માતા, પિતા, ભાઈ, બ્હેન, પત્ની, પુત્ર, પુત્રી આદિનાં આનંદદાયક સહવાસને કમને છોડવાની ફરજ પડશે. **તે વખતે તારું કોણ ?**

માન કે ન માન, પણ ત્રણ દુશ્મનો તારી પાછળ છળ જોતાં ફરે છે. રોગ, જરા અને મરણુ. આ ત્રણમાંથી એકના ઝપાટામાં આવી ગયો, એટલે અભિમાનના ચૂરા થઈ જવાના. અહીં સઘળી મહેનત ફોગટ થઇ જશે. અંતરથી વિચાર. **તે વખતે તારું કોણ ?**

બુદ્ધિના ભંડાર ! આ બધાનો જવાબ તને મોહની મૂંઝવણુના કારણે ન સૂઝે તો હું કહું છું તે વખતે તારો સાથી એક **ધર્મ** છે. અન્ય કોઇ સાચું શરણું આપી શકે તેમ નથી. જીવન ઉજળું બનાવે, રોગ વખતે આર્ત્તધ્યાન ભૂલાવે, ઘડપણુમાં હાડહાડ થવાનો અવસર ન આવે, અને સમાધિ સહિત મરી શકાય, આ બધી શક્તિ ધર્મમાં છે. અત્યારથી

"જાગ્યા ત્યાંથી સવાર" માનીને ઉત્તમ પ્રકારના ધર્મની આચરણા કરવી એ અતિ હિતકર છે.

ધર્મ સર્વત્ર રક્ષણ કરનાર છે એમ બરાબર જચી જાય તો એના પ્રત્યે અરૂચિ કે બેદરકારી ન રખાય. આત્માના વિકાસ માટે ધર્મની આરાધના જીવનની દરેક ક્ષણે જરૂરી છે. જગતના સર્વ સાધનો કરતાં ધર્મના સાધનો કિમતી છે. પૂર્વે કરેલી ધર્મ આરાધનાના પ્રતાપે અહીં આનંદ છે અહીં આરાધના વિના જીવન પસાર કરીશ, તો સંસારની અજાણી મુસાફરી મુશ્કેલીભરી થઈ પડશે.

ચિત્તથી ચેતીને પોતાની કુલમર્યાદા સાચવી સુંદર ધર્મની આચરણા કરવા તૈયાર થા. પછી કશી ચિંતા નથી. સંસારના સર્વ જીવો પરમ શાંતિ અનુભવો ! ! !

## આજનો ઉછરતો યુવક વર્ગ.

"શ્રી કીર્તિ"

આજના ઉછરતા યુવક વર્ગના બાહ્ય તેમજ આંતરિક જીવન તરફ જ્યારે આપણું લક્ષ્ય ( ખેંચાય ) દોરાય છે ત્યારે જરૂર ઊંડો વિષાદ થયા વગર રહેતો નથી. મહાપુરુષોને તો દયા આવે છે કે આ બિચારાઓનું શું થશે ? અતિ દુર્મતિના કારણે કઈ ગતિમાં જશે. તે કહી શકાતું નથી.

કારણ કે—તેમનું **ખાનપાન**–ખાસ કરીને તેઓ તામસી ખોરાક–જેવો કે–ચ્હા–ચવાણું–ભજીયા–તિક્ત પદાર્થો બહારના સ્વાદિષ્ટ તૈલી પદાર્થોનું જ ભક્ષણ જ પ્રાય કરે છે. અભક્ષ્ય અને અપેય સુધી પણ પહોંચી જાય છે. સાત્વિક ખોરાક તદ્દન ઓછો થવાથી અને તામસી ખોરાક વધવાથી તેમનું મગજ તામસ યાને ઉદ્દામ અને ગરમ જ રહે છે અને એક જાતની તેમના મગજમાં ખુમારી ભરાઈ જાય છે. જ્યાં ત્યાં હોટલોમાં–રેસ્ટોરોમાં–જતા હોઈ, જ્યાં ઊંચ નીચનો ભેદ નથી એના એ

વાસણો પાણીથી ધોઈ એક એકને અપાય, પછી નીચજનોની નીચ અસર થાય, બુદ્ધિ બગડે, ચેપી રોગો થાય. આ બધું સ્હેજે થાય છે. પછી ધર્મ-કર્મ સૂઝે નહિ-આનંદ-ચમનમાં મ્હાલવું ગમે, પરલોકનું ભાન ભૂલી વિષયવિકારના સાધનો વધારી તેની તે તરફ જ આકર્ષાઈ આત્માને દુર્ગતિનાં ભાજનરૂપ બનાવે છે.

**એમનું વાંચન**—તે વર્ગનું વાંચન ઘણે ભાગે કાલ્પનિક નોવેલોનું જ હોય છે, છાપાઓનું તેમજ આજના અશ્રદ્ધાળુ જમાનાવાદીના લેખકોના લેખોનું વધુ ને વધુ વાંચન તેમના હસ્તગત થાય છે, જે જીવનની પવિત્રતાનું પ્રબળ સંહારક સાધન છે.

આજના લેખકો પોતાની મરજી મુજબ જેવા પોતાના વિચારો તેને અનુસરીને જ લખે. એમને ક્યાં શાસ્ત્ર-સિદ્ધાંત આગળ કરી લખવું છે. ફાવે તેમ લખતા આવડે એટલે કાંઇક લખી મારવું એમ સમજી ભલભલા શ્રદ્ધાળુ-સમજુને વિચારક આત્માઓના ભાવપ્રાણોના નાશ કરવામાં આવા કારમા લેખો લખી કાતીલ તલવારનું કામ કરી રહ્યા છે.

ત્યારે યુવક વર્ગને—આવા તથા નોવેલોના વિષયવર્ધક વિષયોના વાંચનથી ઊંડી બૂરી અસર થાય છે જેથી તેઓની ખરેખર કરુણાજનક સ્થિતિ નિહાળાય છે.

**શિક્ષણ**—એઓએ આજની સુધરેલી કેળવણી લીધેલી હોય છે. પાશ્ચિમાત્ય અનાર્ય કેળવણી જ એવા પ્રકારની છે કે-વિલાસી ને વ્યસની જીવન જીવવાનું શીખવે છે. ધર્મને હમ્બક કહેતા શીખવે, સ્વચ્છંદી બને. સ્વતંત્ર થવાના કોડ કરાવે છે. વિવેક અને વિનયથી તો દોઢ ગાઉ દૂર રાખે છે. અપ્ટુડેટ થઈ ફરવા જોઇયે-ભલે પછી ઘરમાં હાંલ્લા કુસ્તી કરે. યેન કેન પ્રકારે (બાહ્ય) ઉજળા થવાની જ ભાવના ધરાવે છે. તમાચો મારીને પણ લાલચોળ બનવાનું દીલ થાય. કેળવણી લે એટલે જરૂર અનાર્ય સંસ્કારો ને નાસ્તિકતાની અસર તેના હૃદય પર જન્મે ને જો ધર્મભ્રષ્ટ ન થાય તો ભાગ્યશાળી સમજો. સેંકડે ૯૦-૯૫ ટકા આજના

કેળવાયલા સુધરેલા યુવકોને ધર્મથી વિમુખ આપણી સગી આંખે આપણે નિહાળી રહ્યા છીએ.

માતાપિતા મોહાધીન થઈ છોકરાને કહેતાં અચકાય છે. લાડમાં ને લાડમાં ઉછેરે. કહીશ તો દુઃખ થશે એટલે ઠપકા જેવી વાત જ કયાં રહી? આવી ખોટી દયાને લઇને પણ છોકરાઓ સુધરતા નથી. જન્મથીજ માતા પિતાના સુંદર સંસ્કારો હોય તો છોકરાને બહુ બગડવાનો સંભવ નથી.

**વ્યસન**—આ નવા વર્ગમાં કયું વ્યસન નથી એ શોધવું મુશ્કેલ થઇ પડે તેવું છે. દુરાચારમાં નંબર વન, પાન–બીડી–સીગારેટ તે પણ ઊંચામાં ઊંચી. પત્તા ટીચવા કે જુગાર રમવો એ તો એમને મન રમત છે. ભલભલા મહાપુરુષો કે સજ્જનોની યા ઘરડાઓની છેવટે ધર્મીઓની મશ્કરી કરવી, એમની ઠેકડીઓ ઉડાવવી એમના દીલ આનંદનો વિષય થઇ પડે. ચ્હાના અડધો ડઝન યા ડઝન કપ ન ચઢાવે તો થઇ જ રહ્યું. અરે નાટક–સિનેમા વગર કેમ ચાલે. નિંદા ને કુથલીમાં હરપળે તૈયાર...

**સંગતિ**—તેઓને સમાગમ હંમેશાં એવા જ કુમિત્રોનો હોય છે જેથી એમને સુધારવા એ મહાભારત જેવું ભારી કામ થઈ પડે છે. એવી બદચાલગતમાં પડી ખોટા રસ્તે ચઢી આત્માને દુર્ગતિના ગર્તમાં પટકી દે છે. દુષ્ટ મિત્રો એવા હોય છે કે–બિચારાને પ્રતિજ્ઞાનું પાલન કરવું હોય એટલે બીડી પીવે નહિ, રાતના ખાય નહિ ત્યારે કહે–વાહતું તો ભગત થઈ ગયો, એમ મશ્કરી કરી જબરજસ્તી તેના મુખમાં બીડી યા અન્ય પદાર્થો નાંખવા તૈયાર થાય છે કારણ કે તે લોકોને સત્પુરુષોનો–સદગુરુઓના સમાગમ જ પ્રાયઃ હોતો નથી. એમ મહાપુરુષોના દર્શન કરવાં જતાં શરમ આવે કારણ–કોટ, પાટલુન પહેરેલા હોય, ખીસામાં જ હાથ રાખી મૂકવાના હોય, ખમાસમણ વગેરે વંદનવિધિથી અજાણ હોવાથી ત્યાં જઇ શું કરવું? કદાચ નાની ઉંમરમાં સૂત્રો મુખપાઠ કર્યા હોય તો અભિમાન સતાવે, અરે મનમાં એમ થાય કે–આ સાધુઓ તો દુનિયાની સ્થિતિથી અજાણ છે, હું ભણેલો એમની પાસે જવાથી મને શું મળશે? પણ એ ભોળાને ખબર નહિ કે

એ સાધુઓનો જે ઊંડો અભ્યાસ, દીર્ઘદૃષ્ટિ, તલસ્પર્શી અનેક વિષયોનું જ્ઞાન, છતાંય પરોપકારમાં જ રત અને આત્મસાધનમાં લયલીન રહેનારા એ સાધુઓ છે. આવી અહંભાવનાને લઇને ત્યાં જતાં અચકાય અને જાય નહિ એટલે સત્ય સત્ત્વોની પીછાણ થાય નહિં. ખરાબ વાંચન ને ખરાબ સોબતની જ અસર રહે. પછી સુધરવાનો રસ્તો કયો? સદ્‌ગુરુઓના પ્રવચન જ્યાં થતાં હોય, જેમાં સર્વજ્ઞ પરમાત્માની વાણીનું પાન કરાવવામાં આવે, જીવ–અજીવનું શું સ્વરૂપ છે? કર્મ થીયરીનું ઊંડું જ્ઞાન જડ અને ચેતનનું ભાન, જડની કેટલી શક્તિ, આત્માની અનંતી તાકાત છે, મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ શું છે? ત્યાં ,સુખ કયા પ્રકારનું છે અને તેની પ્રાપ્તિ કયારે થાય? આત્મા કર્મ બંધનોથી કયારે છૂટે? ધર્મ શું છે અધર્મ શું છે? પુણ્ય પાપ વગેરે તાત્વિકજ્ઞાન સ્યાદ્વાદ–નયનિક્ષેપ–ષડ્‌દર્શન વગેરે તત્ત્વજ્ઞાન તેમજ મહાપુરુષોના જીવનચરિત્રો વંચાતા હોય, આત્મ–જાગૃતિનો ઉચ્ચ ઉપદેશ અપાતો હોય જે મહાપુરુષો તલસ્પર્શી ઉચ્ચ ઊંડું જ્ઞાન ધરાવનારા છે તેઓના વ્યાખ્યાનો સાંભળવા ગમે નહિં. તેનાથી તો બાર ગાઉ વેગળા જ રહે, પછી સાનભાન ક્યાંથી આવે?

અને જ્યાં કોરી બાંગો પોકારવામાં આવતી હોય, આચરણમાં લેવા દેવાય નહિ, રાતના બાર વાગે જેને ઝાપટવા જોઈયે, સદાચારનું નામ નિશાન નહિ, અભક્ષ્ય અપેય શું તે પણ ન સમજે, તેવાઓના ભાષણો થતાં હોય ત્યાં પૈસા આપીને પણ સાંભળવા જવાની ઈચ્છા થાય. અહિંસાના વાસ્તવિક સ્વરૂપને પણ જેઓ સમજે નહિ, અરે જીવ કોને કહેવો અને તેના કેટલા ભેદ છે તેનું પણ જેને પૂરું જ્ઞાન નથી. દયાના પ્રકાર કેટલા? ભાવ દયા શું વસ્તુ છે તેને ય સમજે નહિ. એક અહિંસા–અહિંસા પોકારે. તે પણ કેવળ સ્વાર્થ માટે અને એ સ્વાર્થને પણ ધર્મ મનાવી પોતપોતાના ધર્મોમાંથી સૌને ભ્રષ્ટ બનાવવાના જ જ્યાં એ લેકચરો થતાં હોય ત્યાં દોડાદોડી પછી અજ્ઞાનના અંધકારમાં આ યુવકો આથડે તેમાં નવાઇ શી?

**સુધરવાનો ઉપાય**—શ્રી સર્વજ્ઞ પરમાત્માની વાણીનું શ્રવણ, હોય

તીર્થંકરો વાસુદેવો ને બળદેવોના મહાપુરુષોનો—મહામુનિઓનાં—પરમ શ્રાવકોના જીવનચરિત્રોનું અવલોકન કરવામાં આવે. અને નોવેલો ને છાપાઓ પડતા મૂકાય, ધાર્મિક તત્વજ્ઞાન મેળવાય. જુઓ પછીની સ્થિતિ—અંતરમાં અનેરો પ્રકાશ પથરાશે. જ્ઞાનદીપક ઝગમગ ઝળકશે.

સદ્દગુરુઓનો સમાગમ, તેમના બોધક—રોચક—મનનીય પ્રવચનોનું શ્રવણ તેમજ શ્રેષ્ઠ જનોની સંગતિ, શ્રદ્ધાળુ તેમજ હિતૈષી મિત્રોની સોબત તેઓને સુધારવામાં—અગ્રભાગ ભજવે છે.

ખાનપાનમાં પણ ખોરાક લેવો પડે તો સાત્વિક જ—તામસી ખોરાકથી સદંતર વેગળા રહેવું—વ્યસનોને તિલાંજલી આપવી. નાટક સિનેમાના વિષયવર્ધક દ્રશ્યો શ્રૃંગારના ગાયનો તેમજ વિષયવિકાર વધે તેવા સાધનોને જડમૂળથી ફેંકી દેવાય, તો જરૂર આજના યુવક વર્ગની સ્થિતિ મીઠી નજરે નિહાળવા લાયક બને. આજે ઝેરી જમાનાનો પ્રચંડ વાયરો ધરણીતલમાં અતિવેગથી વાઈ રહ્યો છે જે ભલભલાના જીવનના પવિત્ર તત્વોને ઉખેડી ફેંકી દે છે. જ્યાં જુઓ ત્યાં આજે વિષમ વાતાવરણ જ નજરે ચઢે છે. જીવનને પવિત્ર બનાવવા ઈચ્છતા હો, શિવપુરના પુનિત પંથે વિચરવા ચ્હાતા હો, આ લોકમાં પણ સુખસમાધિની આશા હોય, લોકપ્રિય બનવું હોય, સૌની મીઠી નજર ચ્હાતા હો તો તમારા જીવનમાં સદાચાર, સાદાઈ, તત્વજ્ઞાન, સત્પુરુષોનો સમાગમ—સાત્વિક ભોજન, વ્યસનોને તિલાંજલી, ઉદારતા—સિદ્ધાંતની આજ્ઞા મુજબ પાલન—પ્રિય ને સત્ય વાણી—જીવનમાં આ બધી વસ્તુઓ ઉતારો ને કેળવો.

બધાય યુવકો કાંઈ એવા હોતા નથી. ઘણાય ભાગ્યશાળી ધર્મમાં એવા ચૂસ્ત હોય છે કે જેને કોઈ ડગાવી શકે પણ નહિ, પણ ઘણેભાગે યુવકોની આજની પરિસ્થિતિ ઉપરોક્ત કથન મુજબ દૃષ્ટિગોચર થાય છે. ત્યારે આપણને દુ:ખ થાય છે કે—આ પણ સમજે અને પોતાના કર્તવ્યમાં પરાયણ રહે. ઘણા યુવકો એવા સમજદાર હોય છે કે જેને મીઠાં શબ્દોથી સમજાવવામાં આવે તો તરત જ સમજીને સાચું સ્વીકારે છે. અને આત્મહિત સાધવામાં સજ્જ બને છે. આજનો ઉછરતો નવયુવક વર્ગ પણ

સુધરે-સમજે અને પોતાના કર્તવ્યમાં-ધર્મમાં, લીન બની ઉચ્ચ ગતિગામી બની અધોગતિમાં પડતો બચે એ જ એક અભિલાષા.

---

# જૈન શાસનના પાયા હચમચાવનારા રચનાત્મક પ્રવાહો.

## શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ

**મહાવીર જન્મદિવસની રજા અને તેનો વિરોધ:—** આ લેખનો મુખ્ય વિષય "પરમાત્મા **શ્રી મહાવીર તીર્થંકર**દેવના જન્મદિવસે રજા ન પાળવા વિષેનો છે."

**આશ્ચર્ય થશે** કે:—જ્યારે એક તરફથી, કેટલાક જૈનો અને કેટલીક જૈન સંસ્થાઓ આ રજા પળાવવા વિજ્ઞપ્તિઓ કરે છે, ધારાસભામાં ઠરાવો લાવે છે, ઘણાખરા દેશી રાજ્યોમાં એ રજા પાળવાના ઠરાવો થઇ રહ્યા છે, વડી સરકારની સ્ટેટ કૌંસીલમાં ઠરાવ મૂકાયો છે, હિંદુ મહાસભાએ ઠરાવ કર્યો છે, બોમ્બે સરકાર પાસે વાત પણ રજુ થઈ છે, ત્યારે બીજી તરફથી, જૈન ધર્મના એક તીર્થંકરના જન્મદિવસથી રજા રાજ્ય પાળે, તેમાં જૈનોએ ખુશી થવું જોઇએ, તેને બદલે તેનો વિરોધ કરવો, એ કેટલું બેહુદું છે? આમ એકાએક લાગ્યા વિના રહે તેમ નથી, એ વાત લેખક સંપૂર્ણપણે કબૂલ કરે છે.

**વિરોધમાં સહકારનો સંભવ:**—છતાં આ વિરોધ કરવાનું કારણ બહુ જ મહત્ત્વનું છે. ખરેખરા મહત્ત્વના કારણ વિના આ બાબતનો વિરોધ ન જ કરી શકાય, તેની હું ખાત્રી કરાવી આપીશ. એ ખાત્રી કરાવી આપ્યા બાદ ઘણાને મારી પેઠે જ વિરોધ કરવાનું મન થશે જ. એટલું જ નહીં પરંતુ વિરોધ માટે સક્રિય યોગ્ય પ્રયત્નો કર્યા વિના કેટલાકથી રહી શકાશે નહીં.

**જૈન ધર્મના મુખ્ય વર્ગનો તે માટે પ્રયત્ન નથી:**—મારી તરફમાં આશાનું એક જ કિરણ છે, કે—**શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી**, માન્ય પ્રસિદ્ધ આચાર્યો અને ઘણાખરા જૈન સંઘના ખાસ આગે-

વાનો એ રજા પળાવવાની બાબતમાં સક્રિય પ્રયત્નો કરતા નથી તેમજ વિરોધ પણ કરતા નથી. રજા માટે પ્રયત્ન કરનારો વર્ગ લગભગ જૈન સંઘમાંનો મધ્યમ કોટીનો વર્ગ છે. તેમાં આધુનિક શિક્ષણ પામેલો કેટલોક વર્ગ ગતાનુગતિકતાથી સામેલ છે. વળી કેટલોક વર્ગ **શેઠ આણંદજી કલ્યાણજી** વિગેરેના જેવું પણ વલણ ધરાવે છે.

**મારા કાર્યમાં સહાનુભૂતિની અપેક્ષા:**—આ સ્થિતિમાં આ રજા પાળવાનો ઠરાવ ન થાય, તેને માટે શું કરી શકાય ? તે સૌએ વિચારવાનું છે. ગુણ–દોષનું સત્ય દર્શન કરાવવું એ મારું કામ છે, પરંતુ પરિણામજનક પ્રયાસો કરવાનું કાર્ય દરેક લાગણીવાળાનું છે.

**આ વિષયની વિસ્તૃતતા:**—આ રજા પાળવાનો વિરોધ કરવાના કારણો વિષે એક મોટો નિબંધ પુસ્તિકારૂપે થઈ શકે તેમ છે, છતાં આ લેખમાં તો માત્ર તેનો ટૂંકમાં જ નિર્દેશ છે. જિજ્ઞાસુઓ વધુ વિગત પત્રવ્યવહારથી મેળવી શકશે.

**તેનાથી થનારા નુકશાનોનો ટૂંક નિર્દેશ:**—:—૧ જાહેરમાં આ રજા પળાવવાથી જૈન ધર્મની આખી પૂર્વપુરુષોએ સ્થાપેલી પરંપરાથી ચાલી આવતી જે સ્વરૂપમાં સંતોષકારક વર્તમાન રચનાત્મકતા છે, તેના સંગઠનના પાયા હચમચી જાય તેમ છે અને તેથી બહુ જ નજીકના ભવિષ્યના દશકાઓમાં ધર્મ અને શાસનની રચનાને ઘણો જ ધક્કો પહોંચે તેમ છે એટલું જ નહીં પણ કેટલોક ધક્કો પહોંચ્યો છે અને તે આગળ વધી રહેલ છે. છેલ્લા ૫૦ વર્ષનો સાર આપણને ઊંડે ઊંડે હાનિમાં જ આવેલ છે. જે સર્વનું અંતઃકરણ આજે કબૂલ કરે છે.

૨ તેના ફળરૂપે **પ્રભુ મહાવીર** સિવાયના બીજા તીર્થંકરોનું સ્થાન ઉછરતી પ્રજાના હૃદયમાં ગૌણ બનતું જાય છે.

૩. આ જન્મદિવસ જાહેરમાં વધુ આવી જવાથી જૈન ધર્મના કેન્દ્રભૂત **શ્રી પર્યુષણાપર્વ** ઉપર મોટો ફટકો પડે તેમ છે.

૪. જૈન ધર્મને માન્ય અહિંસાને મોટો ફટકો પડશે.

૫. **જૈન ધર્મના સિદ્ધાંતો જાહેરમાં સત્યના આધાર ઉપર નહીં, પણ લોકમતના આધાર અનુસાર ચર્ચાવાથી તેના મૂળ સ્વરૂપોનો પ્રચાર ગૌણ અથવા નજીવો બની જાય તેમ છે.**

૬. ભવિષ્યમાં આપણા **જૈન** ભાઈઓ, નજીકના ભવિષ્યના સંતાનો જૈનેતર ધર્મોમાં અને પછી ખાસ કરીને એક નવા ધર્મને નામે ખ્રીસ્તી ધર્મનું નવું સ્વરૂપ તૈયાર થઈ રહ્યું છે, તેમાં દાખલ થાય, તેવો ખાસ સંભવ જણાય છે.

૭. કરોડો વર્ષથી ઐતિહાસિક આઘાતો સહન કરવા છતાં, ટૂંકી જન સંખ્યા છતાં, આ **ધર્મક્ષેત્ર ભારતમાં** અમુક મોભાદાર સ્વરૂપમાં આજે પણ ધર્મ **જૈન** ધર્મ ટકી રહ્યો છે, તે ચુંથાઈ જવાનો ખાસ સંભવ આ રજા સાથે જોડાયેલો છે.

ઉપર મુદ્દાના પરિણામો મૂકયા છે. તેની વિગતમાં ઉતરવાથી ઘણું લંબાણ થાય, જે કદાચ કંટાળારૂપ લાગે, પરંતુ આ દરેક મુદ્દાની પાછળ નક્કર ઉપપત્તિઓ છે. ખાલી ભય કે કલ્પનાના તરંગો ન માની લેવા વાચક મહાશયોને ખાસ વિજ્ઞપ્તિ છે; છતાં પણ ઉપરના પરિણામો આવવા વિષેનું મુખ્ય કારણ માંગવામાં આવશે જ. ટૂંકામાં પણ જણાવવું જ જોઈએ. જે હું જણાવું છું.

**ચિકાગો વિશ્વધર્મ પરિષદ્ જ આ રજાની ઉત્પત્તિનું મૂળ બીજ હોવાની ૫૦ વર્ષ પહેલાંની સંભાવના:**—૧. સને ૧૮૯૨ કે ૯૩માં અમેરિકામાં આવેલ **ચિકાગોમાં વિશ્વધર્મ પરિષદ્** મેળવવાની યોજના માટે ઇંગ્લાંડના સરકારી **ધર્મખાતાના** વડા તરફના સહકારી તરફથી ખાસ પ્રયત્નો થયા હતા. પછી જ, " આખા **હિંદ**માં શ્રી મહાવીર જન્મ દિવસ, પહેલાં **જૈનો**માં જયંતીરૂપે, અને પછી સાર્વજનિક રજા તરીકે પળાય, " તેને માટેની હિલચાલ શરુ થઈ છે, તે હિલચાલ પાછળ તે સંસ્થાના સંચાલકોની સંપૂર્ણ સહાનુભૂતિ, મજબૂત ટેકો તથા યોગ્ય લાગવગ મારફત શકય તેટલી મજબૂત પ્રેરણા પણ એટલી જ સંભવિત છે.

૨. ૫૦ વર્ષમાં આ હિલચાલ કયાંથી ઉત્પન્ન થઈ? અને તે કેમ

થઈ? તેમાં આપણી કઈ કઈ વ્યક્તિઓએ કેવો કેવો ભાગ ભજવ્યો છે? તે હકીકતો મને કેમ મળતી ગઈ?:—તેનો એક નાનકડો છતાં રમૂજી અને જાણવા જેવો ટૂંક ઇતિહાસ છે. અહીં તે લખતાં લેખ લાંબો થાય.

**આ બાબતનો મારો અભ્યાસ અને તેના વિરોધના પ્રયાસો**:—આ બાબતમાં હું સંવત્ ૧૯૮૩–એટલે લગભગ ૨૦ વર્ષથી રસ લેતો આવ્યો છું. અને તે ઉપરથી "આ રજા ન પળે, તો સારું એ જાતનો અભિપ્રાય ધરાવતો આવ્યો છું. પ્રસંગે પ્રસંગે વર્તમાન પત્રોમાં લેખરૂપે, છૂટક પત્રિકારૂપે વ્યક્તિગત વાતચિતરૂપે જનસમાજને તેની સામે ચેતવતો આવ્યો છું. ઘણાઓનું તે તરફ ધ્યાન ગયું પણ છે. અને કેટલાક મારા વિચારમાં સમ્મત રહ્યા પણ છે. છતાં મોટા ભાગને આ મારો વિચિત્ર અવાજ નથી પહોંચી શકયો, એ પણ હું કબૂલ કરું છું. કેમકે–પ્રચારના તેટલા સાધનો મારી પાસે ન્હોતા અને નથી. બીજા જિજ્ઞાસુઓએ પણ આ મહત્વની બાબતનો અભ્યાસ કરી સત્ય જાણવું જોઇએ.

**બીજા આર્ય ધર્મો ઉપર પણ તેની માઠી અસર**:—જૈનોના કેન્દ્રભૂત ગુજરાતમાં–મુખ્ય **ના૦ ગાયકવાડ** સરકાર વિગેરેના રાજ્યમાં ઠરાવરુપે વહેલો મોડો પણ આ દિવસ રજાના દિવસ તરીકે પસાર થઈ જાય, તો પછી તે વ્યાપક રૂપ સ્હેજે જ પકડી લે. અને તેથી ઉપર જણાવેલા ભયંકર નુકશાનો જૈનધર્મને થાય, અને તેની અસર ભારતના બીજા **આર્ય ધર્મો** ઉપર પણ જીવલેણ જેવી થાય તેમ લાગે છે. તે તે ધર્મો પાળતા જનસમાજની સમગ્ર જીવન–વ્યવસ્થાને હાનિ થાય તેમ છે. કેમકે–આર્ય પ્રજા આજે જગત્‌માં જીવંત રહી પોતાનું વ્યકિતત્વ ટકાવી રહી હોય, તો તે તત્ત્વજ્ઞાનમય આર્ય ધર્મના પાયા ઉપર રચાયેલા ધાર્મિક આચાર અને જીવનને આભારી છે. આ સત્ય સ્હેજે પણ આર્ય ધર્મો તરફ ક્ષણવાર પક્ષપાતથી જોઇને વિચાર કરનારને જણાઈ આવે તેમ છે. વળી, હું માનું છું કે, આ સત્યનો કેટલાક સમજુ વર્ગને સાક્ષાત્કાર હશેજ.

માટે, ઇતર આર્ય બાંધવોની પણ આ **રજા ન પાળવા** વિષેના પ્રબળ પ્રયત્નો કરવાની ફરજ છે.

આ કાર્ય જૈનોનું એકલાનું જ નથી, પરંતુ, આપણું સૌનું છે. એટલે કે–હિંદુ પ્રજા, મુસલમાન, પારસી, શીખ સૌનું છે. હાનિ થશે તો દરેકને હાનિ છે. અવસર ગયા પછી "રાંડ્યા પછી ડહાપણ" જેવું થશે. **હિંદુ સભા** આ રજા પળાવવા મહેનત કરે છે, તથા તે દિવસ ઉજવે છે, તે સૂચક છે. તેની આ પ્રવૃત્તિ પણ વિશ્વાસપાત્ર નથી.

**આ રજાને વિશ્વધર્મ પરિષદ્ સાથેનો દૂરનો સંબંધઃ—**હવે, મહત્ત્વની શંકા એ થશે, કે,–"**વિશ્વધર્મ પરિષદ્‌ને પ્રભુ મહાવીર-દેવના** જન્મદિવસની રજા પળાવવાનું શું કારણ હોય ? આટલો બધો દૂરનો સંબંધ કોઇની એ કલ્પનામાં આવે તેવો નથી. તેથીજ આશ્ચર્ય-કારક અને અદ્દ્ભુત છે. તેનો જવાબ ટૂંકામાં તો સમજાવા જેવો નથી. ટૂંકામાં સમજાવવા જતાં ગેરસમજ થવાનો પણ ઘણો સંભવ છે. તથા ટૂંકમાં લખી પણ શી રીતે શકાય ? છતાં નિર્દેશ માત્ર કરૂં છું.

**ખ્રીસ્તી ધર્મના ચોકઠામાં ગોઠવી ઊભા કરવામાં આવતા એક નવા ધર્મને વિશ્વનો એક ધર્મ બનાવવાના પ્રયાસો:—**

**ખ્રીસ્તી ધર્મને** એટલે કે–તેના ચોકઠામાં ગોઠવાયેલા નવા ધર્મને–આખી દુનિયાના સાર્વજનિક એક ધર્મ તરીકે બનાવવાની યોજનાઓને અને આખી દુનિયાના સાર્વજનિક માન્યદેવ તરીકે–ઇસુ ખ્રીસ્તીને જાહેર રીતે કબૂલ કરાવવાની યોજનાઓને વેગ આપવાના એક કાર્યક્રમ તરીકે આ રજા છે."

આ ટૂંકો જવાબ કદાચ સંતોષ આપશે નહીં, તેને બદલે કદાચ અસત્ય, અસંતોષકારક અને અસંબદ્ધ પ્રલાપ જેવો લાગશે.

પરંતુ-જરા વધુ ધીરજનો સ્વીકાર કરી, શાન્તિ અને વિશ્વાસ કાયમ રાખશો તો વાચક મહાશયોને હું ખાત્રી કરાવી આપીશ કે–મારા વિધાનો અક્ષરક્ષઃ સત્ય અને સચોટ છે,

**તે સંસ્થાનો કાર્યવિસ્તાર:**—આ ધ્યેયની સિદ્ધિ ખાતર–એ પરિષદનું કેવું કેવું પ્રચારકાર્ય ચાલે છે? કેવું કેવું સાહિત્ય લખાય છે? કેવી કેવી લાગવગનો કયાં કયાં ઉપયોગ થાય છે? જાહેરમાં તેને સાધક કયા કયા રચનાત્મક વિચાર વાતાવરણો અને કઈ કઈ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવે છે? આજે તે બધું કેટલી હદ સુધી પહોંચ્યું છે? અને હવે પછીના તેના કયા કયા કાર્યક્રમો છે? તે બધું એટલા વિશાળ સ્વરૂપમાં છે કે–જેની બધી વિગત આ લેખમાં ન આપી શકાય છતાં, તેનો અત્યન્ત ટૂંકમાં ખ્યાલ આપું છું.

૧ '**જગતના અગ્યાર મહાન્ ધર્મો**' (વડોદરા રાજ્યની કોઇ એક સંસ્થા તરફથી બહાર પડેલ) એ પુસ્તક પહેલાં સાદ્યંત વાંચી જવું. તેની પ્રસ્તાવનામાં પ્રસિદ્ધ **જૈનાચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરજી**નો એક શ્લોક મૂકયો છે. આચાર્ય મહારાજશ્રીએ જે આશયથી એ શ્લોક રચ્યો છે, તે આશય બદલીને હવે; પછીના **જગતના એક વિશ્વવ્યાપક ધર્મમાં** સર્વ ધર્મોને સમાવી દેવાના ધ્વનિને અનુકૂળ ધ્વનિરૂપે તેમાં એ શ્લોક મૂકવામાં આવ્યો છે. એ ઉપરથી દુનિયામાં એક ધર્મ કરવાની હિલચાલ શરૂ હોવાનો અને તેમાં ખ્રીસ્તી પાદરીઓ સક્રિય ભાગ લેતા હોવાનો પૂરાવો મળશે.

૨. આખા હિંદમાં **મહાવીર પ્રભુ**નો જન્મદિવસ સાર્વજનિક ઉજવાય, એટલે તુરત જ આખા **એશિયામાં શ્રી બુદ્ધ** જન્મદિવસ ઉજવવાની ગોઠવણ થઇ છે; કેમકે–હવે પછીની **વિશ્વધર્મ પરિષદ્ જાપાનમાં** ભરાવાની સંભાવના સૂચવતી જાહેરાત વાંચવામાં આવી હતી. અને આખા **એશિયામાં** એ વસ્તુ સાર્વજનિક સ્વરૂપ લેવાની ખાત્રી થયા પછી આખા જગત્માં–ઇસુ **ખ્રીસ્તની** જયંતી ઉજવવાની ગોઠવણ છે. **ઇંગ્લિશ કવિ આરનોલ્ડે લાઇફ઼ ઓફ઼ એશિયામાં શ્રી બુદ્ધ**નું અને **લાઇટ ઓફ઼ વર્લ્ડ**માં **ઇસુ ખ્રીસ્ત**નું જીવન વર્ણવ્યું છે. તેમાં **એશિયા** અને **વર્લ્ડ** એ શબ્દોનો વપરાશ એક સૂચક પૂરાવો છે.

૩. "**ભારત** ધર્મક્ષેત્ર છે. તેમાં મહાજન તરીકે,–ચૂસ્ત ધર્મી

તરીકે, જૈનો છે. એટલે પહેલાં તેમના દેવને સાર્વજનિક બનાવવા, અને સર્વ લોકો તેને માન આપે, તેવી જાહેર ગોઠવણ કરવાથી જૈનો લાલચમાં પડે અને તે આગેવાન અને વિચારશીલ પ્રજા એ તરફ પહેલાં દોરવાય, પછી ઉપરનો ક્રમ સામાન્ય જન સમાજમાં આગળ વધી શકે, તેમાં જરાપણ અગવડ આવે જ નહીં." માટે આ ક્રમ સ્વીકારવામાં આવ્યો છે. તેથી પહેલા મહાવીર જન્મદિવસની રજા પળાવવાની યોજના છે.

૪. પરંતુ જો અમેરિકામાં શરૂ થયેલી **વિશ્વધર્મ પરિષદ્‌ની** સીધી સૂચના અને જો ના. બ્રીટીશ સરકાર મારફતની લાગવગથી દરેક રાજ્યોમાં રજા પળાવી, તે દિવસે સાર્વજનિક ઉજવણી કરવામાં આવે, તો પ્રજા એકદમ કદાચ વિશ્વાસ ન કરે, એ સ્વાભાવિક છે. પરંતુ, ધીમે ધીમે પ્રચારથી લોકો જ રજા પાળવાની માગણી કરે, તેવું વાતાવરણ ચલાવી લોકોની વિનંતી ઉપરથી રાજ્યો તેવી રજા પાળે, તો લોકોને શંકા લેવાનું કારણ ન રહે. માટે ૫૦ વર્ષથી **ધીમું પ્રચારકાર્ય** ચાલી રહ્યું છે. તેના ફળરૂપે આજે લોકો આ રજા પાળવાની રાજ્ય પાસે માંગણી કરી રહ્યા છે. અને રાજ્યો સરકારના આ વલણને ટેકારૂપ રજાઓના હુકમો બહાર પાડી રહ્યા છે. તેમાં ખાસ કરીને દીવાનો મારફત એ કામ લેવામાં આવે છે; કેમકે દીવાનો તેવા વિચારના કરવામાં આવ્યા હોય છે.

" શ્રી મહાવીરદેવ સાર્વજનિક બન્યા પછી તેના સંબંધમાં કોને કેમ બોલવું ? તે બાબત કશો અંકુશ રહી શકે નહીં. સાર્વજનિક મિલ્કત બન્યા પછી જેને જેમ ફાવે તેમ બોલે, કોઇપણ રોકાય જ નહીં. પછી પ્રજાને જે રસ્તે દોરવી હશે, તે રસ્તે દોરી શકાશે." માટે આ રજા પહેલી પળાવાય છે.

૫. "**ભારતમાં** લાગવગવાળી મજબૂત મહાજન તરીકે ગણાતી અને જૈન ધર્મ પાળતી પ્રજાઓ પોતાના દેવને એક વખત સાર્વજનિક બનાવવા લલચાય, એટલે તેના વિશ્વાસ ઉપર બીજા પણ લલચાય અને તે જાતની જાહેર હીલચાલોમાં ભાગ લેતી થાય–એ સ્વાભાવિક છે." અને તેવા બનાવો ઘણા દાખલામાં બનેલા છે.

૬. **સંપ્રદાયોની એકતા**, સર્વ ધર્મ સમભાવનો પ્રચાર, ભારતમાં **સર્વ ધર્મ પરિષદ્**, સરકારી અમલદારો મારફત તેવી યોજનાઓ, **કલકત્તાના સરકારી પુરાતત્વ** ખાતાં તરફથી આવી પરિષદ્ બોલાવવામાં આવી હતી. **ભાવનગર સ્ટેટ**ની પ્રેરણાથી ત્યાં **પ્રભુ મહાવીર** અને **મહમ્મદ પેગંબર**ની જયંતી એકી સાથે, એક જ પ્લેટફોર્મ, એક જ પ્રમુખ અને એક સભામાં ઉજવાઇ હતી. ધુળીયા–કરાંચી–અમદાવાદ વિગેરે ઘણે ઠેકાણે **સર્વ ધર્મ પરિષદ્** ઉજવાઇ છે. તેમાં ભાગ લેનારા ગૃહસ્થોને માન–ચાંદ પદવીઓ મળી રહેલ છે. મોટા શહેરોમાં **વિશ્વ ધર્મ પરિષદ્**ના એલચીઓ સ્થાપિત થયા છે. " પૂર્વ દેશના યુવકો જગત્‌માં એક ધર્મ બનાવવાની બાબતમાં શી મદદ કરી શકે ? " તે વિષય ઉપર મારી યાદ પ્રમાણે ૫૦૦ ડોલરનો ઇનામી નિબંધ માંગ્યો હતો. આ ઉપરાંત ઘણા પ્રયાસો ચાલુ છે. **ઇંગ્લાંડમાં ઋષભ-મહાવીર જૈન સંઘ** સ્થાપીને તેમાં આંતરરાષ્ટ્રીય લોકોની મોટી સંખ્યાને સામેલ કરીને મૂળ **જૈન** સંઘોને પોતાના ધર્મને દુનિયાનો એક ધર્મ કરવાની લાલચમાં દોરવીને પછી લઘુમતી તરીકે હારવાની સ્થિતિમાં મૂકીને બહુમતને આધીન કરવાની યોજનારૂપ જણાય છે. **ના. ગાયકવાડ સરકારને** હાથે **ચિકાગો**માં બીજી પરિષદ્ ખુલ્લી મૂકાવી અને ત્રીજી **ઇંગ્લાંડમાં** તેમના જ પ્રમુખપણા નીચે ભરાણી વિગેરે.

૭. **બહુમત અને લઘુમતનો ભેદ:**–વળી, **બહુમત** ઉપર એક ધર્મ દુનિયાનો ધર્મ **ખ્રીસ્તી ધર્મને** બનાવી દેવાનું તો ૫૦ વર્ષ પછી ઘણું જ સ્હેલું થતું જાય છે; કેમકે આજે નિર્ણયો સત્યના આધાર કરતાં લોકમત અને બહુમતના આધાર ઉપર થાય છે. **ખ્રીસ્તી** લોકોની સંખ્યા ૫૫ કરોડથી પણ હવે, તો વધી ગઈ હશે. એકાદ **વિશ્વ ધર્મ પરિષદ્**માં આવો " એક ધર્મ " કરવાનો ઠરાવ વખત જતાં થાય, એટલે બીજા લઘુમતી ધર્મોએ તેને આધીન થવું જ પડે. એટલે પોત-પોતાના ધર્મો છોડી દેવા પડે જ. કેમકે–" લઘુમતીએ બહુમતીને આધીન થવુંજ પડે, " એ જાતની હાલમાં શિસ્ત છે. એ જાતની શિસ્ત ન હોય,

તો દરેક ધર્મોને જીવવાનો અધિકાર રહે છે. પણ હાલની શિસ્ત **એ** અધિકાર હવે ખુંચવી લે છે.

૮. આ સિવાય બીજા નાના નાના ઘણા પ્રયાસો ચાલે છે. જે વર્તમાનપત્રોમાં ટૂંકમાં આવે છે. અને કેટલાક તો આપણે જાણી પણ ન શકીએ, તેવા પણ ઘણા ચાલે છે.

આ પ્રસંગે **સર શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણજી, શ્રીમદનમોહન માલવીયાજી, મર્હુમ મહારાજા નામદાર ગાયકવાડ સરકાર શ્રી સયાજીરાવજી** તથા **બીજા લોકનેતાઓ** અને વ્યક્તિઓનાં નામ આગળ કરવાની જરૂર નથી. કેમકે તેઓના ઉપરની શ્રદ્ધા એ જુદી વસ્તુ છે. અને વિચારપૂર્વકની વિચારણા એ જુદી વસ્તુ છે. હું મારાં વિધાનો વિચારપૂર્વક મૂકું છું તેથી તેનો સ્વીકાર વિચારપૂર્વક થવો જોઇએ. દલીલ, પૂરાવા અને વિચારણા મારી વાતને ન સ્પર્શી શકે, તો તેને ફેંકી દેવા હું તૈયાર છું, પરંતુ મોટા પુરુષોનાં નામ માત્રથી તેમ કેમ કરી શકાય ?

**ઉપસંહાર:**—પૂજ્ય આચાર્ય મહારાજાઓ તથા મુનિ મહારાજાઓએ તેમજ આગેવાનોએ આ રજાના વિષયમાં ખાસ ઘણીઘણી વિચારણા કરવાની જરૂર છે; નહીંતર પછી પસ્તાવું પડશે જ પરંતુ—'**જૈનં જયતિ શાસનમ્.**'

## પળનાં મૂલ્ય !

### શ્રી મફતલાલ સંઘવી

**પ**ળે પળે પલટાય છે જીવનની તસ્વીરના રંગો. પીંછી પ્રાણીને હાથ રહે છે, રંગો પૂરવાની પ્રેરણા ગહન પ્રારબ્ધના બોલમાંથી ઝીલાય છે.

પળનું જીવન, જીવનનું શાશ્વત સત્ય બની રહે છે, જ્યારે માનવીની આંતરદૃષ્ટિ પળમાં અકળના ગહન સંકેતને પઢવાને સમર્થ થાય છે.

નજર સામેથી દોડી જતા પળના સુમધુર–શાંત સંગીતને ચરણે, જો આ જીવનવીણાનું દાન દેવાય, તો તે પળ; નિજના અલ્પ છતાં અમૃતમય જીવનવડે, અન્યના નશ્વર દેહમાં અમરતાના આનંદ–રત્નો પકવી જાય.

" આ પળે જ શા માટે ? ચાલો પછી વાત. " આવા પ્રકારનો ઉચ્ચાર પ્રત્યેકને સામાન્ય જણાય છે; પરંતુ પળને નહિ પરખતો માનવી, પળથીયે જૂજ સમયમાં ઢળી પડનાર નશ્વર દેહને કઈ રીતે અમરતાની યાદીમાં નોંધાવી શકશે ? કારણ કે દેહ નશ્વર છે, જ્યારે કાળ સનાતન છે. જો સનાતન તત્ત્વમાં આ નશ્વર દેહના આશ્રયે જીવનની આછી પણ આનંદલહરીઓ ફેંકાય, તો તેટલામાંથી પણ ઘણું સિદ્ધ થાય છે.

પળ જે પીરસે, તેને સમજીને આરોગવામાં જ કલ્યાણ રહેલું છે. પળવડે પીરસાયલા દુઃખમાં માનવી જો ગભરાઈ જાય અને સુખ માટે વલખાં મારે, તો તે દુઃખની ગ્રીષ્મઋતુનો–જીવનમાં સંયમરસ–એકત્રિત કરવાનો લ્હાવો ન લઈ શકે અને આવનારી વર્ષાની સુખદ ઋતુમાં પણ, તે ગ્રીષ્મમાં યોગ્ય રીતે ન પામી શકેલા હોવાને કારણે જીવવામાં નિષ્ફળ બને. રજની ટાણે રવિ કાજે વલખાં મારનાર પ્રાણીના જેવી દશા પળના પીરસાયલા પ્રસાદને નહિ આરોગનાર માનવીની થાય છે.

" પળને માન " ને " પળનાં માન " ની લોકોક્તિનાં મૂળ બહુ ઊંડાં છે. અનેક પળોનું એકત્રિત દ્રવ્ય કુદરતની અવકૃપાના સ્વરૂપે અનલ એક જ પળમાં સ્વાહા કરી જાય છે. જન્મથી આથડતા રંકને પળની પીંછી રાજસ્થાનનો રઢિયાળો બનાવી દે છે. ધનુષ્યમાંથી છૂટેલું તીર પળના તીક્ષ્ણ સંગીતમાં રમતું લક્ષ્યનો છેદ કરી નાંખે છે. માનવ-લોકના ઉદયાસ્તની તસ્વીરો પળની પીંછીવડે જ રંગાય છે, છતાં નજર સામે ઝળકતી બીજલેખા જેવી કાળના સનાતન સંગીતની કંડિકા પળને આવકારનારા આર્યવીરો આજે આ આંખને ઓછા જણાય છે.

કહો કે કાળ અનાદિ–અખંડ છે, પળમાં તેના સમગ્ર સ્વરૂપને જોવાથી શો લાભ ? કાળ જો અનાદિ–અખંડ છે, તો આત્મા પણ અનાદિ ને

અવિભાજ્ય છે, અનેક રૂપોની આંખમાં થઈને આ આત્માએ કાળને વાંચ્યો હશે; છતાં આજે આપણા જીવનને કાળની કિતાબનો એક શબ્દ પણ ખ્યાલમાં હોય તેવું જણાતું નથી; માટે જ સાંપ્રતે વર્તતી સ્થિતિમાં આનંદનો આસ્વાદ લેવાય તે જ સાચો ગણાય. પળના સાચા જીવનનો ખ્યાલ માનવકુલની સર્વોચ્ચ જીવનદશાના ખ્યાલ સાથે જન્મવા પામ્યો છે.

આસપાસ નાચતી પળની પ્રકાશમય મૂર્તિને જોવાનું ભૂલી જઈ, વીતેલી ને વીતનારી પળોના ખ્યાલમાં જીવનના નાવને તરતું મૂકી દેવામાં શારીરિક, માનસિક ને આધ્યાત્મિક ત્રણેય દૃષ્ટિએ નુકસાન છે. શારીરિક દૃષ્ટિએ ભૂત–ભાવિના વિચારોથી ચિંતાના ભૂતનો જન્મ થાય; માનસિક દૃષ્ટિએ ચિત્તતંત્ર અસ્થિર અને નબળું બને. અને અધ્યાત્મશાસ્ત્ર તો સ્પષ્ટ ગાય છે કે, "જે ગમે જગદ્ગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો." અર્થાત્ ભવિતવ્યતાથી જે બને છે તેનો શોક શો ?

હેમંતની એક મધરાતે હું જાગતો પથારીમાં બેઠો હતો. આસપાસ દીવાનો આછો પ્રકાશ હતો. નજર સામે માતા સરસ્વતીની સુંદર તસ્વીર હતી. મારી નજર ધીમે ધીમે તે તસ્વીરમાં રમતી થઇ; થોડી વારે તેમાં ઊંડે ઉતરી. થોડાક વધારે સમય બાદ તદાકાર બની ગઇ. હું દ્વૈતના ખ્યાલમાંથી અદ્વૈતમાં ઊતરી ગયો. ભૂત, ભાવિ ને વર્તમાનને ટપી જતું કાળનું અભેદ્ય સંગીત મને સંભળાયું. શરીરે મને કમ્પ થયો, આનંદની ઊર્મિઓ મારા શરીરને ભીંજવી ગઈ. પછી જ્યારે મારી દૃષ્ટિ કાળના અખંડ સંગીત અને માતાની છબિમાંથી ઉંચકાઈ ત્યારે મને ખ્યાલ આવ્યો કે, "મેં આજ સુધી આવી અનુપમ પળ નહોતી જ જોઇ."

જીવનની સરિતાનું વ્હેણુ જ્યારે "ચૈતન્ય–મંદિર" તરફ વળે છે, ત્યારે જ પળના શાશ્વત–જીવનનો સાચો ખ્યાલ આવે છે. બાકી ગમે તે પળે ને ગમે સ્થળે, ફાવે તેવા પ્રકારના વિચારમાં મ્હાલવામાં આપણને ન્હાનમ નથી જ જણાતી ! પરંતુ જીવનની અંતિમ પળે ખાલી હાથની વિદાય વેળાએ ગૂમાવેલી પળોનો ખ્યાલ આવતાં ભારે વ્યથા અનુભવવી પડે છે; તેથી જ પ્રથમ જાગવામાં હિત છે.

" Work while you work " વાળી અંગ્રેજી કહેવતનો ભાવાર્થ પણ પળનાં જીવનનો જ અર્થ સમજાવે છે. જે પળે જે કામ હાથમાં લીધું હોય, તે પળે તે કામમાં આપણે જરૂર રત બની જવું જોઇએ; તેનાથી લાભ એ થાય છે કે, કામમાં પળનું બળ આપણને મદદ કરે છે. તેથી જ ભોજનવેળાએ વ્યાપારના વિચારો કરવામાં અને દેવમંદિરે દુનિયાદારીના વિષયો ચિંતવવામાં ભાગ લેતાં અટકીને, આપણે મળેલી પળ અને સ્થળના ખ્યાલમાં મસ્ત બનવું જઇએ.

પળના યોગવડે આત્માનંદ પામવાના આશયે જ આર્ય ઋષિ-મુનિઓએ દેવાલયોની અનુપમ કલામયતામાં પ્રાણમન્ત્રો આલેખ્યા છે. અને આજે આપણે આ દુનિયાના કોઇ પણ કોણમાં શાંત અને સંયમી રીતે પળમાં મસ્ત બનતા હોઇએ તો થોડે ઘણે અંશે પણ દેવમંદિરમાં જ. દેવમંદિરની દિવાલો બહાર પગ ટેકવ્યા પછી આપણને અગમનિગમની કલ્પનાઓમાં ઊંડીને હાંકવાનું જ દિલ થાય છે જયારે કલ્પવામાં વિહરવાનું કાર્ય કુદરતના લાડીલા કવિઓ સિવાય અન્યને જીવનસત્ત્વ બક્ષે તેવું છે જ નહિ.

પળ ને સ્થળનો સુયોગ જીવનની પ્રતિમાનું અજબ રીતે ઘડતર કરે છે. પળનો પ્રાણ જીવનની ભીતરે આર્દ્રતા જગવે છે, સ્થળનું કલેવર પ્રતિમાના આરસને સફેદ ચંદની જેવો બનાવે છે. ફાલ્યાફૂલ્યા આંબાની ડાળ અને કોકિલાનો ચેતનાસભર " કૂહુ " રવ, જે રીતે આખા યે ઉપવનમાં આનંદમયતા જગવે છે, તે જ રીતે પળ ને સ્થળના સુયોગ-માંથી અનેરી ચંદનકલા ઉપસતી થાય છે. નીલ, ગંભીર વારિમાં વહેતી યમુનાનું તીર અને ચાંદની ઝરતી પૂર્ણિમાની પળ, એક નજર કરતાં જ મુમુતાઝના જીવનની કવિતા કવતો અલબેલો તાજ હસતો જણાશે.

સ્થળ-કાળના સુસંયોગમાં જીવનની વીણાનો અમૃતરંગી અનુપમ સૂર નીકળે તો અવશ્ય જીવનનું ઉત્થાન-વતન દૂર થાય કે તેને મુક્તિની મનોહર હરિયાળી નજરે ચઢે. જેવાં હશે જીવનની સરિતાનાં જળ તેવી જ સ્થળ-કાળની એકતામાં કામ કરશે આપણી નજર. સર્વ કાર્યના મૂળમાં

સત્વની અપેક્ષા પ્રથમ રહે છે. ગમે તેટલા સારા બિછાને બેસવા જતાં પણ ખાટલાના પાયા જોઇને બેસનારા આપણા પૂર્વજો કાંઈ મૂર્ખા નહોતા !

પળ–સ્થળ ને જીવનની સાત્વિકતાનું ઐકય આ મૃત્યુ લોકે અવશ્ય અમરલોકની ઇમારતો ચણી શકે. આપણે અમરતાના વારસદાર છીએ. સવેળા જાગૃત થવાની જરૂર આપણે ખરી કે નહિ ?

## વિદ્યા : જીવનનો સંસ્કાર

### શ્રી સોમચંદ શાહ

[ બે મિત્રોની મિત્રાચારી ગાઢ છે. બન્નેના હૃદયમાં વિચારભેદ છે પણ મનભેદ નથી. એકાએક રસ્તામાં એક વખતે ભેગા થાય છે અને નવનીત પૂછે છે ]

**નવનીત:**—મિત્ર તારા હાથમાં આ રૂપાળી શીશી શેની છે ?

**વિનોદ:**—અત્યારે જ હું બજારમાંથી અત્તરની શીશી ખરીદતો આવ્યો છું.

**નવનીત:**—લાવ જોઈએ. [ હાથમાં લઈ જુવે છે અને બોલે છે ] અત્તર બહુ ઊંચું લાગે છે. કેટલી કિંમત આપવી પડી છે ?

**વિનોદ:**—એક શીશીના રૂા. બાર આપ્યા છે.

**નવનીત:**—આપ ગર્ભ શ્રીમંત છો એટલે આવા ભોગવિલાસો પાછળ પૈસા ખર્ચવા પાલવે પણ જીવનને તેવા ભોગવિલાસોની પાછળ ઘસડવું તે માણસાઈનો ગુણ નથી.

**વિનોદ:**—બંધુ ! તને આધુનિક જમાનાની પૂરી પિછાન નથી. આજે તો ભોગવિલાસો જેટલા ઉંચા તેટલો જ માણસ આગળ પડતો ગણાય છે. જોને ! પેલો સુરેશ ભણ્યો છે ઘણું પણ તેના જીવનમાં વધુ પડતી સાદાઈ અને સરળતાએ સમાજમાં તેને આગળ આવવા દીધો નથી. ભલે ! હું ભણવામાં ઢ’ છું. પણ પૈસાના જોરે અને મારા બાદશાહી જીવનના પ્રતાપે જ્યાં ત્યાં માન પામી શકું છું.

**નવનીત:**—ભાઈ વિનોદ ! મને તારા વિચારમાં વિકૃતિ લાગે છે. માણસ ઠઠારાના અંગે અને લક્ષ્મીની ઘેલછામાં ઘડીભર માન મેળવી જતો હોય પણ નેપોલીયનના કહેવા મુજબ કે **માણસ આવે છે ત્યારે કપડાંના ઠાઠથી અને જાય છે ત્યારે ગુણથી પૂજાય છે.**

**વિનોદ:**—તારૂં માનવું ગમે તે હોય પણ મને તો મારા અનુભવથી જણાયું છે કે માણસ જગતમાં લક્ષ્મીથી પૂજાય છે તેટલો જ્ઞાનથી નથી પૂજાતો.

**નવનીત:**—જગત લક્ષ્મીનું પૂજારી, અને એથી લક્ષ્મીના મદમાં કે લક્ષ્મીના લોભમાં પડેલા માનવીઓ વચ્ચે માન ખાટી જતા માણસનું જરા પણ અભિમાન લેવા જેવું નથી.

**વિનોદ:**—મિત્ર ! તને દુનિયાનું જ્ઞાન નથી. આજે માનપાન મેળવવામાં કે સભાઓના પ્રમુખસ્થાનમાં મોટા ભાગે લક્ષ્મીના લાડકવાયાને જ સ્થાન મળે છે. એકલું ભણેલો માણસ સમાજમાં સ્થાન પામી શકતો નથી.

**નવનીત:**—ત્યારે શું બંધુ લક્ષ્મીનું જ સર્વત્ર સામ્રાજ્ય છે?

**વિનોદ:**—હા ! બધું ! સાંભળ !

**પૈસા વિણ જગમાં કાંઈ નથી કહું ભાઇ,**
**પૈસાથી પામે માન સદા સુખદાઈ;**
**જો હોય ભણેલો ઘણું કદી કો ભાઈ,**
**પૈસા વિણ જગમાં સદાય તે દુ:ખદાઈ.**

માટે જગતમાં લક્ષ્મીની જ બલિહારી છે સંસ્કૃતમાં પણ કહ્યું છે કે **सर्वे गुणाः कांचनमाश्रयन्ते** [ આ બધું સુરેશ એક બાજુ ઊભો ઊભો સાંભળે છે. ]

**નવનીત:**—ભલે તને લાગતી હોય કે લક્ષ્મીની જ બોલબાલા છે પણ મારી દ્રઢ શ્રદ્ધા બંધાએલી છે કે માનવ પાસે લક્ષ્મી ઓછી હશે તો ચાલશે પણ જ્ઞાન વિના નહિ ચાલે.

**વિનોદઃ**—દીવા જેવી હકીકત હોવા છતાં તું સમજી શકતો નથી તે ભારે કહેવાય. મારો જ દાખલો આપું કે મારી પાસે લક્ષ્મી સારા પ્રમાણમાં છે તો મારા કેટલા મિત્રો થતા આવે છે. શાક માર્કીટમાં શાક લેવા જઇશ તો ત્યાં પણ પહેલી પૈસાની જ જરૂર પડશે. ડગલે ને પગલે પૈસાની જરૂર પડતી હોવા છતાં તું જ્ઞાનની જ ઉપાસના અને ગુણગાન ગાયા કરે છે તે તારા જેવા સમજુ અને ડાહ્યા ગણાતા માણસને ન શોભે! વિશેષ હું તને શું કહું?

**નવનીતઃ**—મિત્ર! તું લક્ષ્મીને સર્વોપરી સ્થાન આપે છે પણ તને ખ્યાલ નથી કે માનવના માનસનું સબળ અને સંસ્કારિત્વ ઘડતર કરનાર જો કોઈ હોય તો સમ્યગ્જ્ઞાન જ છે. લક્ષ્મી મનુષ્યના જીવનને વિલાસી બનાવે છે અને ખરાબ ટેવો તેના જીવનમાં સ્થાન પામે છે.

**વિનોદઃ**—નવનીત! મને તો જગત પર વિદ્યા કે જ્ઞાન કરતા લક્ષ્મીનું વધુ સામ્રાજ્ય દેખાય છે. જીવન જીવવામાં અને એશારામ ભોગવવામાં લક્ષ્મીની જરૂરીઆત છે. જ્ઞાનથી કાંઇ પેટ ભરાતું નથી. પૈસો હશે તો બધું મળી આવશે.

**નવનીતઃ**—ભલે! પૈસાથી વસ્તુઓ ખરીદી શકાતી હોય પણ જીવનના ઉચ્ચ ગુણો જે છે, તે કાંઈ બજારમાં ગમે તેટલા પૈસાના ભોગે પણ મળતા નથી. તે તો જ્ઞાનના પરિબળે જ પ્રાપ્ત થાય છે.

**સુરેશઃ**—[ નવનીતને ઉદ્દેશીને ] બન્ધુ! શાનો વાર્તાલાપ ચાલે છે?

**નવનીતઃ**—સુરેશ! વિનોદનું મંતવ્ય છે કે લક્ષ્મી વિદ્યા કરતાં ચઢીઆતી છો લક્ષ્મી એ જ જીવનમાં સર્વસ્વ છે. લક્ષ્મી જ માનવીને ઉન્નત રાખી શકે છે. આ મંતવ્યની સામે મારો સખ્ત વિરોધ છે.

**સુરેશઃ**—નવનીત! જે મનુષ્યો આ ભવને જ મીઠો માને છે અને પરભવની જિંદગીનો વિચાર માત્ર જેને નથી તે જીવોને જ્ઞાનની મીઠાશ અને તેના ગુણોનો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

**નવનીત:**—પણ આપણી શક્તિ મુજબ તેની પાસે જ્ઞાનની ગૌરવ-ગાથા ગાઈ સમજાવું જોઈએ–" જ્ઞાન જ જીવનને જીવતાં શીખવે છે."

**સુરેશ:**—પણ તે કયું જ્ઞાન ?

**નવનીત:**—વ્યવહારમાં જે જ્ઞાન લેવાય છે અને અપાય છે તે ?

**સુરેશ:**—ના, બન્ધુ ! વ્યવહારિક જ્ઞાન માત્રથી આત્મા પોતાના ગુણોમાં આવી શકતો નથી પણ શ્રી વીતરાગ દેવોએ જે તત્ત્વજ્ઞાન આપણને વારસામાં આપ્યું છે તે તત્ત્વજ્ઞાનનું પાન કરવાથી મનુષ્ય મટી દેવ બની શકે છે.

**નવનીત:**—પણ વિનોદને તો વ્યવહારિક જ્ઞાન પણ બહુ મેળવવાની જરૂર જણાતી નથી. એ તો માને છે કે ભણ્યા કરતાં પૈસા દ્વારા મોજ-શોખ માણવા વધુ ગમે છે.

**સુરેશ:**—મોજશોખ તો જીવનને નીચે ઉતારે છે. ઘડીભર સુખનું આશ્વાસન મળે પણ તેનાં વિપાક–ફળો ભાવિમાં ઘણું દુઃખ મૂકતાં જાય છે.

**વિનોદ:**—તમે તો બધા વેદિયા જેવા જ રહ્યા. પૈસા ખીસામાં ન હોય ત્યારે તમે ભાવીનો ભય ઊભો કરી મોજશોખને તરછોડો છો. બાકી લક્ષ્મી વિના જગતમાં ઘડીભર પણ વ્યવહાર ચાલી શકતો નથી.

**સુરેશ:**—હા ! બન્ધુ ! પૈસા વિના વ્યવહારમાં રહી શકાતું નથી. પણ એટલા માત્રથી જ્ઞાન કરતાં વધુ મહત્ત્વ ન અપાય.

**વિનોદ:**—કેમ ન અપાય ?

**સુરેશ:**—જરા શાંતિથી સાંભળ ! જીવનને સુસંસ્કારી બનાવવામાં કે આત્માના અખૂટ ધનને પ્રગટ કરવામાં એ બાહ્ય લક્ષ્મી કામ આપી શકતી નથી.

**વિનોદ:**—જો લક્ષ્મી કામ આપતી ન હોય તો આજે દુનિયા પૈસા મેળવવા માટે રાતદિવસ વલખાં મારી રહી છે તો શું દુનિયા મૂર્ખી છે ?

**સુરેશ:**—દુનિયાને મૂર્ખી કહેવાનું સાહસ ન કરું, પણ એટલું જરૂર

કહી શકું કે દુનિયામાં જે જે માણસો કેવળ ધનના લોલુપી છે અને જીવનના સુસંસ્કારો પ્રત્યે કે સુસંસ્કારોનું પ્રગટીકરણ કરવા સામર્થ્ય ધરાવનાર જ્ઞાન પ્રત્યે દુર્લક્ષ કે અરુચિ ધરાવે છે તે તે માણસો પોતાની જાત માટે મૂર્ખા છે.

**વિનોદ:**—ત્યારે તો આખા જગતમાં તમે બે જ ડાહ્યા ગણાઓ.

**સુરેશ:**—અમે ડાહ્યા ગણાઈએ કે નહિ તેની ચર્ચા આપણે નથી કરવી; બાકી સત્ય અને નક્કર હકીકત એ જ છે.

**વિનોદ:**—તો શું એકલા જ્ઞાનથી પેટ ભરાશે ?

**સુરેશ:**—ના, પેટ નહિ ભરાય પણ આત્મા જ્ઞાનથી ભરાશે. હું તને સંભળાવું તે જરા તું સાંભળ !

રાગ—શિખરણી.

**ન ચોરોએ લીધું, પ્રગટ ન દીસે કે સુખ સદા,**
**વધે જે દેતાં ન ખાવે લેશજ કદા;**
**ન કલ્પાંતે પામે, નિધન ધન વિદ્યા વિધ ખરે,**
**હશે જેની પાસે, નર જગતમાં શ્રેષ્ઠ ગણાશે.**

**વિનોદ:**—બન્ધુ ! તારું કહેવું ઠીક લાગે છે પણ દોઢીયા વિના પગલું પણ ભરી શકાય તેમ છે ?

**સુરેશ:**—દોઢીયા વિના પગલું બજારમાં ન ભરી શકાય, કારણ કે બજારમાં વસુ વિના વસ્તુ કોઈ ન આપે. પણ સંસ્કારો કે આત્માના ઉન્નત ગુણો એ કાંઈ બજારની વેચાઉ વસ્તુ નથી. સંસ્કારથી સુખી બને છે. લક્ષ્મીથી માણસ બલ્કે દુઃખી બને છે. લક્ષ્મીસંપન્ન માણસો ઘણા આંતરિક રોગો અને ઉપાધિઓથી પીડાતા હોય છે. સંસ્કારી માણસ પાસે લક્ષ્મી નહિ હોય તો પણ એટલો દુઃખી નહિ હોય !

**વિનોદ:**—તમારું મંતવ્ય યુક્તિસર છે પણ મને એક શંકા રહે છે કે લક્ષ્મી સંપન્ન માણસો શું સંસ્કારો ન મેળવી શકે ?

**સુરેશઃ**—ન મેળવી શકે એમ એકાંત નથી, પણ બહુલતયા લક્ષ્મીના મદમાં અને લક્ષ્મીના લોભમાં શ્રીમંતો સંસ્કારોને બદલે કુસંસ્કારો મેળવે છે. કેવળ સમ્યગજ્ઞાનને ભૂલી લક્ષ્મીની સાધના કરવા નીકળનારાઓ ડુંગર ખોદી ઉંદર કાઢે છે.

**વિનોદઃ**—તમારી એટલી માન્યતા તો છે કે લક્ષ્મીની જરૂર તો ખરી?

**સુરેશઃ**—હા. પણ લક્ષ્મીને જીવનમાં મહત્ત્વ ન અપાય, જ્ઞાન એ આત્માનો ગુણ છે પણ લક્ષ્મી એ આત્માનો ગુણ નથી. જ્ઞાન એ સારાસારનો વિચાર કરાવશે; લક્ષ્મી નહિ. લક્ષ્મીથી જે સુખ નથી મળતું તે જ્ઞાનથી મળે છે. એથી જ ઉપકારી મહાપુરુષો લક્ષ્મી વગેરેનો સર્વસ્વ ત્યાગ કરી જ્ઞાનની સાધના દ્વારા ચારિત્રને ઘડે છે. પરિણામે અખંડ અને અવિનશ્વર સુખને પ્રાપ્ત કરે છે.

**વિનોદઃ**—તારું કહેવું આજે મને સમજાય છે કે લક્ષ્મી હોવા છતાં જ્ઞાન વિનાનું માનવ જીવન લૂખું અને હાનિકર છે. આજ સાચો ન્યાય છે. સત્ય સ્વરૂપ સમજાવવા બદલ આપનો તેમજ બન્ધુ નવનીતનો આભાર માનું છું. [ છૂટા પડે છે. ]

# શ્રી દીવાલી પર્વ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.** લાલબાગ મુંબઈ

**આશ્ચર્યકારી ઉદ્યોતને અર્પણ કરનાર પ્રભુ મહાવીર ભગવાનનો, સાદિ અનંતભાગે વિરહ કરાવનારો દિન તે દીવાલી દિન કહેવાય છે. તે વિરહને આજે ૨૪૭૧ વર્ષનો સમય થઈ ગયો છે. તે દરમ્યાન ૨૪૭૧ દીવાલીઓ ગઈ અને હવે ૨૪૭૨ મી દીવાલી આવશે. તે દીવાલીઓમાં દેવાલિયાઓ સિવાય લાખો મનુષ્યોએ તે દ્રવ્ય દીવાલીને અજવાળી ભાવ દિવાલીની ભાવનાને પુષ્ટ કરી હશે અને લાખો કરશે.**

દીવાલી ત્હારી બલિહારી. તું સમજપૂર્વક આરાધનારને મુક્તિ ગઢ સુધી લઇ જાય છે, કે જે ગઢ દૃઢકાય, દૃઢધર્મી, વિહતકર્મિ જનોનું પરમ પવિત્ર પૂર્ણ સુખનું ધામ છે. જ્યાં અવિહત આરામ છે. યોગિયોના હ્રુદયનું તે ધ્યેય છે અને પંડિત પ્રકાંડોનું ગેય છે. દેશવ્રતધારીઓ દેશવ્રત લઇ રહ્યા છે. મહાવ્રતધારીઓ મહાવ્રત પાલી રહ્યા છે. જ્ઞાનીઓ જ્ઞાનની ધૂનમાં રમે છે અને ધ્યાનીઓ ધ્યાનથી મૌન રહે છે ને સમસ્ત આ ગઢની ચાહનામાં જ પડ્યા છે, અરે મુક્તિગઢ ! તારી રઢ કોને નથી ? તું ઇચ્છનારનો સંસાર બહુ જ ટૂંકો કરી નાંખે છે. અનંતા પુદ્ગલ પરાવર્તન, ત્હારી ચાહનાથી જ ઓછાં થઈ જાય છે. તે મુક્તિ ગઢને સર કરવા માટે, અઢળક લક્ષ્મીનો, સુંદર રાજ્યનો, પ્રેમી પરિવારનો, પરાક્રમી શ્રેણિક, ચંડપ્રદ્યોત જેવા રાજવીઓની સેવાનો પ્રભુ મહાવીરે ત્યાગ કરી ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં માર્ગશીર્ષ વદ ૧૦ ના દિવસે સંજમ લીધું અને સાડાબાર વર્ષ સુધી એવી કડક રીતે પાલ્યું કે બોલ્યા પણ નથી, સૂતા પણ નથી કે બેઠા પણ નથી. ઊભે ને ઊભે પગે રહ્યા છે, એટલા લાંબા કાળમાં માત્ર ૩૪૯ દિવસ ખાધું છે, આવા ઉત્કૃષ્ટ ચારિત્ર બલે વૈશાખ શુદ ૧૦ ને દિને કેવળજ્ઞાન પામ્યા, અનેક રાજવીઓને સંયમ અર્પણ કર્યું, લાખ ઉપરાંત શ્રાવક બનાવ્યા, હજારો સાધુઓ કર્યા. એક જ દેશનામાં ૪૦૪૪ ને દીક્ષા આપી શકયા તેમાં ૧૧ તો તેમના નેતાઓ જે તેમની દુનિયાના સર્વજ્ઞ હતા. અહા હા ! કેવું પરાક્રમ ! કેવી સચોટ અસર કરનારી દેશના ! કેવું વૈરાગ્યના ધોધ વહાવવાનું કૌશલ્ય.

ઓ પ્રભુ મહાવીર ! સદા અમે આપના ચરણના જ દાસ બન્યા છીએ તેનું કારણ એ જ છે કે તારા જેવો તરણ-

તારણ બીજે કયાંય નથી. ઠેકાણે ઠેકાણેનાં સત્કાર લેતાં દેવોના પણ અર્ઘ્ય પ્રાપ્ત કરતા પ્રભુ મહાવીરે લગભગ ૩૦ વર્ષ સુધી જનસમૂહને અનર્ગલ ધર્મનો લાભ આપી અંતિમ ચાતુર્માસ પાવાપુરીએ કર્યું. ત્યાં આસો વદ ૧૪ અને અમાવાસ્યાનો પ્રભુએ નિર્જલ છઠ્ઠ કર્યો અને ૪૮ કલાક સુધી એકધારી દેશના આપી. જેમાં ૧૮ ગણરાજાઓ પણ હાજર હતા. એટલા એટલા કલાકોની દેશના સાંભલનારમાં કેટલો રસ રેલંછેલ થતો હશે કે ન લઘુનીતિ બડીનીતિનું કામ, ન પગ ઊભો કરવાનું કામ, ન ખાવાનું કામ કે પીવાનું. અંતમાં દેવાનંદામાં આવી ભારતને અલંકૃત કર્યું અને દેવાનંદામાં જ ભારતને છોડયું, સંસારનું બંધન તોડયું. શાશ્વત સુખને સાદિ અનંતભાગે સ્વાતિ નક્ષત્રમાં અમાવાસ્યાની ચાર ઘડી રાત બાકી હતી તે સમયે પામ્યા.

ત્યારે અમાવાસ્યાની રાત્રિનો અંધકાર, પ્રભુના વિરહથી સજ્જનોનાં દિલમાં અંધકાર, અતિશયનો અભાવ થવાથી અંધકાર, એમ અંધકારની ત્રિપુટીએ ખૂબ જોર જમાવ્યું તે જોઇ ૧૮ ગણ રાજાઓએ ભાવ ઉદ્યોત મેળવવાનું સાધન તો હ્હોતું એટલે છેવટે દ્રવ્ય ઉદ્યોત કરનારા દીવાઓ દૂર દૂર પ્રદેશો સુધી પ્રગટાવ્યા અને ત્યારે જે દીવાલી થઇ તે અદ્યાવધિ ચાલી રહી છે ને હજુયે હજારો વર્ષ ચાલશે. આ દીવાલીમાં પ્રેરણા પામી જે અંતરના વિવિધ જ્ઞાનદીપકોને પ્રગટાવનાર ચરણ કરણને ધારણ કરી લેશે, તે જન્મ મરણથી બચી કર્મનો ક્ષય કરી કૈવળજ્ઞાન ને કૈવલદર્શનના સમયાન્તરે ઝબુકી રહેલા લોકાલોકને પ્રકાશનારી બે દીવડીઓ પ્રકટાવી સદૈવની દીવાલી બનાવી શકશે. આ દીવાલીથી તે દીવાલીની

**પ્રેરણા લેવી જોઇએ. સંસારમાં પડી રહેવું ન જોઇએ. જે સંસારમાં પડી રહ્યા તે ચોરાશીમાં સડી ગયા એમ સમજજો. इत्यलं विस्तरेण । ॐ शान्तिः शान्तिः शान्तिः**

## અસર્વજ્ઞવાદ અને તેનું ખંડન :

**મુનિરાજશ્રી રવિવિજયજી મહારાજ**

જ્ઞાનમંદિરઃ અમદાવાદ.

**અ**ખંડ ભાવ દયાના સાગર પરમ કૃપાળુ શ્રી જિનેશ્વર દેવોએ જ્યારે સંપૂર્ણ લોકોને દુઃખથી રીબાતા જોયા ત્યારે તેમને કેવલ તારવાની બુદ્ધિથી જ જૈન શાસનરૂપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, કે જે સંઘની અંદર જે વ્યક્તિ દાખલ થાય તે વ્યક્તિ નિયમા પોતાના દુઃખનો નાશ કરે. ચતુર્વિધ સંઘમાં શ્રાવક કુળમાં ઉત્પન્ન થવા માત્રથી જ શ્રાવક ને શ્રાવિકા ગણાય એવો કાયદો નથી પણ એમણે ઉપદેશ કરેલ માર્ગને હૈયાપૂર્વક આરાધના કરે. અને તે માર્ગની આરાધના કરનારા મહાન્ ઉત્તમ કોટીના છે એવું નિશ્ચયપૂર્વક સ્વીકારે. ઉપદેશ કરેલ માર્ગને કદી ઓછાવત્તા અંશે આરાધી શકતો ન હોય છતાં જે એમ માને કે સંપૂર્ણ દુઃખમાંથી છૂટવું હોય તો આ માર્ગ જ ઉત્તમ છે. આ માર્ગની આરાધના વગર દુઃખથી મુક્ત થઈ શકાય જ નહિ. તે પણ શ્રાવક ને શ્રાવિકારૂપ સંઘમાં રહી શકે. શ્રાવક ને શ્રાવિકા એટલે જિનેશ્વરદેવકથિત મોક્ષમાર્ગની ઓછાવત્તા અંશે આરાધના કરનાર અથવા તેજ માર્ગને આરાધ્ય છે એવું હૃદયપૂર્વક માનનાર તે; સાધુ સાધ્વી એટલે જિનેશ્વરાદિ કથિત મોક્ષમાર્ગને શરીરની સ્પૃહા વગર સંપૂર્ણ રીતે આરાધન કરનાર ને કરતા હોય તેમને સહાય કરનાર. આ વાત ત્યારે જ રુચે કે જ્યારે પરમ કારુણિક તારક જિનેશ્વરદેવો દરેક પદાર્થના જ્ઞાતા હતા, અને દરેક પદાર્થનું જ્ઞાન થયા પછી જ તીર્થની સ્થાપના કરનારા હતા. જિનેશ્વરદેવોમાં સર્વજ્ઞતાનો જ્યાંસુધી નિશ્ચય થાય

નહિ ત્યાંસુધી તેમણે કરેલ માર્ગની ઉપાસના કરવાની ભાવના જાગે પણ નહિ. મોક્ષમાર્ગની ઉપાસના કરવાનું મન નથી થતું તેનું કારણ આજે પ્રાયઃ દરેક લોકો સર્વજ્ઞના વિષયમાં શંકિત છે. દુનિયામાં સર્વ વિષયને આલંબન કરી કોઇ વ્યક્તિનું જ્ઞાન હોઈ શકે કે નહિ? આ શંકા જે વ્યક્તિઓ આગમને પ્રામાણિક માને તેને થવાની નહિ કારણકે આગમમાં ઠેર ઠેર સર્વજ્ઞ પ્રતિપાદક વાકયો મલે છે. પણ જેને આગમ ઉપર શ્રદ્ધા નથી તે વ્યક્તિઓએ યુક્તિથી સર્વજ્ઞ સિદ્ધ થતો હોવાથી સ્વીકાર કરવો જોઇએ. જો સર્વજ્ઞ જેવી કોઈ વ્યક્તિ દુનિયામાં હસ્તિ ધરાવનાર થઈ ન હોય તો આજે જે જે ધર્માદિ અનુષ્ઠાનો થાય છે. તે અન્ધપરંપરા મૂલક થઈ જાય. પંડિત પુરુષો અંધપરંપરા મૂલક આચારોને સેવનારા નથી હોતા એ વાત અનુભવસિદ્ધ છે. 'ધર્માદિ અનુષ્ઠાનો પણ પરલોકમાં સાધનભૂત નથી. ઉપજાવી કાઢેલા છે. બહુ ખર્ચ ને પરિશ્રમ સિવાય તેનું બીજું કોઈ દૃષ્ટફલ દેખાતું નથી માટે અદૃષ્ટ ફલ પણ નથી' એવું જે માનનારા છે અને સર્વજ્ઞ જેવી કોઈ વ્યક્તિ દુનીઆમાં સંભવી ન શકે એવું કહેનારા છે તેને આપણે પૂછવું જોઇએ કે, 'ભાઇ, તું કઈ રીતે સર્વજ્ઞ વ્યક્તિ ન હોઇ શકે એમ કહે છે?' અહિં આપણે એટલું કહેવું જરૂરી છે કે મીમાંસક દર્શન સિવાય દરેક આસ્તિક દર્શનકારો સર્વજ્ઞનો સ્વીકાર કરનારા છે. એટલે આસ્તિક દર્શન ઉપર જેને વિશ્વાસ છે એ લોકો તો સર્વજ્ઞનો અપલાપ કરતા જ નથી. બીજા દર્શનકારોને અભિમત સર્વજ્ઞ એ વાસ્તવિક સર્વજ્ઞ હોઇ શકે કે નહિ એનો વિચાર અવસરે કરશું પણ કેવલ અહિં તો જે નાસ્તિક દર્શન ને મીમાંસક દર્શનનો આશ્રય કરીને જ જાણે લોકો સર્વજ્ઞનો અપલાપ કરનાર થયા ન હોય? તેને આશ્રીને વાત છે.

હવે મૂળ વાત. સર્વજ્ઞને નહિ માનવાનાં કારણો એ લોકો નીચે મુજબ બતાવે છે.

૧ દરેક પદાર્થોનું જ્ઞાન કરનાર વ્યક્તિ આજે કોઈ પ્રત્યક્ષથી દેખાતી નથી.

૨ બીજી વ્યક્તિનું જ્ઞાન જ પ્રત્યક્ષથી અનુભૂત ન હોય તો તે વ્યક્તિનું

જ્ઞાન દરેક પદાર્થને આલંબન કરનારું છે એ તો પ્રત્યક્ષથી સિદ્ધ થાય જ કઈ રીતે ?

૩ પદાર્થોનું પ્રત્યક્ષ ઇન્દ્રિયદ્વારા થાય છે. અને ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં નિયત હોય છે. એટલે ચક્ષુ રૂપને, ઘ્રાણ ગંધને, જીભ રસને, કાન શબ્દને અને ત્વચા સ્પર્શને ગ્રહણ કરે છે જ્યારે ચક્ષુ ઇન્દ્રિય દ્રવ્ય રૂપનું જ્ઞાન નથી કરતી કારણ કે એક વખતમાં એક ઇન્દ્રિયજન્ય એક જ્ઞાન થાય છે એવું દરેક દર્શનકારો માને છે. હવે એક વખતમાં દરેક વિષયને જ્ઞાન કરનાર કોઈ ઇન્દ્રિય નથી તો દરેક વિષયનું જ્ઞાન કોઈપણ એક ઇન્દ્રિયદ્વારા એક વખતમાં કઈ રીતે હોઈ શકે ?

૪ ચક્ષુરાદિ ઇન્દ્રિય સ્થૂલ ને વર્તમાન પદાર્થોને જ ગ્રહણ કરનારી હોવાથી વર્તમાન પદાર્થોને સ્થૂલ પદાર્થોના જ્ઞાનવાળી વ્યક્તિઓ હોઇ શકે, પણ ભૂત ને ભવિષ્યત્કાલીન પદાર્થોની સાથે ચક્ષુરાદિ ઇન્દ્રિયનો સંબંધ નહિ હોવાથી ભૂત ભવિષ્યત્કાલીન પદાર્થોનું પ્રત્યક્ષ કરનાર વ્યક્તિ સંભવેજ કેમ ? ને જે સૂક્ષ્મ પદાર્થો દુર્બીન આદિથી પણ અગ્રાહ્ય હોય તે પદાર્થો ચક્ષુરાદિ ઇન્દ્રિયદ્વારા પ્રત્યક્ષ થતા જ નથી તો તે પદાર્થોનું પ્રત્યક્ષ કરનાર કોઈ વ્યક્તિ છે એ કહેવું કેટલું અસંગત ગણાય ?

૫ જો એક ઇન્દ્રિયથી દરેક પદાર્થોને પ્રત્યક્ષ કરનારી કોઈ વ્યક્તિ છે એવું કહેવામાં આવે તો આંધળાને પણ પદાર્થો દેખવા જોઈએ, બેરાને શબ્દો સંભળાવવા જોઇએ, મુંગાએ શબ્દો બોલવા જોઇએ; આ વાત અનુભવવિરુદ્ધ છે માટે એક ઇન્દ્રિયદ્વારા દરેક પદાર્થોને પ્રત્યક્ષ કરનાર કોઈ વ્યક્તિ છે એમ કહેવું તે તો દૃષ્ટ વસ્તુનો અપલાપ કરવા બરાબર છે.

૬ અનેક વિષયોને અભ્યાસ કરનારી વ્યક્તિઓનું જ્ઞાન પણ ક્રમિક દેખાય છે. એક જ કાલમાં અભ્યસ્ત દરેક પદાર્થોનું જ્ઞાન દેખાતું નથી તો દરેક પદાર્થોનું એક કાલમાં જ્ઞાન હોય કઈ રીતે ?

૭ જ્યારે આ રીતે પ્રત્યક્ષથી દરેક પદાર્થોને એક કાલમાં જ્ઞાન કરવાવાળી

કોઈપણ એક વ્યક્તિ સિદ્ધ થતી નથી તો અનુમાનથી તો સિદ્ધ થવાની વાત જ ક્યાં રહી ? કારણ કે અનુમાન પ્રમાણની તો ત્યાં પ્રવૃતિ થાય છે કે જ્યાં બે પદાર્થોનું એક ઠેકાણે દર્શન છે અને વળી દરેક ઠેકાણે એ રીતે બન્ને પદાર્થો દેખાતા હોય એવા સ્થળમાં એક પદાર્થનું પ્રત્યક્ષ થાય એટલે બીજા પદાર્થની કલ્પના કરાવે જેથી ધૂમની સાથે દરેક ઠેકાણે વન્હિ દેખાય છે અને પછી કોઇ ઠેકાણે ધૂમ જોઇએ તો વન્હિનું જ્ઞાન થાય છે. સર્વજ્ઞ વ્યક્તિની સાથે કોઈ વસ્તુ દષ્ટ હોય તો તે વસ્તુના દર્શનથી સર્વજ્ઞ વ્યક્તિની કલ્પના કરાય ?

૮ વળી તમો આગ્રહથી કદી અનુમાનથી સર્વજ્ઞ વ્યક્તિ સિદ્ધ કરતા પણ હશો તે છતાં જૈન દર્શનાભિમત અર્હત સર્વજ્ઞ વિશેષ તો કદી પણ અનુમાનથી સિદ્ધ નહિ થાય.

૯ સર્વજ્ઞ સદશ કોઈ વ્યક્તિ પ્રત્યક્ષ નથી કે જે વ્યક્તિને જોઇએ એટલે ઝટ જ્ઞાન થઈ જાય કે, ' આ વ્યક્તિ સર્વજ્ઞના સરખી છે કે જેથી આના જેવી બીજી કોઈ સર્વજ્ઞ વ્યક્તિ હોઈ શકે.'

૧૦ સર્વજ્ઞવાદી એમ કહે કે—આગમ પ્રમાણથી સર્વજ્ઞ સિદ્ધ છે તો તે પણ તેનું કહેવું યુક્તિથી અસંગત છે; કારણકે સર્વજ્ઞવાદિ આગમને પ્રમાણિક તો સર્વજ્ઞકથિત છે માટે માને છે. પણ સર્વજ્ઞ સિદ્ધ ન હોય તો તત્‌કથિત આગમ પ્રમાણિક કઇ રીતે હોય અને તત્‌કથિત આગમ પ્રમાણિક નથી એ નિશ્ચિત થયું એટલે પછી સર્વજ્ઞ-પ્રતિપાદક વાકયોમાં શ્રદ્ધા તો હોય જ કયાંથી ?

આ રીતે જ્યારે કોઇપણ પ્રમાણથી સર્વજ્ઞ સિદ્ધ નથી થતો માટે જ માનવું જ જોઇએ કે સર્વજ્ઞ જેવી કોઈ વ્યક્તિ નથી. અને સર્વજ્ઞ જેવી કોઇ વ્યક્તિ સિદ્ધ ન થઈ તો પછી તત્‌કથિત આગમ ઉપર વિશ્વાસ રાખી તપાદિ કરી કાયા શોષવવી, ભોગથી અલગ રહેવું, દુનિયાની મોજ-મજાહ ન માનવી, એ બધું આત્મવંચના છે.

'આજે એવી ઘણી અવિશ્વસનીય અંધપરંપરા ચાલી આવે છે અને જેનો આજના કહેવાતા શિષ્ટ પુરુષો સ્વીકાર કરે છે. અને તેથી જ આજના કહેવાતા શિષ્ટ પુરુષોએ આચરેલ પ્રવૃતિ વ્યાજબી ગણવી એ નર્યું ગાંડપણ છે. અને પાપ પુન્યની વાતો કરી આજના લોકોના પુરુષાર્થને નિર્માલ્ય બનાવી દીધો છે. પાપ પુન્ય જેવી કોઈ વસ્તુ નથી તો સ્વર્ગ નર્કની વાતો તો કેવળ શાસ્ત્રોનાં ગપ્પાં છે માટે સ્વર્ગ નર્ક પાપ પુન્યાદિથી ભડકયા વગર આજની દુનીઆના દેખીતા ભોગો ભોગવવા અને મોજ મારવી, દુનીયાની પણ કહેવત છે કે આપ મર ગયા પીછે ડુબ ગયી દુનીઆ. અર્થાત્ મર્યા પછી કંઇ વસ્તુ નથી રહેતી કે જેથી બીજાં કષ્ટો સહન કરવાં. પાંચ ભૂતનો પિંડ માતાના પેટમાં એકત્રિત થાય છે, અમુક વખત સુધી દુનિયામાં હસ્તિ ધરાવે છે, પછી ભૂતોમાં ભૂત સમાઇ જાય છે.'

આવી માન્યતા આજના કહેવાતા ઘણા આસ્તિકના લેબાસમાં રહેલા નાસ્તિકોની છે. અને તેથી જ આજે સર્વજ્ઞપ્રતિપાદિત આગમોમાં પણ ભૂલો કાઢવા મહેનત કરે છે. કારણકે એ સમજે છે કે સર્વજ્ઞપ્રતિપાદિત આગમોમાં જો ભૂલો આપણે બતાવી દઇએ એટલે તાત્કાલીક બધી વસ્તુઓ મિથ્યા સિદ્ધ થાય. અને મિથ્યા સિદ્ધ થાય એટલે પછી આજે જે સાધુઓ આગમોનો આશ્રય લઇને જવાબ આપે છે તેને પણ ચૂપ કરી શકાય. આ માન્યતાઓ જો કે પહેલાં આર્યદેશમાં હતી પણ આસ્તિકવાદનું પૂર જોશ હોવાથી તેમનું ઝાઝું જોર ચાલતુ ન હતું, પણ આજે આસ્તિકવાદને બદલે જડવાદનું જોર થવાથી જડવાદના વિકાસમાં જ જિંદગીની ઇતિ-કર્તવ્યતા મનાવવામાં આવતી હોવાથી ઉપરોકત શંકાવાલા ઘણા મનુષ્યો આજે દૃષ્ટિગોચર થાય છે. પણ આ બધી શંકાઓનાં સમાધાનો યુક્તિ પુરસ્પર પ્રતિપાદિત છે અને તેનાં સમાધાનો પણ ક્રમશઃ આપણે કરશું.

[ચાલુ]

'સાધુ શિરોમણિ' નામનું ભેટ પુસ્તક તૈયાર છે: ત્રણ પૈસાની ટીકીટ બીડી મંગાવો.

# આ કારમી કત્લેઆમ ક્યારે અટકે ?

## શ્રી સોમચંદ શાહ

વિક્રમાદિત્યનું ૨૦૦૧નું અને વીર સં. ૨૪૭૧નું વર્ષ સમેટાઇ જવાની તૈયારીમાં છે નવલ વર્ષની ઉષા તાજેતરમાં જ પ્રગટશે. બાર મહીને નવું નર્ષ આવે છે અને આપણે તેને ઉજવીએ છીએ. આશાની મોટી મહેલાતો ચણાય છે પણ ગર્ભમાં છૂપાએલા બનાવો જ બહાર આવે છે. માનવનું ધાર્યું બન્યું નથી પણ માનવે કરેલા કૃત્યનું ધાર્યું બન્યું છે. ગત ૭ વર્ષોમાં યુદ્ધના મહાતાંડવથી રાજા કે પ્રજા, લક્ષ્મીવાન કે ગરીબ, મજૂર કે ઉદ્યોગપતિ, નોકર કે શેઠ સૌ કોઈ તેની અસરથી બચવા પામ્યું નથી. ૨૦૦૨ નો સંવત્સર રાજા અને પ્રજા માટે કેવો જશે ? એની સમ્પૂર્ણ આગાહીઓ સમ્પૂર્ણ જ્ઞાની એટલે કેળવજ્ઞાની ભગવંતો જ પીછાની શકે બાકી આર્ય સન્નરનારીઓ ઊગતા નૂતન પ્રભાતે એટલું જ ઈચ્છે કે, **सर्वेऽपि सन्तु सुखिन:**

૭ વર્ષ લગી ચાલેલા મહાયુધ્ધે અનેક ઉલ્કાપાતોને જન્મ આપ્યો અને એ ઉલ્કાપાતોમાં ઘણું હોમાયું છે. એનું સરવૈયું કાઢતાં જમા કંઈ રહેતું નથી. વ્યાપાર એવો ખેડાયો છે કે નુકશાની ઉપર નુકશાની; એ નુકશાનીનું વળતર ક્યારે અને કેટલા વર્ષોમાં પાછું વળશે તે વર્તમાનમાં કલ્પવું પણ મુશ્કેલ છે. નુકશાનીના આંકડાં ઘણા મોટા છે. એ નુકશાનીની ભરપાઈ કરવા માટે ઘણાં વર્ષો જોઇશે. એક પછી એક વર્ષ તો આવશે પણ એ વર્ષમાં નુકશાનીનું કેટલું વળતર થાય છે? એ એક ગહન પ્રશ્ન છે.

જર્મને શરણાગતિનો સ્વીકાર કર્યા પછી પણ પાસિફિક મહાસાગરના એક ખૂણે આવેલા જાપાને પોતાનો નેજો ફરકતો ચાલુ રાખવા કમર કસી પણ, બ્રિટન, અમેરિકા, અને રશિયા આ મહારાજ્યોના સંયુક્ત બળ સામે એકીલું અને અટુલું બનેલું જાપાન કઇ રીતે ટકર ઝીલી શકે ? સંયુક્ત બળની કિલ્લેબંધી જાપાન જેર કરી શક્યું નહિ અને જૂજ ટાઇમમાં એને મિત્રરાજ્યોની શરણાગતિ નમતા મસ્તકે સ્વીકારવી

પડી છે અને સહીઓ વગેરે સઘળું પતી ગયું છે. અને એ રીતે ચાલતું વિશ્વ યુદ્ધ આજે તો થાળે પડયું છે. યુદ્ધના પરિણામે જર્મન અને જાપાન વિષમ પરિસ્થિતિમાં અને બંધનની જાળમાં પડયું છે.

બ્રિટન, અમેરિકા, જાપાન, જર્મન, ચીન, ફ્રાન્સ અને રશિયા વગેરે દેશોની ભૌગોલિક પ્રગતિ વિજ્ઞાનના પરિબળે વધી હશે પણ તે શક્તિ અને પ્રગતિ જડવાદના પાયા ઉપર રચાયેલી હોવાથી લાભને બદલે નુકશાન ઘણું કરી જાય છે. આર્યાવર્ત દેશે બીજા દેશોનો સહવાસ અને સમ્પર્ક સાધવાથી થોડે–ઘણે અંશે ભૌતિક પ્રગતિનું અનુકરણ અને અનુસરણ લીધું છે. પ્રગતિનો મજબૂત પાયો સત્ય, અહિંસા અને ચૈતન્યવાદ ઉપર નહિ રચાય ત્યાં સુધી વિશ્વશાંતિ ભયમાં મૂકાયેલી રહેશે. પ્રગતિના સત્યસ્વરૂપને ઓળખી જનતા સન્માર્ગે વળે તો જ દેશ સમાજ અને ધર્મનો ઉદ્ધાર છે એટલે કે આપણો ઉદ્ધાર છે. અવળા માર્ગે પ્રયાણ આદરનારા પ્રગતિની મૌલિકતાને પામવા જતાં અધોગતિના મૂળમાં પહોંચી જાય છે.

"યુદ્ધ શાહિવાદ અને મુડીવાદમાંથી પ્રેરાયેલું છે" આ જાતની માન્યતા કેટલાકો ધરાવે છે પણ એ માન્યતા પોકળ છે કારણ કે, સમાજવાદી હોય કે સામ્યવાદી હોય, નાઝીવાદી હોય કે શાહીવાદી હોય, લોકશાહી હોય કે ગાંધીવાદી હોય પણ વ્યક્તિ માત્રનું માનસ જ્યાંસુધી જડવાદી મટી ચૈતન્યવાદી ન બને ત્યાંસુધી જગતની પવિત્ર ભૂમિ પર નાનાં–મોટાં યુદ્ધોએ ભૂતકાળમાં જન્મ લીધો છે, વર્તમાનમાં લે છે અને ભાવીમાં લેશે. શાહીવાદ કે મુડીવાદનો નાશ કરવાથી વિશ્વમાંથી યુદ્ધનો નાશ થશે એમ માનવાને કોઈ એવું સબળ કારણ નથી. મનાતાં સામ્યવાદી રશિયાએ પણ યુદ્ધના મહાતાંડવમાં યુદ્ધની ભયંકરતા સર્જવામાં મોટો હીસ્સો આપ્યો છે. પૂણ્ય–પાપની નાસ્તિકતામાંથી અથવા તો પાપના અતિરેકમાંથી યુદ્ધ જેવા મહાભયંકર તત્ત્વો ફાટી નીકળે છે. યુદ્ધ એ પણ પાપનું પરિણામ છે.

ક્રોડો માનવીઓના મસ્તકથી અને અબજોના ખર્ચથી મળેલા મોંઘા

જયની કિંમત આર્ય અને સંસ્કારી માનવ કોડીની જ ગણે. જેનાથી પ્રજાની સુખ–સગવડતાઓ ભયમાં મૂકાય, સંપ–સમૃદ્ધિનો હ્રાસ થાય, સામાજિકતાનું, આર્થિકતાનું, નૈતિકતાનું અને ધાર્મિકતાનું ધોરણ નીચે ઉતરી જાય, માનવતાના ગુણુનો નાશ થાય અને સંસ્કૃતિ, સાહિત્ય, સજ્જનતા, સહિષ્ણુતા અને શાંતિ વગેરેમાં પૂળો મૂકાય તેવા પ્રકારના યુદ્ધને આર્યદેશના નવગજના નમસ્કાર જ હોય !• આપણી પ્રાર્થના તો એ જ હોય કે, આવાં યુદ્ધો પૂણ્યભૂમિ ઉપરથી સદાને માટે લોપ થાય અને વિશ્વશાંતિનું સામ્રાજ્ય ચોમેર પથરાય અને જગતના જીવો સાચી સુખસમૃદ્ધિને વરે !

અમર્યાદિત દોટ નાશને નોતરે છે. યુદ્ધના પ્રારંભમાં જર્મનની જય પ્રત્યે વેગીલી દોટ હતી. જર્મને અનેકોના જીવને ભોગે યુદ્ધનો આરંભ કર્યો હતો. જનતાની જીભ ઉપર જર્મનના જય ઉચ્ચારો થતા હતા. અને બ્રિટિશને ગણતરીના દિવસોમાં પરાજય કરશે. આ આખી ગણુતરી ઊંધી વળી છે. આખરે તો જર્મનને ય અવનત મસ્તકે શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી. જર્મનનું સોબતી રાજ્ય જાપાને જર્મનની શરણાગતિ બાદ પણ મિત્રરાજ્યો સામે ટક્કર ઝીલવા અને યુદ્ધ ચાલુ રાખવા કમર કસી પણ જાપાન પ્રાણુવિનાનું ખોખું બની ગયું હતું. આખરે જાપાનને પણ શરણાગતિના પંથે વળવું પડ્યું.

જર્મન–જાપાને યુદ્ધનાં મંડાણ કરી શું મેળવ્યું ? બેકારી ! વિજ્ઞાનના મૂળ પાયામાં જ બેકારીનું ખાતર નંખાએલું છે. વિજ્ઞાન, શોધખોળ અને શક્તિ સામર્થ્ય અંગે યંત્રોની બાહુલ્યતા વધી છે અને એ યંત્રોની જમાવટથી હિંસા, બેકારી, નિર્દયતા, નિષ્ઠુરતા, અસત્ય, પરિગ્રહ વગેરે વૃદ્ધિ પામ્યાં છે. સેંકડો માણસોનાં હાથે થતું એક કામ યંત્ર પડાવી લે છે અને સેંકડો માણુસોની આજીવિકાનો લોપ થાય છે. અખબાર નવેશો જણાવે છે કે " યુદ્ધની પૂર્ણાહૂતિથી હિંદી સૈન્ય ૨૦ લાખ અને અમેરિકામાં ૭૦ લાખ માણસો બેકાર બનશે. "

વિશ્વશાંતિને ઉજવનારા ડાહ્યાઓ આ હકીકતને સમજી સાચા માર્ગને પામો એ જ આજના નવલવર્ષના પ્રારંભે આપણે ઇચ્છીશું.

# આજનો પુદ્ગલવાદ

શ્રી સુંદરલાલ ચુનીલાલ એમ. એ.

આર્યાવર્તની આ ભૂમિમાં આસ્તિક અને નાસ્તિક બે પ્રકારના દર્શનો–વાદો અસ્તિત્વ ધરાવતા આવ્યા છે. સામાન્યતઃ આત્મા–પુણ્ય–પાપ–સ્વર્ગ–નરક આદિમાં શ્રદ્ધા ધરાવતા દર્શનો આસ્તિક ગણાય છે. જ્યારે તે વસ્તુઓમાં ન માનનાર એક વર્ગ નાસ્તિક તરીકે ગણાતો આવ્યો છે. જો કે આસ્તિક ગણાતા દર્શનોમાં પણ ઊંડે ઉતરતાં તે તે દર્શનોની આસ્તિકતા કયાં જઈ અટકે છે એ વિચારણીય પ્રશ્ન છે, પરંતુ પ્રસ્તુતમાં તો આપણે આજે એક વિલક્ષણ કોટિનો વર્ગ સમાજમાં ઊભો થયો છે–ઊભો થયે જાય છે. તેને અંગે જ વિચારણા કરવી છે.

આ એક વર્ગ એવા પ્રકારનો છે કે જે સમાજમાં ઇશ્વર–પ્રાર્થના ગરીબોની સેવામાં રહેલ પુણ્ય–પ્રાપ્તિ આદિની સુરીયાણી વાતો એક બાજુયે કરે છે, જ્યારે બીજી બાજુએ એમની સઘળીએ મોટા ભાગની પ્રવૃત્તિ અને ધ્યેય સમાજના મોટા ભાગને દેવ–ગુરુ ધર્મ પ્રત્યેની ભક્તિથી ખસેડી શ્રદ્ધાથી ઉબગાવી દે છે. એટલું જ નહિ પણ એની ધીમી અને માઠી અસર એ થઈ છે અને થાય છે કે ખરી રીતે આત્મા જેવી સાચી વસ્તુના અસ્તિત્વમાં પણ સમાજની માન્યતા રહી છે કે ? કેમ ? રહેશે કે કેમ ? એ પ્રશ્ન ઉઠે છે અને જરા ઊંડી વિચારણા કરીએ તો જરૂર એમજ લાગે કે આત્માના અસ્તિત્વમાં કે અવશ્ય આવનાર મરણમાં અને ત્યારપછીના જન્મમાં જાણે એ વર્ગ માનતો જ નથી.

કારણ કે તે વર્ગનું સંપૂર્ણ લક્ષ્ય ઐહિક આબાદિની પ્રાપ્તિમાં જ કેન્દ્રિત થએલું છે. અમે પૈસે ટકે, સત્તાએ અને શારીરિક બળે કેમ આબાદ બનીએ. આ માત્ર એક જ તેમનું જીવનધ્યેય બનેલું છે કે જે ધ્યેય પૂર્વના પુણ્યોદય વિના કદીએ ફળીભૂત થાય એમ નથી એવી આર્યાવર્તના શ્રદ્ધાળુ વર્ગની સજ્જડ એકધારી માન્યતા છે. મતલબ કે આ વર્ગ આ રીતે પુણ્ય અને પાપમાં પણ માનતો નથી એમ ચોક્કસ

થાય છે. ફેરમાત્ર એટલો કે જૂનવાણી નાસ્તિક વર્ગ ઉઘાડે છોગે પોતાની નાસ્તિકતા જાહેર કરતો અને એથી શ્રદ્ધાળુ આસ્તિકવર્ગ તેમને સારી રીતે પીછાની શકતો અને એ ચેપી રોગથી સ્વપરને બચાવી શકતો. જ્યારે આધુનિક છૂપા-નાસ્તિકવર્ગે તો ગજબ કર્યો છે. ભદ્રિક શ્રદ્ધાળુ વર્ગમાં પણ એનું ઝેર પરોક્ષ-અપરોક્ષ રીતે સમાજમાં પ્રસરતું જાય છે. ( જો કે આ છૂપા-નાસ્તિકવર્ગમાં પણ કેટલોક ભાગ તથાપ્રકારના પરિચય અને વાતાવરણને લઇને-પોતાની અજ્ઞ-દશાને લઇને કોઇક પરોક્ષ હથોડાના હાથારૂપ બની ગયો છે. પરંતુ એ પરિસ્થિતિના કારણો અત્રે ચર્ચવા નથી.)

આ કાતિલ ઝેર પ્રસારવાની ખૂબી એવી છે કે ભદ્રિક જનતા મુંઝાયા વિના રહે જ નહિ. **शरीरं खलु धर्मसाधनम् ।** સૂત્રનો ઉપયોગ કરી ધર્મને નામે શરીરને પુષ્ટ બનાવવાની વાત ભદ્રિક માણસોને ગળે ઝટ ઉતારી છે. પછી એ પુષ્ટિની પાછળ ભક્ષ્યાભક્ષ્ય-પેયાપેય-વિરાધના વિ. ની વાતો બાજુએ મૂકી દેવાય. **परमं ज्ञानं ।** સૂત્ર આગળ કરી જ્ઞાનની પરબો ખૂલ્લી મૂકવાનો પોકાર જોરશોરથી થાય. ભદ્રિક જનતા સાચા તારકજ્ઞાન અને આત્મઘાતક કોરા અક્ષરજ્ઞાનનો વિવેક કરી શકે નહિ; અને પછી દેવ-ગુરુ-ધર્મને હમ્બગ કહેનારો, દેવાલયોને દવાખાનામાં—ઉપાશ્રયોને નિશાળોમાં—સાધ્વીઓને નર્સોમાં ફેરવવાની હિમાયત કરનારો વર્ગ પ્રાયઃ પેદા થાય અને શ્રદ્ધાળુ સમાજને તો કડવા ઘુંટડા ગળે ઉતારે જ છૂટકો.

આ છૂપી નાસ્તિકતા સામે સમાજના-શાસનના સાચા સંરક્ષક પૂ. આચાર્યપુંગવોએ, પૂ. સાધુ મહાત્માઓએ અને શ્રદ્ધાળુ ઉપાસકોએ વખતો વખત લાલબત્તી ધરી છે અને ધરે પણ છે. પણ સમાજના કમનસીબે કહો કે પડતા કાળના પ્રભાવે કહો, ગમે તેમ કહો પણ એ અત્યંત જરૂરી લાલબત્તી ધરવામાં પણ મતભેદ ઊભા રહ્યા એટલું જ નહિ પણ વિરોધી પ્રવૃત્તિરૂપમાં સામનો થયો અને થાય છે. હવે તો કોઈ ઉદયપળ જાગે, કોઇક યુગ પ્રભાવક સુવર્ણ પ્રભાતે ઝળહળે અને સમાજ શરીરને કોરી ખાનાર આ છૂપી નાસ્તિકતા વિલય પામે એ જ એક

અભ્યર્થના શાસનદેવને કરવાપૂર્વક આપણી સુફરજમાં સુસ્થિત અને પ્રગતિમાન બનીએ એ જ એક અભિલાષા.

## સદાચારનો માર્ગ

### મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ-રાંદેર

વિશ્વમાં સદાચાર શિષ્ટોને ઈષ્ટ છે. તે સદાચરણનું કેન્દ્ર પંચ મહાવ્રતમાં સમાય છે. મહાવ્રત એટલે શિષ્ટાચારનું મૂર્ત સ્વરૂપ; આખી જિંદગી વિદ્યાદેવીને સમર્પણ થવું તે; આત્મતત્વ શોધવા માટે અદરાયેલા એક મહાન આરાધના યજ્ઞ; જેનું અપરનામ દીક્ષા છે. વિષય વાસનાઓના વેગે દોડતા ઘોડાઓને લગામ દ્વારા નિયમન કરનાર એક પરમોચ્ચ સાધન એ દીક્ષા છે.

દીક્ષા એટલે આત્મસ્વાદનો ટેકીલો માર્ગ, સાચું સ્વયં-સેવકપણું; દુનિયાના બજારોમાં નહીં જડે તેવું વિશ્વસનીય શાંતિનું મથક, વિવેકીઓ માટેનું આશ્રયસ્થાન, સ્વતંત્રતાનો સત્ય પૂનીત પંથ, વિદ્યા અને વિજ્ઞાનનું સાચું ગુણ-મંદિર! કર્મ-સામ્રાજ્યની સામે અદરાયેલો એક મહાન રણ-સંગ્રામ સોડહંવાદના મીલનતારનું ગુણ કીર્તન, અને પરમ વિશુદ્ધતાનો આદર્શ!! તેમાં રહેલો આત્મા ક્રોધને મારે છે છતાં હિંસક કહેવાતો નથી; માનને મરડે છે, છતાં પીડા કરનાર થતો નથી; માયા પ્રપંચને કરડી નજરથી કૂટે છે, છતાં બીનગુન્હેગાર ઠરે છે; અને લોભનો નાશ કરવા મથે છે, છતાં ગુણીયલ સમાજમાં નેતૃત્વ ભોગવે છે. સામા તરફથી થતા આક્રોશને સહર્ષ વધાવી લે. થતા અપમાનને પચાવી શકે, માયાવીઓની

વચ્ચે રહેવા છતાં નિખાલસતા કેળવે, લોભનાં પૂરને અવગણી સંતોષની સ્ટીમરમાં આનંદ માણે; આવા તો તેનાં લક્ષણો હોય છે. કોઇની સામે પણ તે શત્રુની દૃષ્ટિથી જોતો હોતો નથી. દુનિયાભરમાં એક કર્મરાજ સિવાય તેનો કોઇ શત્રુ જ જીવતો નથી. ગળથુથીમાંથી મળેલા આ સિંચનથી તે બધાને મિત્ર માને છે. આનું નામ તે સાચું વિશ્વબંધુત્વ, આનું નામ સાચી મિત્રાચારી! આનું નામ પવિત્ર જિંદગી! કોઇનું બુરૂં કરવું નહિં!

'કામ કરવું તો ભલાઇનું જ કરવું' એવી જિંદગીમાં અણનમ નેમ રાખવી એ જ પરાક્રમ છે, શૌર્ય છે, સાચું સામર્થ્ય છે. કોઇને પણ હું સુખ કેમ આપું? એવો તો જેને ઉદ્દેશ હોય છે. મન વચન કાયાથી કોઇની પણ હિંસાથી પર રહેવું, જૂઠને તિલાંજલી આપવી, માલીકની રજા વિના તણખલું પણ લેવું નહિ, સ્ત્રી જાતિનો સ્પર્શ પણ વર્જવો, પૈસાને પથ્થર સમાન અને ચળ માની તેના મમત્વનો પણ ત્યાગ કરવો, સૂર્ય વિના (રાત્રે) આહાર પાણી પણ ન લેવા એવી તો જેની છ પ્રકારની દૃઢ ટેક હોય છે, તેવા મુદ્રાલેખ-વાળા મુનિજનોને જ સંતપુરુષ કહીશકાય છે.

---

## શારીરિક રોગોના નિવારણ માટે ઔષધની જરૂરિયાત ઝાઝી નથી

→••••••••એક ડૉકટરની અનુભવ કથા••••••••←

"ડાક્તર સાહેબ! જરા ફેર આવે છે, પેટ બરોબર આવતું નથી, ખાવાનું ભાવતું નથી, નબળાઇ બહુ છે. એવી દવા આપો કે જલ્દી સારો થઇ જાઉં."

" બધું મટી જશે. આઠેક દિવસ દવા હજુ લેવી પડશે. આજે દવામાં ઘણો ફેરફાર કર્યો છે. "

એમ કહી દાક્તર સાહેબે દવાના નામોમાં એક બેનો ઉમેરો કરી એક બે છેકી નાખી, એક બેનાં પ્રમાણમાં ફેરફાર કરીને કાગળીયો દર્દીને આપ્યો.

નીરાંત ને સંતોષનો ભાવ દર્શાવતાં દર્શાવતાં દર્દીએ કાગળીઓ લીધો ને દવા બનાવનારની બારી તરફ વળ્યો.

તેને ચાલ્યો જતાં દાક્તર જોઈ રહ્યાં. તેની પીઠ પર તેમની દૃષ્ટિ થોડી વાર ઠરી અને તેમનાં મુખ પર પરિહાસનું, હળવા મનનું એક સ્મિત ફરકી ગયું. જાણે કે " મૂર્ખ માણસો " એવો વિચાર તેમના દિલમાં આવીને ચાલી ગયો.

મારાથી એ સ્મિત છુપું રહી શક્યું નહી. દાક્તર સાહેબ સાથે મારો પરિચય ગાઢ હતો ને કોઈ બાબતમાં પુછવા કરવામાં સંકોચ ન હતો.

મેં તો તત્કાળ પૂછયું કે, " તમે આ દર્દીને મૂર્ખ માનતા લાગો છો.?"

" ઘણા ખરાને અમે તો મૂર્ખ માનીએ છીએ. "

હું ચકિત બની ગયો. હું તેમનું કથન સમજ્યો નહી. વિસ્ફારિત નયને કાંઇ બોલ્યા વિના હું જોઇ રહ્યો ને દાક્તર સાહેબ બોલ્યા.

" મારા શબ્દોથી તને આશ્ચર્ય થશે પરંતુ હું તને સમજાવું. અમારા દીલમાં દર્દીઓ પ્રત્યે કેવી લાગણી કામ કરે છે તથા તેમને માટે શું વિચારો હોય છે તે તારે જાણવા છે? ખરી વાત તો એમ છે કે આ દવાઓનાં રગડાં અને આ પ્રીસ્ક્રીપશનોથી રોગ મટે છે એ વાત ખોટી છે. દર્દીઓ અમારે ત્યાં દોડ્યા આવે છે ને અમે તેમને પાણીનાં બાટલા ભરી આપીએ છીએ, ને તેઓ રાજી થઇને ચાલ્યા જાય છે. "

" પરંતુ દવાથી ઘણા દર્દીઓને લાભ થતાં મેં જોયા છે. " મેં શંકા પ્રદર્શિત કરી.

"અકસ્માત ! માત્ર અકસ્માત ! હું તને સાચું કહું છું, ઈરાદાપૂર્વક જાણી જોઇને દવાથી જ રોગ મટવાના કીસ્સા બહુ ઓછા બને છે. બાકી તને ખબર છે કે દરરોજ સેંકડો દર્દીઓ અમારી પાસે આવે છે ને જાય છે. તેમાં દર્દી શું છે, દર્દીનું કારણ શું છે એ અમને બહુ ઓછી ખબર પડે છે. અમે તો દર્દોનાં સામાન્ય ચિહ્નો જાણતાં હોઇએ છીએ. દર્દી અમને તે વાત કરે એટલે તેની વાત્ત તથા તેનાં ચિહ્નો ઉપરથી અમે તેનાં રોગ વિષે એક સામાન્ય ( general ) અભિપ્રાય બાંધીએ, એ અભિપ્રાયમાં કોઈ ચોક્કસ રોગનું નીદાન ન હોય પરંતુ આવા ચિન્હોથી જણાતાં બે ચાર રોગોનો અમને ખ્યાલ હોય ને તે મુજબ અમે મોઢે રાખેલી ને આવા બે ચાર રોગો માટે ઉપયોગી ગણાતી થોડી દવાઓ લખી આપીએ.'

"સામાન્ય રીતે કાં તો તેનું પેટ સાફ કરવાનું હોય એટલે મીઠું થોડું દવામાં નાખીએ, કોઈને જરા ઉધરસ હોય કે શરદી હોય તો થોડો 'દારૂ' દવામાં આપીએ, જરા શક્તિ માટે કવીનાઇન કે સ્ટ્રીકનાઇનનાં ટીપાં નાખીએ. ને એક ભાગ દવામાં દશ ભાગ ચોખ્ખું પાણી ઉમેરીએ.'

"એટલે આ દવાનાં પ્રીસ્ક્રીપશનો અમે બનાવીએ તે સામાન્ય (જનરલ) હોય. ખાસ (સ્પેસીફીક) ન હોય. ને અમારું ગાડું ચાલે કારણ કે ઘણાખરા રોગોનાં મૂળ મેં ઉપર જણાવ્યું તેવું હોય."

"પણ રોગ તો મટે છે ને તે પણ દવા ખાધા પછી." મેં કહ્યું.

"તેમાં પણ માન્યતાનો ફેર છે" દાકતર સાહેબ જરા નવરાશમાં હતા એટલે તેમણે મને તેમના ધંધાના ભેદ સમજાવવા માંડ્યાં. "દવાથી જ રોગ મટે છે એ માન્યતા તદ્દન ખોટી છે. હકીકત તો એમ છે કે, કુદરતે આપણું શરીર જ એવી અદ્‌ભુત ખુબીથી બનાવેલું છે કે શરીરરૂપી યંત્ર હરહંમેશા રોગ કે અસ્વસ્થતા સામે લડે છે. દુનીયામાં આજે હજારો યંત્રો આપણે જોઇએ છીએ પરંતુ કોઇ પણ યંત્ર હજુ સુધી આપણે જોયું નથી કે જે આપમેળે સ્વચ્છ બનતું હોય, જે પોતાની

મેળે તેને નડતા અવરોધો નીવારતું હોય, કે જે પોતાની જાતે યંત્ર-માળામાં પડેલો ખોટકો સમારી લેતું હોય.'

'પરંતુ મનુષ્ય દેહ એ એક એવી અલૌકિક અને અપૂર્વ વસ્તુ છે, તેની રચના ને તેની યંત્રમાળા એવી અદ્વિતીય અને વિશિષ્ટ છે કે તેમાં પડતો વિક્ષેપ, ભરાતો મેલ કે મળ ને તેના પર થતા રોગના હુમલા એ સર્વનો તે આપમેળે જ સામનો કરે છે. આંખમાં સૂક્ષ્મ કણું પડયું હોય તો પણ જ્યાં સુધી તે બહાર નીકળતું નથી ત્યાં સુધી આંખને જંપ વળતો નથી. ખાવામાં માખી આવી જાય તો તે તરતજ ઉલ્ટી વાટે બહાર નીકળે છે. ઉલ્ટી ઝાડા એ બધી વસ્તુઓ શરીરમાં રહેલાં અશુદ્ધ તત્વોને જલ્દી બહાર ફેંકી દેવાનાં દેહયંત્રના પ્રયત્નના પરિણામરૂપે છે.'

'ઝેરને પણ શરીર બહાર કાઢવા પ્રયત્ન કરે છે. તેવી રીતે જ્યારે કોઇ પણ પ્રકારનો રોગ શરીરને લાગુ પડે છે ત્યારે તે રોગની સામે શરીર પોતે જ યુદ્ધ કરે છે, તે રોગને નીવારવા પ્રયત્ન કરે છે. પરંતુ દરેક યંત્રને જેમ મર્યાદા હોય છે તેવી રીતે શરીરરૂપી યંત્રની શક્તિ અને સામર્થ્યની મર્યાદા હોય છે. શું જડ કે શું ચેતન—તેની સામેના સમાન બળની સામે જ તે ટકી શકે છે. એ રીતે જ્યારે દેહ—યંત્રની શક્તિબહારની વસ્તુનો સામનો કરવાનો તેને પ્રસંગ આવે છે ત્યારે તેનું કાર્ય સંપૂર્ણ થઇ શકતું નથી.'

દાકતર સાહેબ થોડી વાર અટકયા. તેમણે પોતાનું મસ્તક બંને હાથમાં લઇને જરા દાબ્યું. જરા આસપાસ જોયું ને ખોંખારો ખાઇને તેમનો ચમત્કારિક વાર્તાલાપ આગળ ચલાવ્યો. હું સ્તબ્ધ બનીને સાંભળી રહ્યો.

'ઝેરનો દાખલો લઇએ. સામાન્ય રીતે ઝેર શરીરમાં પ્રસરે ત્યારે દેહ તેને બહાર કાઢી નાખવા પ્રયત્ન કરે છે જ, પરંતુ તીવ્ર વિષના આકરા હુમલા સામે દેહયંત્રની શકિત ટકી શકતી નથી એટલે તે તૂટી પડે છે. તેવી જ રીતે માનવી ખોરાક નિયમસર લે તો તે ખોરાકને પચાવી તેમાંથી

નિરર્થક વસ્તુ દેહ બહાર કાઢે છે, પરંતુ દેહયંત્રને કામ કરવા કરતાં વધારે પડતો ખોરાક ઓરાયા જ કરે તો તે નિરર્થક વસ્તુઓનો ઢગ થાય ને રોગ જન્મે છે. કુદરતની રચના જ એવી છે કે દેહ પોતે જ પોતાને નીરોગી રાખવાનાં સર્વ પ્રયત્નો કરે છે ને તે માટેનાં સર્વ સાધનો તેને મળેલાં હોય છે. માત્ર એ સાધનો પહોંચી વળી ન શકે તેટલા વિરોધનો તેને સામનો કરવો પડે ત્યારે તે નિરુપાય બને છે. એટલે એવાં કેટલાંય દ્રષ્ટાંતો છે કે જેમાં સામાન્ય ઉધરસ, તાવ, અપચો ને બીજા ન્હાના રોગો કોઇ પણ જાતની દવા વિના અમુક સમયને અંતરે મટી જાય છે.'

"ઉચ્ચ વર્ગનાં લોકો ઘણી વખત નીચા વર્ગના ને નિષ્કિંચન તથા ગામડાનાં લોકો દવા વિના કેવી રીતે ચલાવી શકતા હશે તેની વિમાણસમાં પડે છે; પરંતુ તેમાં વીમાણસમાં પડવાનું કોઇ કારણ નથી. કારણ કે તેમનું રોગ નીવારણ તો દેહ પોતે જ કરે છે. એટલે દવાની તેમને જરૂર નથી.'

'આ કુદરતી સત્યને લક્ષ્યમાં લઇને જ "કુદરતી રોગોપચાર" નામનો એક તબીબી પંથ નીકળ્યો છે. જે પંથ કોઇ પણ જાતની દવાની હીમાયત કરતો નથી. તે દરેક રોગને કુદરત જ સાનુકૂળ સંયોગો હોય તો મટાડે છે એ હકીકતને લક્ષમાં લઇને તે કુદરતી સાનુકૂળતાઓ દરેક રોગ માટે શું જોઇએ તેનો નિર્ણય કરે છે. ને તે સિદ્ધાંતમાં કશું ખોટું નથી.'

"ત્યારે દવા તો માત્ર ધતીંગજ છે ને ?" મેં પૂછ્યું.

'જો ખરૂં પૂછીએ તો તે ધતીંગ જ છે, છતાં દવાની તરફેણમાં બે બાબતો છે. એક તો એ કે જો રોગનું નીદાન થયું હોય અને જો તે રોગને જ અકસીર સિદ્ધ થયેલી એવી દવા આપવામાં આવે તો તે રોગને નાબૂદ કરવા શરીર જે યુદ્ધ ખેલી રહેલ હોય છે તેને કુમક મળે છે ને એ રીતે દવા શરીરને સહાયરૂપ બને છે, પરંતુ ગમે તેવી દવા હોવા છતાં માત્ર દવાથી જ કોઇ રોગ મટતો નથી તે હકીકત છે.'

'પરંતુ દરેક તબીબ દરેક કેસમાં રોગનું સાચું નીદાન કરી શકતો નથી ને જે કરી શકે છે તે દરેકને માટે પણ તેની સાચી દવા જડતી નથી. આ હજારો તબીબોને તેમનાં લાખો દર્દીઓમાં માત્ર દશ ટકા જ દર્દીઓનું પ્રમાણ એવું હશે કે જેમને તેમના ખરા રોગની ખરી દવા મળતી હશે.'

'બાકી તો આંધળે બહેરૂં કુટાય છે. કેટલાય મોતને પણ પામે છે. કેટલાય લોકો લાંબો વખત દવા લઇને કંટાળી છોડી દે છે ને સાજા થઈ જાય છે કારણ કે કેટલીક વખત ઉલ્ટું એવું બને છે કે શરીર કુદરતી રીતે જે રોગ નીવારણ કરવા પ્રયત્ન કરી રહેલ હોય છે તેમાં દવા અવરોધરૂપ નીવડે છે. દવા છોડી દીધા પછી રોગ મટવાના આવા કેટલાય અજાયબ કીસ્સાઓ બને છે પણ તેનું કારણ મેં જણાવ્યું તે સિવાય બીજું કોઈ નથી.'

હવે એક છેલ્લી વાત દાકતર સાહેબે જરા ગંભીર વદને કહ્યું "તે છે દવાની માનસિક અસરની. માનસશાસ્ત્રીઓએ આજે જે શોધ કરી છે તે સ્વતઃ પ્રેરણાની છે. જેને Auto-Suggestion કહેવાય છે. તે લોકો કહે છે કે: "હું માંદો નથી" "હું માંદો નથી" બસ એવું જ રટણ દર્દીઓ કરે તો તેનાં દર્દ મટે છે તેજ મુજબ "હું બળવાન છું.". "હું દઢ મનનો છું.". "હું આ મેળવીશ જ". "હું સવારે પાંચ વાગે ઉઠીશ જ"-આ મનનાં માનસિક રટણથી તે તે વસ્તુ માનવી સિદ્ધ કરી શકે છે. માનસશાસ્ત્રથી જાણેલી આ પદ્ધતિ પ્રયોગથી ને બીજી રીતે સિદ્ધ થયેલી છે.

એટલે રોગના મટવાનો ઘણો આધાર માનવીનાં મન ઉપર હોય છે. દવા લીધા છતાં તે દવાથી અગર તે દવા આપનાર તબીબથી પોતાને આરામ થવાનો નથી એમ માનનાર દર્દી તે દવાથી સાજો થતો નથી. એથી ઉલ્ટું એ દવાથી અગર એ દવા આપનાર તબીબથી તેને આરામ થનાર છે એમ માનનાર દર્દી સાજો થાય છે. કેટલાય દર્દીઓ એવા હોય છે કે જેઓને અમુક જ તબીબ કે વૈદ્ય પર શ્રદ્ધા હોય છે ને ગમે તે

સંયોગોમાં તેની જ દવા લે છે. " શ્રદ્ધા એ મોટી વાત છે" એમ દર્દી જગત બરોબર માને છે. તેનું કારણ પણ મેં જણાવ્યું તેમ સ્વતઃ પ્રેરણા જ છે.

" એટલે દવા લીધા પછી માનવીની માનસિક સ્થિતિમાં પલ્ટો આવે છે. રોગ મટવા માટે તેને દવા અપાઈ છે ને તેથી રોગ મટશે એમ તેને લાગે છે એટલે દવા પીધા પછી ' હવે મને સારૂં થશે ' ' હવે મને સારૂં થશે ' એવું રટણ તેને રહ્યા કરે છે ને બધા જ તબીબો જાણે છે કે રોગ મટવાનો મોટો આધાર માનસિક વલણ ઉપર છે.

" હીમ્મત હારી જનાર ઘણી વખત મોત પામે છે " ના હું તો જીવીશ " એમ માનનાર જીવી જાય છે. એટલે એક તો સામાન્ય પ્રકારના શરીરની બીમારીઓ માટે સામાન્ય પ્રકારનાં ઔષધો હોય, બીજું તેથી દર્દીને મનમાં શ્રદ્ધા હોય ને ત્રીજું શરીર તો રોગનીવારણ માટે યુદ્ધ કરતું જ હોય એ બધા કારણે ૬૦ થી ૭૦ ટકા દર્દીઓ સાજા થઈ જાય છે ને તેમને સાજા થવામાં દવાનો હીસ્સો મુદ્દલ હોતો નથી. "

એટલું કહીને દાકતરે એક નિઃશ્વાસ નાખ્યો ને બે હાથ ગુંઠણે ભરાવી કાંઇક વિચાર કરતાં છત તરફ જોવા લાગ્યા.

" તો તો દાકતર સાહેબ ! " મેં બીતા બીતા અચકાતા અચકાતા પ્રશ્ન કર્યો: " આ તમારો ધંધો એક સળંગ દંભ છે ને તમે વ્યવસ્થિત રીતે જાહેરને છેતરો છો ? "

" જરૂર ! " તેમણે કહ્યું. " મને ઘણી વખત આ બાટલા ફોડી નાખવાનું મન થાય છે, પરંતુ પેટ પૂરવું છે ને બીજાં અનેક કારણો નડે છે એટલે બધાની સાથે અમે પણ ધતીંગ ચલાવીએ છીએ. બાકી રોગનું નીવારક સાચું ઔષધ તો શરીર પોતેજ છે. "

[ સૂચિત ]

# શંકા અને સમાધાન

આચાર્યદેવ શ્રીમદ્ વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ.

શં૦ જીવનમાં ધર્મની જરૂર શી ?

સ૦ શ્વાસ કરતાં પણ જીવનમાં ધર્મની જરૂર અધિકતર છે.

શં૦ તેનું કારણુ શું ?

સ૦ આપણે સુખ જોઇએ છે અને દુઃખ નથી જોઇતું તે છે.

શં૦ સુખ કોનું ફલ છે અને દુઃખ કોનું ફલ છે ?

સ૦ સુખ ધર્મથી મળે છે. દુઃખ અધર્મથી મળે છે.

શં૦ પોતાને રૂચે તે ધર્મ એમ માનીએ તો ન ચાલે ?

સ૦ ના. જેમ પોતાને ગમે તે દવા નહિ કિન્તુ વૈદ્ય આપે તે દવા, તેમ આપણી મતિકલ્પનાએ ધર્મ નથી કિન્તુ પ્રભુ આજ્ઞાથી હોય તે ધર્મ છે.

શં૦ ધર્મ તો આત્મ સ્વભાવ છે ? ને ક્રિયાને ધર્મ કેમ કહો છો ?

સ૦ આત્મ સ્વભાવને સાધક ક્રિયા હોવાથી તે પણ ધર્મ કહેવાય છે. વરસાદ વગેરે સાધન વિના જેમ અન્ન પાકે નહિ તેમ શાસ્ત્રોક્ત ક્રિયા વિના આત્મ સ્વભાવ પણ સિદ્ધ થાય નહિ.

શં૦ ક્રિયામાં ભાવના જોઇએ કે નહિ ?

સ૦ અવશ્ય જોઈએ.

શં૦ જૈન દર્શનમાં ભાવનાને બરાબર સ્થાન નથી, એ વાત ખરી છે ?

સ૦ ખોટી છે.

શં૦ કેમ ?

સ૦ જૈન દર્શને જેવી ભાવનાઓ ઉપદેશેલી છે તેવી બીજા કોઈ દર્શને ઉપદેશી નથી.

શં૦ જૈન સિદ્ધાન્તમાં કઇ ભાવનાઓ ફરમાવી છે ?

સ૦ 'મૈત્રી' આદિ ૪ તથા 'અનિત્યા'દિ ૧૨ એમ અનેક ભાવનાઓ પ્રબોધી છે.

શં૦ ઉપદેશકો ક્રિયા ઉપર જેટલો ભાર મૂકે છે તેટલો ભાવના ઉપર કેમ નથી મૂકતા ?

સ૦ ભાવના ઉપર પણ ભાર તો મૂકાય જ છે, પરંતુ ક્રિયારહિત ભાવના મૂંગાના મનોરથ કિંવા પાંગળાના પાંગરણ સમી હોવાથી ક્રિયામાં આળસુ થતા જીવોને ક્રિયાનો ઉપદેશ મુખ્ય આપવો આવશ્યક છે.

શં૦ ભાવના ન આવતી હોય તો ક્રિયા ન જ કરવી, એ શું ખોટું છે?

સ૦ હા, એ તદ્દન ખોટું જ છે. ભાવના વિના પણ નિશાળે જવાય છે, નોકરી વગેરે કરાય છે તો પછી ધર્મ–ક્રિયા તો સુતરાં કરવી જોઇએ.

શં૦ પણ ઇચ્છા વિના કરવાથી ફાયદો શો ?

સ૦ ઇચ્છા વિના નિશાળે જતાં જેમ પંડિત થવાય છે, દવા લેતાં નિરોગ થવાય છે તેમ શુભ ક્રિયા કરતાં સદ્ગતિ પ્રાપ્ત થાય છે, મન વગેરે જીતાય છે, અને આત્મા નિર્મલ બને છે.

શં૦ ઠીક, તેમાં સમજણ તો હોવી જોઇએ ને ?

સ૦ સમજણ જોઇએ એમાં ના નહિ, પણ પૂરી સમજણ વિના 'થાય જ નહિ' એવું જો માનો તો જગતમાં કાંઈ થઈ શકશે જ નહિ.

શં૦ યોગ્ય સમજણ–ભાવના આવે શી રીતે ?

સ૦ અભ્યાસે જેમ આવડત આવે છે, દુકાન ઉઘાડી હોય તો જેમ ગ્રાહક આવે છે તેમ હંમેશાં ક્રિયા કરતાં કરતાં વિચાર કરવાથી સમજણ–ભાવના સઘળું જ આવી મળે છે.

**શા૦** મને તો અધ્યાત્મવાદ ઠીક ગમે છે.

**સ૦** કેમ શાથી ?

**શા૦** ક્રિયા કર્યા વિના આત્મામાં કેવલ ભાવના ભાવી લેવાથી મોક્ષે જવાય તેથી.

**સ૦** ત્યારે તો તમે અધ્યાત્મ વસ્તુને સમજ્યા જ જણાતા નથી.

**શા૦** આપ સમજાવો–અધ્યાત્મ કોને કહેવાય ? ખરૂં અધ્યાત્મ શું છે ?

**સ૦** મહામહોપાધ્યાય શ્રી **યશોવિજયજી મહારાજ** સ્વરચિત **અધ્યાત્મસાર** પૃ. ૮૧ માં ફરમાવે છે કે,

**“ गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या ।**
**प्रवर्तते क्रिया, शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥ १५ ॥ ”**

**ભાવાર્થ**—‘ ગયો છે મોહાધિકાર જેઓનો, તેવાઓની આત્માને ઉદ્દેશી જે શુદ્ધ **ક્રિયા** પ્રવર્ત્તે તેને શ્રી જિનેશ્વર ભગવાનોએ **અધ્યાત્મ** કહ્યું છે. ’

એટલે કે મિથ્યાત્વાદિ મોહાધિકાર તજી દેવામાં આવે, ભોગાશંસા અને યથેચ્છ પ્રવૃત્યાદિદોષો ટાળવામાં આવે, મૈત્ર્યાદિ શુભ ભાવનાથી અંતઃકરણ ભાવિત કરવામાં આવે અને આત્મશુદ્ધિના લક્ષ્યથી સર્વજ્ઞ મહારાજના વચનાનુસાર વ્રત–નિયમપાલન, દેવગુરૂવન્દન, આવશ્યક તપોનુષ્ઠાન, દાનાદિક **સત્ક્રિયાઓ** બરાબર સેવવામાં આવે તે જ ખરૂં અધ્યાત્મ છે. કોરી કલ્પી લીધેલી ભાવના કાંઇ અધ્યાત્મ નથી.

**શા૦** આથી તો એમ ઠરે છે કે ક્રિયાવાદ વિનાનો અધ્યાત્મવાદ નર્યો અસત્ય જ વાદ છે.

**સ૦** હા, એમજ છે. દેહની ક્રિયાઓમાં ગળાડૂબ રહે, આવશ્યક ક્રિયાઓને શુષ્ક–બીનજરૂરી માની છોડી દે, શ્રી જિનાજ્ઞામાં કહ્યું હોય તે ન કરે અને ન કહ્યું હોય તે કરવાની ધૂન લગાવે. અને

સ્વાધ્યાય ધ્યાનનો કેવલ આડંબર કરે, તે અધ્યાત્મવાદ નથી કિન્તુ મિથ્યાત્વ કે મોહવાદના ઉછાળા માત્ર જ છે.

શં૦ આત્મા પોતે જ દેવ છે, પોતેજ ગુરુ છે, પોતે જ જ્ઞાનાદિ સ્વરૂપ છે. પછી બીજા દેવ વગેરેને શામાટે ભજવા ?

સં૦ જો આત્મા પોતે જ દેવ વગેરે છે એમ માનીને દેવ વગેરેને ન ભજવા હોય તો તેણે રમા–રામા પણ શામાટે ભજવાં જોઇએ ? જે દેવ વગેરે સ્વરૂપ હોય તે રમા–રામા ભજનારા તો નથી જ હોતા.

શં૦ એ તો દેહ ભોગવે છે, આત્મા ભોગવતો નથી, એમ માનીશું ?

સં૦ દેહને ચૂંટી ખણાય, કાંટો વાગે, અંગારા બાળે, વેપારમાં નુકશાન જાય, દિકરો મરી જાય ઇત્યાદિ થાય ત્યારે એ માનો છો કે નહિ તેની કસોટી થાય.

શં૦ ત્યારે તો અમારો આત્મા ' ઓ બાપ રે ' જ બોલે ?

સં૦ તો પછી નાહક ખોટી ધૂન લગાવી આત્માને શા માટે છેતરો છો? આત્મા પોતે જ જો દેવ વગેરે સ્વરૂપ છે તો પછી એણે પોતાનું તે શુદ્ધ સ્વરૂપ કે જે અત્યારે કર્મરજથી મલિન છે તેને નિર્મલ બનાવવા માટે રમા–રામાની ક્રિયાઓ છોડી દેવી જોઇએ અને ખાસ કરીને દેવ વગેરેએ ફરમાવેલી શુદ્ધ ક્રિયાઓ સેવવી જોઇએ.

શં૦ ' આત્મા કર્તા નથી ' એમ તો જૈન મત કહે છે ને ?

સં૦ ના, જૈન મત તો આત્માને સ્વકર્મનો કર્તાદિ માને છે. ' આત્મા કર્તા નથી ' એમ એકાંતે કહેનારો જૈન મત નથી કિન્તુ સાંખ્ય મત છે અને તે મિથ્યાત્વ છે.

શં૦ તો પછી આત્માની નિર્લેપ ભાવના શી રીતે ભાવવી ?

સં૦ નિર્લેપ ભાવના ભાવવા માટે પુદ્ગલભાવથી હું પર છું, માટે તેનો હું કરવૈયો, કે કારવૈયો, કે ટેકો આપનારો ન જ હોવો

જોઇએ, એમ ચિંતવી પુદ્ગલ ભાવની ક્રિયાઓ ઉપરથી ' અહં-મમનો ' આસક્તિ ભાવ ત્યજી દેવો જોઇએ. જ્યારે આસક્તિ ભાવથી કરાતી પુદ્ગલ ભાવની ક્રિયાઓ મૂકી દેવાય અથવા તેના હર્ષ-શોકાદિની લાગણી ચે મનમાં લાવ્યા વિના હૃદયથી પર બની જવાય, અને સ્વભાવ અથવા આત્મભાવની ક્રિયાઓમાં આત્મ-ભાવે આરૂઢ થવાય ત્યારે સાચી નિર્લેપ ભાવના ભવાય.

**શં૦** ભગવાનની પૂજા કરવી તે શું સ્વભાવ ક્રિયા છે ?

**સ૦** હા. ભગવાન શુદ્ધ આત્મ સ્વરૂપમાં અવિચલ થયા છે. આપણે તેવા થવા માટેના અર્થી છીએ, માટે તેમની પૂજા કરવી એ સ્વભાવસાધક ક્રિયા હોઈ સ્વભાવ ક્રિયાજ છે.

**શં૦** ભગવાનની મૂર્તિ જડ છે, એ જડપૂજાથી શું લાભ ?

**સ૦** પોતાના બાપનો ભાસ કરાવનાર બાપના ફોટાની જેમ, ભગવાનની મૂર્તિ ભગવાનનો ભાસ કરાવે છે. એને જડ જ માનવી તે પોતાની જ નરી જડતા સૂચવે છે. જડચિંતામણિ, શંખ, આદિની પૂજાથી જો ઇષ્ટ ફલ મલે છે તો ભગવાનની પૂજાથી અનિષ્ટની આત્યંતિક નિવૃત્તિ અને ઇષ્ટની એકાન્તિક પ્રાપ્તિ થાય છે, એમાં શંકાને સ્થાન જ નથી.

**શં૦** મૂર્તિને નહિ માનનારા સુધારક છે, એમ નથી લાગતું ?

**સ૦** ખોટું અથવા ખરાબ હોય તે બદલીને સાચું અથવા સારું ગ્રહણ કરે તેનું નામ સુધારક કહેવાય. મૂર્તિને નહિ માનનારા પુસ્તકને માને છે, પાટને માને છે, ગોખલાને માને છે, સુરધનાદિ ગોત્રજોને માને છે; છતાં સનાતન ભગવદ્ મૂર્તિનો વિરોધ કરવો તે સુધારક-પણું નથી, પરંતુ સ્વપર આત્માને બગાડવાપણું જ છે.

**શં૦** ત્યારે શું પ્રજાનું માનસ જ મૂર્તિપૂજાને અનુકૂળ છે ?

**સ૦** હા, એમજ છે. જો તમે એની પાસેથી સત્ય મૂર્તિપૂજા મૂકાવી દેશો તો તે અસત્ય મૂર્તિપૂજાને વળગી પડશે. કોઇને કોઈ રૂપમાં

પ્રજા મૂર્તિપૂજા તો કરવાની જ છે. તો પછી પ્રશમરસવાહી નિર્વિકાર શુદ્ધ જિનમૂર્તિપૂજામાં જ તેણે શામાટે ન માનવું જોઇએ?

## વર્તમાન યુગની પવિત્ર પ્રતિજ્ઞાઓ

### આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

સહુ કોઇ સારી પેઠે સમજે છે કે, વર્તમાન યુગની હવા ધર્મીઓ માટે અને પ્રભુ શાસનની સાચી આરાધના કરનારાઓ માટે આડખીલી-રૂપ છે. ધર્મની ઉપાસનાઓ, શાસનની પ્રભાવનાઓ, તીર્થની રક્ષાઓ, કરવા કરાવવા તૈયાર થનારાઓને પોતાનું નાવ ખોરંભે પડવામાં જરાય વિલંબ થતો નથી. આમાં કોઇપણ અગત્યનું નિદાન હોય તો વર્તમાન-યુગની અને યુગસર્જકોની જ કુપ્રતારણા માની શકાય.

સંસર્ગ દિન પરદિન શ્રદ્ધાને લોપ કરનારો મલે, વાતાવરણ હૃદયની પવિત્ર ભાવનાઓને ઉલટાવી નાંખે, પઠન, પાઠન પતન પંથનું હાથે ચઢે, વાર્તા વર્તુલો ઉન્માર્ગગામી બનાવી નાખે, કેટલાક મહાવ્રત-ધારીઓ પણ આ યુગની અથડામણના ભોગ થયેલા જ સાંપડે, યુગ-પ્રવાહગત માનવોને પવિત્ર જિનાગમો, અને મહાપુરુષરચિત રહસ્ય ગર્ભિત ગ્રંથરત્નો સદ્દહતાં વાંચતાં, ઘૃણા છૂટે, આગમસાર સંભળા-વનાર મળે ત્યારે એ હમ્બક છે, ગપ્પાં છે એવી કુટિલ માન્યતાઓ પણ ગળે વળગે.—આ સઘળાય વર્તમાનયુગના કાલકૂટ ઝેરોનો કેફ ઇચ્છાએ કે અનિચ્છાએ મોટા ભાગે સ્પર્શતો જાય છે. આવા ગોઝારા સંયોગોમાં ધર્મ કરવાવાળાઓને કફોડી અને વિચિત્ર દશાનો અનુભવ કરવો પડે છે. તે તો તેઓનો અન્તરાત્મા જાણે છે.

કોઇ બન્ધુ ચંચળલક્ષ્મીનો વ્યય કરીને તારકદેવનું જિનમંદિર બનાવે ત્યારે તેના પર આડકતરી રીતે અકલ્પ્ય આક્ષેપોનો વર્ષાદ વરસે છે. એક વ્યક્તિ ઉજમણું કરવા કે સંઘ કાઢવા તૈયાર થતી હોય ત્યારે તે વ્યક્તિને પણ આવા પવિત્ર કાર્ય પર ઘૃણા કેમ છૂટે ! એવું વર્તુલ તેની

સામે ઊભું કરાય છે. સ્વામીવાત્સલ્યો આદિ શુભકાર્યો થતાં હોય તો તેને પાપલીલાઓ કીર્તિકામના આદિના અપશબ્દોથી ઉતારી પડાય છે. કોઇ પ્રતિક્રમણ કરતો હોય, સામાયિકો કરતો હોય, ·સચિત્તનો પરિહારી હોય તેને 'બજારમાં જૂઠું બોલ્યો હતો, અમુક ઠેકાણે સ્વાર્થ માટે દગો કરતો હતો.'–આવી વાતો કરી એ ધર્માત્માની ધર્મક્રિયાઓને છોડાવવાનો પેતરો ખેલાય છે. સાચે જ આ ઝેર યુગને ભયંકર ઝેરી બનાવનારાઓ ધર્મ શ્રદ્ધાહીનો જ છે. ઉદારદિલ ધર્માત્માઓને ઉતારી પાડવા, તેઓની ઠેકડી કરવા અનેક સભાઓ, પરિષદો, સમિતિઓ, મંડળો ભેગાં થાય છે.

એ વાત તો નિર્ણીત થઇ ચૂકી છે કે; કેટલાક યુગગામીઓ ધર્મદુશ્મનો બની રહ્યા છે. જેઓ પોતે લખપતી હોવા છતાંય સ્વમાન્ય સમાજ-સેવાના પંથમાં પણ એક કોડીનો વ્યય કરતા નથી. કોઈ સંયોગોમાં ફસાતાં તેને ટાળવા અનેક ચેષ્ટાઓ કરે છે. 'સમય બારીક છે, મુશ્કેલીથી ખર્ચો ચાલે છે, ઘરનું ખર્ચ પણ માંડ માંડ પૂરૂં થાય છે'–આવા ઢંગધડા વગરના જવાબો આપી જેમ તેમ છૂટી જાય છે. આ આ યુગનો આટોપ, આ આ યુગનું ઝેર, આ આ યુગનો અંધકાર.

ધર્મીઓને ધર્મપ્રોત્સાહ પ્રેરાતો હોય, ધર્માત્માઓનું પરિબલ વધતું જતું હોય, મન્દિરમાં જાય કે તીર્થમાં જાય, સાધુ પાસે જાય કે પ્રભુ-પૂજાઓમાં જાય, જ્યાં ને ત્યાં પવિત્ર સંસ્કાર, આદર્શ પણ વ્યક્તિ ધર્મની દિશામાં કૂચ કરવા તૈયાર થાય તો તેને ઉત્સાહબલ પ્રેરક મદદગારો મલી આવતા હોય, પૂજ્ય સાધુસંસ્થાને સંયમ પાલનમાં, ધર્મ-પ્રચારમાં અડચણ સિવાયનાં સાધનો અને મદદ મલી આવતી હોય, આવા અદ્દ્ભુત યુગનાં દર્શન એ જ સદ્દ્યુગ દર્શન્ કલિયુગના વ્યાપક પ્રચારમાં પણ આવા સદ્દ્યુગના સુંદર આસ્વાદો સજ્જનોને સ્હેજે સાંપડે છે. આ યુગ પૂર્ણ રીત્યા ઓળખી અને સ્વધ્યેયસિદ્ધિના સાધનો સાધક ભાવે આરાધી લેવાં જોઇએ. પ્રત્યેક માનવોએ ઝેરી યુગના ચેપી રોગથી દૂર રહેવા આ મુજબ પવિત્ર પ્રતિજ્ઞાઓ સ્વીકારવી જોઈએ.

( ૧ ) કોઈપણ નાની કે મોટી ધર્મક્રિયાનો વિરોધ નહીં કરવો.

( ૨ ) જિનાજ્ઞા વિરુદ્ધ દંભી પ્રચારકોને ઓળખવા અને ઓળખાવવા.

( ૩ ) વાર્તમાનિક યુગના ઓઠા નીચે પોલ નહીં ચલાવવી.

( ૪ ) નિર્દંભ ભાવે ધર્મક્રિયાઓ આરાધવી.

( ૫ ) દેવ, ગુરુ, ધર્મની તત્ત્વરૂપે સાચી શ્રદ્ધા પેદા કરી લેવી.

( ૬ ) વિદ્વાન્ અને ત્યાગી, સુવિહિત અને જિનાજ્ઞાપાલક ગુરુદેવોના વ્યાખ્યાનો, જાહેર પ્રવચનોનો, ઉચ્ચ આદર્શ ત્યાગનો, અજોડ તપશ્ચર્યાનો અને નિઃસ્વાર્થ પરોપકાર વૃત્તિનો પ્રચાર કરવો અને કરાવવો.

( ૭ ) સદ્‌ગુરુના સંગમાં રહી જૈનતત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો.

( ૮ ) ઉચ્ચ પુરુષોના વિનય, મર્યાદાનો ભંગ ન કરવો.

( ૯ ) હિતશિક્ષા સાંભળતાં ઉદ્દામવૃત્તિને વોસરાવવી અને હિતશિક્ષાને અમૃત તુલ્ય માની જીવનમાં આચારણા દ્વારા ઉતારવી.

પ્રત્યેક માનવોને વર્તમાન વાતાવરણમાં આ પવિત્ર નવ પ્રતિજ્ઞાઓ અવશ્ય આરાધનાના કલ્યાણ કર માર્ગમાં સહાયક બનશે.

# હળવી કલમે

છેલ્લા એક માસથી મુંબઇના સ્થાનિક પત્રોમાં અમુક જૈન સાધુના આચારોને અંગે ઘણી અનિચ્છનીય ચર્ચા જન્મવા પામી છે. જેના આઘાત-પ્રત્યાઘાતોની અસર ઘણી જ ભયંકર અને જૈન શાસનની યશસ્વી સાધુ સંસ્થાના ઉજ્વલ ભાવિ માટે અતિશય દુઃખદ ગણી શકાય તેવી છે. આ કટારોમાં અમે આ તકે એ પદ્ધતિનો વિરોધ કરવાપૂર્વક વિનમ્ર સ્વરે બન્ને

પક્ષોને આગ્રહ કરીએ છીએ કે, આ પ્રકરણ કોઇ પણ રીતે સમેટી લેવામાં જ દૂરંદેશીપણું છે. સાથે આના અંગે અમારા વિચારો રજૂ કરવા પહેલાં આ પ્રકરણોને અંગે, અમદાવાદના એક જૂના પ્રતિષ્ઠિત જૈન સાપ્તાહિકના તંત્રી સ્થાનેથી લખાયેલા લેખમાંની કેટલીક કંડિકાઓ અહિં પ્રગટ કરી, ઇચ્છીએ છીએ કે, સમાજના દીર્ઘદ્રષ્ટિ જૈન આગેવાનોએ કોઇ પણ રીતે આ શાસનની અપભ્રાજના ટાળી દેવી જોઇએ.

## કોઇ પણ રીતે આ અપભ્રાજના ટળવી જોઇએ.

મુંબઇના દૈનિક પત્રોમાં, ખાસ કરીને મુંબઇ સમાચારમાં, છેલ્લા કેટલાક દિવસો થયાં અમુક સાધુના સંબંધમાં જૂદી જૂદી બીનાઓ છપાઇને બહાર પડે છે. જે પત્રોની હજારો નકલો જૈનેતરોના પણ હાથમાં જાય છે, તેવાં વર્તમાન પત્રોમાં જૈન સાધુનો અનાચાર વગેરે મથાળાંઓ મોટા ટાઇપથી છપાય અને તે મથાળાંઓ નીચેની વિગતો પણ જૈન સાધુઓને માટે હલકા વિચારોને પેદા કરનારી હોઇ, તે જોઇને ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનના કયા ભક્તનું અન્તર દુઃખનો આઘાત નહિ અનુભવતું હોય ? એ બીનાને જોઇને અમારૂં અન્તઃકરણ તો દિવસો થયાં કારમો આઘાત અનુભવી રહ્યું છે અને આ દિવસોમાં જે પૂ. આચાર્યાદિ મુનિવરોના, સાધ્વીજીઓના, શ્રાવકોના અને શ્રાવિકાઓના સમૂહમાં આ વિષે વાત થતી અમે સાંભળી અગર જાણી છે, તે ઉપરથી એમ જણાયું છે કે, આ બીનાએ ચતુર્વિધ શ્રીસંઘના હૈયામાં કારમી વેદના ઉત્પન્ન કરી છે. આથી જ અમે ઉકત વિષયમાં કેટલીક વિચારસરણી રજૂ કરવાનો નિર્ણય કર્યો છે અને અમે આશા રાખીએ છીએ કે, સૌ કોઇ આ વિષયમાં શાન્તિથી, ધીરજથી

અને દીર્ઘદૃષ્ટિથી વિચાર કરીને જે કાંઈ કરવા યોગ્ય હોય તે કર્યા વિના નહિ રહે.

પણ અમે એ વાત પણ કહીએ છીએ કે, અનાચારીનો ઢેડફજેતો કરવો એ પણ શ્રી જૈનશાસનની રીતિ નથી અને અનાચારીના ઢેડફજેતા દ્વારા સદાચારી પુણ્યપુરુષો પ્રત્યે પણ જનસમાજમાં ઉપેક્ષાવૃત્તિ વધે એવું કરવું એ પણ શ્રી જૈન શાસનની રીતિ નથી. દોષનિવારણ, એ જ મુખ્ય વસ્તુ છે. દોષ, એ ક્રોધનો વિષય નથી, પણ કરુણાનો વિષય છે. કોઈના પણ દોષને જોતાં જેને તેનું અહિત કરી નાખવાનો ક્રોધ ઉપજે છે તે શ્રી જૈનશાસનના મર્મને પામેલો નથી. શ્રી જૈનશાસનના મર્મને પામેલો તે છે, કે જે કોઈના પણ દોષને જોતાં કરૂણાળુ બને છે. કરૂણાના વશથી દેખીતી રીતે જે પ્રયત્નો થાય, તેમાં શિક્ષાદિ પણ ન જ હોઈ શકે એવું નથી, પણ દોષ નિવારણના હેતુથી યોગ્ય પ્રકારે શિક્ષા કરતાં પણ કરૂણાનો નાશ થવો જોઈએ નહિ. દોષ પ્રત્યે રોષ અને દોષિત પ્રત્યે કરૂણા, આ બન્નેય વસ્તુઓ એક સાથે હોવી જોઈએ. જેનામાં એ બન્નેય વસ્તુઓ એક સાથે હોય, તેઓ દોષિતનો ઢેઢફજેતો કરે અને તે પણ એવી રીતે ઢેડફજેતો કરે કે જેથી અનેક આત્માઓના હૈયામાંથી સદાચારી મહાત્માઓ તરફનો પણ સદ્‌ભાવ નાશ પામી જાય, એ શક્ય જ નથી.

દોષને પોષવા અને દોષને ઢાંકવા, એ બન્ને એક જ પ્રકારની વસ્તુઓ નથી. કેટલીક વાર દોષનિવારણના હેતુથી પણ દોષોને ઢાંકવા આવશ્યક થઈ પડે છે.

દોષોને ઢાંકવાથી દોષો પોષાય જ છે એવું નથી. દોષોને

પોષવાને માટે દોષોને ઢાંકવા એ ખરાબ છે, પણ દોષોના નિવારણને માટે દોષોને ઢાંકવા એ તો આવશ્યક અને હિતકારી છે. જેને ને તેને મોંઢે દોષિતના દોષોને ગાવાથી દોષિત નિર્દોષ બની જાય છે, એ કલ્પના સર્વથા ખોટી છે. એમ કરવાથી તો દોષિતના હૈયામાં જે ગભરાટ છે, તે પણ નાશ પામી જાય છે. દોષને આચરવો પડે તો પણ અમુકોની હાજરીમાં તો નહિ જ આચરવો, આવી જે મનોવૃત્તિ હોય છે, તે પણ નષ્ટપ્રાયઃ થઈ જાય છે.

શ્રી જૈનશાસનમાં મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓને આત્મસાત્ બનાવવાનો ઉપદેશ અપાએલો છે. અપ્રતિકાર્ય એવા દોષોની ઉપેક્ષા, એ માધ્યસ્થ્ય ભાવનાનું રહસ્ય છે. દોષિતનો ઢેડફજેતો કરનારાઓ તો ચારે ય ભાવનાનો નાશ કરનારા બને છે. દોષિતનું અહિત ચિન્તવે, ગુણવાનો તરફ અનેકોના હૈયામાં દુર્ભાવ પેદા કરે; દોષિતને હેરાન-પરેશાન કરવાને તૈયાર થાય અને તેના દોષો તરફ માધ્યસ્થભાવ ધરે નહિ; એ સંયોગોમાં મૈત્રી આદિ ચાર ભાવનાઓમાંથી કયી ભાવના ટકી શકે, એ વાતનો પણ વિચાર કરવો જોઇએ.

હજારો જૈનેતરોના હાથમાં જતાં વર્તમાનપત્રોમાં મોટાં મથાળાં સાથે મજકુર બીના છપાઇ, એથી હજારો જૈનેતરોને એમ થઇ જાય કે, જૈન સાધુઓમાં પણ હવે કંઇ રહ્યું નથી. અત્યાર સુધી ઘણા જૈનેતરો પણ એમ કહેતા હતા કે, બીજા સંપ્રદાયોના ધર્મગુરૂ ગણાતાઓ ઘણી નીચી કક્ષાએ પહોંચી ગયા છે, પણ જૈન સંપ્રદાયના સાધુઓએ હજુ પણ પોતાનો ત્યાગ અને તપ ચાલુ રાખ્યો છે અને એથી બીજા ધર્મગુરૂ ગણાતાઓ કરતાં ત્યાગ અને તપની બાબતમાં તો જૈન સાધુઓ

ઘણા ઊંચા છે. આ ભાવ કેટલાક જૈનેતરોના હૈયામાંથી ભૂંસાઇ ગયો હશે ? અને કેટલાને એમ થઈ ગયું હશે કે, હવે તો જૈન સાધુઓમાં પણ કાંઇ રહ્યું નથી ! તેઓ પણ અનાચારી બની ગયા છે ! આ રીતે જૈનેતરોના હૈયામાં દુર્ભાવ પેદા કરવાને માટે કોણ જવાબદાર છે ?

બીજી વાત. છેલ્લાં ઘણાં વર્ષો થયા, કહેવાતા જૈનો તરફથી પૂ. સાધુ સંસ્થા પ્રત્યે દુર્ભાવ પેદા કરવાનું જુઠાણાઓથી ભરપૂર પ્રચારકાર્ય ચાલી રહ્યું છે. એના યોગે અનેક જૈનોનાં હૈયામાંથી પૂ. મુનિવરો પ્રત્યેનો ભક્તિભાવ નાશ પામ્યો છે અગર ઘટી ગયો છે. કેટલાક જૈનો પૂ. મુનિવરો પ્રત્યે ઉપેક્ષાભાવવાળા બની ગયા છે. આવા જૈનોના હૈયા ઉપર આ જાતના પ્રચારથી અને વર્તમાન પત્રોમાં આ રીતે થતા ઢેઢ ફજેતાથી શી અસર થઇ હશે, તેની પણ કલ્પના કરવા જેવી છે. તેઓ કોઈક અવસરે પણ પૂ. મુનિવરોના પરિચયમાં આવતાં તેમની ભ્રમણા ભાંગવાનો જે સંભવ હતો, તે સંભવ કેટલો બધો નાશ પામી ગયો છે ?

ત્રીજી વાત. પૂ. સાધુસંસ્થા પ્રત્યેનો સદ્‌ભાવ ઘટે કે નાશ પામે અને તેઓ પ્રત્યે દુર્ભાવ પેદા થાય એવા પ્રકારના જુઠાણાંઓથી ભરપૂર પ્રચારકાર્યને કરનારાઓનો ઘણો પ્રયત્ન છતાં, પૂ. સાધુપુરૂષના પરિચય આદિને અંગે જે જૈનોનાં હૈયામાં પૂ. સાધુસંસ્થા પ્રત્યે સદ્‌ભાવ ટકયો છે, તેઓના હૈયામાં પણ આ પ્રકારની જાહેરાતથી કેવી અસર નિપજે ? તેઓ પણ પૂ. મુનિવરો તરફ શંકિત દૃષ્ટિથી જોનારા બની જાય કે નહિ ? પોતાને અત્યાર સુધી જે સાધુઓ સદાચરણવાળા લાગતા હોય તે સાધુઓના ચારિત્ર તરફ શંકાવાળી નજર બને અને વાત વાતમાં

ચરિત્રહીનતાની કલ્પના કરી લેવાનું મન થાય, એ શક્ય છે કે નહિ ?

પૂ. મુનિવરોના મહાવ્રતોની નિર્મલતા એ ઘણી જ આવશ્યક વસ્તુ છે. મૂળ વ્રતોનો કોઈ પણ સાધુ ભંગ કરે, તો એ ઘણી જ ગંભીર બીના છે. એ બાબતમાં ઉપેક્ષા થઇ શકે નહિ. એ સાધુ કાં તો મૂળ વ્રતોનો બરાબર પાળનારો બને કાં તો એ પૂ. મુનિવરોની પંક્તિમાં રહી શકે નહિ એવો યોગ્ય પ્રયત્ન કરવો જ જોઇએ. પણ એ પ્રયત્ન ઢેડફજેતા દ્વારા થઇ શકતો જ નથી. ઢેડફજેતો કરવાથી તો પ્રાયઃ નુકશાન જ થાય છે. કોઇ પણ સાધુથી મહાવ્રતનો ભંગ થઈ ગયો હોય, ત્યારે શાસનને પામેલા આત્માઓ પહેલાં તો ભાવદયાથી ભરેલા હૈયે એવા પ્રકારે પ્રયત્ન કરે છે, કે જેથી મહાવ્રતનો ભંગ કરનાર સાધુ પ્રાયશ્ચિત્ત આદિથી શુદ્ધ બનીને માર્ગના આરાધનમાં સુસ્થિર બને. એને વધુ પતન પામતો અટકાવી દઇને અને થઇ ગયેલા પતન માટેની શુદ્ધિનો શાસ્ત્રસંમત ઉપાય દર્શાવીને, એને પુનઃ માર્ગમાં સુસ્થિર કરવો એ જ પ્રથમ કર્ત્તવ્ય છે. એ આચરણ એવી રીતે કરવું જોઇએ કે જેની ગંધ સરખી પણ બીજાઓને આવે નહિ. માર્ગની રક્ષા ખાતર તેમજ પતિત પરિણામવાળા બનેલા આત્માઓને ક્રમે કરીને માર્ગમાં સુસ્થિર બનાવવા ખાતર કેવી કેવી રીતે તેની જાળવણી કરવી પડે છે, કેટકેટલી છૂટછાટો મૂકવી પડે છે. તે ગીતાર્થ ગુરૂવર્યોથી અજાણ્યું હોય નહિ: એટલું છતાં પણ જ્યારે એમ લાગે કે, આ સુધરે તેવો નથી અથવા અનાચારનો જ રસીયો બની ગયો છે, ત્યારે તેને પરઠવે. કોઇ પણ વસ્તુને પરઠવતાં જેમ બીજા કોઇ જીવને

હાનિ પહોંચે નહિ તેની કાળજી રાખવાની હોય છે, તેમ શિષ્યાદિને પરઠવતાં પણ બીજા કોઈ જીવને અગર તો શાસનને હાનિ ન પહોંચે તેની કાળજી રાખવાની હોય છે.'

આ ઉપરાંત અમારે કહેવું જોઈએ કે, કેવળ આ પ્રચાર કરનારા વર્ગનો દોષ નથી, પણ બીજો વર્ગ પણ આજે છડેચોક આ જાહેર છાપાઓનો આશરો લઇ પોતાના દોષોને ઢાંકી ઇરાદાપૂર્વક આ પ્રકરણને લંબાવી રહ્યો છે તે પણ ઘણું જ અનિચ્છનીય છે. અને વ્હેલામાં વ્હેલી તકે તે વર્ગે પણ પોતાનો પ્રચાર બંધ કરી દેવો જોઈએ. આ અમારૂં નમ્ર મન્તવ્ય છે.

## શ્રી તળાજા તીર્થનો દુઃખદ બનાવ

તળાજા એ આપણું પરમ પવિત્ર પ્રાચીન તીર્થ છે. શત્રુંજય તીર્થની પંચતીર્થીમાં અનોખું સ્થાન ધરાવે છે. તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાર્થે આવનાર ધર્મશ્રદ્ધાળુ યાત્રાળુઓમાંથી મોટો ભાગ એક વખત તળાજા તીર્થે તો જઇ આવ્યો હશે? તે તાલધ્વજ ગિરિને આજે જૈન જનતા તળાજાના નામે સંબોધે છે.

તળાજા તીર્થે જઇ આવેલી જૈન જનતાએ ચઉમુખજીની ટૂંકનાં દર્શન કરી પોતાના આત્માને ધન્ય બનાવ્યો હશે? એ ચઉમુખજીની પ્રતિમાજીના નાશની અણધારેલી આફત આપણા પર શ્રાવણ વદિ ૫ ને સોમવારની કાળી રાત્રીએ ઉતરી પડી, અને કોઇ હરામખોર ગુંડાઓએ તદ્દન નિર્દય રીતે એ પૂજ્ય પ્રતિમાજીનાં માથાં ઉડાવી દીધાં. જૈન સમાજના મસ્તકનું અપમાન કર્યું. આ સમાચાર વાયુવેગે ચોમેર સવાર પડે ત્યાં તો પ્રસરી ગયા. તાર, ટપાલ ગામોગામ છૂટી ગઇ. ધર્મપ્રેમી બન્ધુઓનાં હૃદય કકળી ઉઠયાં, હાહાકાર મચી ગયો. ખ્યાતિ

પામેલા અખબારોમાં તળાજા અંગેના વિશેષ સમાચારો વાંચવાને સમાજ ઉત્સુક બન્યો. અખબારના પ્રતિનિધિઓની જહેમતથી અખબારોમાં સમાચારો નોંધ સાથે પ્રગટ થવા લાગ્યા.

ગામેગામથી તારો અને પત્રો તળાજા તીર્થ કમિટી ઉપર અને ભાવનગરના મહારાજા ઉપર આવવા લાગ્યા. વિરોધ અને શોક સભાઓ ભરી, અમુક દિવસ માટે વેપાર ધંધા બંધ કરી, જૈન સમાજે તેમજ હિંદુ કોમે પણ પોતાની લાગણી બતાવી આપી છે.

આ બધું ઉચિત જ થયું છે, પણ જ્યાં સુધી આ કાવત્રાના ગુન્હેગારો સત્તાવાર ન પકડાય અને જૈન સમાજને યોગ્ય ન્યાય ન મળે ત્યાં સુધી આંદોલનો જમાવી રાખવાં જોઈએ અને અગ્રગણ્યોએ તેના માટે તન, મન અને ધનનો ભોગ આપી ભાવીના ભયમાંથી પ્રાણસમા તીર્થોને બચાવી લેવાં જોઈએ.

જેને આપણે પરમ પૂજ્ય માનીએ છીએ તે શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમાજીઓને કોઈ ભાંગફોડ કરે તેનો આપણાં હૃદયોમાં કારી ઘા પડવો જોઈએ અને પડયો છે, પણ દિવસો જતાં આપણે જેમ વાતને ભૂલી જઈએ અને આપણી લાગણીઓનાં પૂર ઓસરી જાય છે, તેમ અહિં ન બનવું જોઈએ. આ પ્રસંગને અંગે કંઈ ન થાય તો એ આપણા માટે એક શરમજનક કાળું કલંક છે. બતાવી આપવું જોઈએ કે, જૈન પ્રજા હજુ જીવતી જાગતી છે. અમારા ખોળીયામાં પ્રાણો હોય ત્યાં સુધી અમારા તીર્થોને આંચ ન આવવી જોઇએ આ જાતનું અભિમાન લોહીના બિન્દુએ બિન્દુએ જો ફરતું રહે તો જ દુનિયામાં ઊંચા મસ્તકે ફરવાને આપણે હકદાર છીએ. એક બાજુ

સંસ્કાર ધન લૂંટાતું હોય અને બીજી બાજુ જીવન જીવાતું હોય તો જીવાય છે ખરૂં પણ મરવાની આળસે. આ સિવાય આપણે કેવળ પારકા સમાજમાં ડાહ્યા કહેવાતા હોઈએ તેની કાંઇ કિંમત નથી.

જૈન સમાજમાં પણ એક એવો વર્ગ છે કે જેને આવા બનાવોની કાંઇ પડી નથી. પ્રતિમાજીને માનવામાં પણ જેને શ્રદ્ધા, બહુમાન, કે ભક્તિભાવ નથી; જેની લાગણીનાં પૂર ઓસરી ગયાં છે. અને જેનાં જીવનમાંથી ધર્મ ભૂંસાયો છે આવા વર્ગને આવા બનાવો બહુ ઓછી-નજીવી અસર કરે છે, અર્થાત્ એવાઓને આની કાંઇ અસર નથી થતી એમ પણ કહી શકાય. એવો વર્ગ એમ કહેવાને લલચાશે કે "દેવમાં દેવત્વ કયાં રહ્યું છે? નહિતર ખંડિત કરવા આવનારને થંભાવી ન દે!" આ જાતનું મંતવ્ય ધરાવનારાઓ ધર્મનાં રહસ્યને પામ્યા નથી એમ જ કહેવું જોઇએ. કારણ કે દેવમાં દેવત્વ ત્રિકાલાબાધિત છે. બાકી મનુષ્યોનું મનુષ્યપણું ગયું છે અને એથી જ મનુષ્યત્વહીન મનુષ્ય, દેવનાં દેવત્વને પામી શકતો નથી. સેવ્યનું સ્વરૂપ સનાતન છે. સેવક મૂળ માર્ગથી ભૂલો પડે છે ત્યારે સ્વરૂપને જાણી શકતો નથી.

શ્રદ્ધા, બહુમાન, ભક્તિભાવ અને સેવાભાવ ઘટે છે ત્યારે દેવના પ્રભાવો પણ અદૃશ્ય થાય છે. આત્માનો નિસ્તાર કરવામાં શ્રી જિનેશ્વર ભગવાનની સ્થાપના એ એક મહાન આલંબન છે. આલંબન વિના આંખો મીંચી ઊંચે ચઢવાની ઇચ્છા રાખનારા અધઃપતનની ભયંકર ઘોર ખોદી રહ્યા છે. સમાજમાં નાસ્તિકપણાનો અંશ જન્મ પામે છે ત્યારે જ આવા બનાવો બનવા પામે છે.

**આ** દુઃખજનક બનાવને અંગે મુંબઈમાં એક અગ્રગણ્ય જૈનોની કમિટી નિયુક્ત થઇ છે. છતાં આ કરપીણ કૃત્ય કરનારા ગુન્હેગારોનાં આ કૃત્યનો વ્યવસ્થિત પ્રતિકાર કરવા મહારાજા સાહેબને આગ્રહ કરવો એ જૈન સમાજને સારૂ વર્તમાન કાળે કર્તવ્યધર્મ છે. ગોહિલ વંશની અને ગોહીલ વંશના રાજવીની શોભા એમાં જ છે કે, એઓના રાજ્યમાં કોઈપણ ધર્મ સંપ્રદાયના સમાજની ધાર્મિક લાગણીને આઘાત પહોંચે તેવું કાર્ય કોઇ પણ નાલાયક માણસ કરી શકે જ નહિ અને જે બન્યું છે તે ફરી ન બનવા પામે તેની સખ્ત તકેદારી ના. મહારાજાએ અવશ્ય રાખવી જોઈએ. અને આ કાવત્રું કરવામાં જે કોઈ હાથો હોય તેને શોધી, મૂળથી દબાવી દેવા જોઇએ. આ માટે સત્વર પ્રવૃતિના ચક્રો ગતિમાન થવો જોઈએ.

**શ્રી** તળાજા તીર્થ કમિટીએ જૈન જનતાની જાણ ખાતર અખબારો દ્વારા સત્તાવાર હકીકતો, ચાંપતા ઇલાજો અને તેને અંગે શું શું વાતાવરણ ધૂંધવાઇ રહેલું છે તેને અવસરે પ્રગટ કરાવતા રહેવા ચૂકવું ન જોઇએ. તળાજાના અતિ દુઃખદ બનાવની આ રીતે નોંધ લેવાની સાથે આટલું વિનમ્ર ભાવે જણાવવું અનુચિત નહિ ગણાય. જો કે નોંધ લેવામાં અમે સૌની પાછળ પડયા છીએ એ અમે જાણીએ છીએ.

"કલ્યાણ"ના ગત ખંડમાં જ આ નોંધ લેવાની અમારી પૂરેપૂરી અભિલાષા હતી પણ અંક પ્રીન્ટ ઉપરથી પસાર થઇ ગયો હતો, આથી આને અંગે વહેલી નોંધ નથી લઈ શકયા તેનું અમને દુઃખ છે. વાચકો અમને ક્ષંતવ્ય ગણશે. ત્રણ

મહિને "કલ્યાણ"નો ખંડ બહાર પડે એટલે આ બનાવને અંગે અમારી આ *નોંધ જરૂર મોડી કહેવાય. છતાં હજુ પ્રાસંગિક છે. એટલે અમે કહીશું કે, ભાવનગર રાજ્યના પ્રતિષ્ઠીત જૈન-જૈનેતર આગેવાનો; કોઇ પણ પ્રકારની શેહ, દાક્ષિણ્યતા કે સ્વાર્થ ભાવનાથી પર બની ધર્મશ્રદ્ધાથી નીડરપણે આ પ્રકરણને અંગે સાત્તવાર પગલા લે અને જગતને બતાવી આપે કે, 'હજુ અમે જીવતા છીએ.'

---

ટપાલ ગેરવલ્લે જવાના કારણે, છેલ્લા પાંચ ફરમાઓનું કાર્ય ખોરંભે પડયું હતું. આ કારણે આ ખંડને પ્રગટ થવામાં ઘણો જ વિલંબ થયો છે.

---

* ધર્મશ્રદ્ધાળુ અને ભાવુક આત્માઓને આ કરૂણ બનાવથી જરૂર શોક થાય અને થયો છે. પણ એ શોકની પાછળ પર્વાધિરાજ પર્યુષણા જેવા મહાપર્વની શોભાને અનુરૂપ અને શાસન પ્રભાવનાને દિપ્તિમંત રાખનાર 'કલ્પસૂત્ર કે રથયાત્રાનો વરઘોડો નહિ કાઢવો, વાજાંગાજાં નહિ વગડાવવાં, સ્વામિવાત્સલ્ય નહિ કરવું, પર્યુષણ ઠાઠથી નહિ ઉજવવાં'– આવા પ્રકારનું અશાસ્ત્રીય જાહેરનામું બહાર પાડવું તે ધર્મનાં રહસ્યને અને વાસ્તવિક શોકલાગણી શેમાં રહેલી છે તે સમજ્યા વિનાનું ઉતાવળું પગલું છે. શાસન પ્રભાવનાનાં શુભ કાર્યો એ મંગલિક છે, સમ્યક્ત્વની શુદ્ધિનાં કારણ છે, શુભ પુણ્યબંધ અને નિર્જરાનાં હેતુભૂત છે. શોકના પ્રદર્શનની ખાતર વિશેષ તપ અને ત્યાગ કરવો એ આવકારદાયક પગલું છે, પણ સંવર-નિર્જરાની પ્રવૃત્તિ પ્રત્યે અણગમો બતાવવો એ કોઇપણ રીતે ઇચ્છનીય નથી. —સં૦

## ઝંખના

બતાવો, બતાવો કોઈ પ્રભુના પંથની કેડી...
ભવ અટવીમાં ભાન ભૂલ્યો હું, અટવાયો દિનરાત;
મોહ માયાયે મતિ મૂંઝાઈ વિસર્યો પ્રભુની વાટ.
બતાવો બતાવો કોઈ પ્રભુની પુણ્ય પગલીઓ...૧

કામ ક્રોધ મદ મત્સર ઘેર્યો જન્મ મરણ જંજાળ,
દિવ્ય જ્ઞાનનાં તેજ હીણો હું અથડાયો સંસાર;
જગાવો જગાવો કોઈ પ્રભુનાં જ્ઞાનનો દીવો...૨

વૈર વિરોધનાં પાપે જગમાં વ્યાપ્યું ઘોર અંધાર,
વીર પ્રભુનાં શાસન વિણ, નહિ કદિ ઉદ્ધાર;
સ્વીકારો સ્વીકારો કોઈ પ્રભુનાં ધર્મશાસનને...૩

ભક્તિ ભાવના શ્રદ્ધા ભરીયો પણ અજ્ઞાની અપાર,
ભવસાગરનાં નીર ઉલેચી આવ્યો પ્રભુ દરબાર;
વધવો વાધાવો કોઈ પ્રભુને મોતીનાં ફૂલડે...૪

ચંડકૌશિક પાપી તાર્યો, તાર્યા કંઈ અનાથ,
મુજ અંતરને નાથ ! ઉજાળો થાઉં શીઘ્ર સનાથ;
વસાવો વસાવો કોઈ પ્રભુને આત્મમંદિરે...૫

હિંસા દ્રોહ પરિગ્રહ લોભે, સળગી રહ્યો સંસાર
કૃપામૂર્તિ ! તુજ ભક્તિજલથી, પામીશ હું દુઃખપાર
પઢાવો પઢાવો કોઈ, પ્રભુની ભક્તિના પાઠો
બોલાવો બોલાવો કોઈ પ્રભુને પ્રેમના શબ્દે...૬

— પ્રવાસી —

# The Key to True Happiness

*Panyasji Shree Pravinvijayaji Maharaj.*

Every man in this world whether he may be an educated or an ignorant one, whether he may be a young one or an old tries his best to make himself happy.

To be happy, not only do they try for day and night but also for the whole life. Despite undergoing much trouble and pains none has been able to get the true happiness upto this date in this world.

We must seek out the reason there of—

The real cause for not Gaining happiness is that ignorant people do not know the defination of the true happiness and the true means to get it.

The happiness which once come never goes back, which is never exhausted and which is ever lasting is called the true happiness. The above mentioned kind of happiness lies in our soul and not in the body.

Soul and body are altogether different things from each other. If means that soul is not body and body is not soul.

The existence of the soul is for ever, while the body is perishable. When a man dies, his

soul goes in the next world and his body is burnt by his relatives which is turned into ashes. For such a perishable body many people are very careful but quite careless for the soul. To get the worldly pleasures ignorant people commit sorts of sins and mistakes and in this way they keep their Body least and the punishment of those faults is suffered by the soul only. And therefore every man must abandon worldly pleasures for which men have to undergo many sorts of sins such as telling a lie, cheating others etc. Those who wish to Gain permanent happiness must follow the undermentioned principles, which are divided into six parts chiefly.

They are as follows—

1. Do not kill any human being or any kind of insects at any rate.

2. Never tell a lie even in the greatest difficulties.

3. Do not steal anything. i. e. Do not take a precious or priceless thing without the permission of its owner, although you may be starving or you may be in any awkward position.

4. Consider all women to be your mothers, sisters, and daughters except your wife. Celibacy is the best ornament of the soul.

5. Do not pass your valuable life only in earning money and in enjoying plsasures. But keep contentment and devote some time in praying God, in hearing religious preachings and in *doing good of others.*

6. Never eat at night. Because after sunset many small insects are flying here and there and they suddenly fall down in your dish of food and they all die there. You cannot see them as well as you cannot prevent them from falling in the dish. In this way the night eater is responsible for killing those insects. By night eating we have to suffer many sorts of diseases in this world and in the next world we will have to go in the hell. For this reason night eating must be strictly prohibited.

Good people! if you wish to be really happy, mere a firm determination to observe the above principles. Remember that such principles can fully be observed by human beings only, and human life is never Gained very often. Therefore every man is strictly advised not to loose this golden opportunity which he has Gained after a very long time and after suffering much pain. And hence do not pass this valuable man's life only in earning money, in enjoying pleasures

and in doing bad of the people. Be kind to all. Never throw even your enemy in the well of pains and difficulties. Side by side try your almost to go very far from the four bitter enemies of the soul which play the special part in increasing the births and deaths of the man. They are as follows.

1. Anger, 2. Pride, 3. Deceat, 4. Ambition.

1. Never be angry with any body in any case because anger does much harm to the soul for which one poet has said.

   " One angry moment often does what we repent for years,
   It makes wrong we never make right, by sorrow or tears ".

2. Do not be proud though you may be richest of all or you are most educated or strongest of all. There is no delay for Karmas to change your position. Pride goes before destruction. Ravan is a fresh example in this case. By pride he has suffered much and lost his big Kingdom.

3. Do not be greedy. A greedy man is a blind one and therefore he makes all sorts of sins. He will try to cheat even his own sister or mother and hence it is quite right that

avarice is the root of all sins. Do not try to deceive others because by cheating others you deceive your own self and money unjustly gained never remains for a long time.

It is thus sure that religion is the only thing which will put you in a comfortable place and position, where there is only happiness and no misery. When a man dies, nothing goes with him except merits and sins collected by him in his life. One's wife, sons, parents, very big building, a newly bought motor car, and any other dear thing will remain here and only the soul will go alone in the next world. Once again sensible men are requested to give up bad actions, bad habits and to practice good actions by following the above religious principles so much is enough for wise persons.




સહ શિક્ષણના પરિણામે છોકરા-છોકરીઓ ન કરવાનું કરી બેસે છે, નિકટ પરિચય ભયંકર છે એ જાતનો અનુભવ આજે રાષ્ટ્રના દેશ નેતાઓને પણ થતો આવ્યો છે અને એથી જ ચક્રવર્તી રાજ ગોપાલાચારીયે એક વખતના સમારંભમાં બોલતાં જણાવ્યું હતું કે, 'સ્ત્રી-પુરુષનાં કર્તવ્યો અલગ છે અને એથી એની શિક્ષણ સંસ્થાઓ અલગ-

અલગ હોવી જોઇએ. સહશિક્ષણના હિમાયતી રશિયાએ પણ પોતાના મતને હવે પાછો ફેરવ્યો છે.'

× × × ×

ખાનપાનને માટે જિંદગી નથી, પણ જિંદગીની ખાતર ખાનપાન છે. તેમજ શરીરની ખાતર આત્મા નથી પણ આત્માની ખાતર શરીર છે. જીવનનો જય કે આયુષ્યનો ઉત્કર્ષ દેહના સ્થુલ વિકાસમાં નથી પણ અંતરાત્માના વિકાસમાં છે. આ સાચું સમજાય તો માનવ, માનવ મટી દેવ બની શકે.

× × × ×

અધર્મમાંથી ખાળી ધર્મના માર્ગે વાળે, પાપમાંથી બચાવી પૂણ્યના પંથે દોરે, અને પૃથ્વી પાથર્યા અંધકારને ઓળંગાવી પ્રકાશના આરે લઇ જાય એ વિદ્યા ખરેખર અમૃત છે. અમૃત વિદ્યાના ગોરસમાંથી માવો ઉતારવો એ સદ્વર્તન અને સત્ચારિત્ર છે.

× × × ×

પ્રજાનાં આરોગ્ય, શક્તિ, સુંદરતા અને સંસ્કાર સ્ત્રીની પવિત્રતા અને સંતાન ઉછેરની ફરજ પ્રત્યેની તેની એકતાનતાને આભારી છે. સમાનતાને નામે તેની આડે આવનાર કે સંતાનોના નામે તેમની માતાના સતત સહવાસનું સુખ ઝુંટવી લેનાર પુરુષો પ્રભુના કે પ્રજાના દ્રોહી છે, સ્ત્રી પ્રત્યેની પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ નિવડેલા પુરુષો જ સ્ત્રીને પુરુષના કઠોર માર્ગે વાળવાને લલચાય છે. એવા પુરુષો જ સ્ત્રીની એક પણ કુદરતી ફરજ પોતાને માથે ઓઢયા સિવાય પોતાની ફરજો સ્ત્રીને માથે લાદી રહ્યા છે અને મોઢે સમાનતાની વાતો કરી રહ્યા છે.

—સ્વ. ચિમનલાલ સંઘવી

નાટકનું બીજું એક અંગ સીનેમા તરફથી જનમનરંજનને સારૂ જે વાનીઓ પીરસવામાં આવે છે તે લોકમાનસને હિતકર નથી. સીનેમા સ્ટાર્સના પગારનો આંકડો તો આકાશના ખગોળ શાસ્ત્રીની ગણતરીને ય ગૂંચવાડામાં નાંખી દે છે. યાંત્રિક તોપ માનવીના અંગોનો જે રીતે

વિનાશ કરે છે તેટલી અસરકારક રીતે હલકી કોટીનું સાંસ્કારિક ઘડતર માનવીના ઉર્મિલ અને બૌદ્ધિક શક્તિનો વિનાશ કરી શકે છે.

—શ્રીમતી કમળાદેવી

તાજમહાલની મેં અનેક રીતે કદર કરી છે પણ એની પાછળની વેઠ અને જબરજસ્તીની સામ્રાજ્ય સત્તા હું ભૂલી શકતો નથી. જ્યારે દેલવાડાનાં કળામય કામ પાછળ ધાર્મિક ભાવના અથવા ધર્મપ્રેમ સ્પષ્ટ જણાય છે. તાજમહાલમાં અમીરી સાદગી છે. જ્યારે દેલવાડામાં ધર્મ-પરાયણ સંઘની બંધુ ભાવના અને સહકાર સાથે સ્વાત્માર્પણ આત્મ નિવેદનનો ઉમેળકો વિશેષ છે. —" કાકા કાલેલકર "

હોલેંડમાં ઘરમાં દાખલ થવા પહેલાં બારણા આગળ બૂટ કાઢીને અંદર દાખલ થવાનો રીવાજ છે. હિંદમાં આ રીવાજ ઘણો જૂનો છે. પણ વર્તમાનમાં સુધારક મનાતા બન્ધુઓ જોડાને ઘરમાં પહેરીને જવામાં, અને પહેરીને જમવામાં ગર્વ લે છે.

## ગ્રાહકોને ખાસ અગત્યનું.

જે અંકે આપનું લવાજમ પૂરું થાય છે તેની ખબર આપને પોષ્ટ દ્વારા આપવામાં આવે છે, છતાં કેટલાક ગ્રાહક બન્ધુઓ લવાજમ ભરતા નથી અને પત્રથી ગ્રાહક ન રહેવાની ખબર પણ આપતા નથી. રાહ જોઇ જ્યારે વી. પી. કરવામાં આવે છે ત્યારે વી. પી. પાછું મોકલે છે તો નાહક સંસ્થાને ખોટા ખર્ચમાં નહિ ઉતારતાં ત્રણ પૈસાના કાર્ડથી ખબર આપવા મહેરબાની કરવી.

જ્યારે તમારા સીરનામાની ફેરબદલી થાય ત્યારે સંસ્થામાં ગ્રાહકે જણાવવું જોઇએ. કેટલાક ગ્રાહકોની પાછળથી બૂમ આવી છે, પણ તે તેમની જ ભૂલ છે. ફેરબદલીનું સીરનામું ન જણાવવામાં આવે ત્યાં સુધી મૂળ સીરનામે અંકો જાય છે. ગેરવલ્લે જાય તેના જવાબદાર અમે રહેતા નથી. અને ફરી અંકો મોકલવામાં આવશે નહિ.

## નીચેના સ્થળોએ લવાજમ ભરી શકાશે

૧ શા **નેમચંદ માણેકચંદ** C/o. મસીદ બંદર રોડ તૈયબ મંઝીલ, ઇમ્પીરીયલ બેંક સામે **મુંબઇ-૩**

૨ શેઠ **જયંતિલાલ બહેચરદાસ** C/o. મીરઝા સ્ટ્રીટ વ્યંકટેશ ભુવન બીજે માળે **મુંબઇ-૩**

૩ શા **તલકચંદ નાનચંદ** C/o. શેઠ મગનલાલ ડાયાભાઈની ચાલ દાદર ૧૪ (**મુંબઇ**) બી. બી. એન્ડ સી. આઈ રેલ્વે

૪ શા **સુખલાલ ઓઘડભાઈ** લોખંડના વેપારી C/o. બજારમાં **વઢવાણ શહેર** (કાઠિયાવાડ)

૫ શા **નેમચંદ વીરજીભાઇ** C/o. શ્રી કપુરચંદ અજરામલ ઝવેરી કાપડ બજાર **જામનગર** (કાઠિઆવાડ)

૬ **ફુલચંદ એમ શાહ** C/o. મેસર્સ નાગરદાસ ખેતસી અમદાવાદી બજાર **નડીઆદ** (ગુજરાત)

૭ શેઠ **જીવાભાઇ કેશવલાલ** C/o. દીલીપકુમાર રમણલાલની કું. ઠે. મસ્કતી માર્કીટ—**અમદાવાદ**

૮ શ્રી **મહોદય** પ્રી. પ્રેસ ઠે. દાણાપીઠ **ભાવનગર** (કાઠિઆવાડ)

૯ **હીરાલાલ રણછોડદાસ** C/o. ગોપીપુરા **સુરત**

૧૦ **નટવરલાલ ભોગીલાલ** કાપડીઆ C/o બજારમાં vice મહેસાણા **વડનગર**

૧૧ **શીવલાલ નેમચંદ** શાહ C/o શ્રી જૈન શ્રેયસ્કર મંડળ **મહેસાણા** (ઊ. ગુજરાત)

૧૨ પં. **છબીલદાસ કેશરીચંદ** C/o દાદસાહેબની વાડી **ખંભાત** (ગુજરાત)

૧૩ શ્રી **મેઘરાજ** જૈન પુસ્તક ભંડાર C/o. પાયધુની ગોડીજીની ચાલ **મુંબઇ-૩**

૧૪ **સુંદરલાલ ચુનીલાલ** શાહ C/o. ઘડીઆળી પોળ કોલાખાડી ધન્યનિવાસ **વડોદરા**-(ગુજરાત)

૧૫ **મંગળદાસ ઉમેદચંદ** શાહ vice [નવાડીસા] **બાપલા**

**નોટઃ**—લવાજમ ભરનારે લવાજમ ભર્યાની ખબર પાલીતાણા ખાતે આપવી.

## આપ્તમંડળની યોજનામાં નવા થયેલા સભ્યો

### રૂ. ૫૧) આપનાર

શ્રી કાશીપરા જૈન સંઘ બોરસદ

### રૂ. ૨૧) આપનાર

શા. પોપટલાલ નરસીંહદાસ મુંબઇ
શા. ઠાકરશી હીરજીભાઇ દાદર
શા. અમૃતલાલ જેશીંગલાલ અમદાવાદ
શા. પ્રેમચંદ ગુલાબચંદ મુંબઇ

### રૂ. ૧૧) આપનાર

શાંતિચંદ ઝવેરચંદ ઝવેરી મુંબઇ
ભાઇચંદ તારાચંદ કાપડીઆ સુરત

## આપ્તમંડળમાં નોંધાયેલા ગૃહસ્થોમાંથી જેઓની તરફથી રકમ આવવી બાકી છે તે ગૃહસ્થોના નામોની યાદી

| | | |
|---|---|---|
| રૂ. ૨૦૧) | શેઠ કાન્તિલાલ ઉજમશી | ખંભાત |
| ,, | શેઠ બાબુભાઇ છગનલાલ | મુંબઇ |
| રૂ. ૧૦૧) | શેઠ મનુભાઈ લાલભાઈ ચંદુલાલ | અમદાવાદ |
| ,, | શેઠ કનુભાઈ લાલભાઈ ચંદુલાલ | અમદાવાદ |
| રૂ. ૨૧) | શેઠ વીરચંદ લખમીચંદ | અમદાવાદ |
| ,, | શેઠ શા. રીખવાજી મનાજી | મુંબઈ |
| ,, | ચીમનલાલ છોટાલાલ પટવા | અમદાવાદ |
| રૂ. ૧૧) | જિતરાજજી ઈન્દુમલ | કોલ્હાપુર |
| ,, | મંગળદાસ નથુભાઈ | વીજાપુર |

કૃપયા ! કાર્યાલયને આપની રકમ પહોંચતી કરશો : અથવા આપને કાંઇપણ પૂછાવવા જેવું લાગે : તો અમને પૂછાવશો : આ અંકની સાથે આપને રીપ્લાઇ કાર્ડ મોકલેલ છે જેનો ઉચિત પ્રત્યુતર પાઠવશો !

રોજના માત્ર બે પાઇના ખર્ચમાં

સંસ્કાર, સાહિત્ય અને ધર્મનો સંદેશ

ઘેર બેઠાં મેળવવા ઇચ્છતા હો તો જૈન સંસ્કૃતિના સંદેશવાહક ત્રિમાસિક 'કલ્યાણ'ના ગ્રાહક થવું જરૂરી છે.

જેમાં 'ઇતિહાસનાં વહેતાં વ્હેણો' દ્વારા ભૂતકાલીન તેમજ વર્તમાનના ઐતિહાસિક બનાવોની માર્મિક ટૂંક નોંધઃ જ્ઞાનગોચરીમાં નવું જાણવા જેવું: આધુનિક શૈલીયે ધાર્મિક કથા: ઔપદેશિક લેખો: 'તત્ત્વજ્ઞાન, શંકા સમાધાન, હળવી કલમે' માં પ્રાસંગિક નોંધો:

આ બધું વિવિધ રસપ્રદ વાંચન મળે છે. આકર્ષક ગેટ અપ: એન્ટિક સફેદ કાગળ પર સ્વચ્છ છાપકામ: છતાં વાર્ષિક લવાજમ ભેટ પુસ્તક સાથે રૂા. ૪–૦–૦

છૂટક નકલ રૂા. ૧–૮–૦

— સોમચંદ ડી. શાહ —

કલ્યાણ-પ્રકાશન મંદિર

પાલીતાણા : કાઠીઆવાડ


મુદ્રક : શા. ગુલાબચંદ લલ્લુભાઇ, મહોદય પ્રેસ–ભાવનગર